પ્રથમ આવૃત્તિ
૧૯૪૬

મૂલ્ય
ત્રણ રૂપિયા
[ટ. ખ. ૦-૪-૦]

પ્રકાશક
રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, શ્રી જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩

મુદ્રક
ગુલાબચંદ દેવચંદ શેઠ
આનંદ પ્રિન્ટિંગ પ્રેસ, સ્ટેશન પાસે, ભાવનગર

પ્રકાશક તરફથી

શ્રી મુબઈ જૈન યુવક સઘ તરફથી શરૂ કરવામા આવેલી ગ્રથમાળાના પહેલા મણકા તરીકે શ્રી વ્રજલાલ ધરમચદ મેઘાણીના આ વાર્તાસગ્રહને ગુજરાતી જનતા સમક્ષ રજૂ કરતા અમો આનદ અનુભવીએ છીએ

શ્રી મુબઈ જૈન યુવક સઘ મુબઈ ખાતે સત્તર વર્ષથી કાર્ય કરતી પ્રગતિશીલ જૈન યુવક-યુવતીઓની એક જાહેર સસ્થા છે, અને જૈન સમાજને લગતી તેમ જ સાર્વજનિક અનેક પ્રવૃત્તિઓનુ સચાલન કરે છે છેલ્લા સાતેક વર્ષથી પ્રગટ થતુ 'પ્રબુદ્ધ જૈન' માત્ર જૈન સમાજની જ નહિ, પણ રાષ્ટ્રની પણ યથાશક્તિ સેવા બજાવે છે અને સમાજ તેમ જ રાષ્ટ્રને લગતી અનેક સમસ્યાઓ પરત્વે નીડર માર્ગદર્શન કરાવી રહેલ છે

સઘ તરફથી શ્રી મણિલાલ મોકમચદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ચલાવવામા આવે છે અને આ પ્રવૃત્તિનો સખ્યાબધ વાચકો લાભ લઈ રહ્યા છે છેલ્લા અઢી વર્ષથી સઘ દ્વારા ચાલતી રાહત-પ્રવૃત્તિ મારફત એક વખત લગભગ ૧૦૦ જૈન કુટુબોને રાહત આપવામા આવતી હતી અને આજે ૬૫ ઉપરાન્ત જૈન કુટુબોને આર્થિક રાહત પહોચાડવામા આવે છે

દર વર્ષે પર્યુષણપર્વ દરમિયાન એક વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે, જેમા અનેક વિદ્વાનો, વિચારકો તેમ જ સમાજસેવકોનાં જ્ઞાનપ્રચુર વ્યાખ્યાનોનો પ્રબધ કરવામા આવે છે અને જૈનો તેમ જ જૈનેતર સમાજ વિપુલ સખ્યામા તેનો લાભ લે છે આ તેમ જ સઘની

બીજી અનેક પ્રવૃત્તિઓમા પુસ્તકપ્રકાશનની આ એક નવી પ્રવૃત્તિની શરૂઆત થાય છે.

આ પ્રવૃત્તિના ઉદ્‌ભવનો ઇતિહાસ આ પ્રમાણે છે. અમારા સઘના એક આદ્યસંચાલક અને વર્ષોથી આજ સુધી સંઘના મત્રીપદને શોભાવી રહેલ શ્રી. મણિલાલ મોકમચદ શાહે સઘની કેટલાંક વર્ષથી ચાલતી વાચનાલય–પુસ્તકાલયની પ્રવૃત્તિને સ્થાયી પાયા ઉપર મૂકવાના હેતુથી આજથી સવા બે વર્ષ પહેલા રૂ ૧૦૦૦૦)ની રકમ સઘના ચરણે ધરી, અને તે જ સમયે સઘના પ્રમુખ શ્રી. પરમાનદ કુવરજી કાપડિયાના આજ સુધીમાં પ્રગટ થયેલા લખાણોમાંથી પસદ કરીને એક લેખસગ્રહ પ્રગટ કરવા માટે રૂ. ૧૦૦૦), સઘના મત્રી શ્રી. વ્રજલાલ ધરમચદ મેઘાણીની વાર્તાઓનો તેવી જ રીતે પસંદ કરાયેલો સગ્રહ પ્રગટ કરવા માટે રૂ. ૧૦૦૦), અને પ્રમાણભૂત' નર્સના ડિપ્લોમા માટે અભ્યાસ કરવા ઇચ્છતી કોઈ પણ જૈન બહેનને મદદ કરવા માટે રૂ ૧૦૦૦)–એમ કુલ રૂ. ૩૦૦૦)ની રકમ પણ સઘને અર્પણ કરી આ રીતે પ્રાપ્ત થયેલ રકમમાથી આ વાર્તાસંગ્રહ તૈયાર કરવામા આવ્યો છે.

એક સારા વાર્તાલેખક તરીકે શ્રી. વ્રજલાલ ધરમચદ મેઘાણીનું નામ ખાસ કરીને 'પ્રબુદ્ધ જૈન'માં પ્રગટ થતી તેમની વાર્તાઓ દ્વારા ગુજરાતી જનતામાં બહુ જાણીતુ છે. શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠ દ્વારા સંચાલિત સૌરાષ્ટ્ર સાહિત્ય મદિર તરફથી ૧૯૨૨મા 'તારે ખાતર' એ નામથી પ્રગટ થયેલ ૬ નાની નાટિકાઓના ગુચ્છ દ્વારા તેમણે સાહિત્ય–લેખકોની દુનિયામા પ્રથમ પ્રવેશ કર્યો ૧૯૩૭માં નવજીવન કાર્યાલય તરફથી તેમની ૩૯ કથાઓનો સગ્રહ 'દુખીની દુનિયામા' એ નામે પ્રગટ થયો અને બહુ સારો આવકાર પામ્યો ત્યાર બાદ ૧૯૪૦મા શ્રી મહાવીર પ્રકાશન મદિર નામની સસ્થાએ તેમનો સમાજવાદ ઉપરનો એક નિબધ પ્રગટ કર્યો. આ જ લેખકનો બીજો

વાર્તાસંગ્રહ 'આળા હૈયા'ના નામે ગુજરાતી ભાષા બોલતી વિરાટ જનતા સમક્ષ આજે રજૂ કરતા અમને ખૂબ આનદ તેમ જ સંતોષ થાય છે. આ સગ્રહમાની ઘણીખરી વાર્તાઓ છેલ્લા સાત વર્ષથી 'પ્રબુદ્ધ જૈન'ના અંકોમા છૂટી-છવાઈ પ્રસિદ્ધ થઈ ચૂકી છે એમની વાર્તાઓ હમેશા 'પ્રબુદ્ધ જૈન'નુ એક આકર્ષક અગ રહ્યુ છે, અને તેમાની કેટલીએક તો અન્ય સામયિકોમા પણ પુન પ્રગટ થઈ છે. શ્રી વ્રજલાલ ધરમચદ મેઘાણી છેલ્લા આઠ વર્ષથી સઘના મત્રી તરીકે સઘને સેવા આપી રહ્યા છે, અને એ રીતે સઘની અનેક પ્રવૃત્તિઓ સાથે તેઓ ગાઢપણે સકળાયેલા છે. સઘના આવા એક કાર્યકર્તાની કૃતિ સઘ દ્વારા પ્રગટ થાય એ હકીકત સઘ માટે પણ બહુ ગૌરવપ્રદ છે

આ વાર્તાસગ્રહને ગુજરાતી જનતા પૂરા ભાવથી આવકારશે અને આ ગ્રથમાળાને આગળ વધારવામા અમને પ્રોત્સાહન આપશે એવી અમો આશા રાખીએ છીએ. પ્રત્યેક વાર્તા પાછળ રહેલુ આર્તજનોની દુનિયા વિષેનુ ઊડુ દર્દ આ વાર્તાઓના વાચન-પરિશીલન દ્વારા અનુભવીને એ દર્દના નિવારણ પાછળ યત્કિચિત અમલી કાર્ય કરવા પ્રત્યેક વાચક પ્રેરાય એવી અમારી પ્રાર્થના છે.

આ પુસ્તકના ઉપોદ્ઘાતરૂપે શ્રી કાકાસાહેબ કાલેલકરે અમને જે કાંઈ લખી આપ્યુ છે તે આ પુસ્તકમા અન્યત્ર પ્રગટ કરવામા આવેલ છે તેમણે આ રીતે અમારી આ નવી પ્રવૃત્તિને ગૌરવાન્વિત કરી છે અને તે માટે અમારો સઘ તેમનો ઋણી બન્યો છે.

૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ
મુંબઈ-૩

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, મુબઈ જૈન યુવક સઘ

રીઢાં હૈયાં

ઘણીખરી તો સાચી બનેલી, કેટલીક અર્ધસત્ય અને કેટલીક કાલ્પનિક—એવી કથાઓનો આ સંગ્રહ આપણા કથાસાહિત્યમાં નવી જ ભાત પાડે છે, કેમકે આ કથાઓ લખવા પાછળ સાહિત્યસર્જનનો હેતુ પ્રધાન નથી. આજના આપણા સમાજમાં જે હડહડતો અન્યાય પ્રવર્તી રહ્યો છે, ગરીબોની જે વિડંબના થાય છે, અને સ્વાર્થ કે બેદરકારી તળે જે માનવતા કચડવામાં આવે છે તે તરફ લોકોનું ધ્યાન ખેંચી આળા હૈયાવાળા ગરીબોનું દુ:ખનિવારણ કરવાનો અહીં પ્રયત્ન છે. લેખક માને છે કે સાહિત્ય દ્વારા જો લોકોની લાગણી જાગૃત કરવામાં આવે તો લોકોમાં ધર્મબુદ્ધિ, ન્યાયબુદ્ધિ અને માણસાઈનો ઉદય થશે.

વ્યાસ અને વાલ્મિકીથી માંડીને 'અંકલ ટોમ્સ કેબિન' જેવી નવલકથા લખનાર મિસિસ સ્ટો સુધી અસંખ્ય સાહિત્યકારોનો એ જ ઉદ્દેશ હતો—એ જ શ્રદ્ધા હતી. સાચું જ્ઞાન થયું કે સદાચાર એની મેળે પ્રગટ થવાનો જ. 'Knowledge is virtue' એમ એ બધા લોકોની શ્રદ્ધા હતી. ઘણે અંશે એ શ્રદ્ધા સાચી નીવડી. માણસમાં માણસાઈ ઉત્પન્ન કરવામાં એ લોકોના સાહિત્યસર્જનનો ઓછો ફાળો નથી.

પણ પાપ કરી કરીને, સ્વાર્થ વધારી વધારીને, તેમ જ ધર્મનો ઉપદેશ અખંડ સાંભળી સાંભળીને માણસનાં હૈયાં રીઢાં થયાં છે. એક વખતે દુર્યોધને પોતા પૂરતું જે કહ્યું હતું તે આજે લગભગ દરેક મનુષ્ય કહી શકે છે: जानामि धर्मम् न च मे प्रवृत्ति: जानामि अधर्मम् न च मे निवृत्ति: । વ્યાસે હાથ ઊંચો કરી પોકારી પોકારીને વિલાપ કર્યો છે કે આખો જન્મારો લોકોને સમજાવવાની મેં પરાકાષ્ઠા કરી, પોતાની કલ્પના—

શક્તિ, ધર્મબુદ્ધિ અને સાહિત્યશક્તિ બધી વાપરી, અને લોકોને સમજાવ્યું કે સદાચારથી જ ઐહિક અને પારલૌકિક કલ્યાણ થાય છે. પણ કોઈ મારુ સાભળતુ નથી દુર્યોધનનો પિતા અખડ ધર્મ-શ્રવણ કરતો, ધર્મ–અધર્મનુ રહસ્ય પૂરેપૂરુ જાણતો, પણ એનુ શારીરિક અને આત્મિક આધળાપણુ દૂર ન થયુ તે ન જ થયુ.

માણસે હવે એક નવો રસ્તો શોધી કાઢયો છે ધર્મ, ધર્મોપદેશક સતો અને એમની વાણી જે ન કરી શક્યા તે કાયદાની મદદથી સિદ્ધ કરવાને આજનો માનવી મથે છે લોકમત જાગૃત કરીશુ, લોકોના હૈયા ખેડીશુ, લોટ બધાય તેમ લોકોની સદ્ભાવના કેળવીશુ અને બાધીશુ અને એમના ‘ વોટ ’ લઈને કાયદાઓ ઘડી કાઢીશુ અને કાયદાને જોરે અન્યાય દૂર કરીશુ

આ યુક્તિ પાછળ કઈ રહસ્ય નથી એમ નથી એ વાત સાચી છે કે માણસની સદ્બુદ્ધિ અને ન્યાયબુદ્ધિ જાગૃત કરવાથી સદાચારના અને ન્યાયદાનના કોઈ પણ પ્રસ્તાવને તે હા પાડી શકે છે પણ એ પ્રમાણે જાતે વર્તવા જેટલી કુવત એનામા નથી હોતી માણસનો વોટ ‘ઇનર્ટ વોટ’ હોય છે માણસની ‘હા’ ભલે ધર્મથી પ્રેરાઈ હોય, પણ એમા ધર્મતેજ હોતુ નથી એ કેવળ જડ હોય છે કોઈનુ ભલુ થતુ હોય તો થાઓ, અમારો વાધો નથી માગ ‘ હા ’ કહેવાથી જો દુનિયામા કાઈ શક્તિ પેદા થતી હોય તો એના કરતા રૂડુ શુ? એટલુ નહિ તો વિશેષ તકલીફ વગર કોઈ મારી પાસેથી સદાચારનુ પગલુ ભગાવે તો એને માટે પણ મારી ના નથી

આ છે આજના માનવી–માનસની સામાન્ય દશા આજે તો આ જ સર્વોચ્ચ દશા છે એમ પણ કહી શકાય

હવે આવી નિષ્ક્રિય ભલમનસાઈનો સગ્રહ કરી, એમાથી બહુ-મતી ઉપજાવી અન્યાયનો પ્રતિકાર કરવા માટે જો સારા કાયદાઓ ઘડવામા આવે તો સરકારરૂપી એક જડ તત્ર મારફતે કેટલાય અન્યાયો

દૂર કરી શકાય. ‘ઈનર્ટ વોટ’ અને ‘મિકેનિકલ ઑર્ગેનિઝેશન’–નિષ્ક્રિય ‘હા’ અને યાંત્રિક ગજતંત્ર–એ બેના સંયોગથી ધર્મસંસ્થાપનાનું કાર્ય અમુક હદ સુધી કરી શકાય એ જાતની શોધ માણસે કરી અને એમાંથી ઘણી પ્રગતિ સાધી શકાય છે એવો અનુભવ પણ થયો. પછી એ અનુભવના કેફમાં ને કેફમાં માણસજાતે છેલ્લાં બસો–ત્રણસો વરસો ગાળ્યાં. પણ અંતે જોયું કે આમ કાંઈ માણસની દુર્જનતા ને બેપરવાઈ કાબૂમાં આવે નહિ. વ્યાસની પેઠે આજના સાહિત્યકારને પણ કહેવું પડ્યું—

Alas ! Laviathen is not so tame !

કાયદા ઘડનારા કંઈ ધર્માત્મા નથી હોતા, એનો અર્થ કરનારા ન્યાયમૂર્તિઓ પણ ધર્મને વરેલા નથી હોતા, અને એને અમલમાં મૂકનારા અધિકારીઓ તો મોટે ભાગે ધર્મને પી ગયેલા હોય છે. આવી સ્થિતિમાં એક બાજુ સુધારો કરવા જાઓ તો એ સુધારામાંથી જ કેટલાય નવા નવા અન્યાયો ઉત્પન્ન થાય છે.

લોકલાગણી ઉશ્કેરવી, કેળવવી અને સાચે રસ્તે દોરવી એ પવિત્રમાં પવિત્ર કાર્ય છે. જેની પાસે કાંઈ પણ સાહિત્યશક્તિ છે એણે એ શક્તિ સમાજસેવામાં અને અન્યાય–નિવારણમાં વાપરવી જોઈએ. પણ ત્યાં પણ માણસજાતને અવનવો અનુભવ થયો છે. લાગણીઓ જો વધારેમાં વધારે ઉશ્કેરવી હોય તો આકરામાં આકરા વેગ કાંઈ ચાલે નહિ. કોઈ બાળકને દિવસરાત વઢવાથી જેમ એની લાગણી રીઢી બુઠ્ઠી થઈ જાય છે—એ બાળક વઠી જાય છે, તેવી રીતે સમાજનું પણ છે. સમાજ જેવા છે તેવા જાણી લઈએ, એને કઈ દિશાએ, કયે ક્રમે અને કેટલે સુધી જાગૃત કરી શકાય એનો મનમાં નકશો દોરીએ, અને પછી પોતાની કલમ એ દિશાએ ચલાવતાં પહેલાં ભાષાના શબ્દોની શક્તિ કેટલી છે એનો બરાબર તાગ કાઢીએ અને પછી જ કલમ ચલાવીએ. શબ્દો જો તોળી તોળીને

વાપર્યા હોય તો તે વધારમા વધારે અસર કરે છે અને ઉત્તમમાં ઉત્તમ સેવા આપે છે, પણ એ શબ્દો જો પ્રમાણ બહાર વાપર્યા- હદ કરતા વધારે વાર વાપર્યા-તો એ શબ્દો રીઢા થઈ જાય છે, એમની શક્તિ મારી જાય છે શબ્દો તો શું, ઉદ્ગાર-ચિહ્નો પણ જો પ્રમાણ કરતા વધારે વાપર્યાં તો એવા ચિહ્નો સાથેના સારાં વચનો પણ જાહેરખબરની સપાટી સુધી પહોચી જાય !

મનોવ્યાપારની આ ખૂબી જાણતા હોવાથી, સાહિત્યકારોએ અને નાટકકારોએ નિયમો બાધ્યા છે કે રગભૂમિ ઉપર મો વકાસીને રોવાય નહિ, પ્રત્યક્ષ મારામારી કરાય નહિ, ઘણુખરુ તો સૂચનથી જ પતાવવુ જોઈએ. સૂચનમા જે શક્તિ છે તે પ્રત્યક્ષમા નથી. કવિઓ કહે છે કે રામનામમા જે શક્તિ છે તે રામમા નથી એના જેવો જ આ ઘાટ છે. માણસ પ્રત્યક્ષ રોવા બેસે તો એની જે અસર થાય એના કરતા જો એ પોતાનુ દર્દ વિલાપયોગ્ય રાગમા ગાઈ કાઢે તો એની વધારે અસર થાય છે.

આ વાર્તાસંગ્રહમાની એકેએક વાર્તા કારુણ્યવૃત્તિથી લખેલી છે એની પારમાર્થિકતા વાકચે વાકચે તરી આવે છે. એક જ વાર્તા વાચતા મન ઉપર ઊડી અસર પણ થાય છે. પણ એક જ સૂરવાળી આ વિવિધ વાર્તાઓ એકત્ર આણવાથી સરવાળે એની અસર ઇષ્ટ થશે કે કેમ એ વિષે શકા રહે છે.

વાચકે આ સગ્રહ તરફ કેવળ સાહિત્યરસની દૃષ્ટિથી જોવુ ન ઘટે. આ તો સેવાભાવી કારુણ્યવૃત્તિમાથી ઉત્પન્ન થયેલુ પારમાર્થિક સાહિત્ય છે. સાહિત્યની કસોટી પર આને કસવાને બદલે સમાજ-સેવાની અને અન્યાય-નિવારણની લાગણીથી એનુ સેવન કરવુ ઘટે, અને તેટલા માટે આ આખો સંગ્રહ એકસામટો ન વાંચતા સમય સમય પર વખત મળે ત્યારે એકાદ વાર્તા વાચી તેના ઉપર ચિંતન કરવું ઘટે છે.

આજથી બારેક વર્ષ પહેલા પ્રગટ થયેલ 'દુખીની દુનિયામા' એ ચોપડી પછી આજે પ્રગટ થતો ભાઈશ્રી વ્રજલાલ મેઘાણીનો આ બીજો વાર્તાસંગ્રહ છે. એનામા સાહિત્યશક્તિ ઘણી છે સયમની કળા સમય જતા વધુ ને વધુ ખીલશે. સામાન્ય સાહિત્યકારોમા જે અમુક પ્રમાણમા જ મળે છે તે પારમાર્થિકતા અને ગરીબોની દાઝ આ લેખકમા પૂરતા પ્રમાણમા છે સાહિત્યની સાચી સુવાસ એ કારુણ્ય-વૃત્તિમાંથી જ પ્રગટે છે, સૌદર્ય તો કેળવતા કેળવતા કેળવાય છે.

લેખક કેવળ સાહિત્ય લખીને સતોષ માનનારો જીવ નથી. આજીવિકાને અર્થે નોકરી કરતા એનામા સેવાભાવ જાગ્યો છે એ સેવાભાવમા જે સમાજદર્શન થયુ તે એણે અહી આલેખ્યુ છે હુ આશા રાખુ છુ કે સમાજમા એમણે જોયેલો અન્યાય દૂર કરવા માટે તેઓ કમર કસશે અને એમના એ પ્રત્યક્ષ કાર્યમા મદદ કરવા માટે આ ચોપડીના વાચકોમાથી કેટલાક એમને સહાયભૂત થશે

પ્રસ્તાવક તરીકે મારે આ વાર્તામાની કેટલીક વાર્તાઓનુ ગુણ-દોષવિવેચન કરવુ જોઈતુ હતુ. આ વાર્તાઓ વાચતી વખતે એવો ઈરાદો પણ કરેલો. પણ વખતને અભાવે તેમ કરી શકતો નથી એનુ મને દુખ છે તૈયાર થયેલી ચોપડી પ્રસ્તાવનાની રાહ જોતી પડી રહે એ સામાજિક અન્યાય છે એમ હુ હમેશ માનતો હોવાથી આટલા સામાન્ય વિવેચનથી જ અહી પતાવુ છુ વાચકો જોશે કે આમાની કેટલીક વાર્તાઓમા ઉચ્ચ કોટિનુ કલાવિધાન સધાયુ છે. પણ એ બધુ સાહિત્યરસમાથી નથી પેદા થયુ પણ સેવાવૃત્તિની ઉત્કટતાથી પેદા થયુ છે લોકકલ્યાણની શુદ્ધ ભાવનામાથી કલાના જે આદર્શો ઉત્પન્ન થાય છે તે જ ખરા આદર્શો છે અને તેમાથી જ સર્વોત્કૃષ્ટ સૌદર્ય એની મેળે પ્રગટે છે

બનારસ
૧૯-૧૧-'૪૫

काका कालेलकर

દિલની વાત

સાહિત્યની દૃષ્ટિએ મારે કાંઈ કહેવાનુ નથી આજે માનવીની માનવતા અનેક કારણે દટાઈ ગઈ છે, તેથી જ્યા સુધી તે પુન ન ખીલે ત્યા સુધી તેના અવશેષોથી રાચવાનુ અને સતોષ પામવાનું રહ્યુ છે આમ કેમ થયુ–ક્યારથી થયુ તે વાત છણવાનુ કામ કોઈ સમર્થ સમાજ–શિલ્પીનુ છે.

આ માનવતા જાગૃત કરવાના અનેકવિધ પ્રયાસો ધર્મ, કેળ-વણી, સાહિત્ય આદિ દ્વારા થઈ રહ્યા છે માનવતાના રજકણો જ્યાથી મળે ત્યાથી એકઠા કરી જનતા પાસે મૂકવા અને માનવીના ઉદાત્ત ગુણો જગતને બતાવવા તે પણ તેને સજીવન કરવાનો એક માર્ગ છે એમ માનુ છુ 'આળા હૈયા'ના પાનાઓ તે માન્યતાનુ જ પરિણામ છે.

ઓરડામા મૂકેલા દીવામા જેમ વાસ મારતુ દિવેલ હોય છે, ટપકતી દિવેટ હોય છે, કાળુ કાજળ હોય છે અને અધારુ કેડતું તેજ પણ હોય છે, તેમ માનવીના જીવનમા પણ સારા–નરસા તત્ત્વો ભરેલા હોય છે ત્યા પામરતા અને પાશવતા હોય છે, તિરસ્કાર આવે તેવા પતન અને કુસસ્કારો હોય છે, સૂગ ચડે તેવી શિથિલતા અને જડતા હોય છે, અને આ બધાની નીચે દટાયેલ કોઈ માનવ-તાનો–પ્રેમનો–દૈવી અશ પણ હોય છે આ ઉદાત્ત તત્ત્વ જ તેના સમગ્ર જીવનનો સારભાગ છે–તેના બળેલ દિલનો મધુ અશ છે.' અને આજના સામાજિક અધ પતનના ટાણે, સમાજની પક્ષપાતી વ્યવસ્થા અને દારુણ ગરીબીમા, જીવનમરણના ભીષણ દ્વદ્વ વચ્ચે પણ માનવતાની સુગધનો આ ભવ્ય અંશ સમાજનો નીચલો

ગણાતો થઈ સજીવન રાખી શક્યો છે તેથી જ તે ધન્યવાદ અને પ્રેમનો અધિકારી છે. જ્યારે જ્યારે મે આ ઉદાત્ત તત્ત્વ અને માનવતાના અવશેષો દેખ્યા છે ત્યારે ત્યારે હુ મુગ્ધ થયો છું અને રાચ્યો છુ. તેણે મારા અન્તરગી દિલને કરાર આપી કૂણુ રાખ્યું છે. આજે આ સર્વ સ્મરણો અને મીઠા અનુભવો એકઠા કરી મારી પાત્રતાનો વિચાર કર્યા વિના જનતા પાસે મૂકવાની ધૃષ્ટતા કરુ છુ. તેમ કરતા કોઈ ઠેકાણે હુ લાગણીમા ખેચાયો છુ, તો કોઈ ઠેકાણે નર્યો ઉપદેશક કે નિબધકાર પુરાણી બની બેઠો છુ, અને પાત્રને કહેવાની વાત મનના આવેગથી તેના વતી મે જ કહી સાહિત્યની મર્યાદા ઉવેખી છે આ બધા દોષો સાહિત્યની દૃષ્ટિએ ગભીર અને અક્ષમ્ય ગણાય, પણ વિસરાયેલા, ત્યજાયેલા કે અવગણના પામેલા એ અજાણ્યા માનવીઓની ભક્તિભાવે આવડી તેવી પૂજા કરી માનવઋણ ચૂકવી સતોષ અનુભવવો—એ સિવાય મને કોઈ દૃષ્ટિ નથી કે અન્ય કોઈ વૃત્તિ નથી.

આ પુસ્તકમા કુલ ૨૬ વાર્તાઓ સગ્રહિત કરવામા આવી છે. તેમાની ઘણીખરી ‘પ્રબુદ્ધ જૈન’મા એક યા અન્ય સમયે પ્રગટ થઈ ચૂકી છે. આ બધી કથાઓ કેવળ કાલ્પનિક નથી. મૂઝાયેલુ માતૃત્વ, કુરૂપા, માધો–શેઠ મટી સગર થયો, નારીહૃદય, શ્રમજીવીની પ્રભુ-ઉપાસના, અસસ્કારીની સસ્કારભૂખ, હૈયા આ નદવ્યા કોણે ?, હુ તો ડૉક્ટર છુ ને !, કાયદાનો કડક અમલ, જઈનાબીની બકરી, જ્યારે સમાજમા ન્યાય ન દેખ્યો—આટલી વાર્તાઓમા રજૂ થયેલી મુખ્ય મુખ્ય ઘટનાઓનો હુ પોતે સાક્ષી છુ. ગરીબોના હૈયાં, ગરીબીની અમીરાત, માતાની ઝખના, રાણી, પારકી મા, ગામની દીકરી, દાનનો પલટાતો પ્રવાહ અને જખમ બોલે છે– આટલી વાર્તાઓનો પાયો વાસ્તવિક ઘટનાઓ ઉપર રચાયલો છે. ઘવાયલા દિલ પીયરી વોન પેસન નામના એક ડચ લેખકે લખેલ

'Days of our years' નામના અંગત અનુભવોને રજૂ કરતા એક અંગ્રેજી ગ્રંથમાંથી ઉધ્ધૃત કરવામાં આવી છે. બાકીનાં કાલ્પનિક કટાક્ષચિત્રો છે.

શ્રી. પરમાનંદભાઈની મમતા, મુરબ્બી મણિભાઈની ઉદારતા, ભાવનગરના સંસ્કાર સાહિત્ય મંદિરના સંચાલકોનો સક્રિય સહકાર અને અન્ય મિત્રોની સહાનુભૂતિ ન હોત તો મારી આ દીનપૂજા પુસ્તક–આકાર ન પામત એટલું ઋણ કબૂલવા સાથે આ વાર્તા-સંગ્રહ ઉપર ઉપોદ્ઘાત લખી આપી શ્રી. કાકાસાહેબ કાલેલકરે મારા આ નમ્ર પ્રયાસનું ગૌરવ કર્યું છે તે માટે તેમનો પણ અહીં હું ઉપકાર માનું છું.

રામનિવાસ, નવરોજ લેઇન
ઘાટકોપર, (મુંબઈ)

વ્રજલાલ ધરમચંદ મેઘાણી.

અનુક્રમ

આળાં હૈયાં

"It is strange that man should see sublime inspiration in the ruins of an old church and see none in the ruins of a man!" —Chestertone

માનવીની સભ્યતાનુ દર્શન તો તેની સ્વાર્પણની પળે જ થાય.

મૂંઝાએલું માતૃત્વ

(અર્ધસત્ય કથા)

મારા બાળાગજા ! જ્યારે છેલ્લુ મીઠડુ ચુમ્બન લઈ અશ્રુભરી આંખે તને પ્રભુભરોસે કાયમ માટે છોડી ‘ ફાઉન્ડલીંગ હોમ ’ પાસેથી ચુપચાપ અદૃશ્ય થઈ ગઈ, ત્યારે વીર સિદ્ધાર્થકુમારને ગૃહ, યશોધરા અને રાહુલને ત્યાગતા નહિ થયુ હોય તેટલુ દુ ખ અને મ થન મને થયાં હતા, કારણકે તેનુ હૃદય તો પિતાનુ હતુ અને નજર સામે મહાન ધ્યેય હતુ, જ્યારે મારે તો ઘવાયલા માતૃહૃદયે હેતુશૂન્ય—અગમ્ય જીવનમા ઘસડાવાનુ હતુ ! ત્રણ ત્રણ વર્ષ થયા તોપણ મનની મૂઝવણ હજુ પણ જેવી ને તેવી જ છે. પ્રતિક્ષણે તને નીરખવાની ઉત્કંઠા થઈ આવે છે અને મન મારીને વૃત્તિને સમાવી દેવી પડે છે. આ સમયે કેવુ દુ ખ, કેવો હૃદયદાહ અને કેવો ઉદ્વેગ થતો હશે તે શબ્દમા કેવી રીતે વર્ણવુ ? સ્વાનુભવ વિના બીજાને એ સમજાય પણ કેમ, બાપુ? ન કથી શકાય એવી એ તો અ તર–વલોણાની પરાકાષ્ઠા !

“ કોઈ પાપિણીને પેટે તારો જન્મ થયો હતો, તને કોઈ પેટીમાં ગુપચુપ મૂકી ગયુ હતુ અને અનાથાશ્રમવાળાઓ દયાભાવે ઉછેરી રહ્યા છે ” આટલી જ જ્યારે તને સમજ આવશે ત્યારે માત્ર ખબર

પડશે ! માતૃસેવા અને પિતૃસેવાના પાઠ જ્યારે, મારા બાળક, તને નિશાળમા ચાલશે, ત્યારે તારા દિલમાં શું હશે ? માતપિતાને શોધવા તારી વિકળ આંખો કેવી નિષ્ફળ શોધ કરતી હશે એ તો મારા નાના ભાઈનો કીકો પાડોશમા બેસવા ગયેલી તેની બાને શોધવા શુ શુ કરે છે અને રડે છે તે પરથી કલ્પી શકુ છુ મારી ગાયનો વાછડો તેની મા માટે કેવુ આક્રંદમય બરાડે છે તે હુ શુ હમેશા નથી જોતી ?

તે તારા માવિત્રોને જોયા નથી, જાણ્યા નથી અને તે કોણ છે કે હતાં તે વાતની કોઈ ભાળ આપવાનુ નથી, એટલે કલ્પનામા પણ તેનું ચિત્ર તુ દોરી શકે એમ નથી 'કોઈ બા હતી,' 'કોઈ બાપ હતો' એ કલ્પનામાત્રથી જ તારે તો નિર્જન વનમા રુદન કરતા ભટકવાનું જ રહ્યુ છે. તારાથી થોડીક જ દૂર રહી રહી તને નિહાળુ છુ, તારી વિકળ આંખો જોઉં છુ, તારુ અંતરનુ રુદન સાભળુ છુ, માતા-પિતા તરફની તારી લાગણી ઝૂરતી અને મરતી કલ્પુ છુ અને તારા આ તલસાટને કે રુદનને સમજ્યા વિના 'તું કજિયાળો છે' એમ કહીને તારા ગુલાબી ગાલ પર અનાથાશ્રમના નોકરને ચૂટી ખણતો દેખુ છુ, છતા પણ મારા વહાલા બાળક ! તને આશ્વાસનનો એક પણ મીઠો શબ્દ, હૂંફવાળો માતાનો મીઠો હાથ તારી આખના આસુ લૂછી શકતો નથી કે 'મારા ભૂલા પડેલા બાળને કોઈ મારશો મા !' એવો ઠપકો નોકરને આપી શકતી નથી. આ હૃદયવિદારક અસહાયતા-અશરણતા જગતના બીજા કોઈ પણ દુઃખ કરતા, બીજી કોઈ યાતના કરના કમ તો નથી જ. આશ્રમવાસીઓએ તો તને ભણાવી રાખ્યુ હશે કે તારો પિતા તો કોઈ ભગવાન, શંકર, વિષ્ણુ કે પરમેશ્વર છે, પણ મને તો એવુ આશ્વાસન લેવા જેવુ કોણ ભણાવે ? તારી સતત્ જાગૃત સ્મૃતિ કોણ ભુલાવે ?

મારા લાડકવાયા ! 'આ કોઈ વિધવાએ નજી દીધેલો બાળક,

કોઈ પાપિણીના હરામના હમેલનુ આ ફળ ' એમ કહી કોઈ જ્યારે તારા સામે આગળી ચીધશે ત્યારે જગતની તેવી કડવી વાણીથી કટાળી કદાચ ગુસ્સે થઈ તું તારી જનેતા ઉપર શાપ વરસાવીશ કે પાપિણી કહી નિદીશ એ સ્વાભાવિક છે પણ તને હુ કેવી રીતે સત્ય કહી શકુ ? જગત તે કેવી રીતે માનશે ? સત્ય કહેવાની, સાભળવાની કે સાખવાની દરકાર કે તૈયારી સમાજે ક્યારે બતાવ્યા જ છે કે મારી બાબતમા બતાવે ! બાળક બાપથી ઓળખાય તેટલા માટે કોઈ દેવને કે ઈશ્વરને બાપ બનાવી, મારા બાળક, તારા જેવા સૌની પાછળ તેનુ નામ જોડી કલકિત બાપની કાળી સ્મૃતિ ભુલાવવામા આવે છે, જ્યારે માતા તો અત સુધી પાપિણી તરીકે જ તારી કે બીજાની જીભે જીવે છે પાપિણીનો હરામનો હમેલ હમેશા નિદાયેલો જ છે, જ્યારે એ હરામખોર નરભ્રમર તો આબાદ છટકી જાય છે સમાજે આ કદી વિચાર્યું છે ?—સમાજનો દોર પુરુષોના હાથમા છે માટે કે ? સમાજે જેમ બ્રાહ્મણના હાથનો પકાવેલો રોટલો પવિત્ર, અને તે જ અનાજ, તે જ પાણી, તે જ અગ્નિ અને તે જ વિધિથી પકાવેલો ચાડાળના હાથનો રોટલો અપવિત્ર ગણાવી દીધો છે તેવી જ રીતે સમાજે આપેલા, નક્કી કરેલા કે બ્રાહ્મણોએ લગ્નવિધિના નામે થોડાંક સસ્કૃત સૂત્રોથી બાધેલા પુરુષના સગથી ઉત્પન્ન થયેલું બાળક આવકારદાયક અને બીજાનુ ઘૃણિત ! તેથી જ, મારા બાળ, તારી પણ એ જ સ્થિતિ થઈ છે તારો અમુક જ પિતા હોત તો આજે છે તે કરતા તુ કોઈ બીજો જ હોત ડગલે ડગલે ફૂલડાં વેરાત અને શબ્દે શબ્દે ખમા ખમા થાત પરતુ કમભાગ્યે તું કોઈ બીજા જ પિતાનો પુત્ર ! પણ આવુ કેમ સૂઝ્યુ ? આમ કેમ બન્યું ? કેવા સજોગોમા બન્યુ ? તે કદી સમાજે પૂછ્યુ જ છે ક્યા ! હિમત કરીને કદાચ કહ્યુ હશે તો ઉત્તરમા અવગણના સિવાય મે સાભળ્યું છે પણ શુ ? પરતુ તને તો, મારા બાળક, બધું જ કહીશ—સિવાય

કે તારા બાપની હકીકત! મને માફ કરજે આટલા અંતરપટ માટે. એ કોઈ હતો કુટુંબકબીલાવાળો! દેવની પરી જેવી સુશીલ પત્ની હતી, ફૂલડાં જેવા બાળકો હતા. આ પત્ની અને આ બાળકોના જીવન પર ખરાબ અસર ન થાય એટલા માટે તે પુરુષના કરતૂક અને સ્મૃતિ બધુ દાટી દઉં છુ-પ્રભુ એને સન્મતિ આપે!

સમાજના નીતિ-રીતિના કાયદાનો ભંગ તે મારો ગુનો! તે મારુ પતન! તે મારુ પાપ! બાળક! જે પળથી તારો પ્રાણસંચાર મારા દેહમાં થયો-તેના પ્રગટ ચિહ્નો દેખાવા માંડ્યા-ત્યારે તો એ ધર્માત્મા સમાજના અનેક દયાળુ જીવડાઓએ 'તને દૂર કરવાની' સલાહ, શિખામણ અને સૂચના મને આપી હતી-પિતાના સંબંધના કારણે ખુદ ધર્મગુરુએ પણ! સૌ સગાઓ પોતાનુ નાક બચાવવા તને જતો કરવા તૈયાર થયા હતા-માતૃત્વભરી મારી માતા પણ! કોઈ વ્યવહારિયાએ ભાવિની મુશ્કેલીઓનો ખ્યાલ આપી વર્તમાન સંભાળી લેવાનુ કહ્યુ હતુ! પિંડ ઘડનાર પિતા પણ કોઈનો પિંડને પાડવા તૈયાર થયા હતા-ડારીને, ડરાવીને, માર મારીને કે તેમ ન બને તો છેવટે મને વિદારીને! જમાનાજૂની ડોશીએ પર્વત ઉપર યાત્રાએ લઈ જઈ હડસેલી દેવાની, નદીમાં ધક્કો દેવાની કે કોઈ અરણ્યમા સૂતી મૂકવાની સલાહ સુદ્ધા આપી હતી. છતા તે સૌ પુણ્યાત્મા હતા, ધર્માત્મા હતા, માનવપ્રેમી હતા-અને આ આખો લોકસમાજ સંસ્કૃતિવાન હતો! માત્ર હું જ પતિત હતી કે તારો પાત કરીને સમાજની આબરૂ બચાવવા અને નામે બચવા તૈયાર નહોતી! હુ જ પાપિણી હતી કે મારા પાપનો-મારી ભૂલનો ભોગ તને બનાવીને બચી જવા માગતી નહોતી! હુ જ ગુનેગાર હતી કે મારી ભૂલનો વિષકટોરો શાંતચિત્તે ગટગટાવી રહી! મારા કનૈયા! અવશ્ય આજે તો એક પાપ કરી રહી છું, અને તે એ કે આકસ્મિક પતનના ફળને 'તેનો શો ગુનો?'

એમ સમજીને જો જિવાડવો, તો શા માટે પુન માતૃત્વ આપી જગતમાં બાકી રહેલો ઝેરનો કટોરો પૂરો નથી કરતી ! હાય નબળાઈ !

મારા બાળક ! તે તો જેને સ્વપ્ને પણ નથી જોઈ એવી માતા જ ગુમાવી છે, પરતુ મે તો મારા આકસ્મિક ગુનાના બદલામાં અને તારો નિકાલ ન કરી નાખવાની હઠને પરિણામે જેનો બચપણમા ખોળો ખૂદ્યો હતો, જેના હાથથી અવનવા લાલનપાલન પામી હતી, અને જે સળગતા સસારમા અમૃતવીરડી જેવી હતી તેવી માતા અને પ્રેમાળ પિતાને ગુમાવ્યા છે પુત્રી મરી ગઈ જાણી તેઓએ મારુ સ્નાન પણ કરી નાખ્યુ છે મારુ મોઢુ જોવામા તેઓ પાપ માને છે મારા સજોગો, મારી લાચાર દશા, અને મારી વય સમાજની ભીતિ–આબરૂની લાલસા આડે કદી તેમના લક્ષમા આવ્યા જ નહિ ! મારા પતનના પાયામા તેઓએ કેવા જબર કાળમીઢ પાણા ધરબ્યા છે ! મને પતનની ઊંડી ગર્તામા પાડવા કેટલા હડસેલા માર્યા છે ! એ વાતનુ સ્મરણ કરાવીને પણ શા માટે માતૃત્વ અને પિતૃત્વના રક્ષા-બક્ષા અરાને પણ નિંદવો ? માતા–પિતાનુ સ્મરણ જ માત્ર મારે હવે પૂજવુ રહ્યુ છે, નહિતર મારામા માતૃત્વની ઝળક કેમ રહેશે ? કયા પ્રેમે તને હુ આકર્ષીશ ?

પદર વર્ષ પહેલાની જ તે વાત છે વાજતે–ગાજતે મારા દાદા જેવડો કોઈ અજાણ્યો નર મારો હાથ ગ્રહવા મલપતો મલપતો આવતો હતો મુબઈનો તે નકલી શેઠિયો વાણીની ભભક, ડોળદમાક, બાટલી અને કલ્પના પડદા પાછળ ખરી વય, ખરી સ્થિતિ, ખરી શારીરિક સપત્તિ, અમસ્કારિતા અને શયતાનિયત છુપાવીને આવતો હતો ! કયા દાને, કયા પ્રેમે, કઈ લાયકાતે તે તો મારા પિતાએ નહોતુ કહ્યુ, પણ પાડોશીઓની ઝેરી જીભ ગણગણતી હતી તે પ્રમાણે તો એક સોદા-ગરની અદાથી તે મને ખરીદવા આવતો હતો ! રડીબાજી અને સટ્ટામાં

બધુ ખોઈ, કઈકને રડાવી, અનેક રોગને પરિચય મેળવી, દલાલોની દરમિયાનગીરીથી પ્રોઢરિયો ગઢ જીતવા તે આવતો હતો ! સ્વપ્નેય ના જોયેલો, ન જાણેલો, ન સાભળેલો એવો એ મારો ધર્મપ્રાપ્ત પતિ !

મુબઇ ગઈ પગ પાણિયારામા અને માથુ ચૂલામા રાખે તો જ સમાસ થઈ શકે એવી નાની ઓરડીમાં મારી પહેરામણીના વેચાણ ઉપર જ અમારો રોટલો અવલબતો હતો મારા ભૂતકાળના જીવન પર રુદન કરવામા અને ભાવેલાં સ્વપ્ના આખ સામે ભાગી ભૂકો થઈ જતા જોવામા પદર દિવસ વિતાવ્યા સોળમે દિવસે લેણિયાતોના ત્રાસે પતિદેવને અદશ્યવાસમા જવુ પડયુ. મને મારા પિયર વળાવી–વગર સથવારે અને અધૂરી ટિકિટે ! આટલો જ અમારો સંબંધ, સ્નેહ કે પતિપત્નીની લેણદેણુ ! એ શ્રીમાનની હુ પત્ની એટલી ગાળ જ માત્ર ચોટેલી અને તે ઉપર મારે મારુ જીવન વિતાડવાનુ છે એમ સમાજે સભળાવી દીધેલુ !

એક દિવસે ત્રણ માણસો તેને ઉપાડીને લાવ્યા–મારા પતિદેવને ! નહોતુ શરીરનુ ભાન, નહોતું કપડાનુ ભાન કે નહોતુ આસપાસના માનવીઓનુ ભાન ! જીભ ઉપર માત્ર એકલુ મારું નામ –' રૂખી ! ' આખ ચકળવકળ મને શોધતી હતી. શરીર મને જેવા પાછાડા મારતુ હતુ હુ પાસે ઊભી છતા સદેહે ઊભેલી રૂખીને ઓાળખતા નહોતા ! તે તદ્દન પાગલ થઈ ગયા હતા–ન સુધરે તેટલી આ સ્થિતિમા પણ મારુ દિલ તેમને જોવાને તલસતુ મારી મૂડીનો છેલ્લો અશ તેની પાગલતા પાછળ ખર્ચ્યો. તેનું જીવન અને મારી જુવાર એકી સાથે પરવાર્યા ! સૌ રજ્યા–સૌ સૌની રીતે અને સૌ સૌના સ્વાર્થને !

માબાપ રજ્યા દીકરીના દિલ અને દેહનો બોજો માથે આવ્યો તે

દુખે ! આજુબાજુના રસ્તા અમને સારુ લાગે તે માટે ! હુ રડી મારા જીવનમા વ્યાપેલી શૂન્યતાથી—ભાવિની ભય કરતાથી ! મારું નારીજીવન ગયુ—નર્યું તાપસી જીવન આવ્યુ એ દુખની કલ્પનાએ મને રડાવી દીધી "વિધવાઓનો આશરો ધર્મસ્થાનમા !" કાયાના કલ્યાણને બહાને કે વિકારરૂપી વરુને જેર કરી નાખવા માટે કાયા પીસવી, દેહ દમવો, વ્રતનિયમો અને તપ કરવા—આ ઔષધિ એકલી વિધવા માટે જ છે કે બીજા માટે પણ છે એ તો કોણ જાણે, પણ ધર્મ-સ્થાનકો અને યાત્રાના સ્થળો વિધવાઓથી હમેશા ભરપૂર હોય છે અને ત્યા તપ તપતી સ્ત્રીઓ સદૈવ દેખાય છે પુરુષો કોઈ બીજી દુનિયામા, બીજી જાતના તપ કરતા હશે ને ! મારા બાલુડા, તપ અને દેહદમનથી કાયા ગાળવામા મેં ક્યાશ નહોતી રાખી મારી કલ્પનામા, મારા સ્વપ્નામા અને મારા ધ્યેયમા સયમ, ચારિત્ર્ય અને પરાણે બાંધેલી કીર્તિ પાછળ પણ પ્રાણવિસર્જનની જ્વલત ભાવના વિદ્યમાન હતી. સમાજ પણ આટલુ ઇચ્છતો હતો—વિકારમા સબડતા સબડતા પણ તે આટલુ ઇચ્છતો હતો—વિકારના ભરપૂર દશ્યો અને અનેક પ્રલોભનો માર્ગમા પાથરીને ઇચ્છતો હતો ! મારુ મન મહાન તાપસની પેઠે, આવા પ્રલોભનો વચ્ચે પણ, ન ડગે એમ ઇચ્છતો હતો ! પડખે પડેલી ત્રીજી વખતની બાળ-પત્નીના કોમળ ગાલ પ પાળતા પ પાળતા મારુ વૈધવ્ય વિશુદ્ધ રહે તેમ ઇચ્છતો હતો ! વાલમના વિલાસમા વીટળાયલી તે માતા તેઓની વચ્ચે વસીને પણ હુ સાધ્વી જેવુ જીવન જીવુ તેમ ઇચ્છતી હતી ! અજબ માગણી ! આ કેમ પાર પડે ! મારા ચારિત્ર્યપોષક ધર્માચાર્યની આખમા મે કવખતે વિષયઘેન દેખ્યુ ભાગી ધર્મપ્રીતિ પરવારી ગઈ મારુ આ વર્તન નાસ્તિક જેવું અને ઉખડેલુ લાગ્યુ. અને જીવન કષ્ટમય બની ગયુ. જે માબાપે મારા સુખને માટે ચિતા ધરી હતી જે માબાપ મારા દુ:ખે લાબા રાગડે રોયા હતા, અને ઘરમા મિષ્ટાન્ન આરોગતા આરોગતા,

નિરંકુશ મોજમજા લૂટતા લૂટતા, ઉપરથી સફેદ શોકની પાઘડી અને કાળા સાડલા પૂરતો શોક પાળી બીજાને ત્યા જમવા જવાનુ બધ રાખ્યુ હતુ, તે માબાપને મારો રોટલો ભારે પડવા લાગ્યો. ગારું પગલું આડકતરી પજવણી થવા માડી. ધર્મસ્થાનની માફક આ સ્થાન પણ તજવાનો મારે નિશ્ચય કરવો પડ્યો. મારી આર્થિક પગતત્રતા અને સંકડામણ આ નિશ્ચયની સામે ઘૂરકતા હતા સ્ત્રીઓ અનેક જાતનું નિષ્ફળ વૈતરુ કરી શકે તેવુ વૈતરુ તેની પાસેથી લઈ શકાય, પણ સ્વતત્રપણે રોટી ઉપાર્જન કરવાનો વ્યવસ્થિત વ્યવસાય ન તો સ્ત્રીથી કરી શકાય કે ન તો સમાજથી જીરવી શકાય–ત્યા સામે ચાલીને શીખવવાની તો વાત જ શી ? આ આર્થિક પગતત્રતાના પરિણામોની દરકાર સમાજ કદી કરતો જ નથી ! એમને સ્ત્રીઓને સ્વમાનનો રોટલો આપવો નથી અને જાતે મેળવી લે તો મેળવવા દેવો નથી ! આ સ્થિતિમા સ્ત્રીના નિશ્ચયની શી કિમત ? આખો સમાજ આવી માન્યતાથી ભરેલો છે ત્યા કોઈ હિમત કરી બહાર પડે તો તેને સ્થાન પણ ક્યાં મળે ? સમાજની આખે થઈને સ્ત્રીઓની વહારે ચડનારા પણ કેટલા ?

લાબા પ્રયાસે, માડ માંડ પેટ ભરી શકાય તેટલા ટૂકા પગારની શિક્ષિકા તરીકેની નોકરી પણ મળી. માબાપે છુટકારાનો દમ ખેચ્યો. [illegible] મહિને મારી સ્વતત્ર ઓરડીમા હુ એકલી–અટૂલી રહેવા ગઈ ત્યારે ધરાઈ ધરાઈને રડેલી. જીવનમાથી સત્વ નીતરી ગયુ હોય, સ્નેહ જેવું કોઇ તત્ત્વ પરવારી ગયું હોય, માધુર્ય અલોપ થઇ ગયું હોય, સર્વત્ર અધકાર, સ્વાર્થ અને પાશવતા પથરાયેલી હોય, અને તેની વચમા કોઈ ઝેરી ઝઝાવાતે મને અનાથ–અસહાય દશામા ફેકી દીધી હોય તેમ લાગ્યુ અફાટ વિશ્વમા કેમ જાણે એકલી ન પડી ગઈ હોઉ તેમ લાગ્યુ. આ સ્થિતિ પર ફરી ફરીને રોઈ જીવનમાથી આશાદીપ હોલવાઈ ગયો જીવન એટલે રોટી, રોટી એટલે ચાકરી, ચાકરી એટલે

ગમે તેવી જાતની જીવનરીતિ ! ત્યા નહિ ભાવના, નહિ મહેચ્છા કે નહિ આપ-મરજી ! હુકમ અને બજાવણી ! યંત્રવત્ નિયમો અને તેનું તેવી જ જાતનુ પાલન ! ત્યા દલીલ નહિ-માત્ર મૂગે મોએ સહન કરવાનુ જ. આ સૂત્ર-આ સત્ય માનવજીવનના સજીવ ઇતિહાસે સમજાવ્યું, તેથી ત્યા કોઈ પણ જાતના જીવન માટે, કોઈ પણ જાતના કાર્ય માટે, કોઈ પણ જાતના માનવવિકાસ માટે ગણગણવુ જ કયા રહ્યુ ? મેં નોકરી સ્વીકારી.

મારા બાળક ! તને ખરુ કહુ છુ કે તારી માતાએ કદી કોઈ પણ ભૂલ મજાને ખાતર નથી કરી-જીવન ખાતર નથી કરી તેને તારે ખાતર જીવવુ હતુ, જીવન માટે રોટી આવશ્યક હતી, અને તે ગમે તેવી રીતે, ગમે તેવા જીવનથી અને ગમે તે ઉપાયે મેળવવી એ જ તેનુ ધ્યેય હતુ. તારી માતા પતિત થઈ નથી, પણ તેને પતિત કરવામા આવી છે મારી અનાથ દશાનો, મારી ગરીબ સ્થિતિનો, મારી એકાત ઓરડીનો અને નિર્જન પડોશમા મારી અર્ધનિદ્રાનો ગેરલાભ લેવામા આવ્યો છે એકલી, અટૂલી, યુવાન, સ્વરૂપવાન વિધવાની ફરિયાદ સમાજે કદી સાચી માની છે? મારે ફરિયાદ કોની પાસે કરવી ? શુ પરિણામ માટે કરવી ? પરાણે વટલાવાયેલા હિંદુઓની સ્થિતિ તેના ભાઈઓએ જેવી કરી છે તેના જ હાલહવાલ પરાણે પતિત બનાવાયેલી વિધવાના પણ સમાજમા છે. રડીને બેસી રહી-પછી શુ કહું ?

માબાપ ગણગણ્યા, બધા ગણગણ્યા, પાપનુ ફળ નાલેશી આબરૂભગ સહવા તૈયાર હતી, બીજાની જેમ એક પાપને ઢાકવા અનેક નવા પાપ કરીને બચી શકત, પણ આ નિર્દોષ બાળ ! એ તારા જીવનને ભોગે ! જ્યારે ચર્ચા થવા લાગી ત્યારે દુનિયાના બધા વર્ગના ચોવટિયાઓ, મારા બાળક, તારા બાપની શોધખોળ માટે કઈક પ્રકારની અવનવી કલ્પનાઓ કરવા મડ્યા ! કઈક નિર્દોષને માથે દો

રોપણુ થવા મ ક્યાં ! અનેક અણુસુણી વાતો ભૂતકાળના જીવન ઉપરથી વર્તમાનને અને ભવિષ્યને વળગાડવા મ ક્યા મારા પતનનો જવાબદાર ઢીચકારની પેઠે ભાગ્યો. ઝેરના ઘૂ ટડા મારે એકલા જ પીવા હતા, એટલે હજી સુધી જગત તે શયતાનનુ નામ જાણવા નથી પામ્યુ અને જાણવા નહિ પામે. શાળાની શુદ્ધિ અને આબરૂ ખાતર મને નોકરીમાથી કાઢી મૂકવાની પેરવી કઇક ધર્માત્મા ઓલિયાઓએ શરૂ કરી દીધી ઘરધણીએ ઓરડી ખાલી કરવાની તાકીદ કરી જ્યારે મે ક્યાય અમી ન જોયુ, આશ્વાસનનું સ્થળ ન જોયુ, આશરો ન જોયો, માર્ગભૂલેલી માટે પાવનકારી પ્રભુતા કોઇમા ન જોઇ, ત્યારે મારા બાળક, તને ઉદરમા સમાવીને પ્રભુભરોસે ભાગી. ઊંચે આભ અને નીચે ધરતીમાતા મારા સગી અને સહાયક હતા. એક પીપળાના ઝાડ નીચે શિવાલયની પાછળ તારો જન્મ ! બ્રાહ્મણ પૂજારી તો મદદમા ન આવ્યો, પણ એક ચમાર મજૂરને ત્યા આપણો સત્કાર થયો અને આખરે અનાથાશ્રમમા તારો વાસ થયો !....આટલુ જાણ્યા પછી જો તારી જનેતાને પાપિણી, સ્વચ્છદી કે હત્યારી કહેવી હોય તો કહેજે, મારા બાળ ! મારે એ સામે કાઇ જ ફરિયાદ નથી કરવી

દૂર દૂર પડેલા બાળક ! આજે તો જ્યા જગત આખુ ભયકર તહોમતનામુ લઇ ને ઊભુ છે, ત્યા મારી વાત કોણ સાભળશે ? અને કદાચ કોઇ સાભળવા તૈયાર થાય તોપણ ધોબીની સાથે ધોબી થવા નથી માગતા ! દુ:ખમા ભાન ભૂલીને મે એકાદ–બે કડવી વાતો કોઇ ને માટે કહી નાખી છે તેમા મારો દોષ નથી. તારી માતા પોતાના પાપને, ગુનાને કે ભૂલને છુપાવવા બીજાના ગુનાને પ્રગટ કરવા જેટલી હલકી નથી થઇ એક શહીદે આખરી વખતે પણ ગાયું હતુ કે—

> "જીસને ફૈસલા દીયા, ઉસકા ખુદા ભલા કરે,
> શહીદ દુસરા કયા ચાહે, સબકા ખુદા ભલા કરે"

તેમ જેણે મને નીતિભ્રષ્ટ, સમાજભ્રષ્ટ અને આખરી જીવનથી ભ્રષ્ટ કરી છે તેનુ પ્રભુ ભલુ કરે ! પણ એ ગુનેગારો મારા ગુનાનો ન્યાય કરવા બેઠા છે તે સામે મારો પોકાર છે શુદ્ધ માનવીને જ ન્યાય કરવાનો અધિકાર હોઈ શકે, પાખડીઓને નહિ ! આટલુ આજે જગતને કહુ છુ તુ મોટો થા અને શક્તિશાળી થા તો આવા ન્યાય અને આવા ન્યાયાધીશો સામે જીવના જોખમે પણ પોકાર ઉઠાવવાનુ ન ચૂકજે ! આટલુ માતા તરીકે માગુ છુ

હા, હુ સમજુ છુ તારા છૂપા નિઃશ્વાસ અને ધડકતુ હૃદય મારી કલ્પનાથી હુ જોઈ શકુ છુ. તારી કરુણ આખો મારા હૃદયમા બરાબર જડાઈ ગઈ છે તેમા પણ મારા સામે એકાદ તહોમતનામુ જ ભર્યુ છે.

" મને શા માટે ઉત્પન્ન કર્યો ? શા માટે જિવાડ્યો ? ક્યા ઉચ્ચ આશય માટે જિવાડ્યો ? આ જાતના કલકિત જીવન અને મૃત્યુ વચ્ચે શુ ફરક છે ? એ પામર દશામા મને મારી નાખ્યો હોત તો અત્યારની અપમાનજનક કલકિત દશા કરતા ઓછુ દુ ખ થાત આજે તો નહિ મારુ સ્થાન ખુદ માબાપ પાસે, નહિ સમાજમા, નહિ રાજ્યમા, નહિ ધર્માલયોમા કે નહિ અમને જિવાડવાની નરી ઘેલછા અને ધધો લઈ બેઠેલા દયાળુ માનવપ્રેમીઓમા ! અનાથાશ્રમની ચાર દીવાલો વચ્ચે પગારદાર પાલકોની દયા ઉપર પાજરાપોળના બોકડા માફક શરમજનક જીવવુ, ઉછેરાવુ કે ખતમ થઈ જવુ. કદી મોટા થઈએ તો કોઈના પણ પીઠબળ વિના, કોઈના આધાર વિના, કોઈના આશ્વાસન કે સક્રિય સહાનુભૂતિ વિના સુખનો માર્ગ શોધવામા માર્ગ શોધાયા પહેલા જ અસ્ત થઈ જવુ. આટલુ જ અમારુ જીવન ને ! આ માટે મને શુ કામ જિવાડ્યો ? શિષ્ટ સમાજમા તો અસ્પૃશ્યોથી પણ બદતર દશામા સમાજવિહીન જીવવુ એટલે જ્યા કોઈ અમને ન ઓળખે,

જ્યા અમારો ઇતિહાસ કોઈ ન જાણે, ત્યા જઈને વસવુ ! ખોટા મા-બાપ બનાવી નામ સાથે જોડવા અને ત્યા પણ જો ખરી વાતની ખબર પડી જાય તો અપમાનિત થઈને ત્યાથી પણ ભાગવુ. આવા જીવન કરતા, ઓ મારી મા, મૃત્યુ શું ખોટુ ? અમે કદાચ અમારી જેવી જ કોઈ માબાપવિહોણી કન્યા સાથે જોડાઈએ તો સતતિના ભવિષ્યની પણ ચિતા, મા, ક્યા ઓછી છે ? આ વાતોનો કઈ જ વિચાર મને જિવાડવાની ધૂનમા તને ન આવ્યો ?"

આવુ આવુ, મારા બાળક, તારી મૂક વાણીમા તુ કહેવા માગે છે, ખરુ ને ! મારા ગભરુ બાળ ! તારા તહોમતનામા સામે હુ મારુ માથું નમાવુ છુ—ગુનાથી અને શરમથી

તને જન્મ આપ્યો, જીવન આપ્યુ, પછી મોતના મોમા મૂકી આવી છુ તે બરાબર સમજાય છે તેનુ પ્રાયશ્ચિત્ત પણ તેવુ જ કરીશ. અધીરો ન થા ! તને જન્મ આપવાની ઇચ્છા કે ભાવના ન તો મારી હતી કે ન તારા એ ભાગેડુ બાપની હતી—અને સારાયે દેશમા કે સારાયે વિશ્વમા ઇચ્છાપૂર્વક—ભાવનાપૂર્વક બાળકો સર્જનાર માબાપો કેટલા હશે ? બાળકો અકસ્માત સરજાય છે, અકસ્માત જન્મે છે, અને જન્મ્યા પછી પોતાના કરી પળાય છે. આ સિવાય છે પણ શુ મા-બાપ અને બાળકના સબધમા આપણી અત્યારની આલમમા ? પ્રજ-નનની બાબતમા પુરુષોએ સ્ત્રીઓની સલાહ કે ઇચ્છાને ક્યારે મહત્ત્વ આપ્યુ છે ? બાળકનો અનેકવિધ બોજો ઉપાડતા કટાળે ત્યારે બહુ બહુ તો સતતિનિયમનના ઉપાયોનો આશરો લેવાનુ ભૂત છેલ્લો દાયકો થયા જગતમા ભરાયુ છે મારા બાળક ! આમા તારો જન્મ શા માટે થયો તેનો જવાબ હુ શુ આપુ ?—સિવાય કે અકસ્માત અને અમારી અસાવધતા ! એ ભૂલ કે એ અસાવધતાના બદલામાં વર્ષો થયા લોહીના આસુડે રોઈ છુ તારા જીવન ખાતર જેટલો આપી

શકાય તેટલો ભોગ આપીને ભટકતી ભિખારણ થઈ છું માબાપ, સગાં-સ્નેહી, વહાલું વતન, મીઠી રોટલી અને આબરૂ તારા પ્રાણની વેદીમાં હોમી ચૂકી છું આ ત્રણ વર્ષના ગાળામાં જગત મારું પતન-મારી ભૂલ-ભૂલી ગયું છે. વર્તમાન ચળવળ અને સમાજ-જીવનમાં આવેલી યત્કિંચિત્ સુધારણાને લીધે હું મારું ગુમાવેલું સ્થાન અમુક અંશે પાછું પ્રાપ્ત કરું તેવા સંજોગો દેખાય છે પણ એ મારા બાળોતિયાના બળેલા બાળ! તારી મા એક પણ પળ સુખ કે શાન્તિને ખાતર સુખ-શાંતિની ગાળવા માગતી નથી તે દુ:ખના ભારથી એકદમ ભાનરહિત થઈ જાય તેટલી હદે ચગદાઈ જવાને બદલે કે તરવારના એક જ ઝટકાથી ફના થઈ જવાને બદલે ધીમે ધીમે હૃદય વલોવાઈ જાય તે રીતે જીવનના કણ કણ કાપીને પોતાનું પ્રાયશ્ચિત્ત પૂરું કરવા માગે છે રડવાનું તારા માટે હતું તે ખૂબ રડી લીધું હવે શું કરું? કઈ રીતે રડું? આંસુ બાકી રહ્યાં હોય તો રડું ને? મનોવેદના, સમાજના પ્રહાર, સંબંધીઓની પાટુ અને સંજોગોનો મૂઢ માર-એ બધા ઉપર મંદમંદ હસવાનું જ મન થાય છે ખાતરી રાખજે કે મારું છેલ્લું પ્રાયશ્ચિત્ત કોઈક જ માતા કરી શકે તેવું હશે. જે યાતના ભોગવી ચૂકી છું, જે ભોગવતાં ભાન પણ ભુલાઈ જવાતું, તે જ યાતના સ્વેચ્છાએ નોતરી શુદ્ધ થવા માગું છું પહેલી સ્થિતિ અકસ્માતથી થઇ હતી-આ બીજી સ્થિતિ ઇચ્છાપૂર્વકની! મારા કોડીલા કુમાર! તારી માતાના સ્લિમા-દેહમાં જેટલું હશે તેટલું કરેલા ગુનાના દંડ બદલ આપીને જ આ ફાની દુનિયા તજશે આ પળે જો મૃત્યુ કદાપિ આવે તો પાછું વાળું અને કહું કે થભી જા મારું પ્રાયશ્ચિત્ત પૂરું થાય ત્યાં સુધી!

ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાખતી હું બેઠી છું એક પછી એક દશ્યો આંખ સામેથી પસાર થતા જાય છે. નાળાનો મોટો

-ઓરડો, ભરાયેલી મેદની, અને 'માતા અને બાળક' એ વિષય ઉપરનુ મારુ દલીલોપૂર્વકનુ સુદર પ્રવચન આજે યાદ આવે છે. સો શિક્ષકો કરતા એક માતા વધે અને પૃથ્વીની પ્રદક્ષિણા કરતા માતાને કરેલી પરિક્રમા વધે એ વાતના સમર્થનમાં અમુક ભાગ્યશાળી નરોની સુશીલ માતાના દૃષ્ટાંતો મે ત્યારે ટાંક્યા હતા તે વખતે મારુ હૃદય કેવા ભાવોથી ભર્યું હતુ ! આજે આ સરખામણી હૃદય વિદારે છે. 'હુ જે બાળકની માતા થઈ તેને વીર બનાવીશ, જગત મારા બાળકને જોઈ તેની માતાની—એટલે માતૃત્વની—સુદર કિમત આકશે, પરોક્ષ રીતે જગતનુ ગુરુકાર્ય હુ કરીશ !' જેને જેને આ વાત—મારુ આ ભાષણ—યાદ હશે તે આજની મારી સ્થિતિથી શુ કલ્પશે ? તેની દૃષ્ટિમા માનવીની વાણીની કેટલી અલ્પ કિંમત અકાશે ? જગતની આંકેલી કિમતને ઘડીભર મહત્ત્વ ન આપીએ, પણ માનવતાનો અગાર સચેત કર્યા પછી આપણને આપણી જાત માટે કેટલુ માન રહેશે ? કેટલો આત્મવિશ્વાસ રહેશે ? મારા કુમાર ! મારી આખે અધારા આવે છે અને છાતીમા ડૂમો ભરાય છે ક્યા મારું સો શિક્ષક જેવી એક માતા થવાનુ સ્વપ્નુ અને કયાં ફેકાઈ ગયેલુ મારુ બાળક ! પૃથ્વીની પરિક્રમાનુ પુણ્ય પ્રાપ્ત થાય તેવી ક્યા એ પુણ્યશાળી માતા બનવાની મુરાદ, અને ક્યા શાપિત માની બાળક નામ લેતા પણ શરમાય તેવી આજની સ્થિતિ ! કોણ જાણે કેવાયે હલકા પગારના અશિક્ષિત પરાયા માણસો તને ફરજિયાતપણે પગારના પતીકડાને ખાતર ઉછેરતા હશે ! કોણ જાણે કેવીયે હલકી કિંમત તેઓ તારી આકતા હશે ! કોણ જાણે કેવીયે કડવી કડવી વાતો તેઓ આપસમા તારા માટે કરતા હશે અને તને શાપિત માની તારી માતાને તેઓ અપમાનતા હશે ! પરિણામે તારા જીવનમાથી માધુર્ય કેવુ સરી જતું હશે ! જગતની નબળાઈ જોવાના શોખીનો ગૃહસ્થાઈ અને દયાળુપણાના ઝભ્ભા નીચે જ્યારે અનાથાશ્રમમા સુલા-

કાને જતા હશે ત્યારે તેના અધિકારીઓ કોણ જાણે શુયે તારા તરફ આંગળી ચીંધી કહેતા હશે! આડકતરી રીતે તારામા શિથિલતા જન્મે તેવી ચારિત્ર્યભંગની રસમય વાર્તાઓ તને સુણાવતા હશે। તારામા લાચાર દશા અને પામરતા આવે તેવી રીતે તમારા બધા પાસે ધનિકો સમક્ષ ભીખ મંગાવવામા આવતી હશે। અમુક ગણ્યા-ગાંઠ્યા નિયમોને આધીન જ તારુ જીવન બાંધી દેવામા આવ્યુ હશે। ખાવામા, પીવામા, પહેરવામા, હરવા–ફરવામા બધી જગાએ પારકાની મરજી જ સાચવવી પડતી હશે તારે। તમે અનાથ છો, અપંગ છો, અભાગિયા છો, પતિતાને પેટે અવતરેલા સંતાનો છો, ભિખારી છો, તમારી તરફ દુનિયા દયા બતાવે છે, તમને દીન જાણીને નિભાવે છે– તેવી જાતનુ ભયંકર વાતાવરણ, મારા બાળક, તારી આસપાસ ભમતું હશે। સંસ્થાના કાર્યના સાચા–ખોટા બણગા ફૂંકવા, લોકોને લાગણી-વશ બનાવી બંધ મૂઠી ખોલાવવા સંસ્થામા વસતા બાળકોની ગર્ભિત વાતો અહેવાલોમા લખી તમારુ સૌનુ જીવન ખારુ કરી દેતા હશે। છતા તારી માતાના એ વિલક્ષ થવાના સ્વપ્ના થોડા જ આડા આવશે? થોડી જ આ જાતની પામરતા સામે પોકાર ઉઠા-વશે? થોડુ જ એમ કહી શકશે કે 'જનેતા વગરનાની જનેતા બની તેના દિલનો દુઃખ કાઢી નાખવાની તેવડ ન હોય, પિતૃહીનના પિતા બની હૈયાની હૂંફ આપવાની શક્તિ ન હોય, તો આ જાતની બેહૂદી દયા કરતા અટકજો। એ ત્યજાયેલાઓને પ્રભુભરોસે છોડી છૂટા થજો।' પણ શુ કરુ મારા બાળક।

આજે પડોશમા એક નાના બાળકને તેની માતા પહેલી વખત બાળમંદિરમા ભણવા મૂકતી હતી બાળક નવીન કપડામા નાચતુ હતુ નિશાળે જવાની ના પાડતુ હતુ 'તુ આવે તો જાઉ' એમ કાલીઘેલી વાણીમા માતાને કહેતુ હતુ. માતાએ બાળકના નાના નાનાં

ગજવા ભાતાથી ભર્યાં, રૂમાલને છેડે એક પૈસો બાંધી આપ્યો, અને આટલી મોટી અવસ્થાએ પણ બાળક જેવી થઈ બાળકની સાથે બાળ-મંદિરમાં જઈને બેઠી! બાળકનું ચિત્ત ચોંટાડવા તેની સાથે નાના રમકડાંથી રમવા લાગી. બાળક પોતાના ગજવામાંથી ખાવાનું કાઢી માને ખવરાવવા લાગ્યું. માતા અને બાળક એકરૂપ બની ગયાં! ત્રણ કલાકે બાળકને તેડીને હસતી હસતી માતા પાછી આવી. આઠ દિવસ થયા. એ મારાં ઈશ્વિરાશ્રિત બાળક! આ દૃશ્ય સજળ નેત્રે જોઉં છું. 'મારા બાળકને કોઈ મારે નહિ, કોઈ રંજાડે નહિ, ભૂખે-તરસે અકળાવે નહિ' તે ચિંતાએ ઘરના એકેક મનુષ્યે વારાફરતી બાળમંદિરમાં હાજરી આપવાની ગોઠવણ તે માતાએ કરી છે. બાળકને આનંદમાં રાખવા તેનાં બાળમિત્રોને ખાવાનું આપે છે! ત્યારે મેં શું કર્યું? તને સોંપ્યો છે કબાડીઓને! ત્યાં યંત્રવત્ બધું બનતું હશે! તું રડતો હઈશ તો રડવાનું કારણ કોઈ નહિ તપાસે, પણ જૂનો ને જાણીતો ઉપાય-રાતી તાતી આંખ, ધમકી, ગુસ્સાની બૂમ કે શારીરિક શિક્ષા-અજમાવશે! તને ક્યારે ભૂખ લાગે છે તે કોણ દેખે? નિયમિત વખતે ખાવાનું કોણ મૂકશે? વહાલથી કોણ ખવડાવશે? ઘેલું ઘેલું થતું તારી સાથે કોણ રમશે? પ્રતિક્ષણ તારી ચિંતા કોણ કરશે? આ રીતે ત્રણ ત્રણ વર્ષો થયાં છતાં પણ, મારા વીર, કદી તારી ખબર કાઢવા પણ હું આવી છું? આજ સુધીમાં પાંચ-છ વખત ગુપચુપ તારા અનાથાશ્રમને પ્રદક્ષિણા કરી ચૂકી છું, અનેક બાળકોને તેજ-વિહીન અને કંગાળ સ્થિતિમાં મેં ત્યાં રખડતાં જોયાં છે, પાલકોની બૂમો સાંભળી છે, પણ તારી તો કોઈ ઓળખાણ આપે ત્યારે, મારી આંખના તારા, તને ઓળખી શકું ને! તારી જનેતા તને ઓળખતી નથી, છતાં રઘવાઈ થઈને તને ઢૂંઢે છે! તારી માતા તારા સમાચાર જાણવા ઝૂરે છે, છતાં કોઈને પૂછી શકતી નથી! આ કરતાં વધુ દુઃખ, વધુ વેદના, વધુ યાતના બીજી કઈ હોઈ શકે? આ અકથ્ય

વાતોનો વિષય બની ગઈ. મારી શાળામા તે દિવસથી જુદી જ દૃષ્ટિ મેં દેખી. બસ ખલાસ, મારી શરમનો છેલ્લો પડદો પણ ફટી ગયો.

માબાપને પૈસાને ખાતર બુઢ્ઢા અને અસ્થિર મનના દેવાળિયાને હાથ મને વેચી દેતા અને લાચાર દશામાં ગરીબના અખાડા કરતા કે મારી લાચાર ભૂલ તરફ ક્રૂર દૃષ્ટિએ દેખતા શરમ ન આવી

જ્યારે બુઢ્ઢા ખખડધજને મારો છત્ર બાળતા અને કાયમની અનાથ બનાવતા શરમ ન આવી

જ્યારે સબધીઓને મિલકતનો ઇન્કાર કરતા અને ગર્ભપાત કરીને પણ આબરૂ રાખવાની સલાહ આપતા કે મને પતિતજીવનમા ધકેલતા શરમ ન આવી

જ્યારે સમાજને આગલી–પાછલી હકીકત જોયા–જાણ્યા વિના મારી વય, ગરીબ દશા, વાલીઓની સ્વાર્થલોલુપતા અને રોટીના પ્રશ્નની મુશ્કેલીનો ખ્યાલ કર્યા વિના એક જ જાતનુ ફરજિયાત વૈધવ્યનુ ફરમાન ઠોકી દેતા કે દયાભાવે મને આશરો આપનારની નાલેશી કરતા શરમ ન આવી

જ્યારે ધર્માચાર્યોને પોતાને પનારે પડેલી ભક્તિભાવે દીનતાથી માથુ નમાવતી ગભરુ અબળાની નબળાઈ અને અનાથતાનો લાભ લેવાનો પ્રયાસ કરતા શરમ ન આવી.

જ્યારે દિયરને મરેલા ભાઈની મિલકત અને પત્નીને પચાવી પાડવાનો વિચાર કરતા શરમ ન આવી.

અને છેવટે...જ્યારે મોંનો ન્યાય કરનાર ન્યાયમંત્રાને હિંદ સ્ત્રીનો તેની પતિની મિલકતમા હક્ક નથી તેનુ અન્યાયી ફરમાન સંભળાવતાં કે અયોગ્ય પતિથી પણ છૂટા ન થઈ શકાય તેનુ બંધન લાદતાં શરમ ન આવી!

કરાવી આપવાનું કબૂલે છે દિયર જીવતા પાળવા અને મૂએ બાળવાની જોખમદારી મિલકતના બદલામા લેવા અને મરેલા ભાઈની પત્નીને સભાળવા તૈયાર થાય છે. મને બહાનુ બતાવી બંને મિલકતને તાકી બેઠા છે બાપા ખાનગીમા સમજાવે છે કે, "બધું આપી દઈશ તો પછી ખાઈશ શું? પાકું લખાવીને અને પોતાને ત્યાં (બાપને ત્યા) રહેવાનુ રાખવાથી સૌ સારા વાના થઈ રહેશે." વીસ પગારના અને વીસ ભરણપોષણના મળી ચાલીસ રૂપિયા લઈ પદર રૂપિયાનુ પેટિયુ આપી વધારામા અહેશાન ચડાવી વૈતરુ કરાવવા ઇચ્છનાર બાપને મારે શુ કહેવુ? દિયર કહે છે કે, "જુદી રહુ તેમાં કુટુબની આબરૂ નહિ મારા લાખ રૂપિયાના ભાઈની આબરૂ સભાળવી જોઈએ. સુખે-દુખે ભેગા રોટલો ખાઈશું. બીજા ખાવા આવે, ખવરાવવા થોડા આવે? પોતાના હોય તેને દાઝે! ભાઈ-ભાભીનાં ઓશિયાળા થવામા ટુકડો અને માથામા ટુંબો." આવુ ઘણુ કહ્યુ. તેની આખમા અમી નહોતુ, લાગણી નહોતી, સ્વાર્થ અને વિકાર હતો. મને પતિત માની પોતાની જાળમાં સહેલાઈથી ફસાશે એમ માની બેઠો હતો! મેં બનેને રજા આપી અને સભળાવ્યુ કે મારો કોઈની ઉપર કઈ પણ હક્ક-દાવો નથી અને સહી કરવાપણું પણ નથી! જવાબ સાભળીને બને ભાગ્યા—ગણગણતા ગણગણતા!

મારા બાળક! તે બને દયાળુઓ તો ગયા, પરંતુ તેઓ પોતાની પાછળ ન ભૂસાય તેવા ચિહ્નો મૂકતા ગયા. બનેની સ્વાર્થવૃત્તિ અને મારા દિયરની વિકારઘેલી આખ તથા આજુબાજુના પાડોશમા અને મારી શાળાના સ્ટાફમા મારી કલકિત કથા પણ જાહેર કરતા ગયા. લોકો ધીમે ધીમે ગણગણાટ કરતા થઈ ગયા. બબ્બે વર્ષની મારી સારમાણસાઈ, મારી સુદર છાપ, મારી સેવા એકાએક ભૂસાઈ ગઈ. પાડોશીઓ મારાથી અભડાતા હોય તેમ વર્તવા લાગ્યા. હુ જ સૌની

વાતોનો વિષય બની ગઈ મારી શાળામાં તે નિત્યથી જુદી જ દૃષ્ટિએ દેખી. બસ ખલાસ, મારી શરમનો છેલ્લો પડદો પણ હટી ગયો

માબાપને પૈસાને ખાતર બુઢ્ઢા અને અસ્થિર મનના દેવાળિયાને હાથ મને વેચી દેતા અને લાચાર દશામાં ગ્રહાગુના અખાડા કરતા કે મારી લાચાર ભૂલ તરફ ક્રૂર દૃષ્ટિએ દેખતા શરમ ન આવી

જ્યારે બુઢ્ઢા ખખડધજને મારો જીવ બાળતા અને કાયમની અનાથ બનાવતા શરમ ન આવી.

જ્યારે સબંધીઓને મિલકતનો ઇન્કાર કરતા અને ગર્ભપાત કરીને પાગ આબરૂ રાખવાની સલાહ આપતા કે મને પતિતજીવનમાં ધકેલતા શરમ ન આવી

જ્યારે સમાજને આગલી-પાછલી હકીકત જોયા-જાણ્યા વિના મારી વય, ગરીબ દશા, વાલીઓની સ્વાર્થલોલુપતા અને રોટીના પ્રશ્નની મુશ્કેલીનો ખ્યાલ કર્યા વિના એક જ જાતનું ફરજિયાત વૈધવ્યનું ફરમાન ઠોકી દેતા કે દયાભાવે મને આશરો આપનારની નાલેશી કરતાં શરમ ન આવી

જ્યારે ધર્માચાર્યોને પોતાને પનારે પડેલી ભક્તિભાવે દીનતાથી માથું નમાવતી ગભરુ અબળાની નબળાઈ અને અનાથતાનો લાભ લેવાનો પ્રયાસ કરતા શરમ ન આવી

જ્યારે દિયરને મરેલા ભાઈની મિલકત અને પત્નીને પચાવી પાડવાનો વિચાર કરતા શરમ ન આવી

અને છેવટે...જ્યારે સૌનો ન્યાય કરનાર ન્યાયસભાને હિંદ સ્ત્રીનો તેની પતિની મિલકતમાં હક્ક નથી તેવું અન્યાયી ફરમાન સુણાવતા કે અયોગ્ય પતિથી પણ છૂટા ન થઈ શકાય તેવું બંધન લાદતાં શરમ ન આવી !

મારા બાળક ! હવે મને કોની શરમ આવે ? શરમ વગરના આ સૌ પાખંડી પૂતળાંઓની ? છટ ! આ શરમે આટઆટલા વર્ષ મારા લાલને નીરખવા ન દીધો. પુનઃ માતૃત્વ આપી જીવનમા ખૂટતુ તત્ત્વ પૂરવા ન દીધું. આ શરમે અનેક યોગ્ય–અયોગ્ય ફરમાનો પાસે, બધનો પાસે, દીનભાવે માથુ નમાવી મારા સાચા સ્ત્રીત્વને હણી નાખ્યું. આ શરમે હૃદય અને કર્તવ્યની કરુણ અસગતતા જન્માવી જીવન દ્વિરંગી બનાવી દીધું.

આજે હવે આ પડદો ચીરી નાખુ છુ આજે શરમ ફગાવી દઉં છું આજે મારું મૂળ સ્વરૂપ–ખરુ સ્ત્રીત્વ–મને પ્રાપ્ત થાય છે મારી વિડબના કરનાર એ પુરુષજાતની મને જરૂર નથી, માબાપની જરૂર નથી, અન્ય સબધીઓની જરૂર નથી, અને નથી જરૂર આ અન્યાયી સમાજની કે કહેવાતા ધર્મની મને જરૂર છે માત્ર મે ગુમાવેલા મારા બાળકની, અને આ હૃદયહીન સમાજને જીવતો સળગાવી મૂકુ તેવી એક ચિનગારીની ! મારા બાળક, આ જ હુ તારી માતા ! તારા જેવા ત્યજાયેલા અનેક બાળકોની માતા ! જગત આજે જાણશે ખરા માતૃત્વને અને ખરા વાત્સલ્યને !

જ્યારે એક વિધવાના ઘરમાથી દુર્ગંધ આવવા લાગી ત્યારે પાડોશીઓએ ખબર આપવાથી ઓરડીનુ બારણુ તોડી પોલીસો અદર દાખલ થયા, ત્યા એ મૂઝાયેલી માતા એકાદ માસના એક બાળકની ને છાતી પર રાખી અનત નિંદ્રામા પોઢી હતી ! મુખ ઉપર સ્મિત હતું. પાસે થોડા કાગળિયા અને એક નાની બાટલી પડી હતી એક કાગળ શાળાના હેડમાસ્તરની સહીનો હતો તેમા લખ્યુ હતુ કે:

'તમારા પૂર્વજીવનની કેટલીક વાંધાભરેલી હકીકત જાણવામા આવતા તમને અમારી શાળામા વધુ વખત કામ પર રાખવા તે ઇષ્ટ લાગતુ નથી, તેથી આજથી તમને છૂટા કરવામા આવે છે. નોટિસ

અને ચાલુ માસના પગારના રૂપિયા ચાલીસનો ચેક આ સાથે બીડેલ છે.'

બીજો કાગળ હતો અનાથાશ્રમના અધિકારીનો. તેમાં લખ્યું હતું કે:

'તમારી અરજીમાં જણાવેલ નિશાનીવાળું અને .. .. તારીખે......વાગે પેટીમાં મૂકેલું બાળક હમણાં સુધી તો ખૂબ જ તંદુરસ્ત હતું, પણ પંદર દિવસ પહેલાં ડબલ ન્યુમોનિયા થતાં ..તારીખે ગુજરી ગયું છે તે જાણશો.'

ત્રીજો પત્ર મરનારની સહીવાળો અને પોલીસ-અધિકારી પર લખાયેલો હતો. તેમાં લખ્યું હતું કે:

'મને સંસાર જીવવા યોગ્ય ન લાગતાં સ્વેચ્છાએ મરું છું. મારા ઘરમાં રૂ. ૪૧-૭-૮ છે તેમાંથી મારી અંતિમક્રિયા કરાવશો. આ રકમમાંથી જે કાંઈ બચે તે અને ચેકના ચાલીસ રૂપિયાની, પોતાનાં માબાપને ન જાણતાં હોય તેવાં અનાથાશ્રમમાં ઊછરતાં બાળકોને મીઠાઈ વહેંચી દેશો.

'મારી અંતિમક્રિયા કોઈ પણ ધર્મ પ્રમાણે, કોઈ પણ સમાજ રચનારા માણસની થતી હોય તે પ્રમાણે કરશો. મારે કોઈ પાસે કે સગું નથી. જે કાંઈ હતું તેને સાથે લઈને સૂતી છું, તેથી મેં પણ [illegible] બ્રહ્મચારીને મારું મૃતશરીર સોંપશો નહિ. મારો સામાન, સોનાની વીંટી અને ફોટો મને સુવાડી ચિતાને અર્પણ કરનાર પરમ [illegible] તે અલ્લા યા ભગવાનને નામે ગરીબોમાં વહેંચી દેશો.

'મારા પૂર્વજીવનની ટૂંક રૂપરેખા અને મને જીવતી મારવામાં આવેલા મારા માતૃત્વની કરુણ કથા આ સાથે છે, જેને ઠીક લાગે તે ઉપયોગ જેના હાથમાં એ આવે તે કરી શકે છે.'

સમાજની ક્રૂરતાથી માનસિક રીતે ચૂંથાયેલું શરીર ફરી વખત ડૉક્ટરોએ ચૂંથ્યું હતું.

કુરૂપા

'સૌંદર્ય રાચવું એ એનો ઉપયોગ છે;
પોષવું-પૂજવું એ એનો ઉપભોગ છે.'

આવું કંઈક એક સૌંદર્યના રસિયા કવિએ કોઈ સ્થળે કહેલું છે. સૌંદર્ય કુદરતની સુરચના, સુરુચિ અને સુઘડતાનો ભાસ કરાવી માનવીને તે દિશામા પ્રેરે છે માનવી ધીમે ધીમે સૌંદર્યનો ઉપયોગ અને ઉપભોગ સમજે તો સૌંદર્યમૂર્તિ બને છે, નહિતર થાય છે વિકારી રાક્ષસ!

કુરૂપામા ખરેખર સૌંદર્ય હોતું નથી કે ખરું સૌંદર્ય દેખવાની દેખનારને આંખ નથી હોતી એ અગમ્ય કોયડો છે. સાચુ સૌંદર્ય ક્યાં વસે છે—જીવનના પ્રત્યેક કાર્યમાં કે નરી ચામડીની સુવાળપ કે-ાં, તે એકાંતિક દૃષ્ટિએ અદ્યાપિપર્યન્ત નક્કી થયુ નથી.

'રૂપવતી ભાર્યા શત્રુ, કુરૂપા વિષરૂપ છે.' એ બને વિસવાદી તો એક જ વસ્તુને જગત લાગુ પાડે છે અને બનેનો યથા-સમયે ઉપયોગ કરી લે છે. આમ કરીને તે વાસ્તવિક રીતે પોતાની વણિક-વૃત્ત, ઈર્ષા, અવિશ્વાસ અને સૌંદર્ય ઓળખવાની અશક્તિનુ પ્રદર્શન જ કરે છે.

આંસુથી શુદ્ધ રાખી છે રમા આવી આશાએ દુ ખના–અપમાનના દારુણ દાવાનળમા પણ શીતળતા મેળવી રહી હતી.

રમા અને રમણનુ વેવિશાળ જ્યારે બન્ને આઠ અને દસ વર્ષનાં હતાં ત્યારે થયુ હતુ. રમા ત્યારે તો રૂપાળી અને ચાલાક હતી તેના બાપુજી તેની નાતમા પૈસે–ટકે સારા ગણાતા. અનેક વખતે આ સગપણનો લાભ રમણના બાપાએ લીધેલો. રમણ જે કઈ થોડુ ઘણું ભણ્યો હતો તેમા પણ રમાના બાપનો ટેકો હતો. રમણનુ કુટુબ આ સબધથી ભાગ્યશાળી ગણાતુ હતું.

લગ્ન પછી ચોથે જ મહિને રમાને બહુ ભારે શીતળા નીકળ્યા અને તેની કાન્તિ, રૂપ, ચહેરાની મોહકતા અને એક આખ હરતા ગયા સાથે સાથે સાસુ અને પતિની પ્રીતિ પરવારી ગઈ. રમા ઘરમા અણગમતી થઈ ગઈ.

સમય જતાં રમા વધુ ને વધુ અળખામણી થતી ગઈ બે–ચાર વખત રમણને ફરી વખત પરણાવવાની પેરવી થઈ, પણ કોઈ બાપ વગરદામે શોકય ઉપર પોતાની કન્યા આપવા તૈયાર ન થયો, એટલે તેની દાઝ પણ રમા ઉપર જ ઊતરવા માડી. આજ સુધી તો રમા અણગમતી જ હતી. હવે તેનુ મરણ ઇચ્છવા માડયુ ! રમાએ માન્યુ કે કુટુબ–સેવા કોઈ દિવસ પોતાને જરૂર યોગ્ય સ્થાન અપાવશે એટલે તેણે સસારસુખને બદલે બધુ ઘરકામ સભાળી લીધુ વાસીદા વાળવા, દરણુ દળવુ, કપડાં ધોવા, ઢોર દોહવા અને નીરણ–પાણી કરવા, વાસણ માજવા, રસોડુ સંભાળવુ, સૌની પથારી પાથરવી અને ઉપાડવી, ઘરમા ગાર–ગોરમટી કરવી, બધાના જમ્યા પછી ખાવુ અને મોડુ સૂઈને વહેલુ ઊઠવુ એ તેનુ નિત્યકાર્ય થઈ પડયુ. સાસુ અને પતિએ માન્યું કે 'સાવ ઢોર છે, નઘરોળ છે, ઢોરની માફક કામ કરતાં આવડે છે, બીજું કઈ થોડું ભાન છે? આપણે શુ કરીશુ ?'

વખત જતા તો એવી સ્થિતિ થઈ ગઈ કે રમણભાઈને લાગે જ લાગે કે આ બાઈ આ ઘરની કુળવધૂ છે નીતિશાસ્ત્રે આપેલી કલ્પ-નામા વખત કામે અને પડ માટે વખત આપવાના સમયના અભાવે ઓર વધારો કર્યો દિનપ્રતિદિન રમાની સ્થિતિ બગડતી જતી. તેનું શરીર કૃશ થતું જતું હતું તેનું તો કોઈને કંઈ નહોતું, માત્ર રમણભાઈને તેનું દુઃખ એટલું સાલતું હતું કે જો ઘર—આગણે બહારનો કોઈ મહેમાન આવ્યા હોય તો કોઈની નજરે રમા ન ચડે તેની ખાસ કાળજી રાખીને લેતા. કારણ કે તેને ભીતિ હતી કે એને રમાની કુરૂપતા કુટુંબની આબરૂને કુરૂપ કરી નાખે! એને છોકરા વગર-પરણ્યા વિનાના રહી જાય! એને તેની થતી તારીફ ખાનદાની અને તાયે-વડીને કયાંક ધક્કો લાગી જાય! આ કારણે રમા બંગલામાં પૂરી નાખતા હતી તે પણ ઘણી વખત બંધ થતું.

આવી સ્થિતિમાં પણ રમાએ રમણને ત્રણ પુત્રો અને એક પુત્રી આપ્યા. રમા માતા હતી એથી તેનું માતૃત્વ ગૌરવવાળું રહે. બાળકોના જીવનમાં પ્રેમ, આનંદ અને સંસ્કાર ભરનારું બને તેવી દરેક કાળજી લેવાની જરૂર હતી પણ લાચાર! ખાલી કુરૂપતાને કારણે તેનું ઔચિત્ય જ્યાં હણાયું હતું, કુરૂપતાને ખાતર જ્યાં તેનું જીવન અન્નહીન બોજારૂપ બન્યું હતું, કુરૂપતાને ખાતર જ્યાં તેની આત્મવિશ્વ મર્યાદા વાસનાઓ જો હતી, જ્યાં કુરૂપતાને ખાતર તેનું અંગપ્રતિ-ष्ઠાનો સંસ્કાર હણાયા હતા ત્યાં બાળકોના સંસ્કારની કોને પડી છે? ત્યાં નિર્દોષના નિસાસાની ભૂખી સંતાનની કોને પડી છે? પતિ—પત્નીના પવિત્ર સંબંધની કોને પડી છે?

સૌંદર્યની ભાવના જ્યાં સ્ત્રીઓના રંગ, રૂપ અને શણગારમાં પૂર્ણ થાય. જ્યાં સૌંદર્ય શાસ્ત્રનાં તંતુને ગલગલિયા કરનારી કૃતિ ઉત્કૃષ્ટ ધોરણસમ મનાય, અને જ્યાં સૌંદર્યને દેહ જ સૂચક ગણી સંદર્ભ જેવી—

ઉપભોગની વૃત્તિ જાગ્રત થાય ત્યાં બીજું સંભવે પણ શું ? સૌંદર્ય પૂજવાની કે તેનાથી રાચી જીવન સુહૃદભાવથી પ્રભુકૃતિની ઉચ્ચતા તરફ ઢળે ત્યાં જ સૌંદર્યના ઉચ્ચતમ સૂક્ષ્મભાવોનું દર્શન સહજ થાય. જ્યાં સૌંદર્ય ભોગની વસ્તુ બને ત્યા તેમાથી વિકારનુ ક્ષણિક ઉત્તેજક ભાન થાય રમણને સૌંદર્ય ભોગવવુ હતુ, તેને પૂજવું–પોષવુ કે તેનાથી ઉચ્ચ કુદરત–કૃતિ ગણી રાચવુ નહોતુ, ત્યા રમણેય શું કરે અને રમાયે શું કરે ?

રમાની સાસુના દાત તો પડી ગયા હતા, મોઢા ઉપર કદરૂપી કરચલીઓ પડી હતી, દેખાવમા કંઈક કદરૂપ જરાએ કર્યા હતા, છતા પણ યુવાનીના સૌંદર્યના સ્મરણે તે રાચતા, તેથી જ બીજાની કુ-રૂપતા તેને સાલતી. તે રમાના બાળકોને રમાડતા રમાડતા મઝાકમા પૂછતા કે 'છોકરાઓ ! તમને રૂપાળી બા ગમે કે કદરૂપી ?' છોક-રાઓ પણ રૂપ–કુરૂપને સમજ્યા વગર બોલી દેતા કે 'એવી કાળી ડાકણ જેવીને બા કોણ કહે ? અમારા બા તો તમે ! અમારે તેની પાસે પણ જવુ નથી અમે કાળા અને કૂબડા થઈ જઈએ તો ? અમારી આખ ફૂટીને કાણા થઈ જઈએ તો ?' ધીમે ધીમે માતા અને છોકરાઓ વચ્ચે પણ અંતર વધતુ જતુ હતુ રમા મનમા ઘણુ બળતી અને બોલતી કે 'મારા પતિ સાથે તો અંતર પડાવ્યુ છે, પણ મારા છોકરાઓને તો, ઓ માવડી, મારા રહેવા દે ! હું કોને આધારે જીવીશ ?' પણ તેનુ અરણ્યરુદન કોણ સાભળે તેમ હતુ ? રમા અને બાળકોનુ આ અંતર બીજાને મશ્કરી અને આનંદ-રૂપ લાગતુ. પણ તે વધતુ જતુ હતુ. છેવટે અણસમજુ બાળકોને રમા પાસે સૂવુ ન ગમે, તેના હાથે પીરસેલુ ખાવુ ન ગમે, તેના કાળા હાથે ભરેલું પાણી પણ પીવુ ન ગમે, તેની સાથે ક્યાય જવું કે તેની પાસે ઊભુ રહેવુ ન ગમે. રમાની એવી દયામણી સ્થિતિ

કરી મૂકી કોઈ પૂછે તો છોકરાઓ કહેતા, 'અમે તો માના છોકરા છીએ એવી કાળીના શું કામ થઈએ ?' આમ કહેતા કહેતા તેની સામે વિકૃત ચાળા કરતા કે કાંકરા ફેંકવા પણ ચૂકતા નહિ. બીચારા બાળકોને આની 'રમા' ઉપર શું અસર થશે તેનો ખ્યાલ શું હોય ? એ તો કોઈના પઢાવેલા પોપટ હતા અને પરની વાણી બોલતા હતા. છતા પણ ધીમે ધીમે રમા તરફ અણગમો કેળવાતો હતો અને સાસુને કહેવાની તક મળતી હતી કે 'બીજાની તો એને નથી પડી, પણ પોતાના પેટના સંતાનોની એને ક્યાં પડી છે ? છોકરાઓ ઘડી એની પાસે બે મિનિટ બેસે છે ? માત્ર હમરડા હમરડવાના જ્યાં !' આવું જ્યારે સાંભળતી ત્યારે બીચારી રમા ગાનીમાની ગાયભેંસને દોહતા દોહતા કે વાસીદું કરતા કરતા રડી લેતી, કારણકે તેને રડવાનું બીજું ઠેકાણું પણ નહોતું. ગાયભેંસના વાછરુ અને પાડરુની તેને અદેખાઈ આવતી કે તેને મા-બચ્ચા વચ્ચે હેત તો છે ? મારે એવું પણ નથી. હે પ્રભુ ! ગયા ભવમાં કોના અપિયા પડાવ્યા હશે કે આજે મારે આવું દુઃખ ભોગવવું પડે છે !

જેઠાણી અને નણંદો મોટા ઘરોમાં વસેલી હતી. રોજ ને રોજ નવા નવા વસ્ત્રો બદલવાનો તેઓને શોખ હતો. તેઓને મનગમતા રંગ-બેરંગી વસ્ત્રો અને બીજી ચીજો અપાવવાનો સાસુજીને શોખ હતો. અને લાડમાં કહી દેતા, 'મે તો આવું કંઈ પહેર્યું-ઓઢ્યું નથી તો આ-મને અપાવીને તો હાથ હાંકું !' સો આ વહાલપ પામતા. માત્ર દુર્ભાગ્ય હતો એટલી રમાને કોઈ કોઈ વખતે નાની નણંદ [illegible] ઉપનિયાણું લેતી ત્યારે માત્ર [illegible] વ્યવહાર કરવાના અને [illegible] આગળ કરી પોતા માટે બાળકમાં [illegible] નહિ કે [illegible] લેતા કહેતા કે 'એને આવા મોંઘી રંગ-બેરંગી કપડાની શું [illegible] પણ આમાં [illegible] તો [illegible] લેતી [illegible] અને [illegible]

કામકાજમા આવા પાતળાં પાણી જેવા કપડા ટકે પણ શુ ? એને કયા બહાર જવુ છે કે આવા ભારે કપડાની જરૂર પડે ? સાદા ઘરમાં પહેરી શકાય તેવા જરાક જાડા અને મેલખાઉ કપડા લીધા હોય તો ઘસીને બાર મહિના પહેરે તો ખરી !' સાસુજીની આ ભલામણ અને સુઘ્યિાણી સલાહ બીજી કોઈ જાતની પસંદગી કે કપડાંની વાત ઉપર પડદો પાડી દેતી જાડી–મોટી વહુને જાડુ–મોટુ મળતુ ત્યારેય સાસુ કહેતા કે 'બાપુ ! મોઢુ જોઈને ટીલુ થાય ને !' રમા છૂપો નિશ્વાસ મૂકી દેતી અને રડી લેતી, પરંતુ તેના નિશ્વાસની કે તેના રુદનની કોઈને પડી ન હતી, કારણકે બધા એમ જ માનતા કે એ કદરૂપી થઈ શુ કરવા ? પરણ્યા પહેલા કેમ શીતળા ન નીકળ્યા ? એ કાળી કુરૂપા આ ઘરમા આવી જ કેમ ? ગમે તેવા વસ્ત્રે પણ થોડી તે રૂપાળી દેખાવાની છે ? થોડી તે ઘરની આબરૂ વધારવાની છે ? આ પ્રશ્ન સૌના હૃદયમાં છુપાયેલો હતો–તે સૌ નિશ્વાસો, પ્રલાપો કે છૂપા ડૂસકાઓને ગળી જતો.

*

તે દિવસે રમાનો વાક એટલો જ હતો કે નદીએ કપડાનો મોટો ગાસડો બાધીને નોકર બાઈની સાથેએ ધોવા ગઈ હતી તે દિવસે તેને ઉપવાસ હતો. ઘરમા ખાવાનું થોડાને હતુ એટલે સાસુએ નવરાશનો લાભ લેવા ધોણ કાઢી વહુને નદીએ મોકલી હતી ત્રણેક કલાક સુધીમા લગભગ સો જેટલા કપડા ધોઈને જ્યારે તે ઘેર આવી ત્યારે પતિદેવ અને માતા ગરમ થઈ આપસઆપસમા વરાળ કાઢતા હતા 'બા, તમે એ કુબ્જાને બહાર કપડા ધોવા જવા દીધી જ કેમ ? ગામમા મારુ તો એ રાડના રૂપે નાક કાપી નાખ્યુ છે કા તો ઘરમા એ નહિ કે કાં હું નહિ મારે જગમા ચાલવુ છે. એના રૂપથી તો હું લાજી મરું છું.' રમાએ આ ગરમાગરમ ચર્ચા આવતા આવતાં સાભળી. એને ભયંકર પળની આગાહી થઈ. સાસુજી બોલ્યા કે 'મેં

ઘોડી મોકલી છે? મારૂ માને છે કયા? હુ તો ઘણી ઘરમા જ કાઢી દેવા માગુ છુ, પણ એ અવળચડી, મારી આ. ભવની વેરણ કરા મોહની માને છે? તારો ભવ બગાડયો તો, રીતરમ, મારુ કાઈ સારુ એણે નથી કર્યું આપણી માની અને દીકરાની અને મોટાનાને પોતાની વહુને પહેરાવી-ઓઢાડીને બહાર નીકળતા નહિ જુ ત્યારે મારા પેટમા તો લાય લાગે છે લાય પણ કરુ શુ? આપણી મરતી પણ નથી અને મારો મૂકતી પણ નથી' આ દાઝદાઝ જણાય પતિના ક્રોધમા ઘી નાખવા પૂરતુ હતુ ત્યા તેણે રમાને આવતી જોઈ કે તરત ભૂખ્યા વરુની માફક તેની ઉપર તૂટી પડયો 'રાડ, બહાર ટાટિયો મૂકયો શુ કામ?' એમ કહી ખૂબ માર માર્યો અને રમા બેભાન થઈને નીચે પડી ગઈ ત્યારે માનજીએ હીરા રમણને ગાળો દે, 'ગયેલા કે નાદક વિના-વાકે કપાળમા કાળા ટીલા આવતા એને તો કાઈ નથી જતા તો બધાને બાળે છે અને ગરતા ભોઈને મારતી જાશે.' પાણી વાટે રમા ભાનમા આવતા બેઠી થઈ અને ઘરમા જઈ ખૂબ રોઈ 'હે પ્રભુ' વગેરે-વારે એ માર તો નથી સહેવાતો વખતે કરતા નીકળી જાય તો કોઈના આશ્રિત થઈ જાય અને નરક-ની પાપમા પડુ. આ કરતા તો, હે ભગવાન. ગાડી થઈ જાઉ તો સારુ કે દેખવુ ય નહિ અને દાઝવુ ય નહિ પણ એના મારથી મરતા નમાવારી? મારા બાપુની લાગણી આપજ. પૂર્ણ મળ્યે, મારા [illegible] નામ રોવાનો છે પ્રભુ! શુ કરુ? કયા જાઉ? કોઈ મારુ નથી!'

આ અવસ્થાએ થોડું એનું ફરી ઘર બધાય કે તેનું ભાણું સચવાય અને સાજે-માદે ચાકરી થાય ? ભાઈઓ અને તેની વહુઓ તો કાલે પરદેશ ભાગશે. પછી તેનું કોણ ? ધણીનો પ્રેમ તો ભલે ન મળ્યો, પણ સેવા તો કરી છૂટું, એટલે આ ભવ તો બગડયો પણ આવતો તો સુધરે ? દુ:ખના દિવસ થોડા એકસરખા જવાના છે ? જુવાની છે ત્યા સુધી જરા રૂપનો મોહ છે. લોહી ઠંડું પડશે ત્યારે તો મારા જ રહેશે ને !' દુ:ખથી ઉશ્કેરાયેલુ મન આ રીતે શાન્ત થઈ જતુ.

રમાને જીવન જીવવા જેવુ નહોતુ રહ્યુ છતાં પણ તેને જીવવું હતુ. મરણ દુ ખનો અ ત છે એમ માનવા છતા પણ મરવુ નહોતું. પતિ તરફથી મીઠો શબ્દ તો ઠીક, પણ ગાળો અને માર વગરનો એકે દિવસ નહોતો વીતતો, છતા પણ તેના માટેની ભાવિની ચિંતા તેને મૂઝવતી હતી. બાળકોને બા ગમતી નહોતી છતાં પણ તેની જનેતા હોવાનો આન દ તેને છોડતો ન હતો, એટલે એ ઇચ્છતી હતી કે પોતે ગાડી થઈ જાય તો સારાસાર, પ્રેમ, અપમાન, સુખદુ:ખ, રૂપ-કુરૂપના બધા ઝઘડા પતી જાય-છતા પણ તે પોતાના પતિને તેમ જ બાળકોને જોઈને જીવી શકે !

આ સૌંદર્ય રમણ કે કોઈ ન ઓળખી શકયુ કયાથી ઓળખે ? આખ જોઈએ ને ? ખરુ સૌંદર્ય પારખવાની આર્ષદૃષ્ટિ જગતમાં બહુ વિરલ છે. તેથી જ સમાજમાં બાહ્ય સૌંદર્યના અભાવે અનેકને પોતાનું જીવન શાપરૂપ લાગે છે તો અનેકને સૌંદર્યના કારણે પતનના ગર્તમાં પડવું પડે છે. આજે અનેક જણ આવા સૌંદર્યની ભ્રમજાળમાં અટવાઈ ગયા છે તો અનેક બીજાના સૌંદર્યથી પોતાની સૌંદર્ય-ભૂખ ન સ તોષાયાના નિશ્વાસ મૂકી જીવનમાધુર્ય હારી ગયા છે અને પશુ બની ગયા છે. જે સાચું સૌંદર્ય દેખી શકયા છે તે જ તે માણી શકયા છે કુબ્જાનો કાન અને કૃષ્ણાનો અર્જુન આવા સાચા સૌંદર્યનો

ઉપાસક હશે તો! નહિતર કુરૂપા કુબ્જા અને કાળી કૃષ્ણામા ઉતન-
માગ્યું કેમ શોધત?

સૌંદર્યો વેડફી દેતા ના ના સૂન્દના મળે,
સૌંદર્યો પામતા પહેલા સૌંદર્ય બનવું પડે. (કલાપી)

*

આજે ઘરમા ધમાલ છે. ઘરના સૌ માણસો લગ્નોત્સવમા જવાના તૈયારી કરતા હતા. દાગીના, કપડા અને લગ્નના સરજામનુ પ્રદર્શન ગોઠવાયુ હતુ. સૌએ મનગમતા દાગીના અને કપડા કઢાવ્યા હતા. સૌ આનંદમા ગુલતાન હતા. સાદ બેસી ગયો હતો છતા પણ ઘરના વૃદ્ધ ડોશીમા પણ ગીતડામા નાની વહુઓને સાથ પુરાવતા હતા. એને પોતે પોતાના લગ્નના સમયે શુ કર્યું હતુ, ઘરમા કેવો આનંદ વર્તો હતો અને નાની વહુને કેવા લાડ લડાવવામા આવતા હતા તેની અલબેલી વાતો કરી પાકટ અવસ્થામા પણ લગ્નના સંભારણા માણતા હતા અને કન્યાને શુ શોભશે તેની ચર્ચા કરતા કરતા પોતાની રસ-વૃત્તિને પ્રગટ કરતાં હતા, ત્યારે બીજી તરફથી રમા પતિદેવના પ્રહારથી સોજા પામેલી ઓરડીમા ચુપચુપ રડતી પોતાના શામળા વાનને અને શીતળાએ કરી નાખેલ કુરૂપ ચહેરાને શાપ આપતી બેઠી હતી. 'રમાને જાનમા લઈ જશો કે નહિ?' તેવા પાડોશીના પ્રશ્ન ઉપરથી ડોશી અને પતિદેવે સમજાવી દીધુ કે એવી કાળી અને કુબડીને લઈ જઈ આબરૂના કાંકરા નથી કરાવવા. ગોધીમા! જો એને જવુ હોય તો બીજા કોઈ દિએ નથી જવુ. એ કુળલજામણી એટલી જઈ ભલે લગ્ન માણી આવે અને આબરૂ વધારી આવે. આ ચર્ચામા બીચારી રમાનો વાંક એટલો જ કે બીજાઓ તેની દયા ખાય તેથી તે લાચાર થઈ ગઈ હતી. માત્ર અને પતિદેવને આ વાતચીત ન ગમી, મનમા પાડોશીને ભાંડી ગાળો દીધી અને ખળીનો ગુસ્સો પતિદેવે રમાને ઢોરમાર મારીને

ઉતાર્યો 'સાલી કમજાત ! જ્યારથી ઘરમા આવી છે ત્યારથી લોહી ઉકાળતી જ આવી છે' રમા રડીને બેસી રહી. બીજું કરે પણ શુ ? આ દુઃખ તો જૂનુ હતુ. કોઠે પડી ગયુ હતુ. રૂપાળા સાસુને અને પોતા કરતા કઇંક જ સારા એવા પતિને તેનું રૂપ નહોતુ ગમતુ પણ જ્યારે કિરીટે રમાને કહ્યુ કે 'તારુ જાનમા શુ કામ છે ? અહીં જ મરી રહે ને ? નાહકની આબરૂના ટકા ગણાવીશ. તારા માટે તો આ ગામ, આ ઘર અને આ ઢોર જ ભલાં છે !' ત્યારે તેનું પરાણે ટકાવી રાખેલુ વર્ષોનું ધૈર્ય તૂટી ગયુ. 'દીકરા ! તનેય માનુ રૂપ નથી ગમતુ ? હવે કયા જાઉ ?' એટલુ કહેતા રમા બેભાન થઈ નીચે તૂટી પડી.

*

જ્યારે રમાએ આખ ઉઘાડી ત્યારે તેણે જોયું કે પોતે નાની જેઠાણીના ખોળામા માથુ મૂકીને સૂતી છે અને તેની આખના આસુથી પોતાનું કપાળ ભીજાઈ રહેલુ છે. તેનાથી બોલાઈ ગયુ કે સાસુને રૂપ જોઈએ છે, પતિને રૂપ જોઈએ છે, આજે સગા પુત્રને પણ માતામા રૂપ જોઈએ છે–તો બેન, તને રૂપ નથી જોઈતુ ?

'ના ના, બેન ! ખરુ રૂપ આજે જ મે જાણ્યુ છે.' રમા ફરી વખત બેહોશ થઈ ગઈ

*

ઘરનાં બધા કિરીટના લગનમા ગયા છે. બાકી રહ્યા છે માત્ર ડોશી, નાની જેઠાણી, તેના ત્રણ માદા બાળકો અને રમા.

લગભગ રાત્રીના એક વાગે જે ઓરડામા ડોશી, જેઠાણી અને તેના બાળકો સૂતા હતા તેને આગ લાગી. રમા રસોડા પાસેના ઓરડામા સૂતી હતી બધે ગભરાટ ફેલાઈ ગયો અને કઈ પણ બને તે પહેલા આગે ઘરના બારીબારણા ઝડપી લીધા ઘરમાથી કિકિયારીઓ અને માદા બાળકોની દયામણી ચીસો નીકળવા માડી. પાડોશીઓ

એટલા ફર્ન પાછી અને બીજા સાહેબની ઝીપમાં પડ્યા. આમ વધતી હતી તેમ દુઃખની ગીરી પણ વધતી હતી. ખાયી આ ન જોવાયું. તે વગર વિચાર ન કરતા કૂદી પડીને સગીના આંગળાં વચ્ચે દોડી. એક જ ફટકે આગળ નીચે પડ્યું. હમ તે સગીના આંગળાને દૂરી એટલે અંદર ગઈ. બીજા માર્ગ ફેંકી નાખી અને એક પછી એક આગળોને ખાતર કાપતા અધનુચિત જોડાણોને અંદર ફેંકી લઈ ગઈ અને છેવટે ખાન વગરનાં રૂડ નાખીને ખમે નાખી સગીના આંગળામાંથી જોર કરીને નીકળી ગઈ.

પણ બાજારે. જોડાણી અને સાહુ ખાનમાંથી બચી ગયા, પણ રમાના મેળે જરા ઢળી ગઈ. આપિ ચહેરો ફીકો પડ્યા હતો ફર્ન ગયો. હરીને [illegible] હતી. તેની વેદના વચ્ચે પણ તેના દિલને એક જ સંતોષ હતું કે પતિની સેવાચાકરીમાં પોતે કંઈ કરી શકી છે. [illegible] જીવે તે બચાવી લીધા છે. સાહુએ પણ રમાના [illegible] ચહેરા [illegible] હેઠે કૈસી સૌ [illegible] રેખુ—રમા પૂર્ણ [illegible].

સોરે દિવસે [illegible] અને [illegible] અને તેના નાનકડી વહુ મુકુલા સેવા [illegible] કરવા [illegible], [illegible] તેનાથી [illegible] માટે એકાદ [illegible] [illegible] [illegible] [illegible], તે જ [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] અને સૌને '

[illegible]

[illegible]

માધો–શેઠ મટી સગર બન્યો !

' જેનાં ચોખ્ખાં શીળ, વરણ કાંઉ વખોડીએ ? '

[એક ગામડિયો લગ્નના પ્રશ્નને કેવી રીતે સમજી શકયો અને જેને આપણે બળવો કહીએ છીએ તે પોતાની જાત સામે કેવી રીતે કરી શકયો તે બતાવવા પૂરતુ મારું લક્ષ્ય છે આ માણસ કુડલા પાસેના એક નાના ગામડાનો વતની છે ત્રણ–ચાર વર્ષ પહેલા તો તેને જીવતો જોયો હતો, અત્યારે હયાત છે કે નહિ તે ખબર નથી. જ્યારે જુઓ ત્યારે જેવો ને તેવો શાન્ત અને લહેરી હતો આજે તેની વય આશરે ૬૦ થી ૬૫ની હશે, એટલે ૪૦ થી ૪૫ વર્ષ પહેલાની આ કથા છે. પ્રસગને યોગ્ય રગ પૂરવામા આવ્યા છે એટલે સર્વાંગસત્યકથા ન કહી શકાય, મંડાણ સત્ય પ્રસગ ઉપર જ છે. લેખક]

માધો શેઠ આતરજાતીય લગ્નમાં માનનારો સુધારક નહોતો કે તેણે પશ્ચિમનો પ્રખ્યાત સંવનનકાળ ભોગવ્યોય નહોતો, પણ નિત્યના પરિચયે એણે પોતામા અને પટેલની જાતની–સગરકોમની–સોનલમા ઘણી જાતનુ સામ્ય જોયું, ત્યારથી તેને મનથી થયું કે બીજે મેળ વગરના સસાર કરતા સોનલ સાથેનો સંસાર વધુ મેળ-વાળો અને સુખી નીવડશે. માધાને પણ પગ ધોઈ પીનારી સતી નહોતી જોઈતી અને સોનલને સેવા લઈ સ્વર્ગે લઈ જનારો માનવ-પ્રભુ નહોતો જોઈતો. બંનેને સાથે કામ કરી શકે અને એકબીજાને

સમયની જીવન-રીતિ મુજબ તેમાંથી આકર્ષણ વધે તે જાતના હતા. તે વખતે વર-કન્યાની સામાન્ય પ્રસદ્ગીનું ધોરણ કેળવણીની ડિગ્રી કે સગીત અને નૃત્યકળા નહોતું; પેઢી, મોટર કે કરિયાવરની ગણતરી નહોતું; પણ લોકગીતોમાં દેખાય છે તેમ મર્દાનગીભર્યું જીવન, ચપળતા અને કાર્યદક્ષતા હતા.

ગામડાંમા પુરુષો માટે વર્ષમા બે મહાન પરબો-એક હોળીનું અને બીજુ નવરાત્રિનું, કે જેમાં જુવાનો સામુદાયિક રીતે પોતાનાં બળ અને કળાનો પરચો બતાવે. સ્ત્રીઓ માટે મોળાકત અને એવરતનાં જાગરણો કે જ્યારે કન્યાઓ મહાલે. વાણિયા, બ્રાહ્મણ, ઇતર કોમ સૌ સાથે મળી આ પરબો માણતા. જુવાનો હોડ બકતા, રસભરી સ્પર્ધા થતી અને મર્દાનગી બતાવનાર હોડ જીતી જતો—છતાંય ઉજાણી તો સૌ સાથે કરતા. વરસ આખું આ વાત લોકના દિલમાં રહી જતી. વૃદ્ધો પોતાની જુવાનીની અર્ધસદીની જીવનકથા કહેતા કહેતા ટટ્ટાર થઈ જતા. બાળકો અને યુવાનો સાભળી રાચતા અને તેવી મર્દાનગી માટે મનોમન નક્કી કરતાં. જુનવાણી તત્ત્વો, ગામડાંનુ રસજીવન આ રીતે જ પ્રજાના જીવનમા નિત્ય તાજાં ને તાજાં રહેતાં.

સ્ત્રી અને પુરુષ બનેને રમવાનું કેન્દ્રસ્થળ ગામના ચોરા પાસેનો ચોક. જ્યારે પુરુષો રમતા હોય કે ગરબી લેતા હોય ત્યરે વૃદ્ધો ચોરે બેસી ભણકારા કરતા અને રંગ ચડાવતા અને સ્ત્રીઓ બાજુમા ઊભી ઊભી જોતી, અને જ્યારે સ્ત્રીઓ કે છોકરીઓ રાસડા લેતી હોય કે પરબના જાગરણ ઊજવતી હોય ત્યારે પુરુષો ચોરે બેસી મૂંગી મૂંગી પરીક્ષા કરતા અને સ્ત્રીઓની મર્યાદાનુ રખોપુ કરતા.

આ પ્રસગોએ અનેકના અદૃશ્ય તારો સંધાતા. અનેકનાં જીવન સવેદનાથી ભરાતાં કંઈક પોતાના લગ્ન-જીવનની પસંદગીનું

આ અવસ્થાએ થોડું એનું ફરી ઘર બધાય કે તેનું ભાણું સચવાય અને સાજે-માદે ચાકરી થાય ? ભાઈઓ અને તેની વહુઓ તો કાલે પરદેશ ભાગશે. પછી તેનું કોણ ? ધણીનો પ્રેમ તો ભલે ન મળ્યો, પણ સેવા તો કરી છૂટું, એટલે આ ભવ તો બગડયો પણ આવતો તો સુધરે ? દુ:ખના દિવસ થોડા એકસરખા જવાના છે ? જુવાની છે ત્યા સુધી જરા રૂપનો મોહ છે. લોહી ઠંડું પડશે ત્યારે તો મારા જ રહેશે ને !' દુઃખથી ઉશ્કેરાયેલુ મન આ રીતે શાન્ત થઈ જતુ.

રમાને જીવન જીવવા જેવુ નહોતુ રહ્યુ છતાં પણ તેને જીવવું હતુ. મરણ દુ ખનો અ ત છે એમ માનવા છતા પણ મરવુ નહોતું. પતિ તરફથી મીઠો શબ્દ તો ઠીક, પણ ગાળો અને માર વગરનો એક દિવસ નહોતો વીતતો, છતા પણ તેના માટેની ભાવિની ચિંતા તેને મૂઝવતી હતી. બાળકોને બા ગમતી નહોતી છતાં પણ તેની જનેતા હોવાનો આનદ તેને છોડતો ન હતો, એટલે એ ઇચ્છતી હતી કે પોતે ગાડી થઈ જાય તો સારાસાર, પ્રેમ, અપમાન, સુખદુ:ખ, રૂપ-કુરૂપના બધા ઝઘડા પતી જાય-છતા પણ તે પોતાના પતિને તેમ જ બાળકોને જોઈને જીવી શકે !

આ સૌંદર્ય રમણ કે કોઈ ન ઓળખી શકયુ કયાથી ઓળખે ? આખ જોઈએ ને ? ખરુ સૌદર્ય પારખવાની આર્યદૃષ્ટિ જગતમાં બહુ વિરલ છે. તેથી જ સમાજમાં બાહ્ય સૌદર્યના અભાવે અનેકને પોતાનું જીવન શાપરૂપ લાગે છે તો અનેકને સૌંદર્યના કારણે પતનના ગર્તમાં પડવું પડે છે. આજે અનેક જણ આવા સૌદર્યની ભ્રમજાળમાં અટવાઈ ગયા છે તો અનેક બીજાના સૌદર્યથી પોતાની સૌદર્ય-ભૂખ ન સતોષાયાના નિશ્વાસ મૂકી જીવનમાધુર્ય હારી ગયા છે અને પશુ બની ગયા છે. જે સાચું સૌદર્ય દેખી શકયા છે તે જ તે માણી શકયા છે કુબ્જાનો કાન અને કૃષ્ણાનો અર્જુન આવા સાચા સૌદર્યનો

નવરાત્રિ આવતી અને મધઝરતે રુણે જ્યારે માધો "પાવા ગઢની પટરાણી" વાળી ગરબી ભરચોકમા ચમાવતો ત્યારે તેના પગમાં પાંખો આવી હોય તેમ દેખાતું. તેનો અંગમરોડ, પગની ચપળતા અને હાથની તાળીની કે દાંડિયાની રમઝટ આખા ગામનું આકર્ષણ બની જતું. સોનલ હતી તો ત્યારે માત્ર વર્ષ સોળની– માધા કરતાં પાંચેક વર્ષે નાની. તે ગંભીરપણે કોઈ અનોખી દષ્ટિએ માધાની કળાને, અંગમરોડને, ઘટ્ટદાર પીંડીઓને નીરખતી, તેની મીઠી હલકને હૈયામા સંઘરતી, અને જગ વિચાર કરી નિસાસો નાખી આંસુ લૂછતી. માધો તેના દિલમાં પુરેપુરો કોતરાઈ ગયો હતો, જ્યારે તેને પામવાનો સોણેય સંભવ નહોતો. જેમ જુવાનોમાં માધો તેમ છોકરીઓમા સોનલ જુદી તરી આવતી. તેનો રાસડો ભલ ભલાને થભાવી દે. તેની "આશાભર્યા અમે આવિયા" વાળી ગરબીની હલક સાભળનારને મંત્રમુગ્ધ કરી રસસાગરમા ગરકાવ કરી દે તેવી હતી. તે પણ આ વરસે ખૂબ ખીલી. આખા જાગરણનો રંગ તેણે રાખ્યો. એ આખા ગામમાં એટલી ચાલાક અને સૌને ગમતી થઈ પડી હતી કે દરેકને ત્યા પ્રસગે તેની હાજરી તો હોય જ તે જેવી ચપળ અને રસિકા હતી તેવી જ બહાદુર પણ હતી તે નદીમા પુરપાટ તરી શકતી અને ઘણાને તેણે બચાવ્યા પણ હતા. જ્યારે બાજુના કેશવા લુવાણાના ઘરમા આગ લાગી ત્યારે બીજા જોતા રહ્યા પણ તે આગમા કૂદી પડી અને કેશવાનાં બે નાનાં ભાણેજ-ડાને બચાવી લાવી. તેણે જ રામા શેઠના છોકરાને વકરેલા ખૂટિયાની હડફેટમાથી જીવના જોખમે ઉગારી લીધો હતો. માધો આ બનાવોથી સોનલ ઉપર મોહ્યો હતો. તેણે ત્યારથી જ સોનલને પોતાના ગુણકર્મની બરાબર જોડી કલ્પી રાખી હતી. ગામલોક પણ ઘણીવાર કહેતુ કે, 'સોનલે કોઈ એવુ રૂપ કાઢ્યું છે અને ગળામા એવું ગળપણ ભર્યું છે કે જરૂર પટેલને આ રતનને ક્યા નાખવું

જોગમજોગે જો કોઈ વાણિયાણુ પનારે પડશે તો તે પણ રઝળી જશે ! બાપની લાખેણી આબરૂનું શુ ? નાત-જાતનું શું ? ત્યારે મારું દિલ પણ હું કેમ તોડી શકીશ ? '

આ રીતે બંનેમાં એકબીજાની છબીઓ સંઘરાઈ ગંઈ હતી, પણ તે કુળ, સ્થિતિમર્યાદા અને સંસ્કારના ભ્રામક પડદા પાછળ લાંબો વખત વણપ્રગટી પડી રહી. આ પડદો કોણ હઠાવે ? કેમ હઠે ? આ પ્રશ્નો લગ્નજીવનમા અનેકને ઊઠ્યા છે અને અણઉકલ્યા સદીઓ થયાં પડ્યા છે. માનવજીવન અને લગનજીવન, લગનજીવન અને નાતજાત કે તડાભેદને શો સંબંધ ? લગનજીવન એટલે સ્ત્રી અને પુરુષનો અંગત પ્રશ્ન, દિલના સામ્ય ઉપર રચાયેલો સંબંધ-ત્યાં બહારનાં બંધન કેમ તે કોઈ કહેતુ નથી, વિચારતુ નથી અને નાહક જીવનમાધુર્ય વેડફે છે, પછી દોષ દે છે લગનની અફળતાને. પણ લગની નથી ત્યાં લગ્ન નથી એ વાત જ્યા ભણેલા પણ ભૂલે છે ત્યાં ગામડાનો નેસ્તીનો ધંધો ખેડતો ગરીબ વાણિયો કે અભણ સગરકન્યા શું કરી શકે ? બહુ બહુ તો ઝૂરી ઝૂરીને મરે કે માર્ગ ભૂલે તો પતનના ગર્તમાં પડે.

માધાના લગનનાં ત્રણ માગા આવ્યાં અને કોઈ બહાના નીચે તેણે પાછાં ઠેલ્યા. મન ક્યાય ઠરતુ નહોતું. દિલને તખ્તે સોનલ બેઠી હતી એટલે બીજી ખાલી જગ્યા હોય તો અન્યનો સમાવેશ [illegible]ને ? કાળો શેઠ મૂઝાય છે શેઠાઈની આબરૂના કારણે ' શેઠાણી [illegible]ય છે પુત્રના લગ્નના નકારને કારણે વાત્સલ્યભાવે ! પુત્ર મૂંઝાય [illegible]પોતાના જીવનના અંધકારને કારણે ! કોઈ કહેતું નથી, કોઈ [illegible]ગ્નતું નથી, કોઈ દિલમાં ઊંડું ઊતરતું નથી-છતાં સૌનાં દિલમા [illegible] । ભરી છે.

સોનલ તો છોકરી રહી. ગરીબ હિંદુ કન્યા ' તે તો વેવિ-

મ્યુનિસિપાલિટી–શહેર સુધરાઈનુ આ કામ પણ તેની લાપરવાઈનુ તો પૂછવુ જ શું ! આવા કાર્યો માટે કદાચ બજેટ મજૂર થાય તોયે તે નાણુ બીજી રીતે ચાલ્યુ જાય રિપોર્ટ લખાઈ જાય, પણ ખરુ કામ તો રહી જાય ગામની આ ગદકી, માદગી અને કુદરતી હાજત માટે ગામની બહેનોની વિટબણા જોઈને શભુ શેઠને લાગ્યુ કે જો સરકાર કે સુધરાઈ આ કામ ન કરે તો ગામે અને ગામના દાનધર્મમા માનવાવાળાઓએ તો કરવુ ઘટે આ ખરુ જરૂરનુ દાન છે મદિર કે સદાવ્રત કરતાય મોટુ માનવીની જરૂરિયાત પૂરી પાડવી તે જ દાન !

તેને થયું કે માનવીએ મદિરો, કૂવાઓ, ધર્મશાળાઓ, દવાખાનાઓ, આરોગ્યમદિરો, પાજરાપોળો વગેરે બાધવામા ઘણુ ધન આપ્યુ છે અન્નક્ષેત્રો અને પાઠશાળાઓ પણ નિભાવેલ છે અખાડાઓ સ્થાપ્યા છે અને તેમા સાધનો વસાવી આપ્યા છે લોકોને વસવા સસ્તા ભાડાની ચાલીઓ બધાવી છે. પણ સૌ જે કામને ભૂલી જાય છે તે કામ તેણે સભાળી લેવુ જોઈએ બહેનોની મર્યાદા સચવાય અને ગામની ગદકી દૂર થઈને ગામનુ આરોગ્ય જળવાય તે અર્થે ‘ કુદરતી હાજત ગૃહ ’ ગામના ચારે ઝાપે બાધી, એવા દરેક ગૃહમાં ત્રીસ ત્રીસ પાયખાના, ત્યા જ પાણીની વ્યવસ્થા અને કાયમ સાફસૂફ કરનાર માણસો રાખવાનુ તેણે નક્કી કર્યું. તેમને લાગ્યુ કે ગામની આ મોટામા મોટી જરૂરિયાત છે અને તે પૂરી પડાય તો દ્રવ્યનો ખરો ઉપયોગ થાય આ વિષે લોકોની સલાહ માગતા કોઈએ આરોગ્યમદિર તો કોઈએ પાઠશાળા જેવુ કઈ બધાવી નામ અમર કરવાનુ કહ્યુ. પાયખાના બધાવતા તો લોકો ઊલટા હાસી કરશે તેણે જવાબ આપ્યો કે એ લોકોને કયા ખબર છે કે એ રીતે નામ અમર કરવાની ઇચ્છા કરતા ખરી જરૂરિયાત પૂરી પાડવાની ઇચ્છા વધારે આવકારદાયક છે. મારુ કર્યું નામ થોડું જ અમર થવાનુ છે ? મારી

આ ખેપે નહિ તો આવતી ખેપે! એક ખેપે ભવનુ ભારણુ થોડું ખૂટે તેમ છે!'

'ઠીક છે! રાહ જોઈ ને બેસજો ત્યારે!' સોનલ નિસાસો મૂકી ચાલતી થાય છે.

'સોનલ, જરા ઊભી તો રહે—એક વાત પૂછુ? આંપણો મેળ ન મળે?'

'માધા! આ પાપ તારામાં કયારનુ વસ્યુ? અમે ભલે ગરીબ મજૂરવર્ગના નાતરિયા નાતના રહ્યા—કદી પાંચ વખત નાતરું કરવું પડે તો કરીએ, અને તે પણ અગ્નિ, બ્રાહ્મણ અને વડીલની સાખે, પણ કબાડો ન કરીએ! એકનું ઓઢણું ઓઢીએ તો તેને દગો ન દઈએ, તેને ન લજવીએ, શેઠ! બોલી દેતા તમને કાંઈ વિચાર થયો? મારો મેળ મેળવનારા તો મરી ગયા!'

'સોનલ, પાપ નથી જાગ્યુ, પણ પુણ્ય જાગ્યુ છે જ્યારથી તને હરણની માફક નિરંકુશ નાચતી, ખેતરો ખૂદતી, કોઈના જીવ માટે આગમાં કૂદતી અને વિકરાળ ખૂંટને ડારતી જોઈ છે ત્યારથી તને મારા દિલમાં સંઘરી રાખી છે. તારા માટે તો ત્રણ—ત્રણ માગાં આ માધાએ પાછાં વાળ્યા છે, કારણકે મને લાગ્યુ કે મને તુ જ જીરવી શકીશ, બીજીનુ ગજુ નહિ—કા તો હુ શોષાઈને મરી જઉં કે કા તો તે શોષાઈને મરી જાય!'

'માધા! આ ઘેલછાનો કાંઈ વિચાર કર્યો? કોણ તુ? કોણ હુ? ન તેજાતે જુદાં! તું આબરૂદાર વ્યાપારી. હું ભિખારી ગરીબની છોકરી! એટલે...તારા આનંદનુ રમકડુ બની જીવતર ધૂળ મેળવી આબરૂના કાંકરા કરું, એમ ને! હું એ સમજુ છું કે તું ગામના જુવાનિયામાં સૌથી આગળ તરી નીકળે તેવો છે, બળિયો છે, રમતિયાળ છે, થનગન થનગન નાચતી જુવાનીવાળો રસિયો જુવાન

તું અમારો ગોઠિયો બની શકે, પણ મારો બાપ કે મારી નાત તને નાતીલો–સગર–કેમ બનાવી શકે? અમારી જાતને પણ બંધો હોય છે ને? ભૂડા, મેલને ભૂંડી મમતા! આવી લાખ સોનલ તારી નાતમાંથી મળશે. કોઈ એકને લાવી સોનલ માની પરણી જા અને સુખ-દુ:ખમા પાંચ–પચીસ વરસ કાઢી નાખ, એટલે થાશે જીવન પૂરું અને મરશે મમતા! માધા જેવો માધો આવી મમતાના ખાડમાં ડૂબી મરે તે તો નવાઈ! જગ મેણું મારશે કે એક મરદની બાયડી ઉપર આટલી કુરબાની? મારે કારણે તારુ જીવતર કેમ ધૂળ મેળવવા દઉં? ગોઠ, સૌનું ઓસડ સમય! થોડા દી ગામતરે જઈ આવો એટલે ઊપડેલો ચ.ળો આપોઆપ બેસી જાશે!'

'સોનલ! આ ચાળોય નથી કે ગાડપણે નથી. એ તો દિલની વાત છે. સોનલ એક અને માધોયે એક! આ માધો કાં તો મનથી દિલ દીધુ તેવો રહે અગર તો કોઈનો ન રહે. રૂપનો ભૂખ્યો કૂતરો હું નથી કે નથી વિકારનો કીડો! કબાડા કરે તે કાંડાબળિયો નહિ, ખુટામણ કરે તે ખેલાડી નહિ, અને ચામડાની સુવાળપ ઉપર લટુ બને તે રસિયો નહિ એટલું તો હું માનું છુ. સોનલ! તું મક્કમ રહીશ તો આ માધો છે ને જગત આખુ છે. ખાંડાની ધારે ચાલવાની રમત છે પ્રેમની, અને માધો જાણે છે તે કેમ રમવી!'

'માધા! ભલે, અજમાવી લે ત્યારે તારીયે તુ! આ સોનલ મારે ખાતરી રાખજે. આ ભવે મળીએ તો ઠીક છે, બીજે ભવે જરૂર! ને એકલ જિંદગી કાઢતાં આવડે છે તો શુ મને નહિ આવડે?'

માધાએ વ્યાજલોલુપ વાણિયાશાઈ સુવાળપ તજી ખેડૂતનું કઠિન [illegible]તલ જીવન જીવવાની અને આવી પડે તે ભોગવી લેવાની તૈયારી [illegible] અને એ રીતે તેણે પહેલો બળવો પોતાની જાત સામે પોકાર્યો.

બીજો બળવો પોકાર્યો કુટુંબ–આબરૂના ખ્યાલ સામે. તેણે

કઈ લૂલાં-લંગડાંની પાંજરાપોળ નથી કે કોઈ અનાથાશ્રમ નથી. એ તો પ્રભુનો દરબાર છે ત્યાં ભગવાન અને ભેખધારી સિવાય બીજું કંઈ વિચારાય જ નહિ એટલું તો ધર્મના ગોપાળ તરીકે આપ સમજો છો ને?

ન્યાયમૂર્તિ : ત્યારે મહારાજ, તું કેટલા ભવ રૌરવ નર્કમાં રહીશ? તે તારું આ હૃષ્ટપુષ્ટ શરીર તે પૈસાથી જ પોષ્યું છે. દેશમાં બેકારીને લીધે જ્યારે પ્રજાના અર્ધા ભાગને લૂખું-સૂકું ખાવાનું પણ નહોતું મળતું ત્યારે તેં તો માલમલીદા અને છપ્પનભોગ ભોગવ્યા છે, સંવત્સરીઓ-પણ માણી છે. જ્યારે ગરીબો ટાઢમાં કાંપતા હતા અને વરસાદથી ભીંજાતા હતા અને ચીથરું પણ નહોતું સાંપડતું ત્યારે તે કીમતી વસ્ત્રો ભેટ લીધા હતા જ્યારે ગરીબો એક પૈસા માટે ભારે બોજો ઉઠાવી બે માઈલ ચાલતા ત્યારે તું તો આગળ ઘીની મશાલો સળગાવી ગરી-બોની કાંધ ઉપર પાલખીમાં ફરતો હતો. જ્યારે દેવના દીન બાળકો-નાં પગલાં ઉંબરામાંથી પાછાં ઠેલાતાં ત્યારે તું પગલાં કરી જે હોય તે હજમ કરી જતો હતો. આ બધું ધર્મને નામે, ભેખને નામે, પ્રભુને નામે કર્યું હશે, કેમ? જગત આખું તંગીથી પીડાતું હતું ત્યારે તારે ત્યાં હજારો ભોળા ભક્તોના પસીનાની કમાણી વેરણછેરણ થતી હતી તે ભક્તોના કલ્યાણ માટે, ખરું કે? જ્યારે કોઈ તને સાચી વાત કહેતું ત્યારે તારા ખુશામતિયા ભક્તોને ભમાવી પૈસાને બળે તારા માર્ગના એ સાચના કાંટા તું દૂર કરાવી નાખતો એ 'વસુધૈવ કુટુંબકમ્'ના સૂત્ર માટે જ હશે, એમ? તારી આવી ગાદી ટકાવવા ગમે તેના, ગમે તેવી જાતના, ગમે તે રીતે, ગરીબોના બાળકોને ફસાવી ઉપાડી જતો તે ધર્મ ટકાવવાની પ્રીતિને કારણે થતું હશે, ખરું ને? શાસ્ત્રોના જેવા-તેવા અર્થો કરી હજારો ભોળા હૃદયો ભેદાવી નાખ્યા, ધર્મલગની ખંડિત કરાવી નાખી, તેનો શું જવાબ આપે છે? મહારાજ! તારા જેવાના પાપે જ પ્રજા ધર્મ વગરની બની છે તે જાણે છે ને?

ધવાયેલાં દિલ

"મચ્યુ છે યુદ્ધ બ્રહ્માન્ડે દેવદાનવનું સદા,
હણે છે કેઈ તો કોઈ રક્ષાનું કરનાર છે." (કલાપી)

તેને સૌ કોઈ યુગોલીન કહેતુ, પણ તેનું ખરું નામ હજુ સુધી કોઈના જાણવામાં નથી આવ્યુ. તેના બાપ વિષે કોઈ પણ કઈ જાણતુ નહોતું, પણ તેની મા માટે ગામના લોકો કહેતા કે તે કોઈ માર્ગ ભૂલેલી પતિતા સ્ત્રી હતી, અને માંદગીમા દુઃખ અને ગરીબીથી અકળાઈને પોતાના બાળકોને રસ્તામાં રખડતા મૂકીને દૂરની ટેકરી નીચે આપઘાત કરીને મરી હતી.

યુગોલીનની માને તો સમાજે કયાય પગ ટકવા ન દીધો, પણ તેના મૃત્યુ પછી તેનાં બાળકોને પણ સમાજે અસ્પૃશ્ય જેવા ગણી બહિષ્કૃત કર્યાં હતા. એટલે સમાજમા જીવવાનુ કે જીવવા માટે માર્ગ શોધવાનુ પણ તેઓને માટે મુશ્કેલ હતુ.

યુગોલીનનુ શરીર અસહ્ય ઠંડી, કરોડના હાડકાના ક્ષય અને પોષણના અભાવથી બેડોળ, અપંગ અને કુરૂપ બની ગયુ હતુ. ઠંડીએ તેના બને પગ જડ કરી નાખ્યા હતા, ક્ષયથી તેની પીઠમાં ખૂધ નીકળી આવી હતી અને પોષણના અભાવે તેને કાન્તિહીન અને વિકૃત બનાવી દીધો હતો તેના પગ ચાલતા લગડાતા. તેનો

કોટ નીચે લબડતો, તેના દેખાવમા કોઈ એવું તત્ત્વ હતું કે લોકોને પ્રથમદૃષ્ટિએ જ તેના તરફ ઘૃણા ઊપજે. પણ તેના શરીરની બીજી ખોડખાપણનો કેમ જાણે બદલો વાળ્યો ન હોય તેમ કુદરતે તેને અદ્‌ભુત કરુણા–ઝરતી માયાળુ આંખો આપી હતી જોનાર થંભી જાય તેવી તે નિર્મળ હતી. તેની દૃષ્ટિમા ઊંડો વિષાદ, કરુણા અને ભલ મનસાઈ સદાય તરવરતા. જો એકવાર તે આંખો સામુ જોવાઈ જાય તો જોનાર તેનુ બેડોળપણુ પણ ભૂલી જાય એટલી સહૃદયતા અને દયા તેમા હતા. છતાય લોકો તેનાથી ડરતા–સૂગાતા તેનુ કારણ એ પણ હતું કે લોકોની એવી માન્યતા હતી કે ‘જો ખૂધવાળા માણુ-સના અપશુકન થાય તો તે દિવસે કોઈ પણ કાર્ય સિદ્ધ થાય જ નહિ’

તેણે એક અંધારિયુ જર્જરિત સાકડુ માળિયુ રહેવા માટે ભાડે રાખ્યું હતુ, પણ ત્યા તે અર્ધરાત્રિ પહેલા ન જ જઈ શકતો, કારણ કે લોકોને વહેમ હતો કે જો કોઈ પ્રસૂતા તેનુ મોઢું ભૂલેચૂકે જોઈ જાય તો તેને પશુના મોઢા જેવુ બાળક અવતરે ! તેની ચાલી અને આખો લત્તો વસ્તીવાળો હતો તેથી અવારનવાર ત્યા કોઈ ને કોઈની સુવાવડ તો જરૂર આવવાની હોય જ. એટલે જો કોઈ તેને દિવસે ઘેર દેખી જાય તો તે તેને માર મારીને અધમૂઓ જ કરી નાખે અને ઘરધણી ઘરમાંથી કાઢી મૂકે. તેથી તે બીચારો મોડી રાત સુધી રસ્તામાં ઠંડી અને વરસાદ હોય તોપણ છને મકાને રખડતો. દિવસે પણ રસ્તામા જો વિદ્યાર્થીઓ મળી જાય તો જરૂર તેને તેની દુખતી ખૂધ ઉપર બે–ચાર ધબ્બા ખાવા જ પડે. એટલે એ બધાની દૃષ્ટિ ચૂકવીને તે કોઈ અંધારી જગાએ જ બેસી રહેતો.

તે નાના બાળક જેવો જ હતો. તેના જીવનમાં પણ રમત–ગમત માટેની મમતા બીજાના જેટલી જ જાગ્રત હતી, પણ બીજાને રમતાં જોવાનુ પણ તેનુ ભાગ્ય નહોતુ. કોઈ કોઈ વખતે દૂર ગલીને નાકે

ઊભો ઊભો બાળકોની રમતો તે જોતો અને મનમા રાચતો, પણ આટલું સુખ પણ લોકો તેને શાનું લેવા દે? તેને જોતાં દૂરથી જુવાનિયાઓ મુઠ્ઠીઓ ઉગામતા અને તેને દૃષ્ટિથી દૂર થવાનુ કહેતા. બીચારો ડરતો ડરતો ત્યાંથી ભાગતો. આવી સ્થિતિમા તે ક્યાં જઈને પેટ માટે મહેનત કરે? ક્યાં માગવા જાય? ક્યાં આશરો પામે? અને સુધરેલી દુનિયા જે સંસ્કાર માટે બૂમો પાડે છે તે સંસ્કાર આ વાતાવરણ વચ્ચે એ કયાથી મેળવે?

મેં જ્યારે પહેલો પહેલો તેને જોયો ત્યારે તે ધોધમાર વરસાદમાં સ્ટેશનની દીવાલ પાસે ઊભો હતો. મને જોઈને તે આગળ આવ્યો અને ધ્રૂજતાં ધ્રૂજતાં બોલ્યો, 'સામાન ઉપાડું, સાહેબ?'

'ના, હું તો ઘોડાગાડીમા જવાનો છુ. મને મજૂરનો ખપ નથી.'

'સાહેબ, તમારા ઘરના પગથિયા ચડાવવા માટે મને સાથે લો ને! ગાડીવાનની સાથે બેઠો આવીશ. થોડીક મજૂરી મળશે તો ખાવાનું પામીશ. મે આજે સપરમે દહાડે કાંઈ ખાધુ નથી.'

'ચાલ, ગાડીની અંદર જ બેસી જા સખ્ત વરસાદ પડે છે'

'સાહેબ, અંદર? મને બહાર બેસવા દો. અંદર ઠીક ન દેખાય મારાં કપડા પણ ભીનાં અને મેલાં છે. આપને ત્રાસ પડશે.'

'કંઈ હરકત નહિ, અંદર જ બેસ.'

તે ડરતો ડરતો બેઠો અને ગાડી ચાલી. રસ્તામાં દેવળ આવ્યું તે જોઈ તેણે ભક્તિભાવે પોતાના હાથથી છાતી ઉપર ક્રોસનું ચિહ્ન કર્યું અને હર્ષમાં બોલ્યો. 'સાહેબ, આજે માતા મેરીનો ઉત્સવ છે'

'એમ? આજે દેવળમાં શુ થાશે?

'આ રાત્રે માતા મેરીએ બાળક ઇસુને ગોદમાં લઈને ગામનાં દુ:ખી, રડતા અને ઘવાયેલા હૃદયોને શોધી શોધીને આશ્વાસન આપ્યાં

હતા અને તેની સેવા કરી હતી તેનો તહેવાર છે. આજે રાત્રે ખ્રિસ્તીઓ પણ હાથમા સળગતી મીણબત્તીઓ લઈને દેવળમા ફરશે. પાદરી આશ્વાસનના શબ્દો બોલશે અને લોકો પ્રાર્થના કરી મિજલસ કરશે '

'તુ કોઈ વખત દેવળમા જાય છે ખરો ?'

'ના સાહેબ, મને ત્યા જવા ન દે, અને જાઉ તો અપશુકનિયાળ ગણી મને માર મારે ! મારે પણ બીજાને દુ ખી કરવા શા માટે ત્યા જવુ જોઈએ ? તેથી અધારી રાત્રે જ્યારે કોઈ ન હોય ત્યારે રસ્તા ઉપરથી પ્રાર્થના કરી લઉં છુ પ્રભુની અવકૃપાવાળા માણસોએ પ્રભુ–મદિરમા ન જ જવુ જોઈએ એટલુ તો હુ પણ સમજુ છુ '

હુ કઈ ન બોલ્યો, પણ તેના સામુ જોઈ રહ્યો ગાડીની બત્તીનુ તેજ તેની આખો ઉપર પડતુ હતુ તે ઉપરથી લાગ્યુ કે તેની આખમાથી મે સ્ટેશનમા જોઈ હતી તે દુ ખની છાયા દેવળ દેખતા જ અદશ્ય થઈ હતી અને ત્યા આનદ દેખાતો હતો

'ઘવાયેલા દિલો' તેણે આવુ આવું કયા સાભળ્યુ હશે ? અને પોતાનુ દિલ કયા ઓછુ ઘવાયેલુ હતુ ? છતા પણ સમાજનો તે બહિષ્કૃત, રસ્તાનો રખડતો, અસ્પૃશ્ય જેવો એક દુ ખી માનવી જીવનભર ઝેરના ઘૂટડા પીતા પીતા પણ ઘવાયેલા દિલની વાતો કેવી રીતે કરી શકે છે ! આવા પર્વો છતા પણ પોતાના ઘવાયેલા દિલને કોઈ પણ નથી શોધતુ કે નથી આળા દિલને પપાળતુ, પણ નિત્ય-નવા ઘા ત્યા પડયા જ કરે છે તે જાણવા છતા પણ શા માટે તેના જીવનમા કટુતા અને ક્રૂરતા આવવાને બદલે ભક્તિભાવ આવે છે ? શા માટે બીજા માટે કરુણા આવે છે ? દેવળમા જવાનુ ભાગ્ય પણ નથી, છતા પણ તેની પ્રભુપ્રીતિ કેમ જાગ્રત રહી શકે છે ? આવા

પ્રશ્નો મારા મનમા ઊઠ્યા જેના ધૂટડા ગળી જરવી જવા જેવું કુમળુ હૃદય આવા ઘવાયેલાને પણ હોય છે તે વાતે મારા ગર્વ ગાળી નાખ્યો. મારી સસ્કારિતાનો ઘમડ ઓગળી ગયો

'સાહેબ, મને મજૂરી મળશે તેમાથી અર્ધા આજે કોઈ ગરીબને આપીને માતા મેરીનુ પર્વ હુ પણ ઊજવીશ. તમે ન મળ્યા હોત તો મારુ આ આખુ વર્ષ અફસોસમા જાત કે માતાનુ પર્વ ઊજવાયુ નહિ.'

હુ તો તેની આખનું અમી પી જ રહ્યો હતો ઝાખા પ્રકાશમા મને કોઈ દિવ્યતા તે ચહેરામા દેખાતી હતી જે બીજે નહોતું જોયુ તે આજે આ ચીથરેહાલ ખૂધલામા જોઈને મને આશ્ચર્ય થયુ અને આખમાથી આસુ સરી પડ્યા.

'સાહેબ, તમારુ ગ્રામોફોન બહુ જ સુદર છે' એમ કહીને તેણે મારી વિચાર-સકલના તોડી નાખી. ગઈ રાત્રે તમે 'ગરીબોના હૈયા, માણેક મોઘેરાં હહેરા દેવના'ની રેકર્ડ બજાવતા હતા, ખરુ ને સાહેબ? આપને એ ગીત બહુ ગમતું લાગે છે।'

'તને કોણે કહ્યુ?'

'સાહેબ, હુ રસ્તા ઉપરથી કોઈ કોઈ વાર સાભળુ છુ.'

'પણ ગઈ રાત્રે તો લગભગ સાડા ત્રણ વાગ્યે હુ વાજુ બજાવતો હતો, ત્યારે તુ એવી સખત ઠડીમા રસ્તામા શુ કરતો હતો?'

'સાહેબ, ઠડીથી સૂઈ ન શકયો એટલે શરીરને ગરમ રાખવા ફરતો હતો ઠડી બહુ હતી. પહેરેલા કપડા અને ઓરડીનુ ભોયતળિયુ છાપરાના ચૂવાથી પલળી ગયુ હતું. ઓઢવાનુ કે પાથરવાનુ કઈ ન હતુ અને નહોતુ કઈ પેટમા પડેલુ એટલે ઊઘ કેમ આવે? આપનું ગીત સાભળીને તેની ઉપર વિચાર કરતો આખી રાત બેઠો રહ્યો આવુ તો વારવાર થાય, પણ શુ કરુ?'

ઘરે પહોંચી રસોડામાંથી પાઉ અને દૂધ લાવી તેના પાસે મૂકી હુ પથારીની વ્યવસ્થા કરવા ઉપર ગયો. અને પાછો આવ્યો ત્યારે જોયું કે તેણે પાઉ કે દૂધને હાથ પણ લગાડ્યો ન હતો.

'કેમ ન ખાધુ ? કોની ગઢ જોઈને બેઠો છે ?'

'સાહેબ, તમારી ગઢ જોતો હતો.' તેણે નમ્રતાથી કહ્યુ

'યુગોલીન, મને ભૂખ નથી લાગી. તું ખાઈ લે આ દૂધ પી જા, બીજુ ગરમ દૂધ લઈ આવુ છુ શરમા મા !' મે જોયુ કે પાઉને હાથ લગાડતા પણ તે ધ્રૂજતો હતો તેણે મનમા મનમા કઈ પ્રાર્થના કરી, હાથથી ક્રૉસનુ ચિહ્ન કરી આકાશ સામે જોયું, ત્યારે આસુની ધારા તેની આખમાથી ચાલી રહી હતી

'કેમ રડે છે, યુગોલીન ?'

'કઈ નહિ સાહેબ, કઈ નહિ એ તો પ્રભુની અસીમ દયા પાસે રડી જવાયુ !'

'યુગોલીન, તારો જન્મ ક્યાં થયો હતો ?'

'જ્યા આજે હુ રહુ છુ ત્યા જ પહેલે માળે આખી જિંદગી આ ગામમા જ મે કાઢી છે. મને દિવસે તો કોઈ કામ ન આપે, રાત્રે અધારામા કોઈ કોઈ વખતે મજૂરી મળી જાય. કોઈ સારા માણસો કામ ન આપે, પણ હલકી જાતના માણસો કઈ કામ આપે, એમાથી ઓરડીનું ભાડુ આપું છુ, અને મારે એક બહેન.......'

યુગોલીન અટકી ગયો—કેમ જાણે કોઈ ગુપ્ત વાત તેનાથી બોલાઈ ગઈ ન હોય !

'તારે બહેન છે? ક્યા રહે છે ? તારી સાથે કે બીજે ?'

'સાહેબ....ગલીના નાકા પરના ઘરમાં.'

'એ તો ખરાબ લત્તો છે. શું તે ..એ વેશ્યાઓની સાથે રહે છે?'

'હા સાહેબ, તે વેશ્યાને ત્યા નોકરી કરે છે બીજે ક્યા જાય ?

કોઈ રાખે તો ને ? સાહેબ, અમારી મા અમને નાના મૂકીને પક્ષાઘાતના દર્દથી મરણ પામી હતી મારી બહેને મને માદલાને ગમે તે રીતે–ભીખીને, મજૂરી કરીને પણ–મોટો કર્યો જ્યારે રૌલેન્જ તેર વર્ષની થઈ ત્યારે એક ખેડૂતને ત્યા નોકરીમા રહી મારુ ખર્ચ પૂરુ પાડ્યુ. પણ ત્રણ વર્ષે અચાનક તે ઘેર આવી, ત્યા તો પોલીસ પાછળ આવ્યો અને મારી બહેનને પકડી ગયો હકીકત એ હતી કે તેનો શેઠ તેના સૌંદર્યથી મોહીને તેની અનાથદશાનો લાભ લેવા માગતો હતો, તેથી તે ત્યાથી પગાર લીધા વિના જાત બચાવવા ભાગી, ત્યારે શેઠે તેના ઉપર ચોરીનો આરોપ મૂક્યો કઈ માલ ન નીકળ્યો, કોઈ સાક્ષી નહોતુ, છતા પણ ન્યાયમૂર્તિએ બે વર્ષ માટે તેને જેલમાં મોકલી આપી.'

'તમે વકીલ શા માટે ન રોકયો, યુગોલીન ?'

'સાહેબ, મારી બહેન ત્યારે સગીર હતી. સગીરના કેસનો નિકાલ બાળકોર્ટના ન્યાયાધીશની મરજી મુજબ જ થાય છે. અમે ગરીબ હતા અને સામાવાળો શેઠ પૈસાદાર હતો એટલે તેની વિરુદ્ધ કોણ બોલે ? મે બોલવા પ્રયત્ન કર્યો પણ મને બહાર કાઢયો જતા જતા મે બૂમ તો પાડી કે મારી બહેન નિર્દોષ છે.'

'સેતાનનાં બચ્ચાઓ, તમને ગરીબ ગોલાઓને બધા ઓળખે છે. ચાલ્યો જા, નહિતર તને પણ બે વર્ષ માટે જેલમા મોકલી દઈશ' ન્યાયમૂર્તિએ ગરીબો માટે નક્કી થઈ ગયેલી આધુનિક દુનિયાની વાત કહી દીધી સાહેબ, ગરીબી પોતે જ આ યુગમા ગુનો છે ને ? ગરીબો માટે ન્યાય કેવો ? થોડો અમારામાથી તે મોઘો ન્યાય ધનિકોની આડે પડીને ખરીદાય ? સાહેબ, પછી તો મને લાગ્યુ કે જો મને પણ જેલમા મોકલી દીધો હોત તો ત્યાં સુખે રહેત, દુનિયાના માર અને ભૂખમરાથી તો છૂટત પણ રંકના નસીબ

પણ ન હ, એટલે મોત પણ મોઘું હોય ને ! જ્યારે મોલેન્જ જેલ-માથી છૂટીને આવી ત્યારે તેણે નોકરી મેળવવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પણ કોઈ તેને રાખવા તૈયાર ન થયુ તે વખતે હુ માદો હતો. મને કરોડના હાડકાનો ક્ષય થયો હતો દવાદારૂ અને મારા ખોરાકની જરૂર હતી. પણ એ બધુ ક્યાથી કાઢુ ? કોણ આપે ? સાહેબ, પહેલા હુ આવો ખૂધાળો કે બેડોળ ન હતો દર્દ, ગરીબી અને પોપણને અભાવે જ આવો નકામ અને અળખામણો મને કરી નાખ્યો છે ' આમ કહી તેણે પોતાની વક્ર થઈ ગયેલી પીઠ બતાવી તે બોલ્યો, 'થોડા વખત પછી મોલેન્જ મને હોસ્પિટલમા લઈ ગઈ. સાજો થયો ત્યારે મને માલૂમ પડયું કે મારી જિંદગી બચાવવા ખાતર તે વેશ્યાગૃહમા દાખલ થઈ હતી. આજે પણ તેજ મારુ પૂરું કરે છે. મને કોઈ કામ નથી મળતુ, ભીખ પણ નથી મળતી, એટલે ભાઈને ખાતર બહેનને વેશ્યા બનવુ પડયુ છે! શુ કરુ સાહેબ—જ્યા પગલે પતનની પરપરા ચાલે ત્યા !'

પછી તો યુગોલીન મારે ત્યા વારવાર આવતો હું થોડુ થોડું કામ તેને આપતો, કારણકે કામ કર્યા વગર તે મારે ત્યા કઈ પણ ખાતો નહિ તેના શરીરમા શક્તિ નહોતી. દર્દ અને માનસિક દુ:ખે તેને મારી નાખ્યો હતો ઘરે જાય તો પાડોશીઓ વહેમને ખાતર મારે, રસ્તામા વિદ્યાર્થીઓ સામા મળે તો ટીખળ ખાતર મારે, એ બીતિએ બગીચાને છેડે ટેકરી પાસે તે બીચારો પડયો પડયો બહેનની સ્થિતિનો વિચાર કરતો અને મોડી રાતે ઘરે જઈને સુતો.

જીવનની છેલ્લી સાજે મને તેણે કહ્યુ કે, સાહેબ, જો ભાડૂતી ગાડી મળે તો લઈને ઘરે જાઉ આજે સામથી ચલાતુ નથી.'

'યુગોલીન, આજે અહી જ સૂઈ રહે, ચાલ, તારો બંદોબસ્ત કરી દઉ આજે તહેવાર છે એટલે ગાડી નહિ મળે '

'આભાર સાહેબ! મને ઘરે જ જવા દો. ઘરને ખૂણે પડવામા જ મારા મનનો આનદ છે. તમે જે કર્યું છે તે માટે આભાર!' પણ મીઠા ઝાડના મૂળિયાં કાંઈ ખવાય? અમે તો ભવના ભિખારી રહ્યા, કોઈ દિવસની ભૂખ ભાગે પણ ભવની કોઈથી થોડી ભગાય?"

તે ગયો ફરી વખત મે તેને જીવતો જોયો નથી બીજી સાજે મને મારા મિત્રે તેના મૃત્યુના કરુણ ખબર આપ્યા મારે ત્યાથી નીકળ્યા પછી તે બીચારો થાકથી લથડતો લથડતો ધીમે ધીમે પોતાને ઘેર જતો હતો રસ્તામા દેવળમાથી પ્રાર્થના કરીને નીકળતા એક ટોળાનો તેને ભેટો થયો. કોઈએ તેને જોઈને કહ્યુ કે, 'આ પ્રભુના શાપિત ખૂધલાના અપશુકન આપણી મજા ટાળી દેશે કમબખ્ત, તહેવારે પણ આડો ને આડો! મારો એ હરામખોરને' એક માણસે ધક્કો મારી તેને નીચે પટકી પાડયો બીજા તેના અગ ઉપર કૂદવા લાગ્યા. તે ઊભો થવા ગયો તો પાછો પછાડ્યો. થોડી વારે લથડિયા ખાવા લાગ્યો, તેથી લોકોએ તેને બત્તીના થાભલા સાથે બાધ્યો, તેના કપડા ફાડી નાખ્યા અને સખ્ત ઠડીમા તદ્દન નગ્ન દશામા બેભાન પડેલ યુગોલીનની આસપાસ નાચતા નાચતા નાતાલનુ મહાન પર્વ ઊજવી રહ્યા.

બાજુના દેવળના વૃદ્ધ પાદરીને ખબર મળતા તે આવ્યો અને યુગોલીનને થાભલેથી છોડી પોતાના ખભે ઉપાડીને પોતાના ઘેર લઈ ગયો. એ એસી વર્ષના બુઢ્ઢાએ આખી રાત સુધી સારવાર કરી તેને ભાનમા આણ્યો અને આશ્વાસન આપ્યુ.

સવારે જ્યારે પાદરી દેવળમા પ્રાર્થના કરવા ગયો ત્યારે યુગોલીન પથારીમાથી ઊઠી ઘસડાતો ઘસડાતો નદી તરફ ગયો અને મહાના ઈસુનું નામ લેતાં લેતા નદીના ઊડા જળમાં અદૃશ્ય થઈ ગયો તેને જીવવામા સાર જેવુ નહોતુ લાગ્યુ એટલે મરીને મોકળો થયો બીચારો યુગોલીન!

'કરુણ! અતિકરુણ!' મેં કહ્યું.

'સબૂર! વધુ કરુણ વાત તો બાકી છે.' મારા મિત્રે કહ્યું

મોલેન્જને યુગોલીનના આપઘાતની ખબર પડી એટલે તેને પણ જીવન ખારુ થઈ ગયુ આખી જિંદગી દુઃખ, દીનતા અને અપમાન ભોગવ્યા પેટ ખાતર પતન પણ પત કર્યું વેશ્યા બની ભાઈની જિંદગી ખાતર! પણ તે ગયો હવે કોના માટે જીવવુ? આમ વિચારી તેણે બંદૂકની ગોળીથી આપઘાત કર્યો

તે બંનેની અંતિમ ક્રિયા પૂર્ણ થયા પછી તે એંસી વર્ષનો ભલો વૃદ્ધ પાદરી વ્યાખ્યાન-મંચ ઉપર આવ્યો તેણે ગંભીરતાથી પોતાની વિષાદપૂર્ણ આંખો મારી તરફ ફેરવી અને વેધક વાણીમા ઉચ્ચાર્યું કે, 'ક્રિશ્ચિયનો! આ બંને બાળકોએ આપઘાત નથી કર્યો, પણ મે, તમે અને સમાજે ક્રૂરતાથી તેના ખૂન કર્યા છે બીચારા પોતાના દુઃખને દિલમા દપટીને પણ જીવતા હતા, પણ આપણે જીવવા ન દીધા આનો જવાબ આપણે પરમાત્માને આપવો પડશે'

'એ માનવીઓ! ઇસુના અનુયાયીઓ! કયામતને દહાડે જયારે પ્રભુ મને પૂછશે કે, 'ઓ બુઢ્ઢા પાદરી, તારા નિર્દોષ ઘેટાઓ કયા છે?' ત્યારે હુ તેને જવાબ નહિ આપી શકુ. જયારે બીજી વખત પ્રભુ પૂછશે કે, 'પાદરી! બોલ, તારા નિર્દોષ ઘેટાઓ કયા છે?' ત્યારે પણ મારાથી નહિ બોલી શકાય પણ જયારે આપણો તારણહાર પ્રભુ ત્રીજી વખત મને પૂછશે કે, 'ઓ પાદરી! તારા નિર્દોષ ઘેટાઓ ક્યા છે? કેમ કોઈ નથી દેખાતુ?' ત્યારે મારુ માથુ શરમથી નીચુ નમી જશે અને ત્યારે મારે દુઃખથી જવાબ આપવો પડશે કે, 'ઓ તારણહાર! તારા અનુયાયીઓ નિર્દોષ ઘેટાઓ નહોતા પણ ઘેટાના સ્વાંગમા લોહી-તરસ્યા ખૂની વરુઓ હતા'*

---

* Pierre Van Passen ના Days of Our Years ઉપરથી સૂચિત

નારીહૃદય

[એક સત્ય ઘટના]

[થોડા દિવસ થયા રોજ ઘાટકોપર, જ્યા હુ વર્ષોથી રહું છુ, ત્યાના સ્ટેશન પાસે પડેલા વાઘરીના પરિવારને હુ જોતો, ગણ ખાસ ઊભા રહીને તેમનું અવલોકન કરવાની જરૂર નહોતી પછી કે તેમ કરવાને સમય પણ ભાગ્યે જ રહેતો. પણ એક દિવસે બંગાળાના ભૂખમરાની ચર્ચા કરતા સ્ટેશન પાસે પહોચતા જ ગાડી ઊપડી ગઈ બીજી ગાડી અડધા-પોણા કલાક પછી હતી એટલે શુ કરવું તે વિચારમા ને વિચારમા સ્ટેશન પાસે હુ ઊભો રહ્યો. ત્યા અચાનક એક વાઘરણને સુકાયેલા રોટલાના ટુકડાઓને એક પથ્થર ઉપર વાટતા જોઇ આથી મને કુતૂહલ થયુ કે એ બાઈ રોટલાનો લોટ શુ કામ કરતી હશે? તે જ અરસામા તે બાઈનો ધણી ત્યા ધમધમતો આવી પહોચ્યો અને બ ને વચ્ચે કાઈક રકઝક ચાલતી હોય એમ લાગ્યુ હુ નજીક ગયો અને તે વખતે તેમની પાસેની તેમ જ આસપાસથી જે કાઈ મને જાણવા મળ્યુ તેનુ પરિણામ આ વાર્તા છે. લેખક]

‘ આંહી બેઠા બેઠા દાતણ વેચુ છું એમા મને નાહકનો ગાળ્યુ શેનો કાઢ છ ’ મે તારુ શુ બગાડયુ છે ? જગ્યા તો તારી નથી ને ?’

‘ પણ તારા બાપ આ સિપાઈને રૂપિયો એક રોકડો કલદાર

મફતનો નથી કાઢી આપ્યો, ગગા ! આહીં બેસનારાના લોહીના ટીપા જેવા પૈસા ભર્યાં છે, સમજ્યો ને !'

'તેમાં મારે શું ? ક્યાં જગ્યાનો કોઈનો ઇજારો છે ? ધરાર બેસીશ અને દાતણ વેચીશ. મારા નસીબનુ હું ખાઈશ, તારા નસીબનું તું ખા ને ! ક્યાં હું આડે આવું છું કે તને કાંઈ નડું છું ? બાકી એમ તો નહિ ઉઠાડી મુકાય.'

'જા ને, આડે આવનારી ને ઉઠાડનારી ન જોઈ હોય તો !' આમ કહી રૂપલાએ દેવલા વાઘરીને ધડાધડ ત્રણ ધોલ મારી દીધી અને ગળે પકડીને માર્યો ધક્કો કે દૂર ચરરરનો ઊડી પડ્યો. તેના દાતણ અને થોડાક પૈસા વેરાઈ ગયા. પાસે ઊભેલા પોલીસ-સિપાઈએ આવીને પડેલા દેવલાને બીજી બે ધોલ ચોડી દીધી અને એને ધમકાવ્યો કે, 'અહીં આવીને સાલા ધમાલ કરે છે ? આ પુલ દાતણ વેચવાની જગ્યા છે ? ફરી વખત દેખીશ તો હાડકાં ભાંગી નાખીશ, સમજ્યો ને !' એમ કહી એક બીજો ધક્કો માર્યો અને દેવલાની પડી ગયેલી પાવલી છાનીમાની ઉઠાવી ખિસ્સામાં મૂકી દીધી.

દેવલે ઊભા થઈ વેરાયેલા પૈસા વીણી લીધા, પણ પાવલી ન જડી. ક્યાંથી જડે ? બીચારો આજુબાજુમાં જોતો હતો અને દિલમાં રોતો હતો, ત્યાં સિપાઈએ ફરી વખત બૂમ મારી કે, 'એ સાલા નથી સાંભળતો ? લઈ લે તારા દાતણ અને થઈ જા ઘર ભેગો.'

સિપાઈ ફરી વખત મારશે એ બીકે દેવલો પોતાના થોડા-ઘણા દાતણ હતા તે પણ મૂકીને સ્ટેશન તરફ ચાલતો થયો. ત્યાં તેની પૃથ્વીના છેડા જેવું ગણાતું ઘર, વિસામો કે આસરો હતું અને ત્યાં તેના દિલની આગને ચાંપણીથી ઠારનાર તેની બાયડી રૂપી અને છોકરો નથવો બેઠા હતા. તેના દિલને ખાતરી હતી કે આખું

જગત જાકારો ભણતુ હોય તોપણ ત્યા તો આશરો અને આરામ મળશે જ.

ગરીબોને દુઃખ છે, તેનુ આખુ જીવન નિરાશામય છે, બેકારી અને જગતની નિષ્ઠુરતાથી તેમા દિનપ્રતિદિન વધારો થતો જ જાય છે, છતા પણ તેઓના જીવનને ટકાવી રાખે છે તેના કુટુબની મમતા અને ઘરનો મોહ! તેના તૂટું તૂટુ થતા જીવનમા પ્રાણ પૂરે છે તેના બાળકોનુ વાત્સલ્ય! તેના આથમતા જીવનમા પ્રકાશનું કિરણ પ્રગટાવે છે ભગવાનનો ભરુસો. આ આશાએ એ ચાલ્યો.

પછી પોલીસે બત્તીના થાંભલા પાસે ઊભાં ઊભા અને રૂપલાએ દાતણના ઢગલા પાસે બેઠા બેઠા ચા પીધી. તેના પૈસા રૂપલાએ ચૂકવ્યા 'દાદા, આ ચા એ દેવલાની, સમજ્યા ને!....પણ દાદા, એ સાલા પાસે પેટ ભરવા માટે રાતી પાઈ પણ નથી અને બાયડી કોઈ અફલાતૂન લાવીને બેઠો છે જરા દાણો દબાવવા જેવો છે.' તેણે ચૂચી આખે સિપાઈ સામે જોયુ.

'........ઠીક, ઠીક. તમારા વાઘરાના ધધા જ આવા. વાઘરા બધા સરખા. તારી દાઢ કાઈ ગળકી લાગે છે!'

' એમ તો શુ હોય!....પણ દાદા, તમે તો બધુ જ જાણો છો કે રૂપાળુ માણસ કોને ન ગમે?...હુય માણસ છુ ને?'

રૂપલો વાઘરી પોલીસની મહેરબાનીવાળો પુલના લત્તામા જામી પડેલો દાદો હતો ફોજદારને ત્યા રોજ લીલીછમ દાતણની સોટીઓ પહોચાડતો અને સિપાઈઓને અવારનવાર જાણતો, અને તેથી જ લત્તામા તે અને તેની બાયડી મોતડી એકલા દાતણ વેચતા. કેઈ કોઈ વખતે અધારી રાતનો લાભ પણ સિપાઈની મહેરબાનીથી તેની રાહબરી નીચે તે લેતો. તેની પાસે થોડાક પૈસા પણ થયા હતા, તેથી વાઘરીઓમા તેમ જ બીજા ગરીબોમા તે શરાફી કરતો. તે કોઈ

નવા આવનાર વાઘરીને પુલ ઉપર ટૂકવા દેતો નહિ ઘણાને હેરાન કરી કરીને કાઢી મૂકયા હતા

દેવલો નવો નવો વખાનો માર્યો પેટ ભરવા આવ્યો હતો અને સ્ટેશન પાસેની ખુલ્લી જગ્યાએ પડ્યો રહેતો સાજે દાતણ વેચતો બીજુ કામ મળતુ નહિ ગામની વસ્તી વધતી જતી હતી, છતા પણ ગામ ઉપર નભતા માનવીઓને ધંધો કે રોજી આપીને નિભાવવાની શુદ્ધ સ્વદેશી વૃત્તિ જન્મેલી નહિ હોવાથી, તથા લોકો મુબઈથી ઘણુ ખરુ લેતા આવતા તેથી ગામવાળાને જોઈએ તેટલા કામ કે ધંધો મળવામા મુશ્કેલી પડતી આ કારણે ધંધામા ગદી હરીફાઈ ચાલતી અને એકબીજાને તોડવાનુ કાર્ય હમેશા ચાલતુ. રૂપલે બે-પાચ દિવસ દેવલાને અને તેની જરાક ઉજળા વાનની બાયડી ફૂલીને દાતણ વેચતા જોયાં, તેમા તેણે ધંધા માટેની ભાવિ ભીતિ જોઈ પણ ફૂલીને જોઈને તેનુ મન લોભાણુ તેને લાગ્યુ કે ગોતડીમા કોઈ ખોણી નથી, અને જો પોતાને પડખે ફૂલી જેવી ફૂટડી બાયડી હોય તો જરૂર ઘરાક ટોળે મળે આ ભૂખડી બારસ દેવલાને તેનો ખપ પણ શુ છે? તેણે પહેલાં દેવલા સાથે કજિયો કર્યો, બીજે દિવસે ગાળો દીધી, અને છેવટે હાથ ઉપાડ્યો તેનો રૂપિયો ખાધેલા સિપાઈએ પણ તેને માર્યો

સિપાઈ તો કાયમ દુનિયાને મારતા જ આવ્યા છે અને મારવા માટે જ તેને સરકારે નોકરીમા રાખેલા હોય છે લાકડી, દડૂકા અને બદૂકો તેટલા માટે જ તેમને આપવામા આવે છે તેણે રોફ પાડવા માટે કોઈને પણ મારવા જ ઘટે, ન મારે તો તેની છાપ કેમ પડે? એના મારમા નાનપ નહિ એવી સામાન્યત માન્યતાથી દેવલાને સિપાઈના માર માટે ખાટુ કઈ લાગ્યુ નહિ, પણ પોતાની જ જાતવાળો બીજાના દેખતા તો ઠીક પણ બાયડીના દેખત

તેને ન દેવા જેવી ગાળો દે, ધમકાવે, અને તેમાય જ્યારે મોતડી તે જોઈ ખડખડ હસે, એટલુ જ નહિ પણ રૂપલાને રોકે પણ ખરી કે, 'રેવા દે રૂપલા ! રેવા દે, એવા મરુને તે શુ મારછ. મરી તો ગ્યો છે, નાહક કોકનુ ઘર ભાગશે.' ત્યારે દિલમા ઝાળ ઊઠતી. તે વેણ તેનાથી સહન નહોતા થતા માત્ર એટલુ સારુ હતુ કે ફૂલી તે દિવસે ત્યા નહોતી, નહિતર બાયડી પાસે પોતાની આબરૂ શું રહેત એ ખ્યાલે તેને ગાડો કરી મૂકયો ઉપરાત દીકરા નથવા માટે એ આનાની તેલની જલેબી લઈ જવાનુ તેનુ મન હતું, પણ ત્યા ધક્કામુક્કીમા તેની એકની એક પાવલી કયાય પડી ગઈ, તેથી તેનુ હૈયુ ભાગી ગયુ. 'શુ કરું ? આહી પારકા પરદેશમા એકલો છુ, ગાડે રાતી પાઈ પણ નથી, ધધો મળતો નથી અને ભીખ કોઈ આપતુ નથી, એટલે જ રૂપલો માર મારી જાય ને ? નહિંતર તો એ ગગાને ખો જ ભુલાવી ન દઉ ? પછી ભલે ને ફાસીને લાકડે લટકવુ પડે, તોય શુ ? આ તો ફૂલી અને નથવો રઝળી પડે એ બીકે જ ગમ ખાઈ ને-માર ખાઈ ને—આવવું પડે છે ઠીક છે, મોકો આવવા દે; ત્યારે બેટમજીને દેખાડીશ કે દાદાગીરી કેમ થાય છે ? પછી ભલે એનો બાપ સિપાઈ આડો આવે !......નથવો બાપડો જલેબીની વાટ જોઈ ને બેઠો હશે, પણ સાલાએ પાવલી ખોવરાવી એટલે જલેબી વગર છોકરાને રોવરાવવો પડશે. મારા દુશ્મને મારો આજનો દી ઝેર કરી નાખ્યો. કોઈ દી નહિ ને આજે સપરમે દહાડે છોકરાએ જલેબી માગી, પણ ..કાઈ નહિ !' મન સાથે બબડતો બબડતો આખના આસુ લૂછતો લુછતો રોષભર્યો તે સ્ટેશન પાસે પહોચ્યો. ત્યા તેણે બાજુની મિલના મેનેજરની મોટરે પાછી હઠતા હઠતા ફૂલીએ માગી આણેલા વાસી શાકનું ડબલુ ઢોળી નાખતા જોયુ. ડબલું છુદાઈ ગયુ હતુ શાક તો ગયુ અને શાક માગી આવવાનુ એકનુ એક વાસણુ પણ ગયુ આ ખોટ તેને ભારે હતી. હવે ફૂલી શેમા

શાક માગી લાવશે અને વધેલું શાક નથવા માટે કેવી રીતે રાખી મૂકશે ? ને વિચારે તે ખૂબ વ્યગ્ર થઈ ગયો. તેનાથી રોષમાં બોલી જવાયું કે, 'એ મોટરવાળા શેઠિયા ! આંખમાં અંધાપો કેમ આવ્યો છે ? આ માડ માડ માગી આણેલું શાક ઢોળી નાખ્યું અને ડબલું ચેપી નાખ્યું ? કંઈ વિચાર થાય છે કે આ ગરીબો હવે ખાશે શું અને માગશે શેમાં ? આવી ફાટ ભગવાન નહિ સાંખે ' શોફરે ઊતરી-ને બે–ચાર ગાળો ચોપડી અને પછી ધોલ મારી ' સાલા દગાગીઓ, રસ્તામાં પડ્યા છો શું કામ ? ' કહીને મોટરમાં બેઠો

' માર બાપ, માર ! પૈસા છે ને ! ઓટલા વાઘરી પાસે થોડો ધુમો થયો છે તો તે જ્યારે ત્યારે મારે છે, તારી પાસે તો વધુ પૈસા છે, તારે તો ખૂનેય ઓછું કહેવાય ! બાકી શું કામ રાખે છે ? બેગા-બેગ કરી નાખ ને, એટલે પત્યું ! '

બીજી ધોલ મોટરમાંથી હાથ લંબાવી મારતા મારતા શોફરે મોટર મારી મૂકી દેવલો ફાટી આંખે જોઈ રહ્યો ધીમેથી તેણે કોઈ જોઈ ન જાય તેમ મોઢું ફેરવી આંસુ લૂછી નાખ્યા.

ફરી વાસી રોટલાના સુકાઈ લાકડા જેવા થઈ ગયેલા ટુકડાને વાટી વાટીને તેનો લોટ કરી બીજા થોડા સારા લોટમાં મેળવી મંગાળા ઉપર ઠીબડીમાં રોટલો પકાવી રહી હતી તેણે દેવલાનું વિષાદભર્યું નિરાશામય આંસુવાળું મોઢું જોયું, તેને છાનો છાનો આંસુ લૂછતા જોયા, અને તેનું દિલ વાગી લીધું આરતેથી નિસાસો નાખી ઊઠીને ઢોળાઈ ગયેલા શાકના થોડાક કોડવા વીણી ઠીબમાં નાખ્યા ઢોળાઈ ગયેલા ડબલામાંથી ચોંટેલા શાકના રસાને આંગળીએ લઈ લઈ, મૃત્યુ પામેલા એકના એક બાળકને જે રૂપે માતા વર્તમાનના ખાડામાં આપનો મૂકે તે રીતે અને જેટલા જ દુઃખથી, તેણે તે ડબલું બારણાની ખૂંટરમાં મૂકી દીધું અને મોટેથી નાખી કે ચણ્યાથી આંસુ લૂછી તૈયાર થયેલો રોટલો અને શાકના કટકા દેવલને ખાવા આપ્યા

'ખાઈ લે! ગરમ ગરમ છે એટલે ઓછા શાકમાં ચાલ્યો જાશે, આજે શાક પણ પૂરું નથી.'

'મારે નથી ખાવુ, તું ખાઈ લે! આજે રૂપલાનો માર ખાધો, પાવલી ખોઈ અને શાક અને ડબલુ ગે ગયા. ભગવાન! તેય અમારો દી આજે ઉગાડ્યો છે ને!'

'અમે તો સવારે કટકબટક કરીને થોડુ પાણીજળુ કર્યું છે, તુ સાવ નકોરડો છે, તુ જ ખાઈ લે! નાહકનો લોહીઉકાળો શુ કામ કર છ, ખાઈ લે! રોટલો ઠરી જાશે'

'તને એકવાર કીધુ તો ખરુ કે મારે નથી ખાવુ.'

'પણ આમ જીવ બાળ્યે થોડી ખોવાયેલી પાવલી પાછી આવશે? થોડુ એ ડબલુ સાજુ થઈ જાશે કે થોડો એ રૂપલો મારતો મટશે? ભલો થઈને ખાઈ લે! આમ શુ કર છ?'

'તું જીવ ખાતી નહિ મટ? નથી ખાવુ ઈ નથી ખાવું, પછી તારે એનુ શુ? છાનીમાની પડ મૂક ને!'

'કેમ કરીને છાની પડી રહુ? તને ભૂખ્યો દેખીને છાનું કેમ પડ્યુ રહેવાય? એકવાર ખાઈ લે, પછી નહિ બોલુ, બસ!'

'રાડ, નહિ માન, એમ? હવે જો ખાવાનુ નામ લીધુ છે ને તો લાકડીએ લાકડીએ માથુ ભાગી નાખીશ. નાહકની કોકની ખીજ કોકને માથે ઊતરી પડશે ભલી થઈને મૂગી રે' ને! હમણા પડ્યો રહેવા દે, મારે ખાવું હશે ત્યારે કહીશ.'

'ભલે, મારી નાખવી હોય તો મારી નાખજે, પણ પહેલા એક-વાર ખાઈ લે. તને ભૂખ્યા ભૂખ્યા આમ લોહી બાળતો નથી જોવાતો! હિંમત શુ હારછ મરદ જેવો મરદ થઈ ને! એકવાર ખાઈ લે, પછી આપણે છીએ ને દુઃખ છે!'

'વાખણી, છાની રહે ને! મારે નથી ખાવું ક્યારની ટકટક મૂકતી જ નથી! નક્કી આજ કોઈનુ આવી બન્યુ લાગે છે!'

'ભલે મારી નાખ, પણ તુ ખાઈ લે આમ તારુ અને બીજાનુ લોહી શુ કામ બાળછ ભૂડા, જો તો ખરો કે ક્યારનો આ નથવો પણ હેબતાઈને મૂગોમતર થઈ ગયો છે? નહિતર ખિખિયાટા ન કરતો હોય? એ ગભરુની દયા તો ખા, મારી ન ખાવી હોય તો કાઈ નહિ એ મારા રોયા રૂપલાને આજે કાટ આવી છે અને ગરીબને મારે છે, પણ ભગવાન સૌના લેખા લેશે મારો વા'લો કોઈનું અભિમાન નહિ નભાવી લે. ભલો થઈને ખાઈ લે! આજે તો ભગવાને રોટલો આપ્યો છે, આવતીકાલે તે જ આપી રહેશે શુ કામ મૂઝાય છે? થોડા બે હાથ વચ્ચે આપણે ભૂખ્યા રહીશુ? એકવાર માની જા અને ખાઈ લે-તારે પગે પડું છુ'

'હવી, આજે તો રહેવા દે સો વાતની એક જ વાત કે આજે મારે ગળે ધાન નહિ ઊતરે, એટલે મારે ખાવુય નથી અને તને મારવીય નથી. આજનો દી કાઢી નાખ, આવતીકાલે તુ કહીશ તેમ કરીશ. બસ, હવે ભલી થઈને કઈ બોલીશ મા. તુ ને નથવો ખાઈ લ્યો. આજ તો મારુ ખાવુ ઝેર કરી નાખ્યુ મારા દુશ્મન રૂપલાએ, અને ધાનની ધૂળ કરી નાખી આ મોટરુના ફેરવનારા પલીતોએ! હવે શુ મીઠાશ છે ખાવામા તું જ કહે ને! એક દી ન ખાધુ તો મરી નહિ જાઉં, અને કદાપિ મરી ગયો તો મલક વાંઝિયો નહિ રહે, સમજી ને?'

'એવું કાળવેણુ બોલ મા, દેવલા! બોલ મા! કટાણાના કવેણુ મારા નહિ આપણે થોડુ મલક માટે જીવવુ છે? સુખેદુઃખે આ નથવો મોટો થઈ જાય તો ગંગ નાહ્યા. દેવલા, અવહેરનાને નકાર મા. ભલો થઈ જા આ બોમકા ભાકારો કરે છે તો આપણે બીજી

ચેતાવશુ ત્યા દાતણ વેચશુ. મહેનત-મજૂરી કરનારને પારકી ભોમકાની મમતા શી ? ગમે ત્યા કાયા તોડવી છે ને ? થોડુ શેઠિયાની પેઠે ખાટલે પડ્યા પડ્યા ખાવુ છે કે જગ્યા છોડતા દુ:ખ લાગે ? ગરીબને તો આવો ઊઠો બગલમા હાથ. બીજે જાશુ ત્યા થોડુ રૂપલાના આપતુ રાજ છે ? હુ ઘરે ઘરે ફરીને દાતણ વેચી આવીશ, તુ બેઠો બેઠો નથવાને સાચવજે ને, એટલે પત્યુ આપણી તાણાતાણમા આ છોકરો મરી રહેશે. આ મોરલા જેવા છોકરાની સામુ તો જો તારે કયા એ રૂપલા સારુ કે એ મોટરના શેઠિયા સારુ ખાવું છે ? ભલો થઈ જા એકવાર.'

'ભલે, કાલ ખાઈશ આજ રહેવા દે તુ ને નથવો ખાઈ લ્યો— તુએ કોઈ વાતમા સમજતી જ નથી !'

'હુ કયાથી સમજુ ? તુ ભૂખ્યો ભૂખ્યો જીવ બાળ અને હું ખાઈને પેટ ઠારુ, એમ ને ! અમારે કોના સારુ ખાવુ છે ? ભલે બધા કાલે ખાશુ ' નાખી દે આ રોટલો ને શાક કૂતરાને. કોકને મોઢે તો ભલે જાતા.' આમ કહેતા કહેતા ફૂલીની આખમાથી દડદડ આસુ પડવા માડ્યા

'તુ એમ નહિ જ છોડ. ઠીક ત્યારે, ચોથિયુ રોટલો અને શાક દે નથવાને અને બાકીના રોટલાના કર બે ભાગ, એક તું ખા ને બીજો દે મને. તારાથી તો હાથ-જીભ કાઢી !'

*

જેને કપડાનુય પૂરુ ઠેકાણુ નથી, હાથમા સૌભાગ્યના ચિહ્ન જેવા બલોયા કે કપાળમા ચાદલોય નથી, સપ્તપદીના મત્રો બ્રાહ્મણે ભણાવ્યા હશે કે કેમ, હસ્તમેળાપ કરી જીવન-કોલ લીધા-દીધા હશે કે કેમ તે વાતનુ પણ જેને ભાન નથી, છતાય પણ ધણીના સુખ-દુ ખની ભાગિયણ બનવાનુ તેને શીખવ્યુ કોણે ? कार्येषु मन्त्री...... भोज्येषु माता બનવાનુ કહ્યુ કોણે ? કયા શાસ્ત્રે ?

દીનની-દુઃખીની દુનિયામા આ અમૃતવર્ષા વરસાવે છે કોણ? કયા સસ્કારે? કયા સ્વાર્થે? કયા આકર્ષણે? કયા ગુણે?—આવા પ્રશ્નોના જવાબ મૂકવાણીમા મળે છે કે 'જીવનની એ તો જ્વલત સિદ્ધિ! નારી-દિલનો એ તો નિચોડ!' જગતની વિષમતાઓ જો તે નષ્ટ ન કરી નાખે તો તે સ્વયભૂ પ્રાણપ્રેરક સસ્કારસિદ્ધિ યુગે યુગે અને ખડે ખડે સાપડે—પછી ભલે હોય ત્યા ગરીબાઈ કે તવગરી!

શ્રમજીવીની પ્રભુઉપાસના

જોકે અમારા ડબામા જરા પણ ગિરદી નહોતી, અમે અને અમારા સરસામાન બેસવાની જગ્યા રોકીને પડયા હતા તે છાજલી ઉપર મૂકીએ અને અમે વ્યવસ્થિત ગોઠવાઈ જઈએ તો અમારા જેટલી જ બીજા ત્રણ મુસાફરોને બેસવાની જગ્યા મળી શકે તેમ હતુ, છતાય ને મેલા-ફાટેલાં કપડાવાળા ડોસા–ડોસીને અ દર આવતા અમે અટકાવતા હતા. થોડા સ્ટેશન અગાઉ અમોને પણ આ રીતે અટકાવતા મુસાફરોને અમે નીતિ, માનવતા અને ભ્રાતૃભાવનો મીઠો સુવાળો બોધ આપ્યો હતો. 'અમે પણ ટિકિટના પૈસા ખર્ચીને આવ્યા છીએ તમે, મારા મહેરબાન, કઈ વધુ પૈસા નથી આપ્યા, સમજ્યા !' આવો ટપકો પણ આપેલો. પરતુ ડબામા બેસી ગયા પછી ડોસાડોસીના પ્રસગમા, બોધ-ઠપકો બધુ બીજાને માટે જ હોય, બીજા વગર ટિકિટે જ મુસાફરી કરતા હોય અને અમે આખો ડબો રીઝર્વ્ડ કરાવીને બેઠા હોઈએ, તેમ વર્તવા લાગ્યા ! આ વૃદ્ધો પાસે નહોતો બોધ કે નહોતો ટપકો, હતી માત્ર કાકલૂદીભરી આરજુ અને ભગવાનનો હવાલો ! મે મારો સામાન નીચે મૂકયો, લાબા ટાટિયા સકોરી લીધા, એટલે તે બને માનવીઓ ત્યા બેસી ગયા અને હાશ કરીને છુટકારાનો દમ ખેચ્યો.

આ મેલા કપડાવાળા ડોસા–ડોસી પાસે એકેક નાની નાની પોટલી

સિવાય બીજું કંઈ નહોતું. ટોમાના જગમગતા કેડિયાની કોટેની બાજ-
ુમાંથી દેખાતો હાથ ખાતરી આપતો હતો કે આ હાથે ભૂતકાળમાં
કામ કરવામાં કચાશ નથી રાખી હથેળીના કુમાશને મજબૂત પંજામાં
છાલા અને લાકડાની મોઈ જેવા અક્કડ આંગળા સાક્ષી પૂરતા હતા
કે ગજબનું નિર્માણ આ હાથે કર્યું હશે મોઢા ઉપર પડેલી દાઝ કહેતી
હતી કે બાયંધર નાપમાં આ ટોમો ઓછો નહિ ઉતર્યો હોય. ચામડી-
ની બરછટાઈ અને તેજવિહીનતા તેના પોપચાની પૌષ્ટિકતાની ખાત્રી
બનાવતી હતી કેલવેની ટિકિટ ટોમાએ કેડિયાની કસે બાંધી હતી.
કેલવેનો બાકડો પણ જોઈને નવાઈ જાય, પોતાની હાજરીથી કોઈને
અગવડ ન પડે, પાસે બેઠેલા શિયળા લુગડાવાળાને પોતાના કપડાની
કાબાન ન લાગીને ચોટી જાય એવી કોઈ અગમ્ય બીકથી ટોમો અને ટોમી
સંકોચાઈને, બારીના ખૂણાની ચોકડી જગ્યામાં, માળાના પંખીની માફક લપાઈ-
ને બેઠાં ગયાં. ટોમાની મોટી પણ ચારેલી આંખમાં દૃઢ શ્રદ્ધા, નિર્દોષતા
અને પ્રેમ નીતરતા હતા ટોમી પણ પટતન ધણીની ચિંતાનો ભાર
પોતાના દિલમાં દબાવીને પોતાની ઝાંખી આંખ કોઈ બાજુથી બચેલા
પક્ષીની માફક ચારે તરફ ફેરવતી હતી એના હાથમાં ઘસાઈ ઘસાઈને
રૂપા જેવી બની ગયેલી પતરાની બંગડીની શોભની હતી ટોમીના ગરીબ
જીવનમાં કે સામાન્ય રીતે ગામડિયા કમજાતીઓના જીવનમાં ચપટી
બાજરી, પાપડાની વાઢેલી ચોડીક ખીચડી, બકરાં અને વાર-તહેવારે
લોક-આદિત્યની લહાણીઓ સિવાય બીજો કોઈ વિલાસ કે ઠાઠ
માણ્યો હોય હોય પણ શું? એ ન્યાય તે બાજનિયા—પોતાના હિત-
ચાકને યાદ કરી પોતાની પામરતા ભૂલતા! એ જમાવે છે કોઈ કોઈ
વખત લોક-આદિત્યની રમત—રહી ગયેલા ચાકને સમરતા! એ ભૂલે
તે નમ્રતા જનકની કે ફુરસદ આપે તે તે ન્યાય બીજાનું—સ્વાગત અને
નાની ઉજાણી! એ કામ કરતો કરતો ગમ રિ—ખાન [illegible] અને
[illegible] મેદાનને જગ્યા માટે ' તેની કોઈ આપા જ હેતુથી [illegible]

ની ચપટી જ્યારે સૂંઘતી હતી ત્યારે તે કોઈ જુદી જ દુનિયામાં વસતી હોય તેમ લાગતુ હતુ. અચાનક ડોસાએ મને કહ્યુ.

'ભાઈ, જરા આ ટિકિટ તો જોઈ આપો! છે તો ચલ્લાળાની ને? ભણેલાઓનો ભરોસો નહિ. બચારા બેચરા બાવાએ ટિકિટ માગી કયાયની અને મારા વાલીડાએ આપી કયાયની! નાહકના બચારાના પૈસા પાણી થયા, આબરૂ ગઈ અને માથે દડના બમણા પૈસા આપવા પડ્યા આઠ દિવસ સુધી ઘરે રહ્યો, કોઈને મોઢુ પણ બતાવ્યુ નહિ, એટલી ભોઠામણ થઈ ભણ્યા નહિ એટલે આમ મૂડાવાનુ! ભણે ઈ ભગવાનને ઓળખે નહિ અને ન ભણે ઈ આમ મૂડાય—આવું છે આ કળજુગમા!'

'ટિકિટ તો છે ચલ્લાળાની. તમને માસ્તરે છેતર્યા નથી લાગતા'

'ભગવાન એનું ભલુ કરે!'

'બાપા! ચલ્લાળા કેમ જાવાનુ થાય છે? છે કોઈ સગા-વા'લા ત્યા?'

'સગામા છે મારો વા'લો હાજરાહજૂર બીજા કોઈ સગાવા'લા કે નાતીલા ત્યા કેવા? ભગવાનની જગામા પદર દી ટે'લ કરવા જઈએ છીએ.'

'ટે'લ? માગણી કરવા જાઓ છો? ત્યારે...કેવા છો તમે? બાવા કે બ્રાહ્મણ?'

'ના ભાઈ, ના! બાવાયે નથી અને ભામણેય નથી કણબી છીએ. માગવા નથી જાતા, મારા વા'લાની ગાંઠના રોટલા ખાઈને ટે'લ કરી આ કાયાનું કલ્યાણ કરવા જઈએ છીએ. પદર દિવસ ભગતની જગ્યામા કામ કરશુ, ભગવાનના ભજન કરસું, અને સાધુ-સંતની સેવાચાકરી કરશું.'

'એમ કેમ? ઘરે ભજન ન થાય?'

'બાઈ, માનતા છે ચામુંડાની બાધા પૈસા, પરસાદ કે બેટ્યો માનતા ઉતારે, અમે ગરીબો પંડ્યા પણ ભગવાનની માનતા ઉતારીએ. ગરીબોની બરકતો પણ અમારા જેમ [illegible] પૈસો ઘર ન લાગે બાપડો મહેનત કરે, મન પણ મહેનત કરે, અને જો કોઈ ઉપરજે તેનાથી લૂલા-લંગડા, આંધળા-અપંગ, માંદુ સતત, રોગી કે એવા અનાથો-ને રોટલો મળે, ઓટલો મળે, [illegible] બરકત ઊભી થાય અને ઈશ્વર [illegible] બધા અમારા જેવા મજૂર માણસોએ બરકત [illegible] માંથી આરકાટના લાકડા લાવ્યા, સુતારભાઈઓ અને લુહારભાઈઓએ બાકીનું કામ પૂરું કર્યું. બે-ત્રણ કારીગરોએ [illegible] બરકતમાં [illegible] માટે બાંધી દીધી કોઈ ભાડના ભાગ, કોઈ ખાડા-ખો ખાડી અનાજનો [illegible] આપી ગયું અમારા જેવા ટેલ નાખ-નારે આખું વરસ [illegible] મુજબ આવા ગરીબના ઘર, ગરીબની બરકત અને ગરીબની ભગતી, સમજ્યાને બાઈ! [illegible] ત્યાંથી કૃષ્ણના [illegible] છે, કૃષ્ણના [illegible] છે અને કૃષ્ણના [illegible] ને [illegible] પરતાપે ફરી ગયા છે!'

'પટેલ, તમે કેમ માનતા કરેલી?'

'ભગતને પરતાપે ધોળિયો [illegible] એટલે અમારા [illegible] માંથી [illegible], પણ ભગતનું [illegible] નહિ [illegible] ને [illegible]! અમે આખું [illegible] દિવસ સુધી [illegible] ભગતની માનતા કરી અને ઉતારનાર આવ્યો અને [illegible] લીધા અને કરવા દેતા!

'[illegible] પેટીના [illegible] માનતા. [illegible] પાતળી [illegible] પટેલ-[illegible]

[illegible]

બધાએ પોતાના ઢોર છાપરિયાળીના વડામા મોકલી આપેલા, પણ ભગા પટેલે પોતાની ગા ન મોકલી પટેલના ત્રણ છોકરા એકેક પવાલુ જાર માટે સરકારી કામે જાય અને એની ધણિયાણી અને મારી આ ઘરવાળી સીમમા ખડના પૂખડા, પાદડા કે જે મળે તે ભેગા કરી કરીને ગાયને ખવરાવે ગાય પણ જાતવાન ને ! આખો દુકાળ છાશ આપી અને ઘરમા રસ રાખ્યો. તે વખતે જ તેણે નક્કી કર્યું હતુ કે જો દુકાળ ઊગરીશ તો આ ગંગાની જમના દીકરીને આણામા આપીશ ગા–માતાના પુણ્યથી દુકાળે ઊતરી ગયા પછી અમારા લગન થયા એટલે જમના આણામા આવી. એ જમનાની રાતડીનો આ ધોળિયો !

'આ ધોળિયો અને મારો કાળિયો બને એક જ દિવસે જન્મ્યા હતા પટલાણી કઈક અધકચરી રહેતી એટલે રાતડીનુ દૂધ પીને જ બેઉ ઊછર્યા અને બેઉ એવા તો લીલા પગલાના કે ઘરમા અભરે ભરાણુ. ત્રણ ગાયુ લીધી, ચાર સાતી જમીન અને ચાર સાથી રાખ્યા, અને રૂડિયો અને નથુડો પછી ઊજર્યા ભગવાનની મહેરબાની વધી નાતજાતમા બધાની હારમા આવી ગયો અને બે પાદડે થયો બધા પરતાપ કાળિયા–ધોળિયાના સારા પગલાના !

'ગઈ સાતમને દિવસે કોણ જાણે કોના પાપે વાડીના પઠામાથી ધોળિયાને એરુ આભડયો પોણો ડબો ઘી પિવરાવી દીધુ. ઉપાય કરવામા બાકી ન રાખી. જેટલા માગે એટલા પેસા આપીને ઉતરનાર લઈ આવ્યો ઠેઠ જુનાગઢથી ચાળીસ રૂપિયા ખરચીને મારતી મોટરે ઘોડા–ડાકટરને તેડી લાવ્યો. એણે પૂઠેથી દવા ચડાવી, સોયા માર્યા, કઈક દવાઓની નાળ્યુ ભરીભરીને પિવરાવી, પણ કારી ન ફાવી ભૂવા, જતી, મતરતતરવાળાને પણ અજમાવ્યા, પણ બધુ પાણીમા ગયુ. છેવટે એક જણના કહેવાથી ભગતબાપુની ટેલ માની અને એનુ મતરેલુ પાણી ચેચર ભગતે આપ્યું કે આળસ મરડીને

ભેંસો થાય તેમ તે ભેંસો થશે। અને જે એ મનના ઉનાળા હું અને ભારે ધન્યવાળી ચલાળા જઈએ ગીએ ત્યાં જઈ જગ્યામાં જે કંઈ કામ હશે તે કરશું. ચોમાસું માથે આવ્યું છે એટલે જગ્યાના ખોરડા ચાળીશું, ખડની ગંજી કરશું, છાપરાના મેડા કરશું, ખેતરમાં કંઈ કામ હશે તે કરશું, નવાણ સાફ કરશું, દેવદર્શન થાશે અને સાધુસંતની સેવા કરશું. ભારે ધન્યવાળાં બન્ને ગાયોભેંસો ચારે, પાણી ભરે, વાસીદા વાળે, છાણાં થાપે અને બીજાં જે કામ ઠેકરો હશે એ કરે. આ દેહ ભગતના કામમાં આવશે તે પાછું ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય સમજવાં। ટહેલ કરનારા તો ઘણું મળે, પણ ટહેલ કરાવનારા અને તે સ્વીકારનારા ક્યાં મળે છે? જેનાં પુણ્ય પાધરાં હોય, નસીબ રળિયાતાં હોય, તેની જ ટહેલ કબૂલ થાય. ભગતે તેમ સગપણ ભાળી ને પગલાંએ ભાર્યો તો બેડો પાર ગયો, જન્મારો તરી ગયો। અમારી ગરીબની આવી ટહેલથી માનતા અને ભગતી દેખી, અને બોળિયો ભગવાન એથીય રાજી રહે।'

આટલું કહી બોળિયો પટેલ માળા ફેરવવા મંડ્યા અને હું વિચારે ચડ્યો કે ખરો જ્ઞાની કે ખરો માનવી કોણ? આ તો ગરીબ નિર્દોષ ગામડિયો કે તેની નજરે મૂડીની દૃષ્ટિએ દેખતી દુનિયા?

ભગવાનને અનાથનો બેલી અને ભક્તનો દાસ બનાવનારાઓ હતેલા છે. મંદિરો-મસ્જિદો પોતે જ [illegible] દેવાલયો ભોગે ભગવાન તેઓને પરવડતા નથી. તેમની દૃષ્ટિમાં કે દૃષ્ટિમાં ભગવાન જેવી કોઈ અમનાશ જેવી [illegible] નાદ કે નિયમના [illegible] કે લાભ હોવા જ નથી, પરંતુ તે જ [illegible] ત્યારે ધનની શક્તિ કે મદમાં શુભ છે [illegible] [illegible] ની પણ [illegible] [illegible] પ્રવેશે છે, [illegible] પ[illegible] મગરની [illegible] [illegible] [illegible]

સત્તાની અક્કડ રાખનારી ખુમારીને સ્થાને પામરતા, લાચારી કે અનાથ દશા વ્યાપે છે, જ્યારે વારવાર મળતા સન્માનને બદલે નિરાશા જીવનને ઝેરમય કરી નાખે છે—ત્યારે પોતાની ગયેલી સત્તા, શક્તિ, સાહ્યબી કે શારીરિક બળો શોધવા ભગવાનનો તે ઉપયોગ કરે છે સુખમા સોની અને દુ:ખમા રામ એ ન્યાયે સોની અને રામ બેની વચ્ચે ધનનો પૂજારી ધક્કા ખાય છે સુખ, સગવડ અને, સાધન જેમ ધનિકો પૈસાથી ખરીદે છે તેવી જ રીતે પ્રભુને–ભગવાનને કે તેની કૃપાને પણ તે ધનથી, હાથના મેલથી, પોતાની સાહ્યબી કે સત્તાથી ખરીદવા માગે છે. ભક્તિ, ઉપાસના કે પ્રેમના ખરા સ્વરૂપને તેઓ જાણતા જ નથી. એટલે જ ધનિકોનો સસાર પ્રભુવિહોણો શૂન્ય વેરાન બનેલો નજરે પડે છે.

શ્રમજીવીઓ પેટ ભરવા માટે જેમ પોતાનો પસીનો વહાવી રોટી રળે છે તેવી જ રીતે પ્રભુને પણ પોતાના સાચા શ્રમ અને સેવાથી જ તે મેળવે છે. શ્રમજીવીની દુનિયામા પેટ અને પસીનો, પડ અને પ્રભુનો સબધ જેવો ને તેવો ચાલુ જ છે

બીજડિયા આવ્યુ ને પટેલે બે હાથ જોડી રામરામ કરી ગાડી છોડી. અલબત્ત, અમારી વાત તો અટકી પરતુ મુબઈ પહોચ્યો ત્યા સુધી મનમા એક જ વાત ઘોળાયા કરતી હતી કે કોણ સાચુ ? પ્રભુ અને ધાર્મિક માન્યતાને ‘ ઝેર ’ માનવાવાળા કે પ્રભુપ્રીત્યર્થે જીવનને પવિત્ર, ઉપયોગી અને સેવાપરાયણ રાખતા ધર્મઘેલાઓ ? કોની ભક્તિ વધે ? હાથના મેલથી થતી ધનિકોની કે પરસેવો નીતરતા શ્રમથી થતી શ્રમજીવીની ?

મુરતિયાનાં મૂલ્ય

આધુનિક સમાજને નિભાવી રહેલો એકનો એક [illegible] વરકન્યાવ્યવહાર આજે અનેકનું અનેક દૃષ્ટિએ ધ્યાન ખેંચી રહેલ છે.

એક પક્ષ એમ માને છે કે આંતરજ્ઞાતીય, આંતરપ્રાંતીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો સમાજને ઉન્નત કરી નવું તેજ આપશે. આ જાતનાં થોડાંક લગ્નો અમુક વિશિષ્ટ વ્યક્તિ કે આદર્શોથી સમાજમાં થયાં છે, જેના ગુણદોષની તુલના તો તેની બે પેઢીના અનુભવ વિના કરવી યોગ્ય નથી જ. લગ્ન કરનાર દંપતી અને તેના પુત્ર અને પૌત્ર સુધી અનુભવ લખાયા પછી જ આવાં લગ્નો ઇચ્છનીય છે કે અનિચ્છનીય તે વિષે ચોક્કસ અભિપ્રાય આપી શકાય.

બીજો પક્ષ એમ માને છે કે પોતપોતાના વર્તુલમાં પડી રહે [illegible] વાડા—પોતાના ગામ [illegible] સાચવી રાખીને ચાલીશું, ઉપર ન [illegible] નો અનુભવ ન હોવાથી નવા [illegible] તે કદી [illegible] નહિ [illegible] આ પ્રથામાં જૂની રસમ હોય નહિ એટલે કજોડાં [illegible] તે દૂર કરવો મુશ્કેલ બને છે, માટે જ પોતાનું જૂનું સારું.

ત્રીજો પક્ષ એમ માને છે કે નિકટવર્તી જ્ઞાતિઓએ એકત્રિત થઈ [illegible] એટલે સમાજના ઘટકો [illegible] ઉન્નત પરિચય [illegible] [illegible]

આ પ્રશ્નો ખૂબ ચર્ચા માગે છે એટલે ઉતાવળે નિર્ણય કેમ કરાય ? પરંતુ જ્યાં વરવધૂ પોતે પસંદગી કરી લેતા હોય ત્યાં તો ખાસ કહેવાપણું નથી, પણ કન્યાને દિનદશાનું ભાન પણ ન હોય એવી સ્થિતિમાં સુધારાનો સહારો લઈ અપૂર્ણ તૈયારીએ તેને અજાણ્યામાં હડસેલી દેવી તે યોગ્ય નથી કમભાગ્યે આ જાતના અખતરા કરીને ગભરુ પુત્રીને ભોગે પિતા સુધારાના શિખર ઉપર ઊભો રહી સુધારક-પણાનો કળશ બની ન જાય તેટલું દેખતી દુનિયાએ અવશ્ય જોવું જોઈએ

એક દિવસે કન્યા વેચાતી, આજે વર એક યા બીજા સ્વરૂપમાં સ્ત્રીસન્માનની ભાવનાના સુંદર યુગમાં પણ વેચાય છે, અને ગરીબ વર્ગ માટે અગમ્ય કોયડો ઉત્પન્ન થતો જાય છે કારણકે ધનિકો ગરીબના છોકરાઓને પોતાની પુત્રી માટે ખરીદી જાય છે અને ધનિક-ના છોકરાઓ ગરીબની કન્યાઓ લેતા અચકાય છે

લોકોની ઘેલછા પણ અજબ રીતે વધી છે પોતાની સ્થિતિ અને ગુણ મુજબના જોડા સુખી થાય એમ અનુભવીઓ કહે છે, છતાં પણ સૌને પોતાનું ઘર તપાસ્યા સિવાય શહેરી, ખૂબ ભણેલો, પૈસા-વાળો અને અધિકાર ભોગવતો વર પોતાની પુત્રી માટે જોઈએ છે. પરિણામે સામાન્ય સ્થિતિના માણસોના સંસાર સંધાતા મુશ્કેલી નડે છે, સ્ત્રીઓનું સન્માન સચવાતું નથી, અને ભિન્ન ભિન્ન સ્થિતિ, સંસ્કાર અને શક્તિના માણસોના જોડાણથી સુખશાન્તિ જન્મવાને બદલે અંતરનું અળગાપણું વધે છે

લક્ષ્મીવાનની એક પુત્રીને લક્ષ્મીવાનના પુત્ર સાથે પરણતી દેખી એક ગરીબ બેન પણ તેવો જ લક્ષ્મીવાન ભણેલો શહેરી વર મેળવવા ફાંફાં મારે છે, પણ અંતે અનેક જાતની નિરાશા પછી તે એક

પોતાના સમોવડિયા [illegible], [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] પ્રખ્યાત પંક્તિઓ [illegible] [illegible] [illegible]

'એક ઊગ્યો તે વર ના [illegible] [illegible] !
ઊગ્યો તે નિત [illegible] [illegible]
એક નીગ્યો તે વર ના [illegible] [illegible] !
નીગ્યો તે નિત [illegible] આવશે '

પોતા કરતા ઉમ્મર [illegible] અને [illegible] [illegible] [illegible] માનતાને બેસી નહિ [illegible], અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઓળિયાળો બનીને રહેશે એટલે [illegible] [illegible] નહિ [illegible]

'[illegible] વાણિયાળુ ' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 'મુનિયાના [illegible] ' નામનું ગીત [illegible] [illegible] [illegible] એક [illegible] [illegible] [illegible] [illegible] .

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]

આ પ્રશ્નો ખૂબ ચર્ચા માગે છે એટલે ઉતાવળે નિર્ણય કેમ કરાય? પરંતુ જ્યા વરવધૂ પોતે પસંદગી કરી લેતા હોય ત્યા તો ખાસ કહેવાપણું નથી, પણ કન્યાને દિનદશાનુ ભાન પણ ન હોય એવી સ્થિતિમા સુધારાનો સહારો લઈ અપૂર્ણ તૈયારીએ તેને અજાણ્યામા હડસેલી દેવી તે યોગ્ય નથી કમભાગ્યે આ જાતના અખતરા કરીને ગભરુ પુત્રીને ભોગે પિતા સુધારાના શિખર ઉપર ઊભો રહી સુધારકપણાનો કળશ બની ન જાય તેટલું દેખતી દુનિયાએ અવશ્ય જોવું જોઈએ

એક દિવસે કન્યા વેચાતી, આજે વર એક યા બીજા સ્વરૂપમા સ્ત્રીસન્માનની ભાવનાના સુદર યુગમા પણ વેચાય છે, અને ગરીબ વર્ગ માટે અગમ્ય કોયડો ઉત્પન્ન થતો જાય છે કારણકે ધનિકો ગરીબના છોકરાઓને પોતાની પુત્રી માટે ખરીદી જાય છે અને ધનિકના છોકરાઓ ગરીબની કન્યાઓ લેતા અચકાય છે

લોકોની ઘેલછા પણ અજબ રીતે વધી છે પોતાની સ્થિતિ અને ગુણ મુજબના જોડા સુખી થાય એમ અનુભવીઓ કહે છે, છતા પણ સૌને પોતાનુ ઘર તપાસ્યા સિવાય શહેરી, ખૂબ ભણેલો, પૈસાવાળો અને અધિકાર ભોગવતો વર પોતાની પુત્રી માટે જોઈએ છે. પરિણામે સામાન્ય સ્થિતિના માણસોના સસાર સધાતા મુશ્કેલી નડે છે, સ્ત્રીઓનુ સન્માન સચવાતુ નથી, અને ભિન્ન ભિન્ન સ્થિતિ, સરકાર અને શક્તિના માણસોના જોડાણથી સુખશાન્તિ જન્મવાને બદલે અતરનુ અળગાપણું વધે છે

લક્ષ્મીવાનની એક પુત્રીને લક્ષ્મીવાનના પુત્ર સાથે પરણતી દેખી એક ગરીબ બેન પણ તેવો જ લક્ષ્મીવાન ભણેલો શહેરી વર મેળવવા ફાંફા મારે છે, પણ અતે અનેક જાતની નિરાશા પછી તે એક

પોતાના સમોવડિયા વ્યવહારિયા વાણિયાના છોકરાને પસદ કરી જૂની લોકગીતની પ્રખ્યાત પક્તિઓ યાદ કરાવે છે

‘ એક ઊંચો તે વર ના જોજો રે દાદા !
ઊંચો તે નિત નેવા ભાગશે
એક નીચો તે વર ના જોજો રે દાદા !
નીચો તે નિત ઠેબે આવશે ’

પોતા કરતા ઉચ્ચ શક્તિ અને સ્થિતિવાળો પોતામા સતોષ માનાને બેસી નહિ રહે, અને પોતા કરતા નાની સ્થિતિનો કાયમનો ઓશિયાળો બનીને રહેશે એટલે દાપત્ય સુખમય નહિ બને

‘ મચ્છુકાઠાની વાણિયાણ ’ નામના એક જૂના લોકગીત ઉપરથી ‘ મુરતિયાના મૂલ ’ નામનુ ગીત આપણા સમાજનુ એક કરુણ ચિત્ર રજૂ કરે છે

લખપતિની લખડી કાના કોટ્યાધીશને જાય,
ગરીબદાસની રાક ગગાને તેવા વરનુ મન થાય.
ઘરે ઘરે પૂછતી ફરતી, હડધૂત થઈને પાછી પડતી

*

રે કરને મકન તારા મેટ્રિકના મૂલ (૨)
તારી મેટ્રિક ઉપર થાઉ ડૂલ, મને એવા મેટ્રિકના મૂલ,
રે'વા દે રે'વા દે વાણિયણ કરવા મારી મેટ્રિકનાં મૂલ,
મારી મેટ્રિકમા થાશે થેલી બાપાની ગુલ,
એવા મોઘા મેટ્રિકના મૂલ .

*

કરને 'દોલત' તારી ડાકટરીના મૂલ (૨)
તારી ડાકટરી ઉપર છઉં ડૂલ, કરને તારી ડાકટરીના મૂલ.

રે'વા દે રે'વા દે કરવા ગગ્ગી ડાકટરીના મૂલ,
મારી સરજરીમા થાશે તારી સાત પેઢી ડૂલ,
એવાં ભારે છે મૂલ !

+

કરને 'બલવત' તારી બેરિસ્ટ્રીના મૂલ (૨)
તારા ભાષણુ ઉપર બાપા ડૂલ, કરને તારા વિલાયતી મૂલ.

રે'વા દે રે'વા દે એ ગાકના રોડા કરવા ધારાશાસ્ત્રીના મૂલ,
એના કાયદામા થાશે તાત તારાની સાનભાન ગુલ,
મૂકને કરવા મારા તુ મૂલ !

+

રે કરને 'ત્રબક' તારા લખપતના મૂલ (૨)
તારી મોટરું ઉપર મારી માતાજી ડૂલ, કરને તારા હાથના તુ મૂલ

રે'વા દે, રે'વા દે, ભૂખની બારસ કરવા મારી મો'લાતના મૂલ,
મારી સાહ્યબીમા મળશે તારુ ખાનદાન ધૂળ,
એવા મારા આકરા છે મૂલ !

+

કરને 'ભગુ' તારા ભણુતરના મૂલ (૨)
પોથા, થોથા ને વાણુો માથે ડૂલ, કહેને તારા શા શા છે મૂલ ?

*

રે વહેવારી વાણિયા કરને કુલીનતના મૂલ (૨)
તારી ખાનદાની ઉપર થાઉં ડૂલ. કરને તારી માણસાઈના મૂલ.
રે'વા દે, રે'વા દે એ રાંકના રતન ! પૂછવા મારી ગરીબીના મૂલ
હું થી તાગ, તું થી મારા વધે અધિકાં મૂલ.
એવા અંતરનાં મૂલ !

*

રે'વા દે વાણિયણ કરવા આપણાં તું મૂલ. માનવીના મૂલ.
હોય નહિ માનવીના, હોયે માટીના મૂલ ! હોય દેહાંના મૂલ !

અસંસ્કારીની સંસ્કારભૂખ

આ દેશમા ખેડૂતોને જેમ આકાશવૃત્તિ ઉપર આધાર છે તેમ અન્ય મજૂરીઓને પણ કામ આપનારની કૃપા ઉપર જ જીવવાનુ હોય છે. પડતો પગીનો વધાવવા છતાય તેને નથી હોતી સદાય કામ મળી રહેવાની સંભાવના કે નથી હોતી તેના હાથમાનુ કામ લાગ-વગથી અન્ય કોઈ નહિ પડાવી જાય તે વિષેની ખાતરી. આથી હાથમાનુ કામ ટકાવવા માટે માલિકને રાજી રાખવાની ચિંતા તેણે કાયમ રાખ્યા જ કરવાની હોય છે. ભગિયણુ લાખુ આ જ કારણે લોહી-ચાર્યાં મોએ પણ બીજે જ નિયમે વાડીમા કામ કરવા આવી હતી હજુ તો બાર કલાક પહેલા જ તેનો ધણી ગોમલો ભગી આ ફાની દુનિયા છોડીને ચાલ્યો ગયો હતો હજુ તો દસ કલાક પહેલાં જ જ્યારે નાતીલાઓએ દારૂ લીધા વગર તેની નનામી ઉપાડવાની ચોખ્ખી ના પાડી ત્યારે પાડોશી ટેકની મદદથી કેડમા છોકરો અને કાંધે નનામી લઈને ચોધાર આંસુએ રડતી રડતી તે સ્મશાને ગઈ હતી. અને હજુ તો સાત કલાક પહેલા જ પૂરતા બળતણના અભાવે અર્ધબળેલી પતિ-ની ચિતા સ્મશાનમા ધૂંધવાતી મૂકીને તે આવી હતી ત્યા તો—આગના સ્નાન સૂકાય તે પહેલા તો—ગગા રમવાને પાડોશીની બોબડી ગંગા પાસે મૂકીને તે ભીંજાણી નિત્યના સમયે પોતાના કામે આવી હતી !

'લાખુ, સોમલો તો ગઈકાલે જ મરી ગયો ત્યા આટલામા આજ ને આજ કામે શુ કામ આવી ? પદર દિવસ ઘરે રહેવુ હતુ ને ! શેઠ પગાર નહિ કાપે માણસના ઘા તો ર ક—ધનિક સૌને સરખા વસમા લાગે. તુ તારે જા, બીજા કોઈને બોલાવીને કામ કરાવી લઈશુ.'

'માળી દાદા, શેઠનો તો આધાર છે એટલે પગાર નયે કાપે, પણ અમારે ગરીબોએ પણ જોવુ જોઈએ ને, કે કામ કર્યા વિના પગાર કેમ મળે ? મારાથી મગાય પણ કેમ ? બાકી તો આ જગમા કામ કરીએ ત્યા સુધી સૌને સારા લાગીએ મરનારો તો મરી ગયો, પણ પાછળ પડેલાના પેટ થોડા મર્યા છે ? ટાણુ થયે માગી લેશે કામ ન કરુ તો તેને કયાથી આપુ ? અમારી પાસે દોલત થોડી જ પડી છે કે વટાવીને ખાશુ ?'

'પણ દુ ખ ઈ દુઃખ ! બે–પાચ દિવસ ઘરે રહ્યે દિલનો ભાર જરા હલકો થાય અને છોકરો એના બાપને ભૂલી જાય, તેથી બે–પાચ દિવસ ઘરે રહેવામા વાધો નહિ એમ હુ તો સમજુ.'

'દાદા, ગરીબને વળી દુ ખ શું અને સુખ શુ ? પશુ વગહે જીનતર પૂરું કરવાનું હોય અમારે તો મરણ અને જનમ, વિવા' કે વરસી, બધુ સરખુ ! દુ ખ આવે તો કામ કરતા કરતા રોઈ નાખીએ અને લગન આવે તોય કામ કરતા કરતા માણી નાખીએ—સુખ અને દુ ખ બધુ કામમા ! દાદા, અમે થોડા તાલેવર છીએ કે ઘરનો ખૂણો પકડીને દુ ખ માણીએ ? જો અમે દુ ખને રડવા બેસી રહીએ તો ભૂખ્યા પેટને કોણ છાનુ રાખે ? ભૂખનુ દુ ખ સૌથી મોટુ છે. ભૂખ કરતા ભાલા ભલા ! શાહુકારોને ભૂખ ન લાગે તે એને મન મોટું દુ'ખ ગણાય, જ્યારે અમને કુદરતી લાગેલી ભૂખ પણ વસમી લાગે તેવી દુ ખદાયક હોય છે.

'અમારે તો જીવતા જીવની વળગણુ !' મૂઆ પછી એ એને માગે'

અને જીવનાર જીવનારને માર્ગે મર્યું ઈ છૂટયુ એને સભારીને થોડુ બેસી રે'વાય ! કયા જોર પર બેસીએ ? બચારો ભગિયો કામ કરતા કરતા મૂઓ માદા માદા અને ખાસી ખાતા ખાતા અનરવા શરીરે મૂઆના મટ સુધી તેણે કામ ખેચ્યુ જ્યારે ગાત્ર અટકયાં ત્યારે ઢગલો થઈને પાછો ઊભો ન થયો. દાદા, કાઈ મરવા જેવડો નહોતો. મેમા પલળ્યો એટલે શરદી ભરાઈને તાવ આવ્યો, તોય કામ કર્યા કર્યું અને ટાઢ બહુ ચડી એટલે પલળેલા ઓટલે ઓઢયા વગર ટૂટિયુ વાળીને ખાધાપીધા વગરનો પડયો રહ્યો. એમા ન્યુમોનિયા થઈ ગયો. બીચારાને તાવમા ઘરે પહોચવાના સોકારા નો'તા. હું બાજુવાળા શેઠની છોકરીના લગન હતા એટલે સવારની ત્યા જ હતી ખબર પડી એટલે છાનીમાની ભાગીને ઘરે આવી અને દોડી દાકતરને દવાખાને. એક કલાક ત્યા તપ કરી દવા વગર જ જ્યારે ઘરે ગઈ ત્યારે મારા કરમ ફૂટી ગયા હતા. મારા હાથનું આખરનુ પાવળુ પાણી પણ બીચારો ન પામ્યો–આટલુ દિલમા ખટકે છે એ બીચારો કામ કરતા કરતા મૂઓ અને મારેય તેને કામ કરતાં કરતા જ ભૂલવો રહ્યો '

'એ તો છે જ ને ! પણ થોડા દિવસ ઘરે રહે અને છોકરાને એના બાપનો હેડો ભુલાવી દે નીકર એ ગભરુ રોઈ રોઈને અધું થઈ જશે '

'એય ખરુ દાદા ! એના બાપનો બહુ હેવાયો છે બે દિવસ થયા દેખતો નથી એટલે બાઘા જેવો થઈ ગયો છે એ તો ધીમે ધીમે ભૂલી જશે આજે નોકરીમાથી પગ કાઢવો સારો નહિ ઘણા ટાપીને બેઠા હોય. વીસ સંડાસની આ એકલી વાડી માટે તો છોકરાના બાપે સો–સવાસો રૂપિયાનુ પાણી કર્યું હતું મૂઓ મુકાદમ તો રાહ જોઈને જ બેઠો છે. હું મૂકુ એટલી જ વાર છે. આ કળજુગમા ઓળખ માત્ર આખની ! આખ મિચાણી એટલે બધુ બધ.

સાઈ જાય અને સાઈની શરમ પણ જાય ! કામ હશે તો દુ ખ પણ ભુલાશે, દુ ખિયાને કામ મોટુ આશ્વાસન છે. કામ કરતા કરતા દુ ખ રડી નાખીશ અને રામલોય એના બાપને નહિ દેખે એટલે ધીમે ધીમે ભૂલી જશે. રોજીમા દુ ખનો ખરો ઉપાય છે કામ આડે ગમે તેવા દુ:ખ પણ કોઠે પડી જાય.'

'સમજ્યો ! ત્યારે એમ કર, તુ સવાર—સાજ સ ડાસ સાફ કરી જજે વાડી હુ જ વાળી નાખીશ બહારનાનો પગ વાડીમા નહિ ઘાલુ, બસ ! પ દર દિવસ સુખેદુ:ખે કાઢી નાખીશુ સુખદુ ખ સૌના સરખા. નોકરીની ચિ તા કરીશ મા. આજે તારો વારો તો કાલે મારો. દ્યા હશે તો જિવાશે, નહિતર જાશુ જ તર વગાડતા મારા બાપ પાસે—કોઈ ભાવેય નહિ પૂછે !'

*

સોમલો લાખુનો બીજો વારનો ધણી હતો તેનો આગલો ધણી મકનો મોટર નીચે પિલાઈને મરી ગયા પછી થોડે વખતે તેણે સોમલા સાથે ઘર માડ્યુ સોમલાની વહુ કાશી આઠમે મહિને કઠેરા વગરને કૂવે પાણી ભરતા ભારે શરીર હાથમા ન રહ્યુ એટલે પડી ડૂબ઼ામા અને ત્યા જ રામશરણ પામી ગઈ દસ કલાકે માડ માડ મુડદુ કાઢયું હતું આમા પચાસ જેટલા રૂપિયાનુ પાણી થયુ અને આઠેક દિવસ પોલીસે હેરાન કર્યો એ જુદો !

લાખુ દેશમા 'ઠક્કરબાપા'ની નિશાળમા થોડુ ઘણુ ભણી હતી. ત્યા હરિજન સેવકોનો બોધ અને ગાધીજીનુ નામ અનેક વખત સાભળ્યા હતા. એક—બે વખત દર્શન પણ કર્યા હતા ત્યારથી એને પોતાની ન્યાતમાથી ઊંચે આવવાનું મન થયુ હતુ તેને સમજાયુ હતુ કે 'પેટ ખાતર કામ તો ગમે તે કરીએ, પણ સરકારમા શુ

કામ નીચા રહીએ ? મનથી હૈયાદૂબળા શું કામ થઈએ ? સસ્કાર કાંઈ શાહુકારનો ઇજારો નથી ! થોડો વખત તો વાણિયા–બ્રાહ્મણની પેઠે તેને બીજુ ઘર કરવાનુ ન ગમ્યું, પણ બીચારી કરે શુ ? ભગીની જાત – રોજનું કમાઈ ને રોજ ખાનાર, એમા પણ ભીખ વિના પૂરુ–પાધરું પેટ ભરાય નહિ ત્યા થોડા તેના વિચારો કે ભાવના કામ આવે છે ? બાકી ગરીબોને પણ પ્રેમ હોય છે તેનેય દિલમા પોતાના માણસ માટે કોમળ લાગણી હોય છે. તેનેય તેનુ સ્મરણ થતુ હોય છે. છતાય બધુય ભૂલવુ પડે છે તેને ધણીની મૂકેલી મૂડી ઉપર કે ધનિક સાસુ–સસરાના ઊભરાતા હેત ઉપર લાડકો રડાપો ગાળવાનો હોતો નથી. જગતમા ધણી તો ધનિક અને રક બનેના કમભાગ્યે મરે છે. ત્યા દિલનુ દુખ પણ બનેને હોય છે. બનેના જીવનમા ઘડી-ભર અધકાર થઈ જાય છે પણ એકનુ દુખ સાધનબળે વિસરાય છે, રોટીની નિશ્ચિતતા આશાનો ચમકારો તેના અધારા દિલમા પ્રગ-ટાવે છે, જ્યારે બીજીને બીજા જ દિવસથી કામ કરતા કરતા એ આસુ પાડી દુઃખ ભૂલવાનું અને રોજના શ્રમ ઉપર જ રોટીની આશા રાખવાનુ હોય છે. તેને નથી તો ધનનુ રક્ષણ કે નથી ધરમનુ ! ધનિકનુ રક્ષણ–જતન તેનુ ધન કરે છે–ધરમ કરે છે, એટલે તેને લાડકો રડાપો પાળવો પરવડે, સતીધર્મ તેને સુલભ બને, જ્યારે ગરીબો-ને રોટી માટે કામ જોઈએ, રક્ષણ માટે કોઈની આડશ જોઈએ, કોઈનો કોતાર જોઈએ કે જેને ભરોસે તે જીવન પૂરુ કરે !

*

લાખુની એક સાસારિક ભાગીદારી તૂટી–ક્રૂર કાળે તોડી નાખી–તો તેને ટકવા માટે બીજી ભાગીદારી બાધવી પડી. સોમલો તેના જીવનનો ભાગી થયો અને લાખુના અધારા જીવનમાં તેજ પુરાયું. બને એકબીજાથી સુખી હતા બને મહેનતુ હતા. લાખુને સોમલા-

નો ભોળિયો સ્વભાવ ગમતો તો સોમલાને ઠક્કરઆપાની નિશાળમા ભણેની લાખુ માટે માન હતુ 'ભણેલુ માણુસ પણ ભાગ્ય હોય તો જ મળે' એમ તે માનતો. કામથી થાકી નવરા પડે ત્યારે તે ભણતરની ચમત્કારિક વાતો લાખુ પાસેથી સાભળતો તે લાખુને રાજી રાખવા તેની આડે પડીને કામ કરતો તેણે પોતાના જીવનમા લાખુના આવ્યા પછી ઘણા ફેરફાર કર્યા: ખરાબ માણસોની સોબત તજી, વારતહેવારે રમાતો જુગાર તજ્યો, દારૂ તજી એ ભગત થયો લાખુ આ બધુ જોતી અને મનમા કોઈ અજબ સતોષ આ ગરીબીમા માણતી એને લાગતુ કે ઠક્કરબાપાની સરકારની પ્રસાદી એળે નથી ગઇ.

હજુ તો આઠ દિવસ પહેલા જ નાના રામલાને રમાડતાં રમાડતા સોમલે જયારે લાખુને કીધુ કે, 'લાખુ, હુ તો કઈ ભણ્યો નહિ અને વૈતરા આડે આ ભવમા હવે કાંઈ ભણાય પણ નહિ વળી મારામા એવી અક્કલ પણ નથી કે નથી કોઈ ગુરુનો પજો કે પાકે ઘડે કાઠા ચડે પણ આ રામલાને ભણાવવો છે. એ ભણીને આપણા ભગીની નિશાળમા માસ્તર થાય અને પોપટની પેઠે રામાયણ જેવી મોટી મોટી ચોપડીયુ કડકડાટ વાચે તો મને ટાઢક થાય આ સાવરણો અને સૂડલો હવે નથી ગમતા તૂટી મરીએ તોય જિવારો નહિ, અને ગામ આખાનો કચરો તથા ગદવાડ કાઢી ફૂલફટાક જેવું કરી દઈએ તોય આબરૂ નહિ, બે મીઠા વેણુની આશા નહિ ઊલટાં સૌ કૂતરાની પેઠે હાડ હાડ કરે તે કરતા તો થોડુ ભણે તો માથા-ઝીંકમાથી તો છૂટે! હુ બધુ કામ કરીશ. તારે બદલે વાડીયુનુ કામ પણ હુ સભાળીશ તુ તારે આ છોકરાને ભણાવીને બાલિસ્ટર જેવો પોપટ બનાવી દે મારે એને ઝાડુ મારનારો મુકાદમ કે સા'બની ગાળ્યું ખાનારો ભગિયો નથી બનાવવો—માણુસ બનાવવો છે. આ મહિને પગાર આવવા દે એટલે એના સારૂ કોટ—પાટલૂન પણ લઈ આપું.

આપણે આમેય કયા પૈસા ભેળા થવાના છે !' લાખુના મો ઉપર તેજ ચમકી ગયુ. તેણે રામલાને ગાલે ચૂમી ભરી અને મજાકમા સોમલાને જવાબ આપ્યો કે, 'ત્યારે તમે તો બાલિસ્ટરના બાપ થવાના, એમ ને' બાપ–દીકરો અમારી ઓળખાણ ત્યારે રાખજો !' ત્યારે તેને કયા ખબર હતી કે મોત એના બારણામા ડોકિયુ કરતું હતુ. એને કયા ખબર હતી કે કુદરતે કંઈ બીજુ જ ધારી રાખ્યું હતુ

છોકરા સૌને ગમે છે તે સારા, આબરૂદાર અને સુખી થાય તેવી ભાવના પણ સૌને હોય છે પણ ભાવનાની પૂર્તિ માટે સૌ પાસે સરખી સ્થિતિ કે સાધનો નથી હોતા ગરીબ બીચારો ભગિયો ! એને ભણેલી લાખુ ગમે છે. પોતે નથી ભણ્યો તેનુ દુ:ખ ધરી મનોમન પ્રાયશ્ચિત્ત કરે છે અને એનો રામલો ભણીને પોપટ જેવુ કડાકડ બોલે અને મોટા સા'બને પણ જવાબ આપે તેવો બાલિસ્ટર થાય તેય ગમે છે. પણ તેને એવો બનાવવા તેની પાસે બીજુ તો કંઈ નથી–નથી સાધન કે સહાય, પણ છે એક માત્ર શરીરનો શ્રમ, પસીનો પાડવાની હિંમત, સંસ્કારના મૂલ્યની કિંમત અને લાખુના જ્ઞાનમા શ્રદ્ધા ! તેથી જ લાખુને બદલે થોડું વધુ કામ ખેંચવુ પડે તો તે ખેંચવા અને પોતે તો માગીને આખો ભવ ચીંથરા શરીરે વીંટયા છે પણ બેરિસ્ટર રામલાને કોટ–પાટલૂન લઈ આપવાની ભાવના તેને થાય છે. માનવીની આ સંસ્કારભૂખ ! પણ કમભાગ્યે સૌની ભૂખ નથી સંતોષાતી તેથી જ સ્થિતિ અને સંસ્કારોમા જે ઊતરતા છે તે મોટે ભાગે કાયમ ઊતરતા જ રહે છે સંસ્કાર, તાલીમ અને સક્રિય સહાનુભૂતિ જ માણસને ઊંચે લાવે છે પણ આ સંસ્કાર અને તાલીમ ગરીબો લાવે કયાથી ? કેવી રીતે ખરીદે ? મહેનતનુ મહેનતાણુ પણ જયા પૂરુ–પાધરુ ન મળે ત્યા બીજી સહાનુભૂતિની તો આશા કેમ રાખી શકાય ? એટલે તે કાયમ નીચા જ રહે છે. ગરીબો પોતાની

કાયમની પતિતદશાનુ કારણ જાણે છે તેનો કઈ ઉપાય તેની પાસે નથી તે પણ જાણે છે. પોતાની પ્રજાની ઘોર ભાવિ સ્થિતિ પણ તે સમજે છે છોકરાઓ તેના દુઃખી જીવનમા કઈ ફેરફાર કરી શકે કે પોતે તેને જન્માવીને સુખી કે સસ્કારી બનાવી શકે તેમ નથી દેખાતુ એટલે પાછળ પ્રજા મૂકી જવામા તેઓને આનદ નથી હોતો. છતા પણ દિલની એકાત ભૂલવા માટે અને પોતાની પરપરા ચાલુ રાખવાનો મિથ્યા મોહ પોષવા માટે જ છોકરાઓ તેને જોઈએ છે એટલે ગરીબ અને ધનિકના દિલની મમતામા, છોકરાની પાછળની ભાવનામા અને તેઓના સાસારિક જીવન અને સામાજિક પ્રશ્નોમા આ કારણે મહાન અતર હોય છે

*

સોમલો ગયો તેણે કઈ ભલામણ નહોતી કરી. લાખુએ કેમ જીવવુ, બીજુ ઘર કરવુ કે નહિ, તે વાતની પણ તેને કઈ નહોતી પડી કારણકે તેઓને રોજેરોજનું જીવન જયા પસીનામાથી જ સર્જાવવાનુ રહ્યુ ત્યા બીજી ભલામણનો અર્થ પણ શુ ? મગવડ હશે તેમ કરશે અને જીવીને એક કાળે તે મરી પણ જશે એમ જ તેણે માન્યુ હશે ! જગતની આખમા આબરૂ તો નહોતી, એટલે ‘ કુળની આબરૂ દીપાવજે ’ એટલે કે ‘ રડાપો પાળજે ’ એવી સદાચારની વાતો પણ નહોતી કરી માત્ર એક જ વસ્તુ તેના દિલમા હતી કે છોકરાને ઉજેરજે અને ભણાવજે ! સસ્કારભૂખ્યા અસસ્કારી માનવીની આ એક વાતને લાખુ બરાબર સમજી હતી, તેથી તેની આ આખરી ઇચ્છા પૂરી કરવાનુ તેણે મનોમન નક્કી કર્યુ.

તેને લાગ્યુ કે જો તે ફરી બીજુ ઘર કરે તો ત્યા છોકરો બરાબર ઊજરે નહિ, તેને ભણાવાય નહિ નવો ધણી કદાપિ તેને રાખે તો તેય વૈતરુ ખેચવા માટે પારકાનો જણ્યો કોને પાલવે ? અને ગરીબ

માણસ એવી અર્થ વગરની દયા પણ કેમ ખાઈ શકે? તેથી તેણે નિશ્ચય કરી લીધો કે હવે તો છોકરાને ખાતર તેણે બીજુ ઘર ન જ કરવુ તેની ગરીબ આંખમા સતી કે ફરી વખત પરણેલી વચ્ચે ખાસ કંઈ અંતર નહોતુ. ખપ હોય તો પરણે, ખપ ન હોય તો ન પરણે, એમા કંઈ માણસમા ફરક નથી પડતો એટલુ એ જાણતી. બીજી વખત ન પરણે તો સતી કહેવાય અને લગ્નની જરૂરિયાત હોય તો પણ જો લગ્ન કરે તો સતી ન રહેવાય તેવો ઊંડા ખ્યાલ પણ તેને નહોતો સતીત્વ એ સ્ત્રીના લગ્નની સંખ્યાનો વિષય નથી પણ તેના દિલની શુભનિષ્ઠા (Fidelity)નો વિષય છે તેવી લગ્નજીવનની મીમાંસા પણ તે નહોતી જાણતી. પાંચ પતિની પત્ની બનેલી પાંચાલી, જુનાગઢના રા'માંડલિકને પરચો બતાવનારી પુનઃલગ્ન કરેલી સરસઈની આઈ નાગબાઈ કે વિભીષણ સાથે રાવણના મૃત્યુ પછી પરણેલી મંદોદરી શા કારણે સતી ગણાઈ હશે તે વાતનો તાગ પણ તેણે કદી કાઢ્યો નહોતો લગ્નવિષયક ગૂઢ વાતોનુ તેને ખાસ કંઈ ભાન નહોતુ પણ એક જ દૃઢ ખ્યાલ હતો કે સોમલાએ કોઈ દી કંઈ કામ તેને ચીંધ્યુ નથી કે કાંઈ કરવાનુ કીધુ નથી, પણ જીવ્યો ત્યા સુધી બીચારે તેના બધા કામ કર્યા છે, તેણે કીધુ તેમ કર્યું છે અને તેને રાજી રાખવા તપસી જેવુ તપ પણ કર્યું છે તો તેણે તેનુ આખરનુ એક કહ્યુ કરવુ– છોકરાને ઉછેરવો અને ભણાવવો આ ભાવનાની પાછળ સતી બનવાનો ભ્રામક ભાવ કે ઘમંડ નહોતો, પણ મરનારે અનેક ઉપકાર કર્યા છે તો તેણે તેનુ એક કાર્ય કરવુ ઘટે એવું કર્તવ્યભાન જ તેના મનમા હતુ.

*

સગાવહાલાએ તેને બીજુ ઘર માંડીને બેસી જવાનુ કહ્યુ. ઘણાએ સલાહ પણ આપી કોઈ ઉમેદવાર પણ તૈયાર થઈ ગયા પણ સૌને

એક જ જવાબ મળ્યો કે મોમલાની આખરની એક પ્રસાદીનુ જતન કરવુ છે જો ફરી લગન કરુ તો છોકરો ઊજરે નહિ, ભણેય નહિ અને મરનારનુ વેણ પળે નહિ મારો નિશ્ચય તો હીરની ગાઠ અને માથે તેલના ટીપા જેવો સમજવો !

ભોળી બીચારી લાખુ ! તેને કયા ખબર હતી કે એક વેણ કેવડું છે ? તેની પાછળ શુ શુ પડયુ છે ? તેને કયા ખબર હતી કે એક કણ્ કરતા જીવન આખુ જલાવી નાખવુ પડશે, અગ્નિપરીક્ષા આપવી પડશે, અને એકલુ–અટૂલુ આધાર વગરનુ રંક જીવન જગતના અનેક આકરા ઝઝાવાતમા વહેતુ મૂકતા ખાડા–ખરાબા સહવા પડશે !

.. પણ લાખુ વજ્રનિશ્ચયની હતી !

દાનનો પલટાતો પ્રવાહ

'ચોખેજી! ધર્મના ઈજારદારો મારફત પુણ્ય કમાવા માટે મારે હવે દાન નથી કરવુ. મૃત્યુ પછી પરલોકમા કોઈ સુદર પદની પ્રાપ્તિ માટે પણ મારે હવે દાન નથી કરવુ. તમારી રીતે ભગવાનને રીઝવવા કે ધર્મનો ઉદ્યોત કરવાયે દાન નથી કરવુ. અને મોટા દાનેશ્વરી તરીકે જગત મને ઓળખે અને વાહવાહથી નવાજે એટલા માટે પણ નથી કરવુ. અનેક અનુભવો પછી દાનના બધા પ્રકારોમાથી મારી શ્રદ્ધા ઊઠી ગઈ છે અને દાનની યથાર્થ દિશા મને સમજાણી છે.

'માનવસમાજમાથી રળ્યો છું તો તેના ઉપયોગ માટે થોડુ-ઘણું આપીને હવે તો ઋણમુક્ત થવુ છે. એક માનવી તરીકે મારા માનવબધુઓને ઉપયોગી થવુ છે દાનનો સાચો અર્થ લાબા અનુભવે મને સમજાયો છે, એટલે હવે તો ખુલ્લી આખે સમાજમા અને ગામમા ફરીને કયા કયા મારો અને મારા દ્રવ્યનો ઉપયોગ થઈ શકે તે જોઈને જાતે જ નિર્ણય અને જાતે જ ઉપયોગ કરવાનુ મે નક્કી કર્યું છે. દાન એટલે એક બાધવ તરીકે સમજપૂર્વક ખરા ઉપયોગ માટે આપી છૂટવુ તે. આ વસ્તુ મને હવે સમજાઈ હોવાથી શ્રીનાથજીની ભેટમા મારાથી કઈ નહિ આપી શકાય. તમારે ત્યા ઉપયોગ કરતા ઉપભોગ કે આડબર વધારે છે. આ લોક કરતા પરલોકનો

ખ્યાલ અને લાલચ વધારે છે. હાજરાહજૂર જનતા–જનાર્દન કરતાં પરલોકમા કે આકાશમા વસી રહેલા પ્રભુની પૂજા વધારે છે જ્યારે મને તો પરમપિતાના બાળક જેવા માનવીઓ માટે–એ જીવતા જીવો માટે–કઇંક કરી છૂટવાનું ગમે છે. લાબા વિચાર અને અનુભવ પછી લાગ્યુ છે કે માનવસેવા એ જ સાચી પ્રભુસેવા છે. પ્રભુ સુધી સેવા પહોચવાનો સાચો માર્ગ માનવસેવા જ છે. જગતના દિલ–દાઝયા માનવીઓને જો રીઝવી શકુ–પરમપિતાના એ બાળકોને જો રીઝવી શકુ–તો વિશ્વપિતા પ્રભુ પણ રીઝશે જ એવી મને ખાતરી છે '

' પણ શેઠજી ! ધર્મસસ્થાઓ કયા જશે ? તમારા જેવા શેઠિયાઓ જો આમ કરશે તો ધર્મ કેમ ટકશે ? "

' ભગવાન જાણે કેમ ટકશે ! હુ શુ જાણુ ? ધર્મ ટકવા જેવો હશે તો ટકશે, ટકાવવાની પ્રમાણિક ઇચ્છા હશે તો જરૂર ટકશે પણ તમે તો ધર્મને કાઢી ધર્માડબર રાખવા માગો છો તમારે તો ભીખની ગાદી ટકાવવી છે અને અમને હથિયાર તરીકે વાપરવા છે છપ્પનભોગ, હિડોલ અને પ્રસાદો દ્વારા કેટલા સુખ, શાતિ અને માણસાઈ તમે વધાર્યા કે વિકસાવ્યા ? ખરી રીતે તો તમારા પોતાના અગત સુખ–સગવડ અને સાહ્યબી માટે ધર્મના નામે અમને લૂટ્યા છે. હવે તો છોડો ! કૃપા કરીને સિધાવો અને આ નિમિત્તે કરીને હવે મારી પાસે આવશો નહિ ! હવે હુ તમારી જમાતનો નથી રહ્યો, તમારી ચોપાટનુ મોગરું નથી રહ્યો. '

મથુરાથી આવેલા ચોબાજીને આવો જવાબ આપીને શેઠે વળાવ્યા આસપાસ બેઠલા સૌને નવાઈ લાગી કે શેઠ કેમ પલટ્યા ? આવી સુબુદ્ધિ શેઠને કયારથી સૂઝી ?

શેઠ દિલના શાહુકાર હતા તેથી કે ધનિક હતા તેથી લોકો તેને શાહુકાર કહેતા એ તો પ્રભુ જાણે, પણ લોકો તેને શમ્ભુ શાહુકારને

નામથી ઓળખતા નાના-મોટા, ભણેલાં-અભણ સૌ તેને 'શભુ શાહુકાર' કહેતા મૂળે તો ઘણા જ ગરીબ. બાપના મૃત્યુ પછી માતાની મજૂરીથી નજીવું ભણીને પરદેશ ગયેલા. ત્યાં મહેનત અને ભાગ્યથી રળી શકયા ઠીક ઠીક સ્થિતિ પ્રાપ્ત થઈ ત્યારે વહાલું વતન યાદ આવ્યુ. માતાએ મજૂરી કરી કઈ આશાએ ઉછેર્યા હતા એ યાદ આવ્યુ અને સાચી ધર્મકીર્તિ તથા માનવપ્રીતિના પ્રતાપે જ જીવન જીવવા જેવુ રહ્યુ હતું તે પણ યાદ આવ્યું. આ બધા ઉપરાત પોતાની ભૂતકાળની ગરીબી પરથી દુખીની દુનિયા યાદ આવી અને કઈક કરી છૂટવાની વૃત્તિ જાગી.

'દાનની બાબતમા લાબા તર્કવિતર્ક ન કરતા આંખ મીચીને આપવુ. તેમાથી કોઈ પાત્ર નીકળી આવશે તોય કલ્યાણ થઈ જશે' આવી પ્રચલિત માન્યતાને લીધે આખ મીચીને તેઓ યથાશક્તિ અવારનવાર આપતા. શરૂઆતમા ધાર્મિક બાબતો તરફ તેનુ વલણ અને વૃત્તિ હતા, તેથી ધર્મકાર્યમા જ તેણે માનવસમાજની શાતિ અને સુખ જોયા અને ધર્મની સસ્થામા આપેલુ જ દાન ગણાય તેમ માન્યુ પોતે વૈષ્ણવ હતા તેથી ગોસાઈજી દ્વારા પોતાના દાનનો ઉપયોગ કરાવ્યો બ્રાહ્મણો, ગોસાઈઓ અને બાવા-સાધુઓને ધરવ્યા, ફૂલહિંડોલ કરાવ્યા, દેવમૂર્તિને વસ્ત્રાભૂષણોની ભેટ કરી, અન્નકૂટ ભરાવ્યા અને હવેલીઓમા નગદ ભેટો પણ આપી. શ્રીનાથજીમા વારવાર ભેટો મોકલતા

પણ એક દિવસ તેની આખ ખૂલી ગઈ પોતાના દાનના પ્રતાપે તાગડધિન્ના કરતા મહાનુભાવોને તેના ખરા સ્વરૂપમાં એણે ઓળખ્યા મથુરામા જ્યારે તેણે જોયું કે ધર્મશાળામા પડેલા એક બીમારને મદદ કરવાને બદલે તેના સચાલકોએ બહાર કાઢયો, જ્યા રસ્તા પર તેનું મૃત્યુ થયુ; ત્યારે તેણે મદિરના અધિકારીને આ વાત પહો-

ચાડેની, પણ ધર્મના દ્રવ્યનો ઉપયોગ એમા કેમ થાય ? અને એમ જેની તેની પર દયા કરવા બેસે તો પાર પણ ક્યા આવે ? આવો ટૂંકો જવાબ મળ્યો.

આ ઉપરાત એક બીજો પ્રસગ પણ તે જ દિવસે બન્યો ખુલ્લા મેદાનમા મન્દિરની ગાયોને ઘાસ નાખવામા આવેલુ, તેમા બહારની બે ગાયો ચરવા આવી ચડી, એટલે મદિરના રખવાળોએ તે ગાયોને માર મારી ડબ્બામા પુરાવી, જ્યા તે એક દિવસ ને રાત ભૂખી–તરસી રહી. બીજે દિવસે તેનો છૂટકો થયો આ વાત પણ અધિકારીને જણાવવામા આવી, પણ તેણે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો કે ‘ એમ પારકી ગાયોને ચરવા કેમ દેવાય ?’ જોકે એ ઘાસ તો ગાયો માટે કોઈ દાનેશ્વરીએ જ આપેલુ, પણ પોતાની માલિકી સિવાયની બીજી ગાયોને કેમ ખાવા દેવાય ?

એક સ્થળે બ્રહ્મભોજન ચાલતુ હતું. રસ્તા બાધી લીધા હતા. લાડુઓ ઝડપથી ભૂદેવોના જઠરમા ગોઠવાતા હતા બહાર એકઠુ થયેલુ ભૂખ્યાઓનુ ટોળુ માર ખાઈ રહ્યુ હતુ બ્રાહ્મણોના મુખારવિદમાથી ગલીચ ભાષાનો પ્રવાહ વહી રહ્યો હતો શભુ શાહુકારે આ બધુ જોયુ. તેનુ દિલ દ્રવી ઊઠ્યુ મન્દિરમા અને તેના અધિકારમાં માલિકી–હક્કની બૂરી બદબો આવી ધર્મને બદલે ધર્માધપણુ દેખાયુ પોતાના જેવા ધાર્મિક વૃત્તિવાળાઓ તેના હથિયાર જેવા લાગ્યા આમા પ્રજાનુ કેટલું કલ્યાણ ? માનવજાતનુ કેટલુ કલ્યાણ ? પ્રજાની કઈ જરૂરિયાત આમા પૂરી પડી ? પ્રજામા સુખશાતિ કેટલા પ્રમાણમા વધ્યા ? મનમા ઊઠેલા આ બધા પ્રશ્નોએ તેને વિહ્વળ કરી મૂકયા તેને થયુ કે સખ્ત મહેનત કરીને હુ રળ્યો, એ દ્રવ્યનુ મે દાન કર્યું, મારા જેવા અનેકે પણ આમ કર્યું, અને તેનો આ ઉપયોગ ? આ ઉપરાન તેણે વારસા–હક્કના ઝઘડાઓમા ધાર્મિક જનતાનુ પરસેવાનું ધન કોર્ટે વેડફાતુ દેખ્યું

ગાદીપતિ બનવાની દોડધામ દેખી. ભોળિયો શાહુકાર ચોકી ઊઠયો. તેનું દિલ ઊઠી ગયુ તે પાછુ ફરીથી વખત તે બાજુ ન વળ્યુ તે ન જ વળ્યું

*

નાના નિર્દોષ બાળકો માટે કંઈ કરવામા આવે તો ઠીક એમ તેને પોતાના વિસરાયેલા અને દુ.ખમા વિતાવેલા બાળજીવન પરથી લાગ્યુ ગરીબોના બાળકોને કોણ પપાળે? કોણ લાડ લડાવે? તેને વાપરવા પૈસો-ટકો કે ખાવાનું આપી તેના દિલમા સાલતુ ગરીબીનું દુ ખ કોણ ભુલાવે? તેના દિલના આનંદની કોને પડી છે? પ્રજાનુ માનસ ઘડવા માટે સ્થિતિભેદના ઝેર કાઢવાની જરૂર છે, અને એ તો તેને અપનાવવામા આવે તો જ નીકળે આ વિચારે દરરોજ ખિસ્સામા છૂટા પૈસા અને થેલીમા ખાવાનુ રાખી જે કોઈ બાળક મળે તેને વહેચવાનુ ચાલુ રાખ્યુ રોજના બે-ચાર રૂપિયાના પેસા આ રીતે વહેચી આપે આ રીતે બાળકોમા એ ખૂબ પ્રિય થઈ પડેલા હોવાથી બાળકો તેમની આસપાસ ટોળે વળતા. ટોળે વળેલા એ બાળકોને નીતિની, શૌર્યની અને દેશની વાતો કરે ચાલુ દેશકાળની સ્થિતિ સમજાવે દેશનેતાઓની ટૂકી ઓળખાણ આપે અને તેમના આત્મભોગની રોમાચક વાતો કહે

આ પ્રવૃત્તિથી અલબત્ત તેમના દિલને થોડો સતોષ થયો, પરતુ મનનુ સપૂર્ણ સમાધાન ન થયુ ગામને શાની જરૂરિયાત છે, કઈ બાબતમા તે બીજાની સહાયની અપેક્ષા રાખે છે, એ શોધવા માટે તેણે પ્રયત્ન કરવા માડયો. આ અરસામા કઠોડા વગરને કૂવે પાણી સીચતા એક બાઈ કૂવામા પડી જઈને મરી જવાનો પ્રસગ બન્યો. શભુ શેઠના દિલને આઘાત લાગ્યો. બીજા દિવસથી જ ગામના જીર્ણ, ગદા અને અવાવરુ જળાશયો શોધી કાઢયા અને તે બધા સાફ કરાવી

રિપેર કરાવ્યા અને પછી સુતારી બહેનોને સમજ પડી [illegible] માથી ઉગારી લીધી. જ્યાં જ્યાં જગા હુપ [illegible] હોય ત્યાં [illegible] નવા જળાશયો બંધાવી આપ્યા. આ સેવા [illegible] તેને આત્મસંતોષ થયો કે પ્રજા પાસેથી [illegible] ગોગમા આવી શકયો

તેમનું ગામ બહુ મોટું શહેર પણ નહિ અને બહુ [illegible] નહિ એવું લગભગ ૧૫ હજારની વસ્તીવાળું હતું. ગામમા ગંદકી ઘણી રહેતી. ઠેરઠેર ઉકરડા હોય જ, જ્યાં ભૂંગળો અને [illegible] મવાર અસભ્યપણે કુદરતી હાજતે બેઠા હોય. ગંદકીમા દિવસે દિવસે વૃદ્ધિ થતી જ જાય. બૈરાંઓને કુદરતી હાજતે જવા માટે ઘર [illegible] કે ગામમા બીજી કોઈ સગવડ નથી લોકો ગામ બહાર [illegible] જગાનો ઉપયોગ કરતાં, પણ કુદરતના કોપે ચોર બની જતા [illegible] ગામ તદન ઉઘાડું પડી ગયું છે એટલે સ્ત્રીપુરુષોની મર્યાદા [illegible] માટે આડશ નથી. નરમગરમ તબિયતે કે ઝુલાબ લે ત્યારે [illegible] એકા તો શરમ છોડીને જ્યાં ત્યાં બેસી જવું કે [illegible] બહાર કોઈની વાડીએ પડયા રહેવું, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. ચોમાસુ આવતાં કચરાના આ ઢગલાઓ ગંધાઈ ઉઠતા અને રોગ વધતો. ઘેર ઘેર ખાટલા નંખાતા. પણ કેટલાક વૈદ્ય [illegible] શોધી કાઢયુ કે ભગિયાએ જળજાત્રામાં વચ્ચે આવી [illegible] મતરજતર ભણે છે તેનું આ પરિણામ છે. એક વખત તો [illegible] લોકોનું ટોળું ઊપડયું અને ગામની સફાઈના કરૈયા એ ભંગીઓને માર મારી તેમની ઘરવખરી ને ઝૂંપડાં નાખ્યાં. ગામમા [illegible] ઘેર ઘેર નૈવેદ કરાવ્યા. પણ રોગનો ઉપદ્રવ મટયો નહિ. [illegible] માણસોને માંદગીનુ ખરું કારણ ગંદકી અને તે ગંદકીથી બગડેલું [illegible] પાણી છે એમ લાગ્યું, પણ ઉપાય કંઈ ન સૂઝયો [illegible]

મ્યુનિસિપાલિટી—શહેર સુધરાઈનુ આ કામ પણ તેની લાપરવાઈનુ તો પૂછવુ જ શું ! આવા કાર્યો માટે કદાચ બજેટ મજૂર થાય તોયે તે નાણુ બીજી રીતે ચાલ્યુ જાય રિપોર્ટ લખાઈ જાય, પણ ખરુ કામ તો રહી જાય ગામની આ ગદકી, માદગી અને કુદરતી હાજત માટે ગામની બહેનોની વિટબણા જોઈને શભુ શેઠને લાગ્યુ કે જો સરકાર કે સુધરાઈ આ કામ ન કરે તો ગામે અને ગામના દાનધર્મમા માનવાવાળાઓએ તો કરવુ ઘટે આ ખરુ જરૂરનુ દાન છે મદિર કે સદાવ્રત કરતાય મોટુ માનવીની જરૂરિયાત પૂરી પાડવી તે જ દાન !

તેને થયું કે માનવીએ મદિરો, કૂવાઓ, ધર્મશાળાઓ, દવાખાનાઓ, આરોગ્યમદિરો, પાજરાપોળો વગેરે બાધવામા ઘણુ ધન આપ્યુ છે અન્નક્ષેત્રો અને પાઠશાળાઓ પણ નિભાવેલ છે અખાડાઓ સ્થાપ્યા છે અને તેમા સાધનો વસાવી આપ્યા છે લોકોને વસવા સસ્તા ભાડાની ચાલીઓ બધાવી છે. પણ સૌ જે કામને ભૂલી જાય છે તે કામ તેણે સભાળી લેવુ જોઈએ બહેનોની મર્યાદા સચવાય અને ગામની ગદકી દૂર થઈને ગામનુ આરોગ્ય જળવાય તે અર્થે 'કુદરતી હાજત ગૃહ' ગામના ચારે ઝાપે બાધી, એવા દરેક ગૃહમાં ત્રીસ ત્રીસ પાયખાના, ત્યા જ પાણીની વ્યવસ્થા અને કાયમ સાફસૂફ કરનાર માણસો રાખવાનુ તેણે નક્કી કર્યું. તેમને લાગ્યુ કે ગામની આ મોટામા મોટી જરૂરિયાત છે અને તે પૂરી પડાય તો દ્રવ્યનો ખરો ઉપયોગ થાય આ વિષે લોકોની સલાહ માગતા કોઈએ આરોગ્યમદિર તો કોઈએ પાઠશાળા જેવુ કઈ બધાવી નામ અમર કરવાનુ કહ્યુ. પાયખાના બધાવતા તો લોકો ઊલટા હાસી કરશે તેણે જવાબ આપ્યો કે એ લોકોને કયા ખબર છે કે એ રીતે નામ અમર કરવાની ઇચ્છા કરતા ખરી જરૂરિયાત પૂરી પાડવાની ઇચ્છા વધારે આવકારદાયક છે. મારુ કર્યું નામ થોડું જ અમર થવાનુ છે ? મારી

ભાવના અને વિચારશ્રેણીને લોકો જો સમજશે, પલટાતા દાનના પ્રવાહને જો ઝીલશે, તો નામ અમર જ છે દરેક વસ્તુની યથાસ્થાને અને યથાસમયે જરૂર હોય છે દાનનો પ્રવાહ એક કાળે જુદી દિશાએ ચાલતો હશે, પણ પ્રજાજીવનના સંજોગો પલટાતા તે પ્રવાહ પણ પલટાવો જોઈએ, ઉપયોગિતા અને આવશ્યકતાનો વિચાર નજર સામે હોય તો જ દાનનો કંઈક અર્થ છે આખ મીંચીને વેરવાથી ફાયદો શુ ? પ્રજાનું કલ્યાણ શું ?

દાનની પાછળ જે સુંદર ભાવના છે તેનો ખરો મર્મ સમજ્યા વગર આવતા ભવના કલ્યાણના નામે કે અમર નામનાને નામે થતા રૂઢિગત દાનો કરતા વિચાર અને યોજનાપૂર્વક આ જીવનમા અન્યને ખરા ઉપયોગી બનવામા જે આત્મસમાધાન અને શાતિ રહેલા છે તે જો ખરી રીતે સમજાય તો આવતા ભવના સુખ, શાતિ કે કલ્યાણનો વાયદો કે વીમો આ ભવમા જ ફળે છે. પણ કલ્યાણની આ કામના સેવનારની, અમુક પ્રકારનુ સમાજમા સ્થાન મેળવવાના લોભમા, પ્રજાના ખરા ઉપયોગ કે જરૂરિયાતની તરફ નજર પણ જતી નથી, તેથી ધાર્મિક કાર્યો, એટલે કે પ્રભુમંદિરો પાછળ ખર્ચાતુ નાણુ, ધાર્મિક ઉત્સવોની પાછળ વેડફાતુ દ્રવ્ય કે નવા નવા પ્રભુઓ ઠેકાણે ઠેકાણે પધરાવવામા ખર્ચાઈ જતુ ધન જ માત્ર કલ્યાણ કરનારુ છે અને આ સિવાયનો બીજો ઉપયોગ તો આ લોક પૂરતો જ, આવી માન્યતાને કારણે પ્રજાકીય જરૂરિયાતોની ભયકર અવહેલના કે ઉપેક્ષા થઈ રહી છે જ્યા સુધી દાનનો ઉપયોગ પ્રજા માટે થતો હતો ત્યા સુધી મૂડીવાદ સામે પ્રજાની આખમા ઝેર વસ્યુ નહોતુ, ધર્મનુ નિરર્થકપણુ કે પોકળપણુ હૈયામા વસ્યુ નહોતું.

પ્રજાની સામુદાયિક જરૂરિયાતો, એક નાના બાળકથી માડીને વૃદ્ધ સુધી કે જન્મથી માડીને મૃત્યુ સુધી, શુ હોય છે અને તેમા કેટલી

પૂરી પડે છે અને કેટલી પૂરી પાડવાની છે તે ગણતરી હમેશા દાનવીરો-એ રાખવી રહે છે–જો દાન પ્રજાના ઉપયોગ માટે કરવાનુ હોય તો. દાન સર્વ સ્થળે અને સર્વ કાળે એક જ સ્વરૂપનુ યોગ્ય હોય એમ બનતું નથી. દુષ્કાળ વખતે તે દિશામા, રોગચાળા વખતે તે દિશામા, આકસ્મિક આસમાની–સુલતાની વખતે તે સ્વરૂપમાં અને રાષ્ટ્રીય ચળ-વળ વખતે તે દિશામા દાનનો પ્રવાહ વહેવો ઘટે. કેટલાએક કાર્યો કાયમ કરવાના હોય છે તો કેટલાક પ્રસંગોપાત ઊભા થાય છે માનવી-ની સંસ્કારશાળા, આરોગ્યમંદિર, સુખાકારીવર્ધક સ્થળો, આનંદદાયક સંસ્થાઓ, દીન–દર્દીને રાહત આપનારી અને પ્રજાજીવનનુ ઘડતર, રક્ષણ અને શક્તિવૃદ્ધિ કરનારી સંસ્થાઓ પડતી મૂકીને માત્ર ધાર્મિક જલસાઓ અને આડંબરો પાછળ વેડફાતુ દ્રવ્ય પ્રજાજીવનને જરા પણ આગળ વધારતુ નથી. એથી સાચી ધર્મપ્રીતિ નથી જાગતી, પણ આડંબરપ્રીતિ જન્મે છે કે જે ધર્મથી ઘણી દૂર છે.

આટલું નાનકડુ સત્ય જો દાનવીરો સમજશે તો માનવજીવન-મા સાચો ભ્રાતૃભાવ પ્રગટશે. શંભુ શાહુકાર આમ માનતો હતો અને દાનનો પ્રચલિત રૂઢિગત માર્ગ પલટાવવા ચાહતો હતો

........કોઈ કહેશો, ક્યારે ?

છેલ્લા ત્રણુ વર્ષ થયા લગ્નજીવન એ તેના જીવનનું એક ભવ્ય સ્વપ્ન બની રહ્યુ હતું પોતાની મનોભૂમિમા લગ્નજીવનની ભવ્ય માનસિક મહેલાત એ રચી રહ્યો હતો. પણ એ તો હતું ગરીબનું સ્વપ્ન, અને ગરીબના સ્વપ્ન આકરી તપશ્ચર્યા વિના નથી ફળતા. કાળિયો તપ કરી રહ્યો હતો.

તે પહેલવહેલો જ્યારે અર્ધ આધળી મા અને બહેરા કાકાને લઈને મુબઈ આવ્યો ત્યારે તો બીજાની માફક તેને પણ પેટ ભરવાની જ પડી હતી, પણ જ્યારે માનો પગદડો બધ થયો અને કાકા દેવ થઈ ગયા ત્યારે તેને ઘરના માણુસની ખરેખરી જરૂરિયાત ભાસી. પરંતુ ઘરનુ માણુસ કાઈ રસ્તામા થોડુ જ રેઢુ બેઠુ છે કે તેને ત્યાથી ઉપાડીને પરબાયુ ઘરમા મૂકી દે!—ઘર વસાવી દે! એને લાવવા માટે તો પૈસા, લાગવગ અને નાતીલાની સિફારસ જોઈએ આમાનુ કશું જ તેની પાસે નહોતુ પણ પડ નિચોવી નિચોવી તેમાથી તેણે બધું સરજાવવાનુ હતુ. ત્રણ વર્ષના આકરા તપ પછી ધધા પાછળ કાળી મહેનત કરીને થોડા પૈસા એકઠા કર્યા પછી તેનુ સ્વપ્ન ફળ્યુ. તેનું વેવિશાળ થયું ત્યારે તો તેને લાગ્યુ કે હમેશા લગભગ બધ જેવું રહેતું તેનું ઘર હવે ઊઘડશે, પોતે બીજાઓની હારમા આવી જશે, ઘરમા કિલ્લોલ–મગળ થઈ રહેશે અને આધળી માની અતિમ અવસ્થા સુધરશે.

ભાગ્યની એ વિચિત્રતા છે કે બધાના સ્વપ્ન અને ધારણાઓ બધી રીતે ખરાં નથી જ પડતાં. કાળિયાનુ લગ્નનુ સ્વપ્ન સાચુ પડયું ખરું, પરતુ સુખનુ સ્વપ્ન સાચુ ન નીવડયુ, કારણકે પતિ–પત્ની બનેએ પાપ કર્યા હતા—આખા અભણ સમાજમા સારું એવુ ભણવાનું પાપ મુક્તાએ અને આ યુગમા પણ લગભગ અભણ રહેવાનુ પાપ કાળિયાએ કર્યું હતુ!

અને તે સ્થાનિક કન્યાશાળામાં શિક્ષિકા તરીકે જોડાઈ કાળીદાસને થયું કે મુક્તાને વધુ સુખી કરવા પોતે થોડી વધુ મહેનત કરીને પણ થોડા વધુ પૈસા મેળવવા જોઈએ, એટલે તે ઘરનો મટીને વધુ ઘરાકનો કે દુકાનનો થયો આમા બનેના દિલમા પરસ્પર માટે સહાનુભૂતિ અને શુભેચ્છા જ હતા, છતાંય કરુણાજનક તો એ હતુ કે બનેમાથી કોઈ કોઈને સમજી શક્યુ નહિ મુક્તાને થયુ કે, 'એ તો માત્ર મજૂરી જ કરી જાણે છે. બીજી ક્યા કઈ ગતાગમ છે? એને ક્યા મારી કઈ પડી છે?' અને કાળીદાસને લાગ્યુ કે, 'મુક્તાને આ ગરીબ ઘરમા નથી ગમતુ એટલે જ નિશાળે ભણાવવા જાય છે એને મારી કે મારી આધળી માની ક્યા પડી છે?'

મુક્તાની ભાષા સસ્કારી અને મધુર હતી. કોઈનુ પણ તોછડુ નામ એને સ્વાભાવિક રીતે જ ગમતુ નહિ તે ઘણી વખત કાળીદાસને કહેતી કે, 'તમને આ બધા લોકો તોછડા નામે કેમ બોલાવે છે? આટલી ઉંમરે તે કેવું ખરાબ લાગે! એમને જરા કહેતા હો તો! મને તો નથી ગમતુ' એક-બે વખત તેણે પોતાની સાસુને પણ કહી જોયેલુ કે 'બા, તમે મને 'વહુ'ને બદલે 'મુક્તા' કહેતા હો તો શુ ખોટુ?' ત્યારે સાસુએ કહેલુ કે, 'વહુ, હવે અમારી જીભ એમ નહિ વળે!' જવાબ સાભળીને મુક્તા મનમા ને મનમા સમસમી રહેતી અને વિચારતી કે શા સસ્કાર છે જીવનના કે સારુ નામ પણ નથી ગમતુ!

મુક્તા સુખી ઘરમા ઊછરી હતી તેના ભાઈઓ કોલેજમા ભણતા હતા. ઘરમા રાચરચીલું પણ નવા જમાના પ્રમાણે થોડુ ઘણુ વસાવ્યુ હતુ વસવાયાપણુ મુબઈમા આવીને તેઓએ તદ્દન તજ્યુ હતું, પણ તેનો પતિ તો અહી મુંબઈમા આવીને પણ પાકો વસવાયો જ રહ્યો હતો. તેને એક જ નાનકડી ઓરડી હતી તેમા જ રાધવુ, સૂવુ, બેસવું કે મિત્રોને સત્કારવાના હતા. રાચરચીલું પણ બાપદાદાનું દેશ-

આથી જે લાવ્યો હતો તે ને તે જ હતું એમા કંઈ ઉમેરો તેણે કર્યો નહોતો, કારણકે એમ કરવાને તેના હાથમા જોગ નહોતો અને એવો શોખ પણ એને નહોતો. ઘરમા પૂરતા સાધનો પણ નહોતા. મુક્તા ઘણી વખત ઘરની વસ્તુઓ સામે જોતી અને રડતી તેના માવતરને ત્યા તો તેની સાહેલીઓ અને ભાઈઓના મિત્રો આવતા, પણ અહીંના રંગ ઢંગ જોયા પછી કોઈ તેને આગળ આવે એવું તે કદીય ઈચ્છતી નહિ. આથી પણ તેને જીવનમા એકલવાયાપણું લાગતું આ રીતે ઘરની વસ્તુઓ પણ તેના અને કાશીદાસના દિલ વચ્ચે દીવાલ રૂપ બની રહેતી

બનેને છૂટકો નહોતો, પરંતુ ત્યાં આરામ નહોતો, શાંતિ નહોતી, આકર્ષણ નહોતું ગયો તે દિવસ સુખી, આવતો દિવસ કોણે દીઠો છે ! એમ વીતેલા દિવસને સારો માનીને બને જણા આયુષ્યમાંથી એકેક દિવસની બાદબાકી કર્યે જતા હતા.

કાળિયો મોટે ભાગે કોઈને ત્યાં રોજીએ સીવવા જતો, એટલે રોજ રાત્રે જ થાકીને ઘેર આવતો. આખો દિવસ ઘરાકને ત્યાં સંચો ખેંચવો અને રાત્રે સૂઈ રહેવું એ તેનો નિત્યક્રમ અને બીજું કરે પણ શું? તેને ન પૂરું બોલતા આવડે, ન ચર્ચા કરતા આવડે, ન ગાતા આવડે. આમાં ભણેલી ભામાને લાગણીના અંકુર ક્યાંથી જાગે? તેના જીવનની મુરાદ આમાં ક્યાંથી પોષાય? તે બીચારીએ કવિ ન્હાનાલાલનું સાહિત્ય વાંચ્યું હતું 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવા' એવું એવું એ શીખી હતી. લગ્ન અને લગ્નજીવન વિષે બીજું પણ ઘણું ઘણું વાંચ્યું હતું એ બધા વાચનના પરિણામે લગ્નજીવન વિષે મીઠી-મધુરી કેટકેટલી કલ્પનાઓ પણ મનોમન રચી રાખી હશે—પણ અહીં તો પોતે પ્રભુતામાં કે શામાં પગલાં માંડયાં હતાં એ જ એને સમજાતું નહોતું. વડીલોએ ઘર મંડાવ્યું એટલે માંડયું હતું. સમાજે અને શાસ્ત્રે કોઈને વર કહેવરાવ્યો એટલે તે વર હતો. બાકી ખરી રીતે તો બંને પર હતા, એકબીજાથી બહુ દૂર હતા. કાળિયાને લગ્નની કંઈ કલ્પના હોય તો તે એટલી જ હતી કે ઘરમાં કોઈ રોટલા ઘડનારી, ઘર ઉઘાડું રાખનારી, ઘરના માણસોની સેવા—ચાકરી કરનારી અને સંતાનોથી ઘર ભરી દેનારી આવશે અને પોતે સમાજમાં થોડો વધુ રૂડો દેખાશે આ ઉપરાંત બીજો કંઈ ખ્યાલ જ તેને નહોતો.

લાગણી તો તેનામાં છલોછલ ભરી હતી, પણ તે કેમ વ્યકત કરવી એ તેને આવડતું નહિ એટલે તેના વલણમાં ઘણી વખત અતિરેક થઈ જતો, જેને મુકતા ખરા સ્વરૂપમાં સમજી શકતી નહિ અને

મુક્તાની લાગણીને જડભરત કાળિયો સમજી શકતો નહિ આવી પરિસ્થિતિમાં દિલનો મેળ કેમ મળે? બંને મનમાં મૂઝાતાં પરંતુ લાગણીને કારણે કે કુળમર્યાદાને કારણે મન મારીને બેસી રહેતાં અને પરણ્યું પાનું નિભાવી લેતાં

કાળીદાસનો પાડોશ અર્ધ જુનવાણી અને અર્ધ સુધરેલો હતો છોકરા–છોકરીઓને ભણાવવાની તેઓ વકીલાત કરતા, કેળવણી પાછળ થોડો ખર્ચ પણ કરતા અને છાપાં વાચતા. છોકરા–છોકરીઓને અમુક પ્રમાણમાં છૂટછાટ પણ આપતા આમ છતાં તેઓ કેળવાયલા જ હતા એમ તો કેમ કહેવાય? તેમને આમ ભણેલી પત્ની અને અભણ અણઘડ પતિ તરફ સહાનુભૂતિની ભાવના કરતાં ટીખળ અને ટીકાત્મક વૃત્તિ વધુ હતી 'વાણિયા–બ્રાહ્મણ જેવા ઉચ્ચ વર્ણની છોકરીઓ કરતાં પણ આવી કાપલી રંગરણ વધારે ભણે એમ! અને વળી પાછી આપણા પાડોશમાં ચાપલાઈ કરે! ગમે તેવું તોય વસવાયું! 'ઓછું પાત્ર ને અદકું ભણ્યું'–તેમાં મણા શી હોય'' આવી ઉચ્ચ–નીચની ભાવના તેઓમાં પ્રબળ હતી જોકે આમ તો કાળીદાસ અને તેઓ વચ્ચે ખાસ કાંઈ ફરક નહોતો, અને હોય તો એટલો જ કે આપણો કાળીદાસ અભણ હતો અને મુક્તા ભણેલી હતી, જ્યારે પોતાને ઉચ્ચ માનતા એ પાડોશીઓ પોતે થોડું–ઝાઝું ભણેલા હતા પણ તેમની સ્ત્રીઓ અભણ હતી આ રીતે પાડોશીઓના સંસારમાં પણ કજોડા-પણું કંઈ ઓછું નહોતું, તેઓના કલહો કાંઈ ઓછા નહોતા, તેઓના જીવનમાં પણ પતિપત્ની વચ્ચેની ભાવનામાં અગાધ અંતર હતું; પણ આ વાત વસવાયા કાળિયા મોઢેથી કાંઈ ઉચ્ચ પાડોશીઓને થોડી કહી શકાય, અને કહે તો ધંધામાં ધક્કો લાગી જાય!

આ લગ્નમાં કાળિયાને ગુનેગાર ગણીને કોઈ મોઢે કહેતા કે 'મારો, પલીત છે, નાહક ભવ બગાડ્યો ભણેલીને પરણી લાવ્યો આપડીન

શાપ ધનોતપનોત કાઢી નાખશે ’ તો વળી કોઈ મુક્તાને દોષ દેતું કે ‘ અભણ નહોતો ગમતો અને રોફ મારવા મહેતીજી થવુ હતુ તો પરણી શું કામ, જખ મારવા ? કયા કોઈએ પાણુકા મૂકયા હતા ? લેવાદેવા વગરનુ ગરીબનુ ઘર વીખી નાખ્યુ. ગરીબનુ ઘર આ ભણેલી થોડું જ સાચવશે કે સાધશે ? લોટો લઈને ભાગી ન જાય તો કાળિયો નસીબદાર !’ એક–બે કોલેજિયનોને કાળિયાના આ લગનમા જબરો નારીદ્રોહ લાગતો અને તેથી માનતા કે, ‘ સાળા જડભરતને સજા જ કરવી જોઈએ,’ અને સ્વરાજ વિષેની પોતાની કલ્પનાનુ પ્રદર્શન કરીને વળી ઉમેરતા કે ‘ સરકારી રાજમા હિંદુ કાયદો આડો આવે છે, સ્વરાજ હોત તો ગગાને ખબર પડી જાત !’ પીઠ પાછળ આ રીતે કાળિયાને ગાળો દઈને સ્ત્રીજાત તરફનો પોતાનો સદ્ભાવ તેઓ વાર-વાર વ્યકત કરતા.

બે–ત્રણ ઘરડી ડોશીઓ ડાહ્યી થઈને દાઢની કે, ‘ કાળિયા, વહુ નિશાળે ભણાવવા જાય છે તો તુ એની છત્રી ઉપાડીને પાછળ પાછળ જાતો હો તો ! ભેગાભેગો તનેય ભણાવશે.’ તો કોઈ વળી મુક્તાને કહેતી કે, ‘ મુક્તી, તારે રાધવુ, વાસણ માજવા, કપડા ધોવા અને નોકરી કરવી–આટલુ બધું કરવુ પડે છે, તો વાસણ માજવાનુ અને કપડા ધોઈ નાખવાનુ જરા કાળિયાને કહેતી હો તો ! આખો દિવસ એ શું કામ કરીને તૂટી મરે છે ! તારા જેવી ભણેલીનુ આટલુ કામ નહિ કરે ?’ આવુ સાભળીને મુક્તા નિસાસો નાખતી અને તેની આખમાથી આસુ પડી જતા.

આજ સુધી ન તો કાળિયાએ કોઈ પાસે મુક્તા વિરુદ્ધ ફરિયાદ કરી હતી કે ન તો મુક્તાએ કાળિયા વિરુદ્ધ, કારણકે બને સમજતા હતા કે ‘ પડ્યુ પાનુ સુધારી લેવુ ’ અને ‘ન સુધરે તો નિભાવી લેવુ’ એ જ એકમાત્ર ઉપાય છે. પરતુ પાડોશીઓની રોજની કડવી ટીકા-

ઓએ છેવટે તેમને મૂંઝવી નાખ્યા—વટવી નાખ્યા અને જો કે એક-બીજાને સમજી શકતા નહોતા, છતા એકબીજાને સહી લેવાને તો તૈયાર હતા. તેમના વચ્ચે મુશ્કેલી હતી એ માત્ર શિક્ષણ—સંસ્કારની અસમાનતાની હતી તેમની મુશ્કેલીના મૂળમા દંપતીજીવનમા કેટલીક વાર બને છે તેમ ' પ્રણય-ત્રિકોણ ' કે એવુ બીજુ કશુ જ નહોતુ નહોતી કાળિયાની કલ્પનાઓમમા અન્ય કોઈ પ્રેયસી કે નહોતો મુક્તાના મનમા અન્ય કોઈ પ્રેમી ભણતર, ભાવના, સંસ્કાર અને સ્થિતિનુ એ અંતર હતુ એટલે જો આવા પ્રશ્નની મીઠી માવજત કરે એવો સારો પાડોશ મળ્યો હોત તો કેટલીક અસમાનતા સુધરી જાત અને ન સુધરત તે કોઠે પડી જાત—નભી જાત. એથી ઊલટુ, પાડોશીઓની રોજની ટીકા અને ટીખળોથી મુક્તાનુ માથુ ફરી ગયુ. કાળિયાની નરમ અને સહનશીલ વૃત્તિમા તેણે પોતા તરફની ઉદાસીનતા વાચી અને કોઈ પણ રીતે સાખી નહિ થવાય એવી ગાઢ નિરાશાથી પોતાને એક દિવસ ઘર છોડીને માવતરને ઘેર ચાલી ગઈ

[illegible] મુક્તાને પાછી લાવવા માટે કાળિયાએ થોડાક પ્રયત્ન કરી જોયો, પણ નિરાશાજનક ગોળ ગોળ જવાબ સિવાય બીજુ કંઈ પરિણામ ન આવ્યુ હવે વાત ફક્ત એક મુક્તા પૂરતી જ નહોતી રહી, પણ મુક્તાના માબાપ અને ભણેલા ભાઈઓ સુધી પહોંચી ગઈ હતી હવેનો નિર્ણય તેઓએ કરવાનો રહેતો હતો [illegible] [illegible] બાબતમા સેવેલી [illegible] તેઓને સમજાતી હતી. [illegible] પુત્રીને અભણ પતિના ગરીબ ઘેર પાછી મોકલવાનુ તેમને ઠીક ન લાગ્યુ વળી તેઓ એમ પણ માનતા હતા કે કાળિયો [illegible] કેટલો [illegible] છે ? ધ્યાનમા તેનુ [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] માથુ [illegible] [illegible] [illegible] ન [illegible] [illegible] કેવી [illegible] [illegible] [illegible] [illegible]

પાસે પૈસા હોય એટલે ન્યાત અને નાતીલા ખાંડ ખાય છે સાસરાના વલણ પરથી કાળિયાને ખાતરી થઈ ગઈ કે હવે તેનો સધ્ધ દ્વારકા નહિ પહોચે, અને અભણ હોવા છતા સમજદાર હોવાથી તેણે વિચાર્યું કે મુકતાને ન મોકલવામા તેઓ ખોટા પણ શુ છે ? હુ પોતે મુકતા હોઉ તો જાઉ ખરો કે ? મુકતાની જગ્યાએ મારી બહેન કે દીકરી હોય તો હુ મોકલુ ખરો કે ? પોતે અભણ હતો, નર્યો મજૂર હતો, એ વાત તો ચોખ્ખી દીવા જેવી છે. મુકતા ભણેલી છે, સુઘડ છે, રૂપાળી છે, પૈસાદારની પુત્રી છે, બચપણમા જ મુબઈ-મા વસેલી અને સુખભર્યા જીવનમા ઉછરેલી છે એટલે આવી ભિન્ન સ્થિતિમા તેનુ મન ન મળે તેમા તેનોય વાક શુ ? હુ મૂઢ જેવો એને સમજી શકતો નથી, અને મને સમજવા જેવુ તો મારામા છે જ શુ ? હુ તો સમજાયેલો જ પડયો છુ આમા દિલ કેમ મળે ? તેના માબાપનો પણ શુ વાંક કાઢુ ? એને થોડુ જ મારી સાથે વેર છે ? એ તો પોતાની પુત્રીને સુખી જોવા માગે છે એ સુખ મારે ત્યા નથી એમ લાગતા તેઓ જરા કડક થાય એ સ્વાભાવિક છે ભલે ગઈ, એ ભલે ગઈ મારે ત્યા એ સુખી નહિ થાય મારે તેનો ભવ નથી બાળવો, મારો એકનો બળે એ બસ છે. સુખી થવા અને સુખી કરવા હુ તેને લાગ્યો હતો પણ જો ન કરી શકતો હોઉ તો દુ ખી તો કેમ કરુ ? જેના માટે જીવન આખુ સ્વપ્ન રચ્યા, જીવન-ભર જેની ઝ ખના કરી, જે ઘરવાળીની મૂર્તિ મનમા ઘડી, તેને દુ ખી કેમ કરુ ?

'કાળિયા, જરા કડક થા અને તારા સાસરાને જરા આખ કાઢીને કહે આમ નિમાણો થઈને બેસી રહ્યે થોડુ બગડયુ હેઠગે આવશે ?' કાળિયાની મા કહેતી.

' પણ મા, જેને માવતર જેવા માન્યા તેની સામે કેમ થાઉ ?

તેમને આકરાં વેણ મારાથી નહિ કહેવાય. એનું આ કાળિયાથી નહિ થાય, કાળાન્તરેય નહિ થાય. એની જનેતા લાજે. તેને જે ગમ્યું તે ખરું.'

'ત્યારે ઘર પૂજ એ માવતરની અને હાથે દીવા ખા! નાતના અને સરકારના કાયદા પડ્યા છે તોય તારું ઘર ભાગશે, એમ ને? દીકરા, કાંક કર, આમ સાવ આબરૂ જવા દે મા! તારા બાપની આબરૂ સામે તો જો!'

'મા, નાતને કે કાયદાને જોરે દિલ કોઈ થોડા જ મળે? એમ દિલમાં લાગણી થોડી જ જન્મે છે? થોડો પ્રેમ જાગે છે? કોઈ જીવનસુવાસ વધે છે? ભલે જાય—જો બીજે તેનું સુખ હોય તો! ભલે બીજે પરણે—જો તેનો આત્મા ઝંખતો હોય તો! આપણે શા માટે કોઈના સુખની આડે આવવું કે તેમાં અંતરાય નાખવો? મારા જેવા ભાગ્યમાં એ ભણેલું રતન નહિ. ત્યાં પરાણે રાખવા જતાં તોપણ કેમ રહે? પરાણે પ્રીતિ ન હોય. એની ઇચ્છા મુજબ એ ભલે વર્તે. હું ને મારો પ્રભુ રાજી! મારો આત્મા રાજી! મા, તમે દુઃખી થાવ મા! તમારો કાળિયો જાતે દુઃખી થશે, પણ તમને લગારે દુઃખી નહિ થવા દે! મા, હું તો મૂળથી જ આવો દુખિયો છું. સોનાનું સ્વપ્ન જરાક આવ્યું હતું તે ઊડી ગયું!'

'દીકરા, તને ગમ્યું તે ખરું! પણ આપણાં દાગીના-લૂગડાં તો પાછાં માગી લે!'

'જવા દે ને મા! ઘર જેવું ઘર ગયું તો ગાભામાં શું જોવું? આપણે ત્યાં કોણ પહેરશે? જવા દે, જવા દે, એ પણ જવા દે! એટલા સારુ મારે મન નથી બગાડવું!'

*

કાળિયાને સંસાર ઝેર જેવો થઈ ગયો. જીવનમાંથી રસ ઊડી ગયો. થોડા સમયે તેની આંધળી મા પણ માંદી પડીને મરી ગઈ [illegible]

છેલ્લી વળગણા જતા એ બેફિકરો–બેજવાબદાર બની ગયો. તેણે ઓરડી કાઢી નાખી, ઘરવખરી અને ચંચો કોઈ ઓળખીતાને આપી દીધા. 'હવે કોના માટે મહેનત કરુ ? કોના માટે ઓરડી રાખું ? કોના માટે જીવુ ? આખી જિંદગી સંસાર વસાવવાના એક સ્વપ્ન માટે જીવ્યો, તે માટે સખત વૈતરુ ખેચ્યુ, જિંદગીની જરૂરિયાતને ભોગે બચત કરીને લગ્ન કર્યા, ઘરનુ માણસ આવ્યુ, પણ એ ઘરનુ માણસ તો ગયુ ! હવે રહી માત્ર પડ પૂરતી જ પથારી. ત્યા કોના માટે ઉધામા ? કોના માટે ધધા ?' એનુ આખુ જીવન નિરાશામય બની ગયુ

નાતીલા ભેગા મળ્યા ભણેલી અને અભણનો–મુકતા અને કાળીદાસનો–મેળ નહિ મળે એમ નક્કી થયુ જો કાળીદાસ ફારગતી લખી આપે તો બનેની મ્યાનમા રહી જાય નાતે કાળિયાને થોડી પૈસાની લાલચ દીધી, ડરામણી દેખાડી અને વડીલ બનીને સલાહ પણ આપી કે 'ફારગતી લખી આપ'

'ભલે ને મારા બાપ ! એમા શુ મોટી વાત છે ? મારે પૈસાને શુ કરવા છે ? અમે સુખની આશાએ પરણ્યા, પણ એ જો ન જ દેખાતું હોય તો કોઈને બાધી માર્યે મને શુ લાભ ? ભલે છૂટી થાય. પ્રભુ એનુ કલ્યાણ કરે–તેને સુખી રાખે ! મારા જેવા મજૂરનો એની પોતાની જાત પર જ્યા દાવો નથી, એની રોજી પર જ્યા દાવો નથી, ત્યા કોઈની કન્યા પર શેનો હોય ! કાયદાનો દીધો દાવો કાંઈ થોડો દાવો બની શકે છે ? મારો કંઈ દાવો તેની ઉપર નથી, છતાય જો જગત એમ માનતુ હોય તો તે પણ હુ ખેચી લઉ છુ અને ફારગતી લખી આપુ છુ.'

ત્યાર પછી કાળિયો દેખાયો નથી અને મુક્તિ (ફારગતી) મેળવ્યા છતા મુકતા પણ જાણે મુકતાનુ પ્રેત ભમતુ હોય એવી જીવે છે

ગૃહઉદ્યોગ !

(એક કટાક્ષચિત્ર)

ગૃહઉદ્યોગનો ખ્યાલ જ્યારે આપણા દેશમાં પ્રચલિત થવા લાગ્યો ત્યારે એની પાછળ બે મહાન હેતુ મુખ્યપણે દેખાતા હતા. એક તો પોતાને જોઈતી વસ્તુ ફુરસદના વખતે ઘરમાં બનાવી લઈ પરદેશની વસ્તુની તેટલા પ્રમાણમાં આયાત ઓછી કરાવવી અને ફાજલ સમય-નો આમ ઉપયોગ કરી ઘરમાં પ્રવૃત્તિનું વાતાવરણ કાયમ કરવું, અને બીજું, ગરીબ ગૃહસ્થોમાં આવા ઉદ્યોગથી આવકમાં થોડોક વધારો કરી કમાનાર મુખ્ય વ્યક્તિના બોજાને હલકો કરવો. મૂળ હેતુ ! પહેલા દેશો આવી રીતે જ નિયમો સ્વીકાર્યા છે અને દેશના કારીગરી અને કામગરી વધતા સાથે જીવનનું ધોરણ પણ ઊંચું આવ્યું છે.

જેટલા બે વર્ષ પણ મારી પ્રકૃતિ [illegible] રહેતી. [illegible] આટલા આવાની [illegible] ના હતી તથા [illegible] નાના પત્ની જ [illegible] ના મતા. [illegible] જ્યારે પહેલા [illegible] તો જણાયું કે [illegible] થાય [illegible] અને [illegible] તેવી [illegible] આવે [illegible] હતા જ. [illegible] હતું હતો!

*

ઓરડાને [illegible] આ [illegible] પત્નીનો આગ્રહ [illegible] હતો. [illegible] ઓરડીને મહેલ બનાવી નાખવાની [illegible] પત્નીએ [illegible] હતી [illegible] પત્નીના [illegible] બારીએ સુંદર [illegible] અને [illegible] પડદા લટકતા હતા [illegible] પણ એક [illegible] હતું તેના ઉપર [illegible] ફૂલ [illegible] હતા. [illegible] હતા [illegible] કે 'આપણી ઓરડી બગીચો બની — [illegible] બની!'

ગલપટો અને મોજાં ગૂથવાનુ આ વર્ષ આવશે એટલે તેના માટે દોરા, ઊન, સૂતળી, સૂયા, ચોકઠું અને રીગ લાવવાનાં છે. આ વર્ષથી આ ગૃહઉદ્યોગ નિશાળમા દાખલ કરવામા આવ્યો છે માટે રૂપિયા સાત આપો, નહિતર મારા માર્ક જશે.'

મે કહ્યુ કે, 'મોજા, ગલપટો અને સ્વેટર વાપરે એવુ આપણે ત્યા કોણ છે? અને ટેબલ-રૂમાલ રાખવા માટે ટેબલ પણ કયા છે કે આવુ ખપ વગરનું ખર્ચ કરવુ? આપણા જેવા ગરીબ માણસને એ ન પરવડે.'

'બાપુજી, આપવું પડશે મારી બેને બધાને કહ્યું છે મારા માર્ક જશે અને સુખે ભણવા નહિ દે?' આટલું કહેતા તે રડી પડી. દીકરીને ભણાવવાની હતી-બીજા કોઈ હેતુસર નહિ તો મુરતિયાનુ મન પસદ કરવા માટે પણ, એટલે મારાથી તેના માર્ક કેમ જવા દેવાય? કારણકે વખતે મુરતિયો માર્ક પૂછે તો!—મારી રાકડી કમાણીમાંથી રૂપિયા સાત આપ્યા. 'જાઓ બેટા! શીખો ગૃહઉદ્યોગ અને મેળવો માર્ક!' નિસાસો મુકાઈ ગયો!

*

ઘરમાનુ સ્ટૂલ કાંઈ થોડુ ટેબલકલોથ માટે સારુ લાગે? અને સ્ટૂલ ઉપર નાખીને ટેબલકલોથની કારીગરી બીજાને દેખાડાય પણ કેમ? ગૃહઉદ્યોગના લોકો વખાણ કરે તો જ તે ધન્ય થયો ગણાય એટલે એક વખતે જરીપુરાણા પાસેથી રૂપિયા અઢી આપીને જૂની ટિપોઈ ખરીદી પત્નીએ એને રગી અને ઘરની વચમા મૂકી જ્યારે બહારથી હું આવ્યો ત્યારે બાબાએ કહ્યુ કે, જુઓ જુઓ, કેવુ સારુ લાગે છે!' સુંદરતા જોઈ વિચાર્યું કે હવે તે શુ બાકી છે! આ ગૃહઉદ્યોગ તો ભારે સુદર! પણ અચાનક આરસીમા જોતા મારી સુદરતા ઝાંખી પડતી કેમ લાગી હશે!

બીજે દિવસે સાડાબાવીસના ત્રણ બનૂસ આણ્યાં. સૌ હૂંફમાં સૂતા. માત્ર હું જ એકલો તે બનૂસ નીચે ધ્રૂજતો હતો. કેમ —

લડાઈને કારણે કાપડના ભાવ વધી ગયા હતા એટલે જેમ તેમ કરીને ચલાવવાનું હતું. બપોરે અચાનક ભૂલી જવાયેલા ઓફિસના કાગળો લેવા આવ્યો ત્યાં મારો મોળાનાં બીજાં બૈરાઓની સાથે મારાં પત્ની પણ જૂનાં કપડાંનો ઢગલો કરી ફેરિયા પાસેથી કાચના બરણી, પ્યાલા વગેરે લેતા હતા. મે કહ્યું કે, "આ કપડાં તો સારાં છે. થોડાક સાંધવામાં આવે તો પહેરી શકાય તેમ છે. મારા મોટા કપડાંમાંથી બાબા અને બેબી માટે પેટી કરી શકાય, ખમીસના પાછળના ભાગમાંથી ચડ્ડી અને આગળના ભાગમાંથી નેપકીન બનાવી શકાય. એ ફેરિયો શું આપવાનો છે?"

'મને ફુરસદ નથી એવા ગાભા સીવવાની! કરે છે મારી બલારાત! કરવું હોય તો કરો હાથે! હાથે થાય નહિ અને બીજાને માટે ટોકણી ભારે!' આટલું કહેતાં દેવી ગળગળાં થઈ ગયાં. મે વાત પડતી મૂકી. ફેરિયો એક રકાબી ને બે રકાબી–પ્યાલા આપીને કપડાં લઈ ચાલતો થયો. કપડાં સાંધવાં, રફૂ કરવાં તે કંઈ થોડાં શાબાશી અપાવે કે બીજા વખાણે તેવા ગૃહઉદ્યોગ છે! તે માટે કંઈ થોડા નેતાઓ બોધ આપે છે!

*

મહિના આખરે મારા પત્નીએ લપાતાં લપાતાં, ડરતાં ડરતાં રૂપિયા ૧૭ નું મોતી–સળી–જરી વગેરે ગૃહઉદ્યોગની સામગ્રીનું બિલ રજૂ કર્યું. ગૃહઉદ્યોગની કારીગરીનું પ્રદર્શન ઘરમાં પડ્યું હતું તેની કંઈ ના કહેવાય તેમ નહોતું. બિલ જોઈને વીજળીનો આંચકો લાગે તેમ થયું, પણ ઉપાય શું–ચૂકવી આપ્યા. મારાં પત્ની ઝંખવાઈ ગયા. મારો પગાર રૂપિયા ૫૫ છે એમાંથી માંડ માંડ પૂરું થાય છે.

મકાનના ભાડાના રૂ. ૧૫, સરેગશ ડૉકટરને રૂપિયા પાંચ, રેલવેના પાસના પાંચ જતાં બાકી રૂપિયા ત્રીસ રહે છે, જેમાંથી કપડાં, કેળવણી અને ગૃહવ્યવહાર ચલાવવો પડે છે. હું સમજ્યો કે ગૃહદેવી ગૃહઉદ્યોગ શીખશે તો જરૂર પાંચ-દસ રૂપિયાનો આવકમાં વધારો થશે અને સુખેથી રહીશું, પરંતુ મારા ગૃહઉદ્યોગે પચાવનના ૩૮ કરી નાખ્યા. છોકરીના ગૃહઉદ્યોગે તેમાંથી સાત ખેંચી લીધા. મામલો વિકટ બન્યો.

મારા પત્ની પણ સમજ્યા, પણ થાય શું?

'હવે શું કરવું? કેમ આ મહિનો ચલાવવું?'

'તારી બંગડી વેચીને કે મારી વીંટી વેચીને; આપણે થોડું ખેતર છે? ગૃહઉદ્યોગ આટલું નૈવેદ તો માગે ને!'

ગૃહદેવી રડી પડ્યા.

જીવનને રડવું કે મોતને?

> રે મૃત્યુ !........દુઃખ અંત તુ છે,
> ને આ બળેલ દિલનો મધુકાળ તું છે
> —કલાપી

પીટરનુ ગામ બે રાજ્યોની સંધિરેખા ઉપર આવ્યું હતુ, છતાં પણ ભૂગોળની તે મર્યાદાનુ વિષ ત્યાનાં માનવીઓનાં દિલમા જ્યા સુધી નહોતુ પહોચ્યું ત્યા સુધી પાડોશીદાવે સૌ પ્રેમથી રહેતા પણ એક દિવસે આ મીઠા મેળનો અચાનક અત આવ્યો બને રાજવીઓના સ્વાર્થે પ્રજા–પ્રજા વચ્ચે ભયકર અંતર પાડી દીધુ. શરૂઆતમા તેઓ કલમથી લડ્યા, પછી આયાત–નિકાસબંધી, રાહબંધી અને છેવટે હથિયારો સુધી વાત પહોંચી.

પ્રજાને નામે બને રાજ્યે લડાઈ પોકારી. પ્રજા હેતપ્રીત ભૂલી. એકનુ સત્યાનાશ તે બીજાનો વિજય, અને એકના પ્રાણવિસર્જન તે બીજાની બહાદુરી બની મરતી હતી પ્રજા, લૂટાતી હતી પ્રજા, રિબાતી હતી પ્રજા, જ્યારે લડાઈના નિમિત્તરૂપ બનેલા મહાનુભાવો તો દૂર બેઠા બેઠા તેનુ સચાલન કરતા હતા, તમાશો જોતા હતા, નવીન પ્રાણતત્ત્વો આગમા હોમતા હતા. 'મારો ! મારો !' એ યુગનાદ બન્યો.

‘સ્વદેશભક્તિ’ મહારના સ્વરૂપે પ્રજામા વ્યાપી. ઉત્તેજક રાષ્ટ્રગીતો ગવાવા શરૂ થયા. કંઈક માતાના જુવાન પુત્રો, કઈક લલનાના કોડીલા કથો, કઈક બાપના કથોતરો મરવા–મારવાની રમત રમવા નીકળી પડ્યા. રાજ્યે કાયદાની કલમે વતનપરસ્તી શીખવવા માડી. ફરજિયાત લશ્કર–ભરતી દાખલ થઈ.

પીટરના એકના એક જુવાન છોકરાને જ્યારે લશ્કરમા જવું પડયુ ત્યારે તે ખૂબ રડ્યો. તેને લાગ્યુ કે હવે તેના છોકરા પાસે પોતાના જેવા જ માનવીઓના પ્રાણ લેવાનુ ભયંકર કામ કરાવવામા આવશે, બદલામા તેણે જેનુ બગાડયું નથી તેવા માણસો તેનુ નત્યાનાશ કાઢવા તૈયાર થશે, ત્યારે તે દોષ કોને આપશે? હવે પાડોશના માનવીઓ વચ્ચે પ્રેમસબધ કયાથી ટકશે? આ કલ્પાત કે પીટરના દિલની ભાવના ‘મારો! મારો!’ના કાળનાદમા કયાથી સભળાય? થોડા જ વખતમા આ ભવિષ્યવાણી મૂર્તિમત થવાની ન હોય તેમ એક દિવસ સાજે જ્યારે તે ખેતરના કામકાજથી પરવારી પોતાના ઝૂપડાની ઓસરીમા પ્રભુ–પ્રાર્થના કરતો હતો ત્યારે અચાનક તેના ઘર ઉપર ભયકર અવાજ સાથે કઈક પડ્યુ અને ક્ષણભરમા કડાકા સાથે છાપરુ તૂટી પડ્યુ. છાપરાનું આડસર પીટરના માથા ઉપર પડતાંની સાથે જ તેનુ પ્રાણપખેરુ ઊડી ગયુ. બે–ચાર ક્ષણ પછી બીજા કડાકા સાથે ગાય અને ઘોડાનો તબેલો તૂટી પડ્યો, અને કારમી ચિચિયારી સાથે પશુઓ ભોયે પડ્યા. રસોડામા પીટરની વૃદ્ધ પત્ની, છોકરાની વહુ અને તેનો નાનો છોકરો હતા તેમા વહુ દીવાલ નીચે દબાઈ ગઈ, ડોશીની કમર ઉપર દીવાલ પડી એટલે તે ખોટકાઈ પડી, માત્ર છોકરો બચી ગયો, પરતુ તેની એક આખ તો ફૂટી ગઈ.

ઘડી પહેલા જે જગ્યાએ પીટરની નાની વાડી હતી, તેનુ નાનકડું ઘર હતુ, કિલ્લોલ કરતુ કુટુબ હતુ અને સતાન જેવા વહાલા પશુઓ

હતા તે સ્થળ વેરાન થઈ ગયું પશુઓ મરી ગયા, માનવીઓ માનવીઓના સ્વાર્થ અને વિજ્ઞાનના ભસ્મમાં ભળી ગયા. રહ્યાં માત્ર ઝૂંપડાંના ખંડેર, આંગણામાં પડેલ ભયંકર ખાડા, એક કમર ભાંગેલી ડોશી અને એક નિરાધાર નાનો બાળક!

આખા ગામની આવી જ સ્થિતિ હતી. કોઈએ કોઈને ઠપકો ન આપ્યો કોઈએ કોઈની દયા ન ખાધી કોઈએ આ ભયંકર ઉત્પાતના કારણો ન વિચાર્યાં માત્ર નસીબને દોષ દઈ રડીને સૌ કોઈ બેસી ગયા સૌને ઘેર એકસરખાં ખાનાખરાબી હતી, સૌને ઘેર કબ્રોતરો ઊડી ગયા હતા, સૌને ત્યાં ખંડેરો બાકી રહ્યા હતા માત્ર સહી-સલામત હતા લડાઈના કરાવણહારો બચી ગયા હતા તેમના આપ્તજનો અને પ્રાસાદો. આમાં પણ પ્રજાએ તેઓની પુન્યાઈ માની

પીટરની પત્ની લ્યુસી ડોશીનું કંઈ બગડ્યું નહોતું. લોકોએ તેને એક ઝૂંપડું ઊભું કરી દીધું ભીખ માગી પોતાનું તેમ જ નાના જોનનું પેટ ભરવાનો કપરો કાળ આવ્યો

આવા જીવનમાં ડોશીને કંઈ સુખ નહોતું નાનો જોન મૃત્યુ કે જીવન બેમાંથી કંઈ જ પૂરું સમજતો પણ નહોતો. તેના સુખદુઃખના ખ્યાલમાં ભૂખ અને ભોજન, ઊંઘ અને દાદીની હાજરી એટલું જ હતું. છતાં પણ તે જીવવા માગતી હતી તે માત્ર એક જ આશાએ કે એક દિવસ તેનો દીકરો જ્યોર્જ લડાઈમાંથી પાછો આવશે અને ફરી વખત પીટરની વાડી ફાલશે અને ફૂલશે તે રોજ આ આશા સાથે ઊઠતી અને નિસાસો નાખી દિવસના અંતે સૂઈ જતી તેમાંય નજદીકમાં સંભળાતા પગનો અવાજથી કે સાધારણ બોલાચાલીથી પણ સફાળી જાગી ઝૂંપડીને બારણે દોડી જતી અને ફરી વખત નિસાસો નાખી સૂઈ જતી: આવું તો પ્રતિરાત્રે બનતું. બે-પાંચ દિવસે તે લડાઈની કચેરીના દરવાજે નાના જોનને લઈને બેસતી અને જો કોઈ

મળે તેને પૂછતી કે, 'મારો જયોર્જ ક્યારે આવશે?' લોકોને ડોશી પાગલ લાગતી. કોઈ મશ્કરીમાં કહેતું કે, 'ડોશી, એ તો લશ્કરનો સેનાધિપતિ થયો છે.' તો કોઈ વળી કહેતું કે, 'તેને તો કેદ પકડી દુશ્મનો લઈ ગયા છે.' ડોશી બન્નેના જવાબ સાચા માનતી અને ફરી વખત પોતાનો જૂનો પ્રશ્ન જ પૂછતી કે, 'તે ઘરે ક્યારે આવશે?' 'ડોશી, અહીં બેસી રહેજે. જ્યારે આવે ત્યારે લઈને જજે જરૂર તારા ગયા પહેલા આવશે!' આ વાત સાંભળી ડોશી રડી પડતી. તે દિવસે તેને માગવા જવાની પણ હામ ન રહેતી. તેની આખી રાત્રિ અનિદ્રિત જ જતી માતાનું હૃદય–પુત્રથી વિખૂટી પડેલી માતાનું હૃદય–જો ખરેખરી રીતે જોઈ શકાતું હોય તો કોઈ માનવી કોઈ પણ માતાને તેના પુત્રથી વિખૂટી કરવાનું કામ ન જ કરે કોઈ પણ માનવી માતાના પુત્રને રઝાડી તેની માતાને દૂભવે જ નહિ પણ આ આખ કયા છે!

એક વર્ષ સાત માસ સુધી એકસરખી રીતે ડોશીએ દિવસો દીકરાને ઝંખી ઝંખીને અને રાત્રિઓ રડીરડીને કાઢી એક દિવસ સરકારી માણસ ખબર આપી ગયો કે, 'ડોશી, તારો છોકરો જયોર્જ દુશ્મનના હુમલા વખતે ગુમ થયો છે–પછી તે કેદ પકડાયો હોય કે મરણ પામ્યો હોય! તેનો કે તેના મુડદાનો ક્યાય પત્તો લાગ્યો નથી.' ખબર તો સાધારણ રીતે દરેક સૈનિકના ઘરે અપાય તેવા જ હતા, તેમા ક્યાય પણ લાગણી નહોતી, આશ્વાસન નહોતું, કુટુંબીઓ માટે સહાનુભૂતિ જેવું નહોતું; ભરતી વખતે જે મમતા હતી, જે ભાવ હતો, તેમાનું કાંઈ પણ આવા મૃત્યુ જેવા ભીષણ ખબર આપતી વખતે નહોતું આનું નામ લડાઈ! આનું નામ લડાઈ વખતે ગણકારવાની વર્જની! છાતી મૃત્યુ એ તો લડાઈમા સાધારણ વાત! અને વિજય માટે આવી સાધારણ વાતો તો અનેકવાર વર્જની છાતી ગણીને કરવી જ પડે ને!

તાલીમ અપાય. માણસ ઢીલો પડે તો સ્વદેશભક્તિને નામે ઉત્સાહ પ્રેરાય અને રાષ્ટ્રગીતથી માણસમાં નશો રેડાય! એટલે પછી મરણ અને જીવન માટે કંઈ લાગે નહિ જ, મા! લડાઈમાં ભગ્નો વખતે ગણાય વીર, રાજા અને પ્રજા શાબાશી આપે, સૈનિકના માબાપને ધન્યવાદ આપે, પણ લડાઈ પૂરી થયા પછી સાધારણ સિપાઈ–તેની આબરૂ નહિ, તેની હાજરી કોઈ ઇચ્છે નહિ મારવા અને મરવાનો ધંધો ચાલતો હોય ત્યાં સુધી જ તેની કિંમત! મા, હું યે એક વખતનો એવો 'વીર' આજે તો 'સામાન્ય સિપાઈ' છું આટલું બોલતા તેને શ્વાસ ચડી આવ્યો.

જ્યોજને ઝૂંપડીમાં લીધો અને ડોશીએ પોતાની ગાભાની પથારી ઉપર તેને સુવાડ્યો, સાથીદારો થોડીક સૂચના આપી ચાલતા થયા. ઘરમાં બીમાર પુત્ર, અપંગ મા, અજ્ઞાન બાળક, નરી ગરીબાઈ અને નિરાશા બાકી રહ્યા. દીકરાની અશક્ત આંખોએ ઘરના દીદાર જોઈ લીધા અને અકળાઈને પૂછ્યું.

"મા, મારા બાપુ વગેરે ક્યાં છે? આપણી વાડી, ગાયો, ઘોડા વગેરે કેવાં છે? કેમ કોઈ દેખાતું નથી?"

'બાપુ! અત્યારે સૂઈ જા તું ખૂબ થાક્યો છે બધી વાત સવારે કરીશ.'

'મા, ઊંઘ નહિ આવે મને આ ઘરમાં કેમ ગોઠતું નથી? અહા! માદો માદોય ઘરે આવવા કેટલો ઝંખતો હતો! અને આવ્યા પછી કેમ જંપ વળતો નથી? મા, મને નથી લાગતું કે હવે હું લડીને મારા બાપુને મદદ કરી શકું કે ઝાઝું જીવી શકું.'

ડોશીનું હૈયું આ વાત સાંભળતા સાંભળતા ભરાઈ આવ્યું, છતા તેણે પ્રયત્નપૂર્વક આંસુ ખાળી રાખ્યા તેને મનમાં ઘણું થયું કે લાબા

વાત સાભળતો...મા, મા, મા, આ કોણ રડે છે ? બાગણા બધ કર ! જો, જો, પેલા ખેડૂતની બૈરી મને માગવા આવી ! તેના ધણીનુ વેર લેવા આવી...અરે રે ! આટલા બધા અનાથો કોણે ઊભા કર્યા !...એ પત્રો ! કેમ, કેટલુ નુકસાન ? કાઈ બદનાના નિશાન ફરે ? લગભગ ચાલીસ માણસ, છ ઘર અને પદર–વીસ પશુઓનો કચ્ચરઘાણ !...યમ સર .એઈટી -સર...થેક યુ ... ત્રણ બ્લુ રીબન ! બસ, આવતે મહિને ક્રોસ ! બેડો પાર ! ખાટકીખાનુ થોડુ ખાલી જાય ? મા, હવે તારો બેટો મોટો સરદાર, અમીર, બસ શહેનશાહ...અય ' માતૃભૂમિ તેરે...મારો મારો... ...પણ રક્ષ તુ અમ રાજા......'

'બેટા, સૂઈ જા !'

'હા મા, સૂઈ જાઉ છુ આ ખીણમા મારા મિત્ર લ્યુકામને જીવતો મુડદાની સાથે કોણે ફેકી દીધો ? ઊભો રહેજે, આવુ છું...' .. ઊભો થવા જાય છે. લ્યુસી તેને પકડી રાખે છે...

'મા, ભૂખ લાગી છે. પ્રેઝન્ટ ..સર નબર એઈટી...સર મા, ભૂખ લાગી છે.' રડવા માડે છે. લ્યુસી ડોશી મૂઝાય છે ઘરમા ખાવાનું નથી શુ આપવુ ? માદા સનેપાતવાળા છોકરાને મૂકીને બહાર કેમ જવુ ? રડતા રડતા અરધો દિવસ તેમ જ ગયો, બપોરે થોડા વર ભટકીને થોડુ ખાવાનુ લઈ આવી

'બેટા, લે ખા ! તારા માટે ખાવાનુ લાવી છું.'

'મા, પહેલા તું ખા, પછી હું. આપણે તો રોજ સાથે બેસીને ખાતા આજે મને એકલાને કેમ ખાવાનુ કહે છે ? બધા સાથે ખાઈશું.' ડોશી રડી અને દુ ખથી પોતાનુ મુખ બે હાથ વચ્ચે છુપાવી દીધું. એટલામા નાનો જોન છાનોમાનો આવીને ખાવાનુ ઉપાડી ભાગ્યો. આ બનાવે ડોશીનુ દિલ તોડી નાખ્યુ 'હે પિતા ! હવે તો નથી સહેવાતુ જીવવુ અને આવુ દુઃખ જોવુ માદા છોકરાને છોડી બહાર

જઈ ચકાતું નથી, તેમ તેને ભૂખ્યો પણ જોવાતો નથી શું કરું ? આ કરતાં તો કાં મારી જીવાદોરી ખેંચી લે, કાં તેની ખેંચી લે. આ ભૂખ અને માંદગી વચ્ચેની ભીંસ નથી સહેવાતી. નહોતો આવ્યો ત્યારે ઝંખતી હતી કે નથી આવ્યો, અને આવ્યો ત્યારે સહેવાતો નથી કેવી કરુણ અસંગતતા !'

તે રાત્રે પ્રભુએ માતાના દિલની આહ સાંભળી. જ્યોર્જ 'ઓ મા, ભૂખ લાગી...' કહેતા કહેતા ગયો. પાડોશીઓએ તેની અંત્યેષ્ટિ કરી. કોઈએ નિસાસો નાખ્યો, કોઈએ ડોશીની દયા ખાધી કે પ્રભુએ લડાઈમાંથી ઉગાર્યો તો ઘેર આવીને મર્યો. આખર માના મો-મેળા થયા ખરા ! ડોશી નમીબદાર !

ડોશી ખડખડાટ હસતી હસતી નાના જોનને લઈને બહાર નીકળી. 'ચાલ બેટા, ક્યાંકથી ખાવાનું માગી લાવીએ, નહિતર લોકો ખાવાનું કાઢી નાખશે અને ફાકા કરવા પડશે. હવે તને ભૂખે ખોવો નહિ પરવડે. તારો બાપ તો નસીબદાર કે એ ગયો અને દુઃખથી છૂટ્યો, પણ આપણું મોત આઘે છે, બેટા ! જ્યોર્જ કેવો નસીબદાર કે હવે તેને ભૂખ નહિ લાગે, માંદગી નહિ પજવે, કોઈ જાતની ચિંતા કરવી નહિ પડે ! કેવો બડભાગી ! એ તો જગ જીતી ગયો. આજનો દી હસી લે, બેટા ! જીવનમાં તો રોવાનું હતું અને ખૂબ રડ્યા, આજે તેના મરણની વખતે તો હસી લે. કારણકે ફરી વખત જીવન આખું રડવાનું તો છે જ ને !'

સુધી અમે બધા દુઃખે ઝૂર્યા. આજે મરીને પણ એ તો છુટ્યો. ને ગરીબોને જીવન કરતાં મરણ જ મીઠું હોય, તેથી જ ગરીબ દુનિયામાં જીવનને રડવાનું અને મોતને હસવાનું હોય!'

*

'ચાલ બેટા, ચાલ! વાતોમાં મોડું થાશે તો ખાવાનું કોઈ આપશે નહિ, અને તારા બાપનો જીવનમુક્તિનો મંગળદિન ઉજવાયા વિના રહી જશે.

'ચાલો, મા.........ભૂખ લાગી છે.........'

સ્વર્ગમાં એક રાત્રિ

ધર્મગુરુઓને હું સનાતન ધર્મના રક્ષક તરીકે માનતો આવ્યો છું અને તેના વિના આપણો ઉદ્ધાર પણ નથી પરંતુ આજે સંસારીઓએ ધર્મગુરુઓના ખાનગી જીવનમાં ડોકિયું કરીને ઘણું ગુમાવ્યું છે આવી મારી દૃઢ માન્યતાને કારણે જ્યારે જ્યારે સુધારક મિત્રોને ધર્મગુરુઓની ટીકા કરતા હું સાંભળતો ત્યારે મને ઘણું જ દુઃખ થતું તેમાંયે જ્યાર આજે સવારે જ ગુરુજીએ સમજાવ્યું કે, 'નાસ્તિકતા તો પશ્ચિમની કેળવણીનું જ પરિણામ છે, આજે તો સુધારકોને મન આપણું બધું ખોટું અને જડવાદી યુરોપનું સાચું ! આપણા ધર્મના વિચારો તો જાણે વહેમ જ ત્યાંનો નગદ ધર્મ એટલે આ લોકના જીવન પૂરતો જ ધર્મ, સાચો, સુંદર અને કલ્યાણકારક !' આવી માન્યતા હોય ત્યાં કલ્યાણ ક્યાં સંભવે ? Life after death મૃત્યુને પેલે પાર જિંદગી છે અને કર્મનાં ફળ ભોગવવાનાં હોય છે એમ તેઓ માનતા હોય એમ લાગતું નથી. માત્ર આપણે દેખી શકાય અથવા ઇન્દ્રિય દ્વારા અનુભવી શકાય તેટલું ખરું આવી માન્યતાનું પરિણામ એ આવ્યું કે નીતિ-અનીતિ જેવી વસ્તુઓ આજે સદાની ગઈ છે, ભાવિના [illegible] ની કલ્પના દૂર થઈ ગઈ છે એટલે [illegible] [illegible]

માથી બચી જતે. આજે એ ડર નથી. દુનિયાના માણસો સ્વભાવે તો શુદ્ધ, નીતિવાન, ચારિત્ર્યવાન કે સદ્ગુણી થોડા હશે, બાકીના ડરથી ‘ ખોટુ કહેવાશે ’, ‘ એથી આબરૂ નહિ રહે ’, ‘ સમાજમા હલકો પડી જઈશ ’, ‘ વ્યવહારમા વાધો આવશે ’ વગેરે વગેરે બાબતોથી ડરી, પાપ ન કરતા સારા બનવા પ્રયત્ન કરે છે. આટલા જ માટે ‘ પ્રભુથી ડરીને ચાલો ’, ‘આગળ ઉપર દુ:ખી થવુ પડશે’, ‘અહીના કર્મનો બદલો ભોગવવો જ પડશે ’ વગેરે જાતના ભયો કે પુણ્યના ફળની લાલચો વગેરે બાબતો શાસ્ત્રોમાં વ્યવહારકુશળ દીર્ઘદર્શી પુરુષો-એ બહુ જ સ્ફુટ કરી છે આ સાભળી મારુ દિલ આનંદથી બહુ જ નાચ્યુ હતુ અને મનમા લાગ્યુ કે સુધારકો કેટલા હલકા છે કે આવા ગુરુઓની નિદા કરે છે !

‘ હે ! સ્વર્ગ કે નર્ક સાચા હશે ? ’ ‘ અહીના કર્મનુ ફળ ત્યા ભોગવવુ પડશે ? ’ વગેરે બાબતોનો વિચાર કરતા કરતા મારી આખ મળી ગઈ, એટલે એક માણસ આવી મારા પગનો અગૂઠો પકડી મને જગાડી કહેવા લાગ્યો કે, ‘ અલ્યા સુરત ! મૃત્યુલોકના કાળા માથાના માનવી ! કયા સુધી ઊઘીશ ? ચાલ, આજે જગતના શરીફ્ બદમાસોનો કેસ ન્યાયમૂર્તિ ધર્મરાજા ચલાવવાના છે તે સાભળવા જેવો છે. ’ મે તો નકારમા જવાબ આપ્યો કે, ‘ ના ભાઈ, ના ! એવી માથાકૂટમા શુ કામ પડવુ ? ત્યા આવ્યા કરતા અહી મજાની ઊઘ ન કરુ ?’ એમ કહી પુન આખ મીચી ગયો ઊંઘમા મને કોઈ હીચોળીને હાલરડા ગાતુ હોય તેમ લાગ્યુ. મારો હીંચકો ઊંચો ને ઊંચો ચડતો ગયો, પણ કમભાગ્યે હીંચકાનો દોર તૂટી ગયો અને હુ એક મોટા સભામડપમા જઈ પડ્યો ત્યા જે માણસે મને જગાડ્યો હતો તેને બેઠેલો જોયો એટલામા એક કૃષ્ણવસ્ત્રધારી સિપાઈ એક મોટુ નોટિસ–બોર્ડ ત્યા મૂકી ગયો. તેમા લખ્યુ હતુ કે

કેસ પહેલો.—ગુનેગાર એક ધર્મગુરુ, ગુનો—વિશ્વાસઘાત, ઠગારાપણું, લૂટ અને હરામખોરી

આ સિવાય બીજા ઘણા કેસો હતા. તે વાચવા માડું ત્યાં તો સભામંડપમાં કેટલાએક અધિકારીઓ આવવા માંડ્યા અને પોતપોતાના આસને બેઠા. ધર્મરાજા ન્યાયાસન પર અને બાજુમાં ન્યાયમંદિરના કાર્યવાહકો બેઠા હતા. માહીના પાંજરા પાસે ચિત્રગુપ્ત મોટા મોટા ચોપડા લઈને પાનાં ફેરવતા હતા. સામેના પાંજરામાં બીજા ગુનેગારોની સાથે મારા ધર્મગુરુને પોતાના મૂળ પોશાકમાં ઊભેલા મેં જોયા એટલે હમેશની આદત મુજબ મારાથી નમસ્કાર થઈ ગયા, પણ તે વિનય ત્યાં તેમને ગુન્હો નહિ હોય તેમ લાગ્યું.

સિપાઈ મને બાંધીને પાંજરાની બહાર કાઢી ચિત્રગુપ્તની બાજુમાં લઈ ગયો અને કોર્ટનું કામ શરૂ થયું

આરોપી : ન્યાયમૂર્તિ ! કહેવાનું તો ઘણુ છે, પરતુ હુ તો અહીં-નો આ વિચિત્ર મામલો જોઈને જ ગભરાઈ ગયો છું. ધર્માત્મા ! આ આરોપ–પત્ર ઘડયુ છે કોણે ? આમાથી હુ તો કઈ જાણતો જ નથી, એટલે શું બોલું ? આપ જ સમજાવો એટલે પત્યું !

ન્યાયમૂર્તિ : બોલ ! મૃત્યુલોકમા તુ શુ કામ કરતો ?

આરોપી · હું એક ધર્મગુરુ હતો.

ન્યાયમૂર્તિ . ધર્મગુરુનુ કામકાજ શુ, કઈ કહીશ ?

આરોપી : એવી મામૂલી વાતો સાથે ભેખને શું સંબંધ ? અને ભકનોને પણ એવી વાતો સાથે શુ લેવા–દેવા ? તેણે તો સાધુને સર્વ-ગુણુસપન્ન માનવો ઘટે, તેથી ભેખ અને ભગવા સામું જ અમારે જોવાનું હોય. ભગવાં કર્યાં ત્યારથી તે અહીં આવ્યો ત્યા સુધીમા આનો તો વિચાર જ નથી કર્યો. માત્ર એટલુ જ જાણતો કે ભક્તોને વાડાની બહાર જતા અટકાવી ક્રિયાકાડમા ચુસ્ત રાખવા અને ધર્મગુરુ, ધર્મ-પુસ્તક તેમ જ દેવમા શ્રદ્ધા રખાવી મોક્ષ મેળવી દેવો.

ન્યાયમૂર્તિ : બદલામા તને શુ મળતુ ?

આરોપી : અમારા ભરણુપોષણુનો ભાર તેમને ઉપાડવો પડતો. ઉદરપોષણુ, કપડાલત્તાં, આશ્રયસ્થાન અને બીજી નાનીમોટી જરૂરિ-યાતોની ચિતા અમારા ભાવિક ભક્તો જ કરતા.

ન્યાયમૂર્તિ : વારુ ! પણુ એથી તારું કલ્યાણુ શુ થયુ ?

આરોપી : કેમ, અમારું તો જ્યારથી ભેખ ધર્યો ત્યારથી કલ્યાણુ જ છે. ભેખ અને ભગવાનને કયા છેટું છે ? ભગવા કર્યા એટલે સ્વર્ગ-ના એકાદ ખૂણામા જગ્યા નક્કી થઈ ગઈ જ સમજો ને ! આ જ અમારુ કલ્યાણુ !

ન્યાયમૂર્તિ : જગતમાં પોતાની સમજમાં આવેલું, અનુભવેલુ કે

ગણાતું નવ પ્રત પાને નમે તે જોગે, માન–અપમાન કે જીવતા બંધ પણ, નિર્ભયપણે વ્યૂ કરવું તે 'સંગુરુનું કામ ખરું છે? એક જમાને એક અને બીજા જમાને બીજો અર્થ કરી ભાષા–ચાતુરીથી પ્રતને ફારગતિ આપે એવી જનતા જેવું કામ તે કર્યું છે કે નહિ?

આનંદી. આ બધી વાતો હું નથી જાણતી. આટલું જાણું કે ગુરુએ આપણું વર્તવું જ અનાગ સંજોગ અનુસાર, પ્રત્યનું [illegible] જતન, અનાર્ગી નારીને [illegible] આવે એવી રીતે શોધ્યું. ખરું કહું તો અમે તો આંખ મીંચીને ગુરુની નકલ જ કરેલી. એમાં અનારી [illegible] ગુરુની ના હતી, અને આમને જરૂર પણ નહોતી. [illegible] તાકાત પ્રમાણે જ તેનો સાર બાંધ્યા. શ્રદ્ધા એ જ મોટું [illegible] કે અમે અનાગમાં શ્રદ્ધા રાખતાં શીખ્યાં એમાં પાપ તો નથી જ કર્યું. પ્રણને સત્યના [illegible] ઉતારે કાયદો શું?

સાગરમૂર્તિ. સ્વભાગ! તમને સંજોગ અને સત્યને સંબંધ નથી, તમને ધર્મ અને સત્યને સંબંધ છે. તું જાણે છે કે—

માણે–ત્યાગે–પાર [illegible] દેવતની ભાવના
વ્યાસ્થિતિઓને તો [illegible] જ [illegible] છે (ગીતા)

આ ન શાસ્ત્રના દ્વારા છતાં તે ધર્મના કેટલા કેટલા તત્ત્વ, મત-મતાંતરો કરી નાખ્યા, કેટલાને [illegible], [illegible] દિવાનગાઢ [illegible] કરી નાખ્યા તે તું જાણે છે? એટલું જ નહિ પણ જનતાના [illegible] તો [illegible] એક, અને [illegible] પ્રભુ, [illegible] પ્રભુ, [illegible] [illegible] [illegible] શાંત–આ [illegible] રાખતી [illegible] કેટલો [illegible] કરી છે, [illegible]

ધર્મને નામે–આવી આવી વાતો લખાવી પ્રભુના બેહૂદા વૈભવોના વર્ણનો ચીતરી તેં ખુદ પ્રભુની બદનક્ષી કરી છે તે કબૂલ કરે છે કે નહિ ?

આરોપી : એમા બદનક્ષી શાની ? મારાપણુ ન હોય તો સપ્રદાયનુ અસ્તિત્વ કેમ ટકે ? સપ્રદાયની માન્યતા વિના ગુરુમા શ્રદ્ધા કેમ રહે ? અને ગુરુ વિના જ્ઞાન કે મોક્ષ થોડો મળે છે ? જો જગતના સ્વામી પ્રભુને ત્યા વૈભવ–વિલાસ ન હોય તો તે જખ મારવા પ્રભુ થયો ? પ્રભુના વૈભવ–વિલાસની વાતો પણ તેના ગુણાનુવાદ જ કહેવાય !

ન્યાયમૂર્તિ જયારે તારા પ્રભુને વૈભવ–વિલાસ હોવો જોઈએ ત્યારે તારે–એટલે એના ભક્તને–કેમ ન હોવો જોઈએ ? તુ પોતે વૈભવશાળી–વિલાસી હતો કે નહિ ?

આરોપી : હા ! સમય પ્રમાણે ! ભગવાનની ઇચ્છાથી બધુ થતુ !

ન્યાયમૂર્તિ : એ ભલા માણુસ ! તારો વૈભવ કયાથી આવતો તે તેં કદી વિચાર્યું હતુ ?

આરોપી : એમા વિચારવાનું હતું શુ ? એ તો ભક્તજનો જ આપતા. શાસ્ત્રમા ધર્મગુરુને દાન કરવાનું મોટું પુણ્ય લખ્યુ છે, તેથી પુણ્ય માટે દાનનિમિત્તે અમને બધુ મળી રહેતુ !

ન્યાયમૂર્તિ : પોતાના રડતા છોકરાને એક પાઈ ન આપનાર, માદી પત્નીની દવા માટે દમડી ન ખરચનાર, પોતાના સુખ–સગવડ ને નરી જરૂરિયાતને પણ સાચવવા અશક્ત હોય તેવા ગરીબ માણસોની લોહીની–પસીનાની કમાણીનું ધન તારા વૈભવ માટે કે તારી ધૂન માટે વાપરતા તને અરેરાટી ન થતી ?

આરોપી : એ તો તેઓની પાકી ફરજ હતી એવા દાન સિવાય તો સ્વર્ગ કંઈ રસ્તામા નથી પડયુ ને ? દાન આપનાર કોણ છે દ્રવ્ય કયાંથી આવે છે અને પાછળથી આપનારનું શુ થાય છે તે

બેસવાનું કામ અમારું નથી, દાન ભોતકના નામથી [illegible] રંગ-રૂપ-નું રંગા-ખાવાનું કામ અમારું. આ એક કેવળ ક્રિયા કે એમ આપ જાતે જાણતા હશો જ!

ન્યાયમૂર્તિ : એમ [illegible] જ દાન લેતો કે દરેક પાનેથી [illegible] નક્કી કરીને નિકટનો જમાવતો?

આરોપી : સાહેબ! આ સૌ [illegible] પ્રસંગો છે. જૈન ધર્મની પૈસા [illegible] સ્થિતિ સારી, જૈન [illegible] તેમ [illegible] આવ અને [illegible] એટલે [illegible] અને [illegible] મોટી મોટી નિકટો અને [illegible] કરી [illegible] નવા નવા મંદિરો, નવા નવા [illegible], [illegible] ભોજનસમારંભો, [illegible] પ્રસંગો [illegible] આ [illegible] નવી [illegible]?

કઈ લૂલાં–લંગડાંની પાંજરાપોળ નથી કે કોઈ અનાથાશ્રમ નથી. એ તો પ્રભુનો દરબાર છે ત્યાં ભગવાન અને ભેખધારી સિવાય બીજું કઈ વિચારાય જ નહિ એટલું તો ધર્મના ગોપાળ તરીકે આપ સમજો છો ને?

ન્યાયમૂર્તિ : ત્યારે મહારાજ, તું કેટલા ભવ રૌરવ નર્કમા રહીશ? તે તારું આ હૃષ્ટપુષ્ટ શરીર તે પૈસાથી જ પોષ્યું છે. દેશમા બેકારીને લીધે જ્યારે પ્રજાના અર્ધા ભાગને લૂખુ-સૂકુ ખાવાનું પણ નહોતું મળતું ત્યારે તેં તો માલમલીદા અને છપ્પનભોગ ભોગવ્યા છે, સવત્સરીઓ-પણ માણી છે. જ્યારે ગરીબો ટાઢમા કાપતા હતા અને વરસાદથી ભીજાતા હતા અને ચીથરું પણ નહોતુ સાપડતુ ત્યારે તે કીમતી વસ્ત્રો ભેટ લીધા હતા જ્યારે ગરીબો એક પૈસા માટે ભારે બોજો ઉઠાવી બે માઈલ ચાલતા ત્યારે તુ તો આગળ ઘીની મશાલો સળગાવી ગરીબોની કાધ ઉપર પાલખીમા ફરતો હતો. જ્યારે દેવના દીન બાળકોનાં પગલા ઉંબરામાથી પાછા ઠેલાતા ત્યારે તું પગલા કરી જે હોય તે હજમ કરી જતો હતો. આ બધું ધર્મને નામે, ભેખને નામે, પ્રભુને નામે કર્યું હશે, કેમ? જગત આખું તગીથી પીડાતુ હતુ ત્યારે તારે ત્યા હજારો ભોળા ભક્તોના પસીનાની કમાણી વેરણછેરણ થતી હતી તે ભક્તોના કલ્યાણ માટે, ખરુ કે? જ્યારે કોઈ તને સાચી વાત કહેતુ ત્યારે તારા ખુશામતિયા ભક્તોને ભમાવી પૈસાને બળે તારા માર્ગના એ સાચના કાંટા તું દૂર કરાવી નાખતો એ 'વસુધૈવ કુટુબકમ્'ના સૂત્ર માટે જ હશે, એમ? તારી આવી ગાદી ટકાવવા ગમે તેના, ગમે તેવી જાતના, ગમે તે રીતે, ગરીબોના બાળકોને ફસાવી ઉપાડી જતો તે ધર્મ ટકાવવાની પ્રીતિને કારણે થતુ હશે, ખરુ ને? શાસ્ત્રોના જેવા–તેવા અર્થો કરી હજારો ભોળા હૃદયો ભેદાવી નાખ્યા, ધર્મલગની ખડિત કરાવી નાખી, તેનો શું જવાબ આપે છે? મહારાજ! તારા જેવાના પાપે જ પ્રજા ધર્મ વગરની બની છે તે જાણે છે ને?

ફકીરી નહોતી અને બીજુ કમબખ્ત ભક્તોએ બનવા પણ ન દીધો. જ્યારે સંસારી હતો ત્યારે તો સંન્યસ્તની સાચી તરસ હતી, ત્યાગની તાલાવેલી હતી, જગત–કલ્યાણુની કામના હતી, પણ સાધુ બન્યા પછી જેમ જેમ મહત્તા વધતી ગઈ તેમ તેમ ભાવિક ભક્તોએ મને સ્વર્ગનો સરળ માર્ગ બતાવી દીધો ! પછી મારો શું વાંક ? સાધુઓને બગાડનારા હમેશા સંસારીઓ જ હોય છે, માટે તેમનો જવાબ લ્યો, સાહેબ ! મારી ફરિયાદ છે !

ન્યાયમૂર્તિ : ઘણો ગરીબ ! તને ભક્તોએ ખોટો માર્ગ બતાવ્યો કે તેં ભક્તોને છેતર્યા તે વિચારવા જેવુ છે. તારે ભરોસે પડેલા સ્વર્ગની આશાવાળા મુમુક્ષુઓએ પોતાનું સર્વસ્વ તારે ચરણે ધર્યું, તેં દોર્યા તેમ દોરાયા, પણ અફસોસ ! તેં તેઓને અજ્ઞાનમાં, મતમતાંતરના ઝઘડામાં, ક્રિયાકાંડના કીચડમાં જ દોર્યા છે અને તેઓનું મનુષ્યજીવન બરબાદ થયું છે. આ ભયંકર વિશ્વાસઘાતના ગુનાનો શો જવાબ ?

આરોપી . ક્રિયાકાંડ દ્વારા તો ધર્મની શ્રેષ્ઠતા સ્થાપી શકાય, અને ધર્મગુરુ તરીકે એ અમારી ફરજ પણ ખરી. ધર્મની મહત્તા ખાતર કદાપિ ખૂનો કરવા પડે, લોહી વહેવરાવવા પડે તો તેમ કરવું એ પણ ધર્મ જ છે એમ શાસ્ત્ર કહે છે ધર્મ માટે બધા પાપ માફ છે.

ન્યાયમૂર્તિ : જરાય નહિ, ધર્મ ખાતર તું પોતે મરી ફીટે તો તો તારી મોટાઈ, પરંતુ બીજાને તો ન જ મારી શકે. લોહી વહેવડાવી-ને તું ધર્મ રાખી શકશે ? આ ધર્મ નથી પણ ધર્મઘેલછા કે ધર્માંધતા છે, અને ધર્મ માટે થતુ પાપ વજ્રલેપ બને છે.

આરોપી આવો ધર્મ મારાથી ન સચવાયો તે કબૂલ કરું છું.

ન્યાયમૂર્તિ : વૈભવ–વિલાસ અને ખોટી મહત્તાથી તું તારું ચારિત્ર્ય ન સાચવી શક્યો અને તારા સંતાન જેવા ભક્તોને તેં ફસાવ્યા તે વાત ખરી ?

આરોપી : સાહેબ, જે કહો તે કબૂલ । ભૂલનો ભરેલ છુ, આપ દયાળુ છો, ભેખની સામુ જોશો ।

ન્યાયમૂર્તિ : આરોપી । તારા કર્મથી તું નથી તો રહ્યો સંસારનો કે નથી રહ્યો સન્યાસનો ! તારી દશા તો ધોબીના કૂતરા જેવી થઈ છે—નથી રહ્યો ઘરનો કે નથી રહ્યો ઘાટનો ! આરોપી । તારો ગુનો સાબિત થઈ જાય છે. એનો ચુકાદો હવે પછી આપીશ.

(આરોપીને સિપાઈઓ લઈ જાય છે.)

*

'ધન હરે ધોખો નવ હરે,
એ ગુરુ કલ્યાણ શુ કરે ?'

એ ભજનના નાદથી જ્યારે હુ જાગ્યો ત્યારે શેરીમા કૂતરા રડતા હતા.

'હું તો ડૉક્ટર છું ને!'

સામાન્યત. સરકારી નોકરોની બાબતોમા બને છે તેમ ડૉ. વિદૂરના આવ્યા પહેલા જ તેમના સબધની અનેક સત્ય અને અસત્ય વાતો અમારા કાને આવી પહોંચી હતી અને જગતની જૂની આદત પ્રમાણે અમે તેમના માટે ભિન્નભિન્ન જાતના મતો પણ બાધી દીધા હતા કોઈએ કહ્યુ કે–

'તે બહુ ભલા છે'

તો બીજાએ કહ્યુ કે—

'એ તો સાવ મૂર્ખ છે'

કોઈને તે 'વેદિયા ઢોર' જેવા લાગ્યા, તો કોઈને 'નમાલા' લાગ્યા, થોડકને તે 'દયાળુ અને પ્રભુપરાયણ' પણ લાગ્યા, માત્ર એક–બે જણાએ જ ઉચ્ચાર્યું કે, 'આપણે મત બાધવામા જરા ઉતાવળ કરીએ છીએ. કદી એ એવા ન હોય તો? આવવા દો, પછી તેલ જુઓ તેલની ધાર જુઓ, લાડી–પાડીના નીવડયે વખાણ' પણ ન્યાયાસન પર ચડી બેઠેલા એ સૌ ધરાર ન્યાયમૂર્તિઓને આ વાત શાની રુચે! એ સલાહનો સારરૂપ જવાબ એટલો જ હતો કે 'વર્ગમા જરાક ઊંચે આસને બેસતા આ ઘાચીભાઈની તેલ અને તેલની ધાર ન જોઈ હોય તો જોઈ લેજો!'

હકીકતમા વાત એમ હતી કે અમારા પ્રોફેસર ડૉ. ભૂજગરાવ લાબી નોકરી પછી નિવૃત્ત થનાર હતા અને તેમની જગ્યાએ ડૉક્ટર વિદૂર સુરતથી આવવાના હતા. આ ડૉકટરની કેટલીએક ખરેખર આવવા યોગ્ય વાતો તો અમારી પાસે મોડી મોડી આવી, માત્ર તેમની વિચિત્રતા જ વહેલી આવી, જે ઉપરથી અમે તેનો ઉપર મુજબ આક કાઢ્યો.

ડૉક્ટર વિદૂર એક ગરીબ વિધવાના પુત્ર. કોઈ ડૉકટરની મદદથી ભણતા ભણતા કપાઉન્ડિગ શીખેલા. ત્યાર પછી નોકરી કરતા કરતા આગળ અભ્યાસ કરી એલ. સી પી ઍન્ડ એસ, એમ. સી પી. ઍન્ડ એસ. અને છેવટે એમ બી બી. એસ. થયા હતા એટલે લગભગ પોતાની બત્રીસ વર્ષની ઉંમર સુધી તે વિદ્યાર્થી જ રહ્યા હતા. તે સમયમા તેમણે સખ્ત વૈતરુ કરેલુ, અનેક અગવડ ભોગવેલી અને ઓછામા ઓછા સાધને અભ્યાસનો વિકટ માર્ગ કાઢેલો એ પરમ પુરુષાર્થની વાત અમે મોડી સાભળી, તેમની કારકિર્દીમા કયા કયા તેમણે વીરતા અને માનવતા દાખવી હતી તે પણ મોડુ સાભળ્યુ, અને તેમના જીવનમા કેટલી આર્દ્રતા ને કરુણા ભર્યા છે તે તો તદ્દન છેલ્લે છેલ્લે જ જાણ્યુ. તે વખતે તો તેમના જીવનનું પ્રત્યેક કાર્ય અમને મજાકરૂપે જ ભાસ્યુ તેમના અભ્યાસી સ્વભાવમા અમને વેદિયા પતુજીના દર્શન થયા તેમની ભાવુકતામા મૂર્ખાઈ અને તેમની સહનશીલતામા નબળાઈ દેખાણી તેમની સાદાઈમા રાકપણુ લાગ્યુ જગત આખુ લગભગ આવુ છે ત્યા અપક્વ વિદ્યાર્થીઓનો શો વાક! આજે ડૉ વિદૂરને અહી આવ્યે લગભગ આઠ દિવસ થઈ ગયા, પણ કંઈ નવીન બન્યુ નહિ એનો અર્થ રખે એવો કરતા કે વિદ્યાર્થીઓ ડાહ્યા થઈ ગયા હતા! વિદ્યાર્થીઓ ભલે નિર્દોષ દેખાતા હોય કે લેખાતા હોય, પણ વાસ્તવિક રીતે તેવા હોય છે કે નહિ એ એક

પ્રશ્ન છે. તેમાય મેડિકલ સ્ટુડન્ટ્સ એટલે પૂછવુ જ શુ ? ભવિષ્યમાં ડાહ્યા થઈને રહેવાનુ હોય છે તેથી કે જગતની અનિચ્છનીય વસ્તુઓ, માંદગી, રોગ, મડદા, હાડકા સાથેના સતત પરિચયથી ઉદાસીનતા આવી ગઈ હોય તેથી કે માનવ-જીવનની નગનતા જાણી જાણી, તેના કણેકણ ચૂથીચૂથી, માનવ એટલે થોડો ચૂનો, થોડો ક્ષાર, ફોસ્ફરસ, પાણી, હેમોગ્લોબીન અને ચરબી મળી ચાલુ બજાર-ભાવે માત્ર ત્રણ રૂપિયા અને પાચ આનાની કિંમતનો માલ એવી વિજ્ઞાન-દૃષ્ટિએ કિંમત આંકી માનવ-જીવનની નિરર્થકતા જાણી હતાશ થઈ ગયા હોય તેથી વિશ્વભરમા મેડિકલ વિદ્યાર્થી વધુમા વધુ તોફાની ટીખળી, ચબરાક, રોકડિયો અને લાપરવા લેખાયો છે. એટલે અમો સૌ વિદ્યાર્થીઓએ ડૉ. વિદૂરના સ્વભાવનો અભ્યાસ કરવામા એક અઠવાડિયુ કાઢી નાખ્યુ જો સામનો કરે અને માથામાં મારે એવા જણાય તો નમતું આપવામા અને આગળી ખૂચે એવા પોચા જણાય તો મજાક ઉડાવવામા અમે જરા પણ વિચાર કરીએ તેવા ન હતા. ડૉ. વિદૂરમા અમને ભલમનસાઈ-એટલે અમારી તે વખતની વ્યાખ્યા મુજબ નબળાઈ-દેખાણી, તેથી અમે ડૉકટરને અમારી મજાકનુ રમકડું કેમ બનાવી શકાય તે વિચારવા લાગ્યા વિદ્યાર્થીઓના તોફાનમા ઘણે ભાગે અમુક પૂર્વતૈયારી હોય છે જ

ડૉ. વિદૂર અમારા મેડિસિનના પ્રોફેસર હતા. આ ઉપરાત દવાખાનાનુ Out-door Department (બહારના દર્દીઓની સારવાર કરવાનું ખાતું) સભાળતા. સામાન્ય રીતે બધા ડૉકટરો પોતાના કામ કરતા પણ પોતાના સમયને બરાબર સભાળતા અને તે સમયમા જેને લાભ લેવો હોય તે લઈ લેતા, બાકીના રહી જતા. ઘડિયાળના અગિયારના ટકોરા અને ડૉકટરોનું ઊઠવું સાથોસાથ બનતુ, કારણકે વખત, વેતન અને તે સમયમા થઈ શકે તેટલુ કાર્ય જ તેમની દૃષ્ટિ સમીપ

રહેતુ, બાકીના કાર્ય માટે તેઓ નિર્લેપ રહેતા સરકારી નોકરો ભાગ્યે જ સરકારી કામને પોતાનુ ગણે છે, અને જો ગણે તો .. દેશભરની સિકલ બદલી-જાય ને !

ડૉક્ટર વિદૂર જુદી પ્રકૃતિના નીકળ્યા તેમણે કામ અને જરૂરિયાતને સમય કરતા વધુ મહત્ત્વ આપવા માડ્યુ અગિયાર વાગ્યા પછી બાકી રહેલા દર્દીઓ માટેનો 'આવતીકાલે આવજે, આજે દવાખાનુ બધ થઈ ગયુ, વખત પૂરો થઈ ગયો' એવો જૂનો—જાણીતો વટહુકમ તેમણે બદલી નાખ્યો. અગિયાર વાગ્યા પછી નવા દર્દીઓ ન લેવા, પણ તે પહેલાના ઊભેલા દર્દીઓને ગમે તેટલો વખત લાગે પણ પતાવી દેવા તેવુ ફરમાન તેમણે કાઢ્યુ કદાપિ દર્દીઓને કે ડૉક્ટરની માનવતાને આ ગમ્યુ હશે, પણ આવડ વગરની માથે પડેલી ફરજિયાત 'ડ્યુટી' તરીકે કામ કરતા વિદ્યાર્થીઓને આ શાનુ રુચે ? બાધ્યા સમયમા જ કામ કરવા ટેવાયેલા પગારદાર નોકરોને પણ આ શાનુ રુચે ? અમે અમારો કચવાટ શરૂઆતમા 'સાલો લપ્પી છે, ગુદરિયો છે એને તો બાયડી ગાડા જેવી છે એટલે ઘરે વહેલા જવુ શાનુ ગમે, પણ અમારે કયા તેવુ દુ ખ છે !' વગેરે વાક્યોથી આપસઆપસમા બતાવવા માડયો પછી ધીમે ધીમે અણગમતુ વાતાવરણ ઊભુ કરવા માડ્યુ તેમના દેખતા વારવાર ઘડિયાળ જોવા માડી દર્દીઓને ધમકાવવા માડયા. ડૉક્ટર સમજી જતા અને થોડા જ શબ્દોમા આ મૂગા કચવાટનો ઉત્તર આપી દેતાઃ 'મોડુ તો જરૂર થાય છે, પણ સવારથી રાહ જોતા આ દર્દીઓને પાછા કાઢવા કેમ ગમે ? થોડો વધારે વખત આપીએ તો દર્દીઓને આશ્વાસન મળે આવા મહાન કાર્ય પાસે એકાદ કલાક શુ વધુ કીમતી છે ? આપણે ડૉક્ટરોએ કામ સામે જોવાનુ હોય, વખત સામે નહિ !' મોઢેથી 'સારુ સાહેબ !' પણ અતરમાથી 'તદ્દન વેદિયો પતૂજી !

આને સાધુ બનાવવો જોઈતો હતો, તેને બદલે ડૉકટર કોણે બનાવ્યો ?' એવો અવાજ સહજ નીકળી જતો.

ડૉકટર જેમ દવાખાનાના સમયની બાબતમા અજબ હતા તેમ દર્દીઓ સાથેના વ્યવહારમાં પણ તેવા જ અજબ અને અનોખા હતા. તેમણે એક વાત નક્કી કરી રાખી હતી કે વધારેપડતા બીમારો-ને તેમણે જાતે જોવા જોઈએ અને જો કોઈ દર્દી ત્યાં આવવાને અશક્ત હોય તો પોતે જાતે તેને ત્યાં જવું. દર્દીને દેખ્યા વિના દર્દીના દર્દનું સપૂર્ણ નિદાન કે ચિકિત્સા થઈ શકે નહિ દવાખાનાનું કામ પતાવી એવા દર્દીઓના સગાઓની સાથે તે તેમને ઘરે જતા. આવાઓને દવા આપવાનો પ્રબંધ તેમણે સાજનો કર્યો હતો આજ સુધી સાજે દવાખાનું બહારના દર્દીઓ માટે ઊઘડતુ નહિ, તેથી આ નવી યોજના-થી કમ્પાઉંડરો અને બીજા માણસો પણ ચિડાયા. સાજની હાજરી અને કાર્ય અલબત્ત તેમની નોકરીના કાનૂન મુજબ હતુ, પણ ચાલુ પ્રણાલિકાનો ભગ કોને રુચ્યો છે કે તેઓને રુચે ? ઓછામા ઓછું કામ કરવુ, ઓછામા ઓછો સમય આપવો અને વધુ ને વધુ વેતન ઇચ્છવુ એવો સાધારણ જનસ્વભાવ છે, ત્યા વધારાનુ કામ કેમ રુચે ? તેથી કામથી ચડેલો થાક ઉતારવા માટે કે કામ કરવું પડયું તેથી ચડેલી ચીડની શાન્તિ માટે જ્યારે તેઓ નવરા પડતા ત્યારે ડૉ. વિદૂરની અજબ–ગજબની નવી નવી વાતો બનાવી ફેલાવતા, તેમના પત્ની અને બાળકો પણ ઘણી વખત એ લહાણુમાં આવી જતા. તેમની પત્નીના ગાડપણુની અને ખુદ તેને પોતાને માર માર્યાની વાતો રસભરી ભાષામાં આ લોકોએ જ ચલાવેલી. તેઓ ડૉકટરને સેકડો ગાળો દેતા. આનું બીજુ કારણ પણ હતુ અગાઉ તેઓને જે થોડું-ઘણું દર્દીઓ પાસેથી ખાનગીમા મળતુ તે ડૉ. વિદૂરના આવતા બધ થયું હતુ.

ડૉક્ટર બધા લોકોનો કચવાટ સમજ્યા હોય કે નહિ તે તો પ્રભુ જાણે, પણ તેની જીભમા અતિ મીઠાશ અને આર્દ્રતા ભર્યાં હતા એટલે બધા ગમ ખાઈ ન ગમ્યું ગમ્યું કરી લેતા, કોઈ પ્રકટપણે વિરોધ કરતુ નહિ, છતા એક વિદ્યાર્થીએ વાતચીતમા કહી પણ નાખ્યુ કે, 'સાહેબ ! આપ દર્દીઓની વિઝિટ–ફી લેતા નથી તેથી બીજા ડૉક્ટરો ચિડાય છે. તેના ધધામા ખલેલ પડે છે આ તમારી રીત માટે તેઓ ખૂબ નારાજ છે. તો આપ શા માટે ફી નથી લેતા ? દર્દીઓને ગરજ હોય તો કા તો અહી દવાખાને આવે અગર તો આપને ફી આપીને ઘરે તેડી જાય. આપને તે લોકો લૂટે છે. કેટલા-એક તો હરામખોર હોય છે અને તમારી ભલમનસાઈનો ચોખ્ખો ગેરઉપયોગ કરે છે એટલે તમે નાણુ તો નહિ કમાઓ, પણ ડૉક્ટર-મિત્રોની પ્રીતિ પણ ખોશો !'

'તમારી વાત તો બરાબર છે, પણ દર્દીઓ દવાખાને આવી શકતા ન હોય ત્યારે જ આવતા નહિ હોય ને ? કોઈને કારણ વગર બીજાનો આભાર થોડો માથે ચડાવવો ગમતો હશે ? એ ન આવી શકતા હોય તો ડૉક્ટર તરીકે–પ્રજાના એક ટ્રસ્ટી તરીકે–મારી ફરજ નથી કે મારે તેમને ત્યા જઈ તેમને ઉપયોગી થવુ ? હવે રહી વિઝિટની વાત અને એ તો સામાન્ય વાત. સરકાર તરફથી મને રૂ. ૪૫૦) પગાર મળે છે, પછી દર્દીઓ પાસેથી વધુ લેવાની શી જરૂર ? આટલી આવક તો મારા માટે ઘણી છે. પેટ–ગુજારા માટે માણસે અવશ્ય થોડું લેવુ ઘટે, પણ નાણા જમાવી ધનિક ગણાવા ખાતર આવો ઉમદા ધધો આમ ધૂળ મેળવી દેવો યોગ્ય નથી. માનુ દૂધ વેચવુ અને ડૉક્ટરી જ્ઞાન વેચવુ લગભગ સરખુ છે પણ આજે કયા કોઈને ખરુ હૃદય છે કે આ વાતનો વિચાર પણ કરે ! તમે કહો છો તેમ સભવ પણ હોય કે દર્દીઓ મને છેતરતા હશે, કેટલા-

એક હરામખોરીથી મારો ગેરલાભ પણ લેતા હશે, પણ થાય શુ ? બધે કયા તપાસ કરવા બેસીએ ? છેતરવાની આશકામા કર્તવ્ય ભૂલવા કરતા છેતરાઈને પણ કરવા યોગ્ય કરી છૂટવું શું ખોટું ? મદદ માગનાર અને તેમાય દર્દી તો ખાસ કરીને કાયમ લાચાર હોય છે ત્યારે જ મદદ માગતો આવે છે, એમ જ માનવુ રહ્યુ !

'હું કોઈ પણ ડોકટરનો ધધો તોડી પાડવા આવ્યો નથી. કોઈને ધધામા નુકસાન પહોચાડવાની કલ્પના સુધ્ધા પણ મને નથી છતા પણ તેઓને તેમ લાગતું હોય તો હુ શું કરુ ? આ ધધો અને તેના હાર્દને યોગ્ય રીતે સમજાય તો કોઈને પણ કચવાટ ન રહે આ કામ ગણુતરીબાજીનુ નથી, દિલની છલોછલ દયાનુ છે !'

વિદ્યાર્થીઓ ચૂપ થઈ જતા. ઘડીભર વાત ઠીક લાગતી, પણ બીજી જ ક્ષણે કીમતી મોટરો અને તેમા બેઠેલા અપ-ટુ-ડેટ કપડામા સજ્જ થયેલ ડોકટરો અમારી આખ સામે આવતા કે તુરત ડો વિદૂરની વાત ઊડી જતી, એટલુ જ નહિ પણ અમે તેની દયા ખાવા લાગી જતા કે, 'અરે રે ! બીચારો આમ જ છેતરાય છે ! આવી ભાવુકતા પાછળ તો એની ડોકટરી એળે જશે અને ભિખારીનો ભિખારી રહેશે !' તે પોતાના ધધામા ઘણા હોશિયાર હતા અમારે મન તે વખતે તે સફળ ડોકટર તરીકે દેખાયા જ નહિ, કારણકે અમારી કલ્પનામા સફળતા એટલે વધુમા વધુ આમદાની હતી, અને ડોકટર એટલે ફેશનેબલ કપડા પહેરી ટાપટીપથી ફરનારો, અનેક રગ કરી જાણુનારો, રુઆબથી આખો આજી નાખી વાતવાતમા સિફતથી પૈસા રળી નાખનારો, મોટરમા બેઠા બેઠા રસ્તામા અનેકની હસી હસી સલામો ઝીલનારો, સૌને પોતાનો લાગે પણ કોઈનો પણ ખરી રીતે ન થનારો, અક્કડ છતાય પણ Smart (ચાલાક) માનવી ! એટલે દયા-ધરમની વાતો કરનારો, મુનિ મહારાજ જેવો ત્યાગી અને વગર

કમાણીએ મુફ્ત મજૂરી કરનારો ડૉ. વિદૂર અમારા માપથી ઘણો ઓછો પડયો અમે એનો કાંકરો કાઢી નાખ્યો

અલબત્ત, તિરસ્કાર નહિ પરતુ અમારુ ટીખળ તો દિનપ્રતિદિન વધતુ જતુ હતુ, અને જેમ જેમ ડૉ વિદૂર સહન કર્યે જતા હતા તેમ તેમ અમને તેમની સહનશીલતામા તેમનુ નઘરોળપણું–ભાનહીનપણુ દેખાતુ હતું આજ સુધી અમે તેની ખાનગીમા જ મશ્કરી ઉડાવતા, હવે એક પગલુ આગળ વધ્યા

કોઈ વિદ્યાર્થીએ કલાસમા બોર્ડ ઉપર લખ્યુ કે–'આપણા પતૂજી, મુનિ મહારાજ વિદૂરજીનુ આજે મેડિસિનને બદલે દયા–ધર્મ ઉપર વ્યાખ્યાન થશે. સૌએ નાહી–ધોઈને, પીળુ પીતાબર પહેરી, બગલમા મૃગચર્મ લઈ હાજર થઈ જવુ સાજે ત્યાગ અને મજૂરી ઉપર ભાષણ આપશે, અને બાયડીને પાજરાપોળમા અને છોકરાઓ-ને મોસાળ કેમ વળાવવા તેનુ પ્રૅક્ટિકલ ડૅમોન્સ્ટ્રેશન હાથમા રામ-પાત્ર લઈને આપશે!' વગેરે વગેરે ડૉકટર વિદૂર કલાસમા આવ્યા. બોર્ડ પરનુ લખાણ વાચ્યુ જરાક મધુરુ હસતા હસતા તેઓ એટલુ જ બોલ્યા કે, 'મારુ વ્યાખ્યાન સાભળશે કોણ?' તે ભાષણ શરૂ કરે તે પહેલા જ કલાસના એક ખૂણામાથી તેનો જવાબ આપતા હોય તેવો અવાજ આવ્યોઃ 'બટેટા', તુરત બીજા ખૂણામાથી તેનો પ્રત્યુત્તર મળ્યો 'ગરમ' એકદમ આખો કલાસ 'બટેટા ગરમ, ગરમ બટેટા! બટેટા ગરમ, ગરમ બટેટા'ના વિચિત્ર નાદથી ગુજી ઊઠયો. ડૉકટર અકળાઈ એક વિદ્યાર્થી મિ ભટ્ટને સબોધીને બોલ્યા 'મિ ભટ્ટ! સાયલન્સ પ્લીઝ' તુરત આખા કલાસે આ નાદ પણ ઝીલી લઈ 'મિ ભટ્ટ, પ્લીઝ, મિ ભટ્ટ, પ્લીઝ'નો ગણગણાટ કરી મૂકયો

ડૉકટર મૂંઝાઈ જાય છતા કચવાટ પ્રગટ કરે નહિ, 'આવા વર્તનથી ત્રાસી જાય છતા પણ કોઈની વિરુદ્ધ ફરિયાદ કરે નહિ, ગુનેગાર લક્ષ્ય બહાર ન હોય છતા પણ કોઈને પકડે નહિ—એ વાતે વિદ્યાર્થીઓને શર પર ચડાવ્યા. પછી તો ધીમે ધીમે કાકરા, ઠળિયા, લીબોળી વગેરે કલાસમાં ફેકાવા લાગ્યા ડૉકટરે તેટલી જ તત્પરતાથી સહન કરવા માડયુ અને વિદ્યાર્થીઓના વર્તન તરફ તદ્દન દુર્લક્ષ્ય કરી દીધું.

અ તે એ દિવસ આવ્યો કે જેણે અમને સૌને રડાવ્યા અને ડૉકટરની માણસાઈ, સાધુતા અને વીરતાના દર્શન કરાવ્યા. તે દિવસે અમારો પરાજય થયો, ડૉકટર ખરેખર જીત્યા !

વર્ગ શરૂ થયો ડૉ વિદૂર તે દિવસે જ્યુરિસ્પ્રુડન્સ(Jurisprudence)માથી ગાડપણ (Insanity) ઉપર ચર્ચા કરતા હતા. 'માણસમા ગાડપણ ભિન્ન-ભિન્ન-સ્વરૂપમા દેખાય છે—ઉશ્કેરાટ, ધૂન, ગણગણાટ, ભય વગેરે સ્વરૂપે. કોઈને કારણ વગર ચીડવવો કે કોઈની સામે ચિડાયા કરવુ, કોઈને નુકસાન કરવાની કે માર મારવાની વૃત્તિ જાગ્રત થવી, ચોરી કરવાની કે એવી કોઈ બીજી વિકૃત ઇચ્છા થવી, કોઈનુ ટીખળ કરવુ, કોઈની હાસી કરવી, વગર વિચાર્યું અર્થહીન બોલ્યા કરવુ, વાતવાતમા હસવુ, બરાડા પાડવા, ચાળા કરવા કે મનોગત ગણગણવુ, ભયની—અમગળની આશકા થયા કરવી કે અવાસ્તવિક સ્વરૂપમા માનવ કે ચીજને દેખવા કે દિલમા કોઈ પણ પ્રકારનો ભ્રમ ઉત્પન્ન થવો વગેરે ગાડપણનુ જ પરિણામ છે, અને ગાડપણ એટલે એક પ્રકારની માનસિક વિકૃતિ—મગજનો રોગ !' એ જ વખતે એક પથ્થર તડિગ દઈને તેમના લમણામા વાગ્યો તેમને તમ્મર આવી ગયા અને નીચે બેસી ગયા. જખમમાથી લોહીની ધાર છૂટી અમે સૌ ગભરાઈ ગયા આવા બનાવની કોઈને કલ્પના નહોતી

તેમને શારીરિક ઇજા પહોંચાડવાની કોઈની વૃત્તિ પણ નહોતી. ટીખળ કરવું અને સૌને આશ્ચર્યચકિત કરી નાખવા એટલી જ તોફાની છોકરાઓની કલ્પના હતી. અતિ બૂરું થઈ ગયું ! હાથ–છૂટી બાજી થઈ ગઈ ! પછી બને શું ?

ખબર મળતાં સુપ્રિન્ટેન્ડન્ટ દોડી આવ્યા. યોગ્ય ઉપચાર કર્યા અને ડૉ. વિદૂરને ભારપૂર્વક કહેતા ગયા કે, 'ગુનેગારનું નામ જણાવજો એટલે તેની સામે પગલાં લઈશ અને તેને કૉલેજમાંથી બરતરફ કરીશ.'

'ના ના, અહીં તો મારે કોઈની સામે ફરિયાદ જેવું નથી. પથ્થર બહારથી આવ્યો લાગે છે. ક્લાસમાં તો બધા વિદ્યાર્થીઓ જ છે, તેમાંથી કોઈ આવું કાર્ય કરે તેવી મને શંકા પણ નથી, 'આપ તપાસ કરીશ.'

'ઠીક છે.' સુપ્રિન્ટેન્ડન્ટ જરાક ગુસ્સામાં ચાલી ગયા. થોડી વારે ડૉ. વિદૂર અદ્‌ભુત શાંતિથી ઊભા થયા ને ભાષણ શરૂ કર્યું.

'વહાલા દોસ્તો ! આજે તમને સૌને ખૂબ આનંદ થયો જોઈ મને પણ અત્યંત આનંદ થાય છે. જેમ જેમ તમારો આનંદ વધે છે તેમ તેમ મારો આનંદ પણ વધે છે. હજુ પણ તમને વધુ આનંદ થતો હોય તો બે મોટા પથ્થર લાવી મારું માથું છૂંદી નાખો; મને દુઃખ નહિ થાય, આનંદ થશે, કારણકે તમારા આનંદમાં જ હું મારો આનંદ માનું છું ! આનંદ કરતાં જરા પણ અચકાતા નહિ. મને તેથી દુઃખ થશે. હું અહીં આવ્યો ત્યારથી માગથી તમને સૌને આનંદ થયેલો જ હું જોઉં છું. ખરેખર તેને મારા મહદ્‌ભાગ્ય માનું છું !'

ડૉક્ટર કોઈ ફિરસ્તાની માફક બોલ્યે જતા હતા. પણ અમે તે ગંભીર આર્દ્રવાણી સાંભળવા હવે તૈયાર ન હતા. અમારી આંખો ભીની થઈ. અશ્રુધારા ચાલી. પથ્થર મારનાર વિદ્યાર્થી હીબકતો હતો.

તે આંસુભરી આંખે ડૉકટરના પગમાં પડી પુષ્કળ રડ્યો. ડૉકટરની આંખમાંથી પણ આંસુ વહી રહ્યાં હતાં—એકને શરમનાં, બીજાને માર્દવતાનાં; એકને પરાજયનાં, બીજાને વિજયનાં! કેટલીયે વાર આ કરુણ અને ભવ્ય દૃશ્ય અમે જોઈ રહ્યા. મારનારનું મસ્તક ડૉકટરના આંસુથી અને ડૉકટરના પગ મારનારનાં આંસુથી ભીંજાતાં હતાં! અતિ કરુણ! અતિ ભવ્ય!

તે દિવસે અમે એમની સાધુતાનાં કે સાચી ડૉકટરીનાં દર્શન કર્યાં. પાટાથી બેડોળ બનેલ ચહેરામાં તે વખતે સાચું આત્માનું સૌંદર્ય દેખાયું. થોડી વારે આસ્તેથી તેણે તેને ઊંચકી ઊભો કર્યો, છાતી-સરસો ચાંપ્યો અને તેનાં આંસુ પોતાના રૂમાલથી લૂછતાં લૂછતાં આશ્વાસન આપ્યું કે, 'તું શા માટે રડે છે? તું તો મારો નાનો ભાઈ! મારો બાળક! મને તારા ઉપર જરા પણ ગુસ્સો નથી! રડ ના!'

*

ઘરે જતાં જોડીદાર ડૉકટરોએ અને થોડાક સહૃદયી વિદ્યાર્થીઓએ તેમને સમજાવ્યું કે, 'ડૉ. વિદૂર! તમે સાવ ઢીલા થશો તો ગાડું નહિ ચાલે, જરા કડપ રાખો અને ગુનેગારને સજા કરાવી ધાક બેસાડો, નહિ તો વિદ્યાર્થીઓ ઊભી બજારે તમારું લિલાઉ કરશે! આ તો મેડિકલ સ્ટુડન્ટ્સ–જગતના ઉતાર!'

'ખરું હશે! તોફાની વૃત્તિની પાછળ એક જાતનું ગાડપણ હોય છે, અને ગાડપણ એ એક જાતનું દર્દ—રોગ છે એ તો નક્કી થયેલી વાત છે. એ ગાંડપણ સામે–એ રોગ સામે–સજા કરી, વેર લેવાની વૃત્તિ દાખવી, મારે પણ તેવું જ ગાંડપણ દાખવવું, એમ જ ને! તમને ખબર છે કે મારાં પત્ની લગભગ અર્ધગાંડાં છે, મને વારવાર ગાળો દે છે, ઘણી વખત મારી પણ લે છે? ઘણી વખત દર્દીઓ પણ દર્દની

સ્થિતિમાં ગાળો દઈ અપમાન કરી બેસે છે તે સૌની સાથે જો હું પણ ગાંડપણ કરવા બેસું તો આરો ક્યાં આવે? મારે તો તે ગાંડપણ-ની સારવાર કરી ગાંડાનું ગાંડપણ છોડાવવું છે, કારણકે હું તો ડૉક્ટર છું ને? મને મારી રીતે એમની દવા કરવા દો!'

*

આજે આ વાતને લગભગ પા સદી વીતી ગઈ છે, છતાંય જ્યારે જ્યારે ડૉ. વિદુરનો લોહી-નીતરતો ચહેરો આંખ સામે તરવરે છે ત્યારે ત્યારે 'હું તો ડૉક્ટર છું ને!' એવો સ્પષ્ટ ધ્વનિ આત્મામાંથી ઊઠે છે અને આંખમાંથી ભક્તિભાવનાં આંસુ દડી પડે છે।

ગરીબોનાં હૈયાં

'ગોરધન ! એમા તું ન સમજ, આવી બાબતોમાં તો તારે અમે કહીએ એમ કરવાનુ, સમજ્યો ને ! તૈયારી કર, આજ રાતની ગાડીમા જ જા, કર્યું ઈ કામ !' રામજીએ વડીલની અદાથી કહ્યુ

'પણ ભાઈ, ત્યા જઈને કરુ શુ ? મારુ મન તો ના પાડે છે. તમે નાહકના જીદ કરો છો. હાથમાં કઈ જોગ તો હોવો જોઈએ ને ? થોડા ઢીંગલીના ખેલ છે કે પતે ? ઘર કહે ઉખેળી જો, વિવાહ કહે માડી જો !'

'એ તારું કાંઈ હુ નથી સાભળવાનો. પચીસ વર્ષને કાઠે આવ્યો ત્યારે માડમાડ ક્યાય ઘરબારી થવાનો સમય આવ્યો, ત્યારે આમ વટકીને ઊભો ! તારુ હવે નહિ ચાલવા દઉ. તૈયારી કર. મારા બે ધોયેલ કોટ, ખમીસ અને ધોતિયા છે તે લેતો જજે. ખીસામા ઘડિયાળ અને આંગળીમા મારી વીટી પણ પહેરી લેજે ટોપી તો મારા કરતા તારી સારી છે ટિકિટ માટે આ દસ રૂપિયા રાખ,- બાકી થોડા વધારેનો જોગ ચાર વાગતા સુધીમાં હુ કરતો આવુ છું. માટી જેવો માટી થઈને મોળો શુ પડે છે ? બંકડે રાવ થઈને કન્યાના બાપની સામે ઊભો રહેજે અને છાતી કાઢીને વાત કરજે એટલે શું ભાર છે કે સોદો અટકી જાય !

'પેસાય થઈ રહેશે, થોડું પાણીમાં મોડું જોયું છે? ચોપ રાખીને બે વરસ કામ કરશું તો ઢબઢબીને સામે કાંઠે પહોચી જઈશું, પણ...અવસર ચૂકયા મેહુલા! સારા કામ કોઈનાં પસા-વાંકે થોડા અટકયા છે? અને નેળના ગાડા કેટલા નેળમાં રહ્યા છે? બે દિવસ મુશ્કેલીય નડે!

'...ઠીક યાદ આવ્યું. થોડોક હલવો અને બાજરી પણ લેતો આવું છું. ત્યાં ભાતું બતાવવું પડે તો કામ લાગે! બીજું કંઈ લાવવું છે? હં...ગોરધન! જરા જો તો ખરો, મારા ચંપલ તને થાય છે કે નહિ? (ચંપલ પહેરાવીને) અરે વાહ! બરાબર થઈ ગયા! માળો! નસીબદાર તો ખરો કે બધું ફીટફીટ થાય છે! એ જ પહેરતો જાજે. તારા ખાસડિયા થોડા દિવસ હું ઢસરડીશ'

'રામજી! આ તારું બધું હું લૂટી લઉં છું તે ઠીક તો નથી થતું હો! તું ય આજે હિલ્લોળે ચડયો છે! આટલો હરખ તો તને તારા વેવિશાળમાં પણ નહિ થયો હોય! પણ મને તો શરમ થાય છે. તું તો કર્ણ દાનેશ્વરીની માફક દાનની રેખ પણ કાઢી આપે તેવું છે, પણ મારેય વિચાર તો કરવો જોઈએ ને! આ વખતે માડી વાળવા દે, આગળ ઉપર જોયું જાશે કયાં રરડા થઈ ગયો છું?'

'જોયું હવે—આગળ ને પાછળ! ગરીબના ગાડા આમ જ ચાલે એમાં શરમ શાની? જ્યાં માગ કાકા સાબૂત છે ત્યાં તને આવી વળી શી ચિંતા? તારો જૂનો કોટ અને ખમીસ આદો મૂકતો જાજે, મારે પહેરવા જોઈશે ભલા! મારી નેતરજી અને ગોદડી લેતો જાજે. તારી પથારીથી હું ચલાવી લઈશ. માણસ જેવા માણસ થઈને જઈએ તો છાપ પડે—અને આ તો પછી આપણા જેવા ગરીબના વેવિ-શાળના મામલા!'

રામજી અને ગોગધન બંને કાઠિયાવાડના જુદા જુદા ગામના લોહાણા. મુંબઈ રળવા આવેલા. એક દુકાનના વગર-ભાડાના ઓટલા ભાગમા સૂવા માટે મળ્યો ત્યાથી બનેને ઓળખાણ થઈ. એક કપ ચાનાયે ભાગ પાડીને પીતા થયા. બને એકબીજાનુ ધ્યાન રાખતા થયા. ધીમે ધીમે ચીકી અને ચેવડાની મજસુ ફેરી કરતા થયા. રામજી માલ વેચવામાં ચાલાક અને ગોરધન બનાવવામા.

આ ઓટલા ઉપર પ્રેમ અને સ્વાર્પણની ભાવનાનાં બીજ રોપાયા બનેએ મૂકવાણીમા ઐકયનો-મૈત્રીનો કોલ આપી દીધો. આ ઓટલે જીવનભર બળ રેડયું અને આ ઓટલે એમની માણુસાઈને ટકાવી રાખી-સ્વાર્પણની જ્યોત કાયમ જાગતી રાખી. કોઈ સ્થળ અને કોઈ સમય ધન્ય હોય છે! ગરીબોની મૈત્રી સામાન્ય બનાવોમાથી નીપજે અને ભવ્ય ભોગમા પરિણમે તેવુ ઘણે સ્થળે જોવામાં આવે છે.

ગોરધનના કાકાએ 'મુંબઈની કમાણી'વાળા ભત્રીજાના વેવિશાળ માટે એક કન્યાના બાપને તૈયાર કર્યો અને તેને મુંબઈથી દેખાડ કરાવવા બોલાવ્યો હતો

પેટિયુ માડ માડ નીકળે ત્યા લગ્નનુ ખર્ચ કેમ થઈ શકે? દેશમા દેખાડ કરવા માટે પણ કપડાં-લત્તા અને થોડુ નાણું જોઈએ, એ વાત ગરીબ ગોરધનને મૂઝવતી હતી

રામજી પાસે છ મહિના પહેલા ફેરિયા પાસેથી લીધેલા બે જૂના કોટ અને અધોતા થઈ ગયેલા બે ધોતિયા, ખમીસ અને ચપલ હતા, આગળી ઉપર ચાદીની સોનાના ગિલેટવાળી વીંટી હતી, અને ખીસામા વારતહેવારે માડમાડ ચાવી દઈએ તો ચાલે એવું રૂપાના અછોડાવાળુ જૂનું રોસ્કોપ ઘડિયાળ હતું ગોરધન પાસે પૂરા કપડા પણ ન હતા; અને જેટલાં હતા તે ફાટી ગયેલાં થીગડાવાળા અને મેલા હતા.

રામજીને લાગતું હતું કે પચીસ વરસની ઉંમરે પહોંચેલા ગોરધનનું જો આ સમયે વેવિશાળ નહિ થાય તો ગોરધનનો મેળ કદી નહિ થાય, અને મ્હેણાં-ટોણાં આવેલી માની હોંશ મનની મનમાં રહી જશે અને અવગતિ થશે એટલે ગમે તે ભોગે પણ જેટલું વરે ત્યાંથી આપવું અને તેમ કરતાં પોતાનું ઘરબાર વેચવું પડે તો આપી છૂટવું એમ તેણે નક્કી કર્યું.

રામજી ત્રણ-ચાર વર્ષ પહેલાં જ પરણેલો હતો. તેની પત્નીને ઘરેણાંમાં એક કટેમણી, પાટલા, કાનના કાપ, હાથની ગુજરી અને મણગઠ્ઠા હતા. પગના રૂપાના તોડા હતા અને ગળાના ગાલસાવાળું ખાવડાનું કડું હતું. એક પીતમની સાડી અને મખમલનું જરી ભરેલું પોલકું હતું. તેણે પણ રામજીને કીધું કે, 'ગોરધનભાઈનું ક્યાંય થાતું હોય તો આ ઘરેણાં અને લૂગડાં તેની વહુને આપણે ચડાવીશું. મેં તો ત્રણ-ચાર વરસ સુધી પહેર્યા છે, હવે ભલે તેની વહુઆરુ પહેરે. આપણી આબરુ ટાઢી!'

ગોરધન દેશમાં ગયો અને વેવિશાળ પણ થઈ ગયું. રામજીએ લખ્યું કે, 'થોડા વખત દેશમાં રોકાજે અને લગન કરીને જ આવજે. તારી ભાભીના દાગીના અને કપડાં મોકલાવું છું તે ત્યાં કન્યાને ચડાવજે. થોડા વધુ પૈસાનો જોગ કરીને ટાણે હું હાજર થઈ જઈશ.

'આપણી ફેરી મારી ચાલે છે. વહુ કોઈ સારા પગલાંની લાગે છે કે તેના વેવિશાળનું નામ પડ્યું ત્યારથી તડાકો પડે છે. ખરચના નામીશ મોટા હોય તો કંઈ ફિકર કરતો નહિ. બે દિવસ તાજા થઈને માણજે, ફરીવાર એવો અવસર નહિ આવે. બાકી દસરકા તો જિંદગી આખી કરવા જ છે ને!'

ગોરધનના લગન આવ્યા. રામજીએ પોતાના એક જૂના

સારવાર કરી, પરતુ તેની મહાન મુસાફરી નજદીક આવતી હતી. એક દિવસે તબિયત લથડી અને ગોરધન આખરી મેળા કરવા દેશમા ગયો.

‘ગોરધન, માફ કરજે! બહુ ત્રાસ આપ્યો છે! ભગવાન તારુ ભલુ કરશે!’

‘ભાઈ! પ્રભુ પ્રભુ કરો! શાતિ રાખો! કોઈ જાતની ફિકર કરશો નહિ! વગર–ભાડાને ઓટલે સૂતા સૂતા તમે જગાડેલી પ્રેમની જ્યોત હજુ પણ એવી જ જલે છે. માટીના માનવીમા તમે તે દિવસે માણસાઈ પૂરી છે તો આખરી આશિષ આપો કે તે માણસાઈ મારામાં ટકી રહે! બધી વળગણા તજી દેજો! બોજો ઉપાડવાની તાકાત તમારા પ્રેમે મને આપી છે થાક નહિ લાગે પેલો ઓટલો અને ફાટેલા કપડાં, ચેવડાની થાળી અને તમારી મમતા મને અથાગ બળ આપ્યા જ કરે છે’

*

રામજી ગયો.

*

વર્ષો વીતી ગયા છે. રામજીના ચાર સતાનોમાથી બે પુત્રોના લગનનો બોજો માથે ઊભો છે, ત્યા તેના નાના ભાઈ મકને સાત હજાર રૂપિયાનું દેણુ સટ્ટામા કર્યું. ગોરધને તે ભરી મકનને છોડાવ્યો ત્યારે ભાભી મટી મા બનેલી રામજીની પત્નીએ કહ્યુ ‘ગોરધનભાઈ, ક્યા સુધી અમારો બોજો વેઢારવો છે? ક્યા સુધી અમારો ઢસરડો તમારે ઢસડવાનો છે? તમારી ભલમનસાઈની પણ હદ થઈ!’

‘જ્યા સુધી જગતમા ભાઈની માયા અને આ કાયા મને માણસ રાખે ત્યાં સુધી, મા!’

બનેની આખમાથી અશ્રુધારા ચાલી રહી–એકને કૃતજ્ઞતાથી અને બીજાને આત્મસતોષથી!

ગરીબની અમીરાત

'જીવન ને જીવના કૃત્યો, આકસ્મિક સૌ અરે !
પાસા ફેંક જનો સર્વે, દા દેવો હરિ હાથ છે.'

—કલાપી

સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારનારા વિરલ હોય છે, બાકી તો જ્યાં સુધી પાસે કંઈ હોતું નથી ત્યાં સુધી 'ગરીબીમાં અમીરી' જગતનો મોટો ભાગ માણે છે, પણ દૃષ્ટિ તો ધનિકસૃષ્ટિમાં પ્રવેશવાની જ હોય છે. તેવી જ રીતે યુવાન વેનલેસે પણ ઘણાં વર્ષ સુધી દારુણ 'ગરીબીમાં અમીરી' માણી, પરંતુ જ્યારે મેડિકલ કૉલેજમાં પ્રોફેસર તરીકેની મોટા પગારની નિમણૂકનો હુકમ તેના હાથમાં આવ્યો ત્યારે તેની દૃષ્ટિ પાસે કોઈ નૂતન સૃષ્ટિ ખડી થઈ ગઈ. અનેક સુખદ સ્વપ્નાં ક્ષણભરમાં તેને આવી ગયાં. અનેક ભાવિ સુખની કલ્પનાઓ તેણે કરી દીધી. પોતાનું પૂર્વેનું દુઃખી-દીન જીવન આંખ સામેથી સરી જઈ અદૃશ્ય થતું લાગ્યું. જગતમાં જ્યાં તેનો નવો સત્કાર જ થતો હતો ત્યાં તેણે વિખૂટતા આવતી ભાળી! અને 'જગત કંઈક [illegible] જોવું છે ખરું' એમ તેને થઈ આવ્યું. ખુલાસો [illegible] તેના [illegible] ચોલા [illegible] આપી ન [illegible] હતા [illegible] તેમ વેનલેસનાં [illegible]. અને [illegible]

મંગળ ખબર તેની એકની એક બહેનને આપવા જ્યારે ગામને છેડે આવેલા અનાથાશ્રમ તરફ તે દોડ્યો ત્યારે તે લગભગ હર્ષોન્માદની સ્થિતિમા હતો. તે પોતાના મન સાથે વાતો કરતો જતો હતો કે, હવે જેનને અનાથાશ્રમમાં રહેવાની શી જરૂર છે? મારુ પોતાનું ઘર વસાવીશ અને બહેનને કોઈ રાજકુમારીની માફક રાખીશ. બીચારીએ બહુ દુઃખ ભોગવ્યું છે. આ દુનિયા પણ કેટલી ભલી અને દયાળુ છે કે મને ગરીબને ઉછેર્યો, ભણાવ્યો અને સુખી કર્યો! આ અનાથાશ્રમવાળાઓએ પણ મહદ્ ઉપકાર કરીને માબાપ–વચિત નાની બહેનને ‘ઉછેરી મોટી કરી! જેણે જેણે મારા ઉત્કર્ષમા પોતાનો હિસ્સો અને હાથ આપ્યો છે તેને હવે ખાતરી કરાવી આપીશ કે જગત ઉપકારી છે તો ગરીબો અપકારી નથી. હુયે ગરીબોને ઉપયોગી થઈ ઋણ ફેડીશ. આવા આવા તરગોની ભવ્ય પળે તેણે અનાથાશ્રમમા જેનના ઓરડામા પગ મૂકયો, પરતુ ત્યાનો દેખાવ જોઈને જ તે થભી ગયો– સૌ સ્વપ્ના ઊડી ગયા, ભાવના ભાંગી ગઈ અને આખમાથી આસુ ખરી પડ્યા જેન તાવમા પડી છે અને એક પરિચારિકા તેને માથે બરફ મૂકી રહી છે. અનાથાશ્રમનો અધિકારી ચિતિત વદને ત્યા ઊભો છે. સનેપાતમા પડેલી જેન અસ્પષ્ટ શબ્દમા બોલે છે કેઃ ‘ભાઈ!’ તે જ વખતે વોનલેસ તેની પથારી પાસે પહોચ્યો. પાસે પડેલી ખુરસી ઉપર બેસી જઈ બહેનને કપાળે હાથ મૂકયો. તાવ ભયકર હતો.

ચાર દિવસ સુધી વોનલેસ બહેનની પથારી પાસે અખંડ રાત ને દિવસ બેઠો છે પોતે ડૉકટર છે છતા પણ સારવાર કરનાર ડૉકટરને વારવાર આતુરતાથી એકનો એક જ પ્રશ્ન પૂછે છે કે, ‘ડૉકટર, જેનને કેમ લાગે છે? સાજી તો થઈ જશે ને ‘ભય તો નથી ને?’ ડૉકટર અને નર્સ આગા તજી બેઠા હતા બહેનનુ જીવન ઝડપથી બીજી દુનિયા તરફ જઈ રહેલુ હતુ.

બાળકને મૂકીને દૂર દૂર જતી માતા જતા જતાય બાળકને કંઈ કહેવા જેમ વારવાર પાછી વળે છે તેમ પાંચમે દિવસે ભાઈને કંઈ કહેવા બહેન ફરી વખત શુદ્ધિમા આવી અને તૂટક તૂટક કંઈ સદેશો આપતી ગઈ.

બહેનના મુખ ઉપર કોઈ ઊંડી ઘેરી વિષાદની છાયા હતી સ્પષ્ટ રીતે બોલાતુ નહોતુ છતાય જેમ કંઈ ખાસ વાત કહેવા માગતી હતી તેમ ભાઈને થયુ.

'ભાઈ, દુનિયા દુ ખી છે. બીમારી અને ગરીબી સાથે હોય તો દુ ખની અવધિ! તેને કોઈ દુ:ખમુક્ત ન કરે ? આશ્વાસન અને આરામ ન આપે ?' જરા થંભી 'કઈ નહિ, ભાઈ! તને કહેવુ તેનો અર્થ શુ ? તુ તો ગરીબ છે એટલે તારાથી શુ થાય ? પણ.... દુનિયા દુ ખીના નિશ્વાસથી જ સળગી રહેતી છે પ્રભો! કોણ અટકાવે એ ? કોણ માંદાના આળા આળા જખ્મોને—દર્દને—પપાળી આરામ આપે ? કંઈ નહિ ભાઈ, મારાથી ફોગટનુ લવાઈ ગયુ '

ભાઈ પૂછે છે કે, 'બહેન, બોલી દે, જે કંઈ કહેવું હોય તે કહી દે. આપણુ દુ:ખ તો ગયુ! હુ કોલેજમા ગ્રેજ્યુએટ થયો' બેન, હવે તો આપણે સુખી થવા સરજાયા છીએ જે મનમા હોય તો બોલી નાખ'

'શુ કહુ, ભાઈ! સુખી થા, પ્રભુ તને આબરૂ અને ઐશ્વર્ય બને આપે! પણ...'—આટલુ કહેતા કહેતાં બેન થાકી ગઈ અને આખ મીચી દીધી ખૂણેથી અશ્રુબિન્દુઓ ખરી પડ્યા.

'બેન, શા માટે મૂંઝાય છે ? કયુ દુ ખ તને આ છેલ્લી વખતે સૂઝ્યુ ? આ તારો ભાઈ જે કંઈ તેનાથી બનતુ તે કરી છૂટશે, બોલ!' બહેને ફરી વખત આખ ઉઘાડી 'ભાઈ, આપણે કહાં છીએ ? આ બીમારો શા માટે બૂમ પાડે છે ? તેને કોઈ કેમ ચારતા નથી

આપતુ ? અરેરે ! દુનિયામા દર્દીની કોને પડી છે કે તેને સભાળે? ચાલ ભાઈ, આપણે કોઈ નવી દુનિયા સરજીએ કે જ્યા દર્દી દર્દ ભૂલે, દુ.ખિયા દુઃખ ભૂલે. આ માદાઓ પાસે કોઈ ગાતું કેમ નથી? ભગવાને સગીત તો આપ્યુ છે.' આમ કહેતા કહેતાં પુનઃ એ આખ મીચી ગઈ. ભાઈ અનિમિષ આખે તેના ઝાખા ચહેરા ઉપર અનેક સદેશા વાચી રહ્યો. પુનઃ થોડી વારે આંખ ઉઘાડી. 'ભાઈ, મારું ગાવુ ગમ્યુ ને? દિલને કરાર થયો ને?'

ભાઈ બહેનની ભ્રમણા સમજી ગયો. 'હા બેન, બહુ જ ભવ્ય સગીત!' આટલુ કહેતા ભાઈની આખમાથી આસુની ધાર વહી બહેનના કપાળ ઉપર પડી.

'ભાઈ, હુ તો નહિ જીવુ બા અને બાપુને જોયા નથી તે હવે જોઈશ. તુ સુખી થજે!'

'બેન, સૂઈ જા. જરા ઊંઘી જા એટલે શાન્તિ થશે. ચાલ હુ તને એક ગીત સભળાવુ'

ૐ શ્રી શાન્તિ શાન્તિ કરો !
અઘ-દુઃખ-મોચન, અમીમય લોચન,
સજીવનતા ઉત્સાહ ભરો !—ૐ શ્રી.
વિવેક સ્વાતત્ર્યનો આનંદ બક્ષો,
અલૌકિક શાન્તિ-સામ્રાજ્ય કરો !—ૐ શ્રી

—વિવેકાનદના પત્રોમાંથી

ગીત સાભળતા સાભળતા બહેન ઊંઘી જાય છે ભાઈ બાજુ પર બેઠો બેઠો બહેનના ભાગ્યા-તૂટયા શબ્દોમાથી સાર તારવે છે દુનિયા દુઃખી છે માદગી અને ગરીબી ત્રાસદાયક છે. જગતમા કુદરતે સગીત આપ્યુ છે છતા શા માટે ગરીબ દર્દીઓના દિલના કરાર માટે જગત

તે નથી વાપરતું ? તેને દુખમુક્ત કેમ કોઈ નથી કરતું ? દુખીના નિશ્વાસથી જ સંસાર સળગી ઊઠયો છે તું ગરીબ છે. તારાથી શું થાય ? છેવટે ચાલ આપણે કોઈ એવી દુનિયા સરજીએ કે જ્યાં દુખી દુઃખ ભૂલે, દર્દી દર્દ તજે.' વગેરે વગેરે વચનો તેને સૂચક લાગ્યાં બહેન કેમ જાણે કહેતી ન હોય કે—'ભાઈ, આ કામ તું કરજે' એવું સ્પષ્ટ ભાન તેને થયું

પાંચ દિવસ પહેલાના સુખના ભવ્ય સ્વપ્ના અને અત્યારે ચાલતું મંથન જુદા હતા—જીવનને જુદી દિશામાં લઈ જનારાં હતાં

બહેન ફરી વાર જાગી અને ભાઈ સામે દયાર્દ્ર આંખે જોઈ રહી

'ભાઈ, એક છેલ્લી માગણી છે કે તે મને તારી ગરીબીમાં આપેલી નાનકડી માસિક રકમમાંથી મેં નવ શિલિંગ બચાવ્યા છે, તે કોઈ ગરીબ દર્દીના ઉપયોગમાં આવે તેમ કરજે મેં વાંચ્યું હતું કે હિંદમાં ગરીબી ઘણી છે અનેક દર્દીઓ સાધનને વાંકે અકાળે મરે છે તેના કોઈ ફંડમાં મારી આ નજીવી ભેટ મોકલી આપજે. આટલી જ મારી ઇચ્છા છે બીજું તો શું કહું ? સુખી થજે અને ગરીબ જગત કે જેમાં આપણે વર્ષો થયાં જીવ્યાં છીએ, તેને ન ભૂલજે પ્રભુ તારું કલ્યાણ કરે !'

'ભલે બેન, તારી ઇચ્છા મુજબ કરીશ !'

*

તે રાત્રે તે ગરીબ પંદર–સોળ વર્ષની બહેન અત્યંત નિર્મળ ભાઈને એકલો મૂકી અનંતમાં ઊડી ગઈ, પણ કોઈએ ખાધું પાન હોય તેવું કંઈક પાછળ મૂકતી ગઈ

*

જેમ દીવામા દિવેટ અને દિવેલ હોય અને દીવાસળી જો કોઈ ચાપી શકે તો દીપ્તિ તુરત થાય, તેમ યુવાન વોનલેસના જીવનદીપમા દિવેલ હતુ, દિવેટ હતી અને દુ.ખી દીદીએ દીવાસળી દીધી અને એને દીપ્તિ થઈ, જીવન ઊઘડી ગયુ, જીવન-રાહ સ્પષ્ટ થઈ ગયો. અનાથાશ્રમમા ઊછરેલી પદર વર્ષની ગરીબ બહેન રકના દુ:ખ અને દર્દથી સ્વય દુ.ખી થઈ, ભર્યા-ભાદર્યા સસારમા અન્યની અનેકવિધ સુખસાહ્યબીની સામે પણ ભાઈની દીધેલ રક ભેટ પોતાને માટે ન વાપરતા આખરી વિદાય વખતે જતા જતા તેનો આવો ઉપયોગ સૂચવી કઈ કઈ ગૂઢ વાત સમસ્યામા સમજાવતી ગઈ. પોતે ગરીબ છે, પ્રભુએ જ્ઞાન અને લાગણીની બક્ષિસ કરી છે, તેનો ઉપયોગ કેમ કરવો તે મૂક વાણીમા બોલતી ગઈ પોતાનુ ભાવિ જીવન કેમ ઘડવુ તે વાત હૃદય ઉપર બહેને દયામય આસુથી લખી આપી. કયા પ્રદેશમા ગરીમી છે, કયા તેની જરૂર છે, તે પણ કહી નાખ્યુ.

*

બહેન! તે તો માગ્યુ છે 'વામનસ્વરૂપે' ત્રણ જ પગલા પૃથ્વીનુ દાન, પણ માપી ગઈ છે વિરાટની વસુધરાને! તે દીધુ છે માત્ર નવ શિલિગનુ દાન, પણ કહેતી ગઈ છે દુખીની દુનિયાની દુઃખદ આરજુ! બહેન, તું તો ગઈ, મારુ પાર્થિવ જગત અધારું થયુ, પણ જતા જતાયે આતરિક જીવન ઉજાળતી ગઈ.

તે આપ્યું છે નવ શિલિગનું દાન, પણ આ ભાઈ આપે છે પોતાના જીવનનું દાન દુ.ખી અને દર્દીને!

*

વોનલેસને પોતાનું ભાવિ જીવન સ્પષ્ટ થઈ ગયુ. તે પ્રોફેસર મટી સેવાનો ભેખધારી થયો.

*

એક દિવસે પોતાના સુખી જીવનનાં સ્વપ્નાં ભાંગી નાખી, નર્ગીસ દત્તને જીવનસાથી બનાવી તે ચાલી નીકળ્યો તેની પાસે અગણિત પ્રેમના આ મહાન દુર્ઘટ કાર્ય માટે સાધન ન હતાં, ધન નહોતું, કોઈનો સક્રિય સાથ નહોતો, કોઈ જાતનું આલંબન નહોતું—હતું માત્ર એક દૃઢ સેવાપરાયણ દિલ, મરી મીટવાની તમન્નાવાળું દુઃખી દલિતોના દર્દથી ત્યાગમય બનેલું સોના જેવું નરમ હૃદય, અને સતત ગાજતી અંતરની આગવી વાણી!

ભારતવર્ષમાં ૧૭ વરસ સુધી દેશની ભૂમિ તેણે પગ તળે ખૂંદી નાખી, પણ ધાર્મિક સદ્‌ચિંતનાએ તેને કોઈ પણ સ્થળે પગ ટકાવવા ન દીધો. ધર્મના ઠેકેદારીઓએ સેવાના દીક્ષિતને ટેકો લેવા ન દીધો. અનેક સ્થળેથી એને જાકારો મળ્યો, અનેક સ્થળેથી અપમાનો મળ્યાં, અનેક કર્ણને અપ્રિય કેટલીય વાતો સાંભળી દિલ દુઃખી થયું.

સાધન-સામગ્રી ખૂટ્યાં, કપડાં લગભગ ફાટી ગયાં, પગ બળ્યા. નિરાલા, તેના દિલને ભાંગી નાખે એવા પ્રસંગો રોજ ને રોજ બનતા. ઘણી વખત જીવન અકારું લાગે, પોતે લીધેલો સેવાનો માર્ગ દુષ્કર અને અરુચિકર લાગે તેમ પણ થતું, પરંતુ સહુને બનાવેલા દીન દુઃખિયાના કરુણ આક્રંદની યાદી તેને પુનઃ ટટ્ટાર કરતી. 'ભાઈ! દુનિયા દુઃખી છે તેને કોઈ "અનુકંપા ન કરે" તેને આરામ-આશ્વાસન ન આપે' દુઃખીના નિશ્વાસ ન સાંભળે કારણ જગતનો જ સ્વભાવ છે. દુઃખી જગત કે જેમાં આપણે પણ સુખી જીવન જીવીએ તેને ન ભૂલશો' એવી અંતરનાદથી ગુંજતી સહુની આખરી વાણીએ નિરાલા, [illegible] અને અનેક સાધકો [illegible] પણ દૃઢ બનીને સેવું [illegible] કર્યું

પ્રતિજ્ઞા માની હતી. એટલે ' અર્થં સાધયામિ વા દેહં પાતયામિ 'એ તેનો નિર્ધાર હતો.

એક દિવસે પરમાત્માએ તેની આરજુ સાભળી એક પાક દિલના મુસ્લિમે તેને પોતાના ઘરમા આશરો આપ્યો.

આર્કિમિડિઝે કહ્યુ હતુ કે, ' પગ ટકાવવા જગ્યા અને સાધન માટે એક લાકડી મળશે તો દુનિયાને હચમચાવી દઈશ ' તેમ યુવાન વોનલેસને પગ ટકાવવા માટે જગ્યા અને આશ્વાસન આપનાર એક ઉદાત્ત દિલ મળી ગયા એટલે તેણે દુઃખી જગતને મીરજ હોસ્પિટલની ભવ્ય ભેટ આપી !

વખત જતાં તે વૃદ્ધ થયો, કીર્તિની કલગી પણ ચડી, પરંતુ તેના દિલની ધગશમા—બહેનને આપેલી પ્રતિજ્ઞાના પાલનમા—કદી ફેર નહોતો પડયો. બાળકોના વૉર્ડમા દયામૂર્તિ જેનની છબી છે ત્યા રોજ બપોરે મીઠા સરોદમા બાળકો પાસે સગીત કરવામા આવે છે.

દર્દીઓના નિરીક્ષણને અતે ડૉક્ટર વોનલેસ તે છબી સામે ક્ષણ-ભર જોઈ જયારે ગભીર વદને ધીમે ધીમે પાછા વળતા ત્યારે આખા વૉર્ડનુ વાતાવરણ અતિ ગભીર અને પવિત્ર બની જતુ.

દર રવિવારે ઈસુની મૂર્તિ સામે ઘૂટણ પડીને જ્યારે ગળગળા સાદે પ્રાર્થના કરતા કરતા તે કહેતા કે, ' હે પ્રભુ ! અહી આવેલા દર્દીઓને દર્દમુક્ત કરી તેનાં વહાલાઓ પાસે મોકલી આપજે !' ત્યારે તેની આખો આસુથી છલકાઈ જતી. આ દશ્યે અનેક દર્દીઓને ભાવથી રડાવ્યા છે.

પાછા ફરતા ફરતા એ આખરી દષ્ટિ બહેનની છબી ઉપર નાખીને ભક્તિભાવથી માથુ નમાવતા, તે વખતે કેમ જાણે તેનુ હૃદય કહેતુ ન હોય કે, ' ઓ નાનકડી બહેન ! તારા નવ શિલિગના દાને શુ કર્યું તે તો જગત કહેશે, પણ તે મને તો માણસ બનાવ્યો છે '

પ્રતિજ્ઞા માની હતી. એટલે 'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ' એ તેનો નિર્ધાર હતો.

એક દિવસે પરમાત્માએ તેની આરજુ સાંભળી એક પાક દિલના મુસ્લિમે તેને પોતાના ઘરમા આશરો આપ્યો.

આર્કિમિડિઝે કહ્યુ હતુ કે, 'પગ ટકાવવા જગ્યા અને સાધન માટે એક લાકડી મળશે તો દુનિયાને હચમચાવી દઈશ' તેમ યુવાન વોનલેસને પગ ટકાવવા માટે જગ્યા અને આશ્વાસન આપનાર એક ઉદાત્ત દિલ મળી ગયા એટલે તેણે દુઃખી જગતને મીરજ હોસ્પિટલની ભવ્ય ભેટ આપી !

વખત જતા તે વૃદ્ધ થયો, કીર્તિની કલગી પણ ચડી, પરંતુ તેના દિલની ધગશમા—બ્હેનને આપેલી પ્રતિજ્ઞાના પાલનમા—કદી ફેર નહોતો પડયો. બાળકોના વૉર્ડમા દયામૂર્તિ બ્હેનની છબી છે. ત્યા રોજ બપોરે મીઠા સરોદમા બાળકો પાસે સગીત કરવામા આવે છે.

દર્દીઓના નિરીક્ષણને અંતે ડૉકટર વોનલેસ તે છબી સામે ક્ષણભર જોઈ જ્યારે ગભીર વદને ધીમે ધીમે પાછા વળતા ત્યારે આખા વૉર્ડનુ વાતાવરણ અતિ ગભીર અને પવિત્ર બની જતુ.

દર રવિવારે ઈસુની મૂર્તિ સામે ઘૂટણ પડીને જ્યારે ગળગળા સાદે પ્રાર્થના કરતા કરતા તે કહેતા કે, 'હે પ્રભુ ! અહી આવેલા દર્દીઓને દર્દમુક્ત કરી તેનાં વહાલાઓ પાસે મોકલી આપજે !' ત્યારે તેની આખો આસુથી છલકાઈ જતી. આ દૃશ્યે અનેક દર્દીઓને ભાવથી રડાવ્યા છે.

પાછા ફરતા ફરતા એ આખરી દૃષ્ટિ બહેનની છબી ઉપર નાખીને ભક્તિભાવથી માથુ નમાવતા, તે વખતે કેમ જાણે તેનુ હૃદય કહેતુ ન હોય કે, 'ઓ નાનકડી બહેન ! તારા નવ શિલિંગના દાને શુ કર્યું તે તો જગત કહેશે, પણ તે મને તો માણસ બનાવ્યો છે'

આંધીયુગ જન્મે છે.

સ્થળ · ધનિકોની હવેલી સામેના મેદાનમા થોડાક ગરીબોના ઝૂંપડા.

દેવલો બાપા, સામેનો ધનામલ શેઠ બીજી નવી હવેલી બંધાવે છે અને એ માટે તેણે ભગા માળીનુ ઝૂંપડું પડાવી નાખ્યુ. તે બીચારો રાતે પાણીએ રોતો હતો શેઠના ઘરમા માણસ છે આખા ચાર, તેમાં આ ત્રીજી હવેલી ! બાપા, એના શરીર શુ એવડા બધા મોટા છે કે બે હવેલીમા પણ સમાઈ શકતા નથી તે સાત માણસને સંઘરતુ ગરીબનુ ઝૂંપડું પડાવીને ત્રીજી હવેલી બાધવી પડે ? બધા છતના છાગ છે શાહુકારો પલીત હોય છે એટલે આવુ જ સૂઝે, પણ ભગવાન આ ફાટ નહિ સાખે !

ભોળો બાપુ, એવુ ના બોલીએ સૌ પોતાના પુણ્યનું ફળ ભોગવે છે. શેઠના ગત–જનમના પુણ્ય મોટા હશે કે આ ભવે તેને શેઠાઈ મળી ! આપણા ગરીબના પુણ્ય પાતળા હશે કે આવી દશા થઈ! બધા ભાગ્યશાળી પુણ્યશાળી જ ગણાય એટલે તેની બૂરાઈ બોલીને શુ કામ લેવાદેવા વગર પાપમા પડવુ ?

દેવલો : બાપા, તમેય કેવી વાતો કરો છો ? પારકાના ખોરડા પોતાની ધૂન માટે પડાવી નાખે, ગમે તેને રસ્તામા રખડતા કરી મૂકે, મરજીમા આવે તેમ મજા ઉડાવે, ગમે તેની બેઈજ્જતી કરી નાખે તોય

તે પુણ્યશાળી ! ભગવાનના ઘરમા ઘોર અધારુ લાગે છે, નહિતર આવો અન્યાય થોડો હોય ! પુણ્યશાળી હોય તો પુણ્ય કરે, પાપ થોડુ કરાય ?

ભોળો . મૂક ને વાત, આપણે નાહકનો આપણો જીવ બગાડવો નહિ કે અદેખાઈ કરવી નહિ, લાકડુ લાકડાના ભારે ભાગશે આપણે જો ભગવાનના મારગમા હઈશુ તો આ વખત નહિ તો આવતો ભવ તો આપણા સુખનો છે જ. પુણ્ય અને નીતિના ઉદરમા સૌના સુખનો ગર્ભ સરજાઈ રહ્યો છે, તો તેને બૂરાઈથી ગાળી નાખવામા, દીકરા, સાર નહિ હુ તો ભગવાન પાસે રોજ માગુ છુ કે 'બાપ, બળ દેજે કે વગર અદેખાઈએ દુનિયાના રગ જીરવી જાઉ અને તારા મારગમા ટકી રહુ ! માડમાડ આ માનવદેહ મળ્યો છે તો તેને સાર્થક કરી લેવા દેજે ! હવે ચકડોળમા ફરી વખત નથી ચડવુ.'

(માળા ફેરવે છે. શેઠિયાઓને પોતાની હવેલી સામે પડેલા ઝૂપડા ભૂડા લાગતા. એ ઝૂપડા જાય તો તેના બાળકોને ખેલવાનો એક નાજુક બગીચો અને મદિર ત્યા બનાવી શકાય તેથી તેમણે સુધરાઈને અરજી કરેલી. ધનિકોને રાજી રાખવા આરોગ્ય અને સસ્કારના નામે માલેતુજાર લત્તામા પડેલા આખના કણા જેવા ઝૂપડાને કઢાવી નાખવા એક અમલદાર પટાવાળા સાથે આવે છે. સાથે થોડાક શેઠિયાઓ છે.)

અમલદાર : મ્યુનિસિપાલિટીની આ જમીન ઉપર રજા વગર ઝૂપડા કેમ બાધ્યા છે ? શુ બાપની જમીન સમજી ગયા ? આવો સુદર લત્તો ગધવી માર્યો ! એય બુડથલ, શુ સામુ જોઈ રહ્યો છે ? ક્યારથી બાધ્યા છે આ ઝૂપડા ? ભાડુ-બાડુ કાઈ આપે છે કે નહિ ?

ભોળો : ના સાહેબ, ભાડુ તો નથી આપ્યુ. ભગીવાસની છેલ્લી આગમાં ઘરવખરી અને કમાનાર છોકરો બળી ગયા પછી આહી જ

તમારા આશરે બારેક માસ થયા પડ્યા છીએ તમ જેવાની રહેમ છે તો રે'વાય છે. બીજે કયાય ઊભા રહેવાનો આશરો અમારો નથી.

અમલદાર : એમ ? ઠીક ! ત્યારે તો પહેલા બાર માસનુ ભાડુ રૂપિયા બાર આપી દે અને પછી જગ્યા ખાલી કર. આ જગ્યા ઝૂપડા માટે નથી, બગીચા અને મદિર માટે છે જલદી ઉઠાવી લે તારા ગાભા અને આપી દે ભાડાના રૂપિયા !

ભોળો ગાભા ઉઠાવીને, સરકાર, કયા જાઉ ? આજે કયા ગરીબો માટે કોઈએ જગ્યા રહેવા દીધી છે કે જાઉ ? અને ભાડુય કયાથી કાઢુ ? છોકરા તો જાર વગર ટળવળે છે, રે'મ કરો, માબાપ !

અમલદાર . કયા જઈએ એટલે ? જાવ જહન્નમમા, પડો ખાડમા જો બીજી જગ્યા ન હોય તો ! આહીં તો કાયદો ઈ કાયદો, અને તેય કાઈ થોડો મારા બાપનો છે ? સરકારી કામમા તો લખાણુ ઈ વચાણુ ભાડુ નથી તો શુ સરકાર છોડી દેશે એમ ને ? (નોકરને) અબ્દુલ, આ ઇસિમની કોદાળી, પાવડો, તગારુ અને બકરી ભાડા પેટે જપ્તીમા લે. પછી કોણ તેનુ ઘર ગોતવા જશે અને સરકારને જવાબ દેશે ? અને જો સાલાઓ મેળે મેળે ઝૂપડા ન પાડી નાખે તો આપણા માણસ પાસે પડાવી માલ જપ્તીમા લેજે (અબ્દુલ ઝૂપડા પડાવી નાખે છે શેઠિયાઓને–) બસ ને શેઠિયાઓ ! હવે ઘાણુ નહિ થાય મારો પટાવાળો બે-પાચ દિવસે એકાદ ફેરો મારી જાશે છ માસમા લીલોછમ બગીચો ! મ્યુનિસિપાલિટી ખર્ચ આપશે એવુ ગઈ સભામા જ નક્કી થઈ ગયુ છે

શેઠ સારુ સાહેબ ! તમારા જેવા સમજુ માણસ ખુરસી ઉપર છે તો આટલુ થયુ બે મહિના થયા રોજ સાલાઓને ભાઈ–બાપ કર્યા કે, જોઈએ તો રૂપિયો–બે રૂપિયા લઈ જાઓ પણ આખ સામેથી

… ન આવ્યો. રોજ સવારે પૂજા કરવા જઈએ ત્યાં આ કાળમુખા
નામા ને નામા! બહુ જ કંટાળ્યા હતા તમે આજે દુઃખ કાઢ્યું!
મહારાજ, જરા ઘરે પગલાં કરો અને ચા-પાણી પીને જજો!

૨

રૂપલા ગામના પાદરના એક આંબાના ઝાડ નીચે

લોકો : (ગાતા) આવ્યા ગામમાં ભટકતા, ક્યાંય કામ ન મળ્યું અને કામ હોય તોય ભાગિયાને આપે કોણ! એક ઠેકાણે હતું તે કારખાના, પાડા અને નગારું નહોતા એટલે જતું કર્યું. અને આપણો નાગર બેઠા બેઠા આજીવિકાની ચિંતા કરતા હતા સૌ કહે છે કે જ્યારે અમારે ઘેર કામ હતું ત્યારે અમે બીજાને કામ આપતા, અને જે તો શેઠિયાઓએ કારખાના કર્યાં એટલે અમારાં કામ પણ ગયાં ને હવે, ભૂખે મરવાનો અને ગામ તજવાનો સમય આવ્યો છે!

કારખાનામાં ગયા તો ત્યાં જગ્યા ન મળે … કે … નામ … તો કારખાના ચાલે ને! ગાડીઓની ગાડીઓ … આ … ભરીને આવે ત્યાં મરવા … આ કારખાનાનું … સરકાર મારે કારખાનાવાળાને મારે. કારખાનાવાળા કારીગરને મારે. કારીગરો મજૂરોને મારે. મજૂર હતો … તેને મારતા બેઠા છે. ને મારવાની પરંપરા ચાલી છે, … કોઈને નથી સૂઝતું, ત્યાં હવે કેમ જિવાય … ઘર છોડવાનો વખત આવ્યો છે ને કાંઈ!

એક કેરી દેખે છે તે લઈને છોકરીને આપી તેને ખોળામા બેસાડે છે. આખમાથી આસુ દડ દડ દડી પડે છે. દૂર બેઠેલો આબાવાડિયાનો રખોપિયો આ દેખી જાય છે. એ ગુસ્સામા આવીને છોકરીના હાથમાથી કેરી આચકી લઈ ભોળાને મારે છે.)

રખોપિયો : સાલા હરામખોર, કેરી ચોરીને ખાય છે ? શુ બાપનો માલ છે ? કાલે હુ રૂપિયો રોકડો આપીને રૂડકી સાથે વાત કરતો હતો તેમા તારી આબરૂ જાતી'તી, આજે ચોરીનું ખાતા નથી જાતી ? આહીં તો રૂપિયા છે તો ઘણી રૂડકી સલામ ભરવા તૈયાર છે તારી રૂડકી તારે ઘરે રાખ બેટમજી ! ચાલ થાણા પર એટલે દેખાડી દઉ કે હુ કોણ છુ ! (ભોળાનુ કાડુ ખેચીને લઈ જાય છે) કેરી મફતની નથી આવતી. તારા ડોસાએ કાટ એક રૂપિયા સરકારને આપ્યા છે ગરીબ ગોલા નહિ તો !

ભોળો . માફ કર ભાઈ, ભૂલ થઈ ગઈ ! છોકરી ભૂખે રડતી હતી એટલે નીચે પડેલી સૂડાની ખાધેલી કેરી લીધી છે મારી તો નથી લીધી જરાક તો દયા રાખ !

રખોપિયો દયા ને બયા ! બોલ, રૂડકીવાળી વાત કબૂલ છે ? હમણા છોડી દઉં—અને માથેથી રૂપિયો રોકડો !

ભોળો જરા તો શરમ રાખો ! બાપની આગળ દીકરીની બેઇજ્જતીની માગણી કરતા ભગવાનનો ત્રાસ તો રાખો ! તમારેય દીકરી હશે, દાદા !

રખોપિયો : ચાલ, એમ ન સમજે ગોલા !

(થાણા પર લઈ જઈ રખોપિયો પોલીસને કંઈ કહે છે પોલીસ ભોળાને તમાચો મારે છે)

પોલીસ સાલા ચોર, ચોરી કેમ કરી ? કેટલી કેરી ચોરી ? બોલ, બાપનો માલ હતો ?

(બીજો તમાચો મારે છે.)

ભોળો : જમાદાર સાહેબ, રસ્તામા પડેલી એક સડી ગયેલી કેરી લઈને ભૂખી છોકરીને આપી એમા મે શુ ઘોર પાપ કરી નોખ્યુ છે કે તમે બને મને ઢોરની પેઠે મારો છો! ઝાડ ઉપર કાગડા, સૂડા કે બીજા પક્ષીઓ ખાઈ જાય તે માટે તમને વાંધો નહિ, માત્ર એક ભૂખ્યુ માનવબાળ સડી ગયેલુ ફળ નીચેથી વીણીને ખાય તેમા આટલો બધો ત્રાસ! સાહેબ, જરા મે'ર રાખો! ભગવાન આમા રાજી નહિ થાય! જ્યારે કઈ ખાવાનુ નહિ હોય ત્યારે કેરી લીધી હશે, બાપ!

પોલીસ . પેટ ન ભરાતુ હોય તો ફોડી નાખો ને! ચોરીનો માલ ખાઈને શુ કામ ભરો છો?

(એક વધુ તમાચો મારી કાઢી મૂકે છે)

૩

(સ્મશાન પાસે આવતા એક મુડદુ બળી રહેલુ જુએ છે પાસે એક વડા ઉપર લાડવો અને દીવો છે દૂર એક ઝાડ નીચે ડાઘુઓ બેઠા બેઠા ગપાટા મારે છે. ભૂખ્યો ભોળો દીવો ઠારી નાખી કોડિયાનુ ઘી કુલેરના લાડવામાં મેળવીને ખાવા પ્રયત્ન કરે છે એ જોઈને—)

ડાઘુઓ . અરે હરામખોર! આ શુ કર્યું? દેવીનો નૈવેદ્યનો લાડવો લઈ ને આ મુડદાને વટલાવ્યુ ? મૂકી દે, નીચે મૂકી દે! (બીજાને) શુ જોઈ રહ્યા છો? આચકી લ્યો એ લાડવો અને નાખી દો કૂતરાને! જો દેવીનો લાડવો ભગિયાના પેટમા જશે તો બ્રાહ્મણનો મનખો બગડી જશે—સાત ભવેય સદ્‌ગતિ નહિ થાય! કળજગ જ આવ્યો છે ને! માણસમાંથી ધરમ—કરમ ગયા! દેવ—દેવીની શરમ પણ ગઈ!

(બ્રાહ્મણોનુ ટોળુ ભોળા ઉપર તૂટી પડે છે. તેને નીચે પછાડી તેના મોમાથી લાડવો ખેચી કાઢી કૂતરાને ફેકી દે છે)

ભોળો · (રડતા રડતા લોહી—નીંગળતા મોએ) મુડદાનો લાડવો

એક ભૂખ્યા માણસે ખાધો તેમા તમારુ કે દેવીનુ શુ બગડી ગયુ ? કૂતરું ખાય તેમા વાંધો નહિ, માણસ માટે જ વાંધો ! સ્મશાનનો લાડવો કૂતરાને બદલે માણસ ખાય તો મરનારની દુર્ગતિ થાય ! હરિ ! હરિ : દિલમાથી દયા ગઈ !

સ્મશાનનો બાવો . મારો સાલા ભગિયાને ! સ્મશાન વટલાવી માર્યું દેવીનો લાડવો ખાઈ ગયો દીવો બૂઝવી નાખ્યો. નક્કી...ગામનુ આવી બન્યુ—જો રોગચાળો ન આવે અને ગામના દીવા ન બુઝાય તો બાવો ટળી જાઉં ! ભગિયાના કારસ્તાન કમ નથી હોતા ! હુ તો કહુ છુ કે સાલાને આ સળગતી ચિતામા હોમી દો એટલે પાપ ટળે. ગામમા થાળી પિટાવી દેજો કે આવતા મગળવારે દેવીના નિવેદ કરે. નીકર આ ભગિયાને પાપે દેવી ગામને દૂણશે

(ભોળો માર પડવાની બીક ભાગી છૂટે છે.)

૪

સ્થળ ગામ–ઝાપે કૂવો ભોળાનો છોકરો ફૂટેલો ઘડો લઈને એ પાણી ભરવા જાય છે અને કૂવાની કૂડી પાસે ઊભો **રહે** છે એ જોઈને કૂવે કપડા ધોતો બ્રાહ્મણ મુગટો ગુસ્સે થાય છે

મુગટો મહારાજ . એ....કોના પેટનો છે ? નાહીને ઊભો છુ ત્યા માથે પડછાયો પાડ્યો ! ઊભો રે' સાલા ! (પાસે પડેલુ ઢેફુ ઉપાડીને છૂટુ મારે છે એટલે ઘડો અને છોકરાનુ માથુ બને ફૂટી જાય છે) સાલા ઢેઢાઓનુ હજાર વાર નાક કાપ્યુ કે બ્રાહ્મણ નાતા–ધોતા હોય કે પાણી ભરતા હોય ત્યા ફરકવુ જ નહિ, પણ તમને તો નવે નાકે દિવાળી! માર્યે જ પાધરા, ભાઈ–બાપા કર્યે કામ ન આવે ! (ફરી વખત નાહ્ય છે) જય શકર પાર્વતીપતે ! દલિતો–દીન તુ ઉદ્ધારતો !....જય શકર.... જય....જય !

છોકરો : કૂંડીથી તો દૂર ઊભો છુ અને તમથી તો હેઠવાશમા છુ, છતાય નરાતાળ ખોટું બોલીને મારુ માથું અને એકનો એક ઘડો ફોડી નાખ્યો? હવે પાણી શેમા ભરીશ? જરાક તો ભગવાનનો ડર રાખો! મોઢામા શકરનું નામ છે ત્યા સુધી તો સાચું બોલો! અમનેય કપાળમા આખ તો છે કે ઓતમ વરણ નાતુ-ચોતું હોય ત્યા ન જવાય. આઘો ઊભો છુ ત્યા તો માથુ ફોડી નાખ્યુ! (રડે છે)

મુગટો . જા જા, ડાહ્યલીનો થયો છો તે! આ તો પડછાયો પડ્યો તેમા માથું ફૂટ્યુ, પણ જો કૂંડીને હાથ લગાડ્યો હોત તો જીવતો ઘરે ન જાત શુ બધાને તારા જેવા ભગિયા સમજી ગયો? પૂજા વટલાવી-રરતે પડી જા હવે હેમખેમ રહેવુ હોય તો!

છોકરો · રસ્તો શુ કોઈના બાપનો છે? એક તો વગર વાકે માથુ ફોડી નાખ્યુ અને ઉપરથી ગાળ્યુ!

મુગટો હા! હા! મારા બાપનો છે, મારા બાપનો ઊભો રે', દેખાડી આપુ!

(મારવા દોડે છે છોકરો ભાગીને બચવા બાજુના કાલિકા માતા-ના મદિરમા ધૂસી જાય છે. પાછળ ભીને ધોતિયે મુગટો દોડે છે. દૂરથી ભોળો આ દેખીને છોકરાને બચાવવા દોડતો આવી મુગટા અને છોકરાની વચમા ઊભો રહે છે મુગટો ભોળાના માથામા લોટો મારે છે એટલે તે બેભાન થઈને પડી જાય છે.)

(પૂજારીને) : મહારાજ! આ ભગિયાએ મદિરને અભડાવ્યું છે અને દેવીની ભ્રષ્ટ કર્યા છે. હવે તમે જાણો અને તમારો ધરમ જાણે! તમને ચેતાવવા એટલુ બ્રાહ્મણ તરીકે મારુ કામ!

(પૂજારીઓ માતાને બકરાનો ભોગ આપવાની તૈયારી કરી રહેલા છે. કપાળમા કકુનો ચાદલો કરેલો એક બકરો કરુણ આક્રદ કરી રહેલ

છે મુગટાની વાત સાંભળીને પૂજારીઓ બધું પડતું મૂકી બેભાન ભોળા અને તેના છોકરા ઉપર તૂટી પડે છે અને બંનેને ઢસરડીને મંદિરની બહાર કાઢી આખું મંદિર પાણીથી ધોવા માંડે છે)

પૂજારી : દેવી ! માતા ! માફ કરજે ! અમારો વાંક નથી સાલા ભંગિયાઓએ અજડાઈથી મંદિર વટલાવ્યું તારું પવિત્ર બલિદાન ભ્રષ્ટ કર્યું અમે તો, માતા, લાચાર છીએ આવતી અમાસને દિવસે એક વધુ બલિદાન ચડાવીશ માતા, દયા કરીને માફ કરજે !

ધન્ય હો ચંડિકે, મૂંડિકે, કાલિકા, અંબિકા !
જગતતારિણી દયાધારિણી !
જગત-માવડી પાપહારિણી-જય હો ! જય હો !

૫

સ્થળ . ગામઝાંપે ઝાડ નીચે આવેલું ભોળાનું રહેઠાણ.

(ભોળાની પાસે કેટલાએક તેના જેવા દુઃખી માણસો આવે છે તેઓએ પણ ભોળાની જેવા જ હાડમારીઓ, અપમાનો, અત્યાચારો અને ઉજળિયાત વર્ગની પારાવતા, સત્તાધારીઓના તુમાખીભર્યા જુલમો અને ધર્માંધ ધર્માચાર્યોના પ્રહારો ભોગવ્યા છે ભૂખમરો, નગ્નાવસ્થા અને તિરસ્કારોએ તેના દિલને વજ્રનું કરી નાખ્યું છે તેઓમાં વૈરની-પારાવતાની ભાવના સળગી ઊઠી છે.)

પહેલો જણ . ભોળા, તારા અને તારા છોકરાના હાલહવાલ વિષે જાણ્યું ત્યારથી અમને લાગે છે કે આ જગમાં ભલા, ગરીબ અને નમ્ર થઈને હવે નહિ જીવી શકાય ઘણા વર્ષો સુધી દુઃખ ભોગવ્યા, અપમાન વેઠ્યા, લુંટાણા અને માણસ મટીને પશુ જેવા થઈ ગયા, પણ દુ:ખનો અંત ન આવ્યો ન ભગવાન મદદે આવ્યો કે ન કોઈમાં રામ જાગ્યો બસ, સહનશીલતાનો હવે અંત આવી ગયો બધાને હદ હોય ને ! હવે એક જ અવાજ અંતરમાંથી ઊઠે છે કે- 'વેર' ! હવે લાતો

ખાઈને નથી જીવવું, હવે ભીખી ભીખીને નથી નભવું, હવે દયા નથી માગવી તે નિશ્ચય ! જો ભોળા, અમે શેઠિયાઓની હવેલીઓ ફાડવાનું, ધનિકોની મિલકતોમા આગ લગાડવાનું, તક મળે ત્યા લૂટવાનુ અને જેણે જેણે આપણને રંજાડ્યા છે તેનું કાસળ કાઢી નાખવાનું નક્કી કર્યું છે, તો રાત્રે તૈયાર રહેજે. આજથી આપણા દુઃખનો અંત ! બરાબર બાર વાગે આવશુ, સમજ્યો ને ! કાં આ પાર કે કાં પેલે પાર !

ભોળો . અરે ! આવો અધર્મ કરવો કેમ સૂઝ્યો ? એક પાપના ફળ તો આ ભવે પૂરા થયા નથી ત્યા નવા પાપ કરીને કરવુ છે શુ ? કાઢ્યા એટલા હવે નથી કાઢવા. ભગવાનનો ભરોસો રાખો, મારા ભાઈ ! કરમ–ધરમનો હિસાબ દીધે જ છૂટકો છે

બીજો જણ જોઈ લીધો તારો ભગવાન અને જોયો તેનો ભરોસો ! આવી નમાલી ભગતાઈમા જ ભવ આખો કરમ–ધરમને રોઈ રોઈને કાઢ્યો, છતા કાંઈ ભાળ્યું નહિ, તોય અક્કલ નથી આવતી ? તારે ને ભગવાનને શુ ? જો ભગવાન હશે તો કોઈ શેઠ-શાહુકારનો હશે, વાણિયા–બ્રાહ્મણનો હશે, રાજા–મહારાજા કે ધરમ-ગુરુનો હશે–તારો કેવો ? કાલો થયો કાંઈ ! ભગવાન ભંગિયાનો થવા નવરો નથી ! આ યુગમા તો બધા પાપે જ પેટ ભરે છે ત્યાં સતધરમની પૂછડી થઈ મરીશ તોય સુખનો મારગ નહિ દેખ ! હવે તો પાકુ વેર લેવુ તે કાળાન્તરેય નિર્ણય ! તૈયાર રહેજે. ભલો થઈને અમારી બાજી ઊંધી વાળીશ મા ! કાઢ્યા એટલા નથી કાઢવા એટલે શુ ? તુ તો મરીશ પણ તારી પ્રજાનું શું ? તેની પ્રજાનું શુ ? તારી નાત બિરાદરીનુ શુ ?

ભોળો . મારું દિલ તો ના પાડે છે. તમતમારે કરવુ હોય એમ કરો અને મને મારે મારગે જાવા દો !

પહેલો જણ એટલે ? છટકી જઈશ, એમ ? જ્યારે જ્યારે કંઈ મારગ કાઢીએ ત્યારે આવા ને આવા ભગતડા, ધરમના પૂંછડા આડા ને આડા ! હવે તો મારગમાથી આવા મેઢાઓને કાઢ્યે જ છૂટકો, બીજું પછી. જો ભોળા ! આજે જરાય આડો ચાલ્યો કે ચૂચા કર્યું તો તારી ખેરિયાત નથી અમારા વેરની આગમા શેકાઈ જતા બીજાને તો ઠીક, પણ તને તો વાર નહિ લાગે નાહકનો વાલોળ ભેગી ઈયળ માફક બફાઈ જઈશ ! કા તો અમારી ભેગો ખભેખભો મેળવીને ચાલ અને કા તો દુશ્મન બનીને ઊભો રહે અમારે તારી ભગતાઈ નથી જોઈતી. આજે હિસાબ ચૂકતો કરવો છે અમે મરશુ અને એ જુલમીઓ જીવશે ? અમે ભૂખે ટળવળશુ અને તેઓ નિરાતે ખાશે, એમ ? એમ હવે નહિ બને અમારે તો આમેય મરવુ છે અને મારીનેય મરવુ છે.

બીજો જણ એમ કર. તુ રાત સુધીમા વિચાર કરી રાખજે પછી ન કહેતો કે અમે તને ચેતવ્યો નહોતો ! (બને જણ જાય છે)

ભોળો . હે ભલા ભગવાન ! શુ કરુ ? આ લોકોને પણ શુ કહુ ? સૌ વાતને હદ હોય છે ને ! દુખમા ભાન ભૂલી જવાય તો ઠપકો શુ અપાય ? હુ તો મૂઝાણો, માલિક ! કયા જાઉ ? તે તો કૃપા કરીને માનવ–દેહ આપ્યો, પણ આહીં તો માણસ જ ભાઈઓએ મને પશુ કરતા પણ નપાવટ કરી નાખ્યો ! બિલાડા કે કૂતરાથી ન અભડાય, પણ મારો તો પડછાયો પણ પાપી ગણી મને દૂર રાખે છે ! શુ મારી આવી મશ્કરી ઉડાવવા માટે તે માનવ–દેહ આપ્યો છે ? શુ કહુ વા'લા તને? શુ ઠપકો આપુ ?

તે તો મને સશક્ત શરીર આપ્યુ કે જેથી જગતમા તેના આધારે જીવનનો માર્ગ કાઢુ. તે કુદરતમા ઘણુ બનાવ્યું કે જેમાથી હુ કંઈ પામી શકુ. પણ નાથ ! આજે ધનિકોએ કોઈને માટે સ્થળ

કે કામ ક્યા રહેવા દીધા છે કે મારું શરીર વાપરી જીવન ધરી રહુ ! ક્યા કુદરતની બક્ષિસો ખુલ્લી પડી છે કે તેમાથી ચેતન મેળવુ ! આમ ભૂખે મરવા, લાચાર જીવન રોતા રોતા વિતાવવા તેં મને શા માટે મા નવી બનાવ્યો ? પશુ બનાવવો હતો ને કે દુઃખ–સુખ સમજી શકત નહિ અને જીવન પૂરું કરત !

નાથ ! દુ.ખથી હારીને ભાન ભૂલી રાની પશુ જેવો કે લાગણી-શૂન્ય જડ પથ્થર જેવો ન થઈ જાઉ એટલા માટે આશ્વાસન શોધવા તને શોધતો આવુ છું તો ત્યાયે દ્વાર બધ છે, ત્યાયે મને માર પડે છે, મારી અને તારી વચ્ચે દીવાલ બાધી દેવામા આવી છે. એટલે મારામા માણસાઈ પણ કેમ ટકશે ? કોના ભરોસે, કોના આધારે હુ દુઃખ સહી શકીશ ? પ્રભુ ! કદાપિ માણસાઈ વગર હું મારગ ભૂલી પતિત થઈ જાઉ તો ઠપકો ન આપજે ! પેટનો બળ્યો–વેરનો બળ્યો પાપ કરુ કે જગતને આગ લગાવી દઉ તો એમા મારો વાક પણ શો ? પણ હુ ગભરાઉ છું કે અનેક ભવોના પુણ્યના સ ચયથી આ માનવદેહ મળ્યો છે તે મિથ્યા થઈ જાય અને ફરી વખત એ ને એ એકડો ઘૂ ટવો પડે ! ભગવાન ! બળ આપ કે મારા અનેક ભવોનું ભારણુ મિથ્યા ન થાય !

મારુ મન–માકડુ મૂઝાણુ છે મારા સમદુ ખી ભાઈઓ આકળા થયા છે એ બ નેની ભીસમા ભીસાઈ મારે મારવાનું આવ્યુ છે. તેથી બહેતર છે કે પાપમા પડવા કરતા મારા જીવનનો અ ત લાવુ ! આમાય પાપ થાતું હોય તો, માલિક, માફ કરજે !

(અ તરિક્ષમાથી)

વધે ગ્લાનિ જ્યારે ધરમ લોપાય અહીંયા,
પીડા પામે પ્રાણી સબળના અન્યાયથી જ્યા,
અનાથોની વહારે ધસી જવા અર્જુન અરે !
લઉ છુ જન્મો હુ જનરૂપે આ વિશ્વ–આરે.

(ભોળો આશ્ચર્યચકિત થઈ જોઈ રહે છે. એક શ્વેતવસ્ત્રધારી માનવી નજરે પડે છે)

શ્વેતવસ્ત્રધારી અરે! ઓ ભાઈ! આ શુ કરી રહ્યો છે? આ શો ગજબ તારી જાત ઉપર ગુજારી રહ્યો છે? બોલ, શુ દુખ છે કે આવા મૂલ્યવાન માનવદેહનો નાશ કરવા તૈયાર થયો છે? જરા સબૂર કર, મને વાત કર, કઈ ઉપાય થઈ શકતો હોય તો કરીએ. ઉતાવળો થા મા.

ભોળો . જા, ભાઈ જા, મને મરવા દે તમે સુખે જીવવા તો દેતા નથી, હવે મરવાનો પણ મારો અધિકાર નથી? મરીને તમારી આભડછેટ મટાડુ છું, સમાજની શરમ અને સૂગ દૂર કરુ છુ અને તમે અને તમારો ધરમ બચે એટલા માટે હુ મારે મારગે ચાલ્યો જાઉ છુ, તુ જા તારે મારગે નાહકનો આ ગદકીમા ઊભીને શુ કામ હેરાન થાય છે?

શ્વેતવસ્ત્રધારી : એકવાર મને તારી વાત કરી અને તુ પ મારી વાત સાભળ, પછી ઠીક લાગે તેમ કરજે. થોડી વાર તો સબૂરી કર, એકાદ ક્ષણમા શુ ખાટુ-મોળુ થઈ જવાનુ છે?

ભોળો બરાબર છે પેટ ભરીને આવ્યા છો એટલે ભૂખ્યાને સબૂરી પકડાવવી કેમ ન પાલવે! જો પેટમા લાય લાગી હોત અને આખ સામે છોકરાઓને ભૂખે મરતા જોતો હોત તો ખબર પડત કે સબૂરી કેમ પકડાય છે! નવસ્ત્રા દેહે ચીંથરેહાલ દશામા જો ટાઢમા થરથર કાપતુ પડતુ હોત અને આખ સામે ઝૂપડીય તૂટી જતી દેખી હોત તો ખબર પડત કે એક ક્ષણ પણ જીવવામા કેટલી કડવાશ છે ડગલે ને પગલે માર, અપમાન અને જાકારો મળતા હોત તો તમે કોઈને કોઈ દિવસ સબૂરી પકડવાનુ કહેત નહિ. તમને ધનિકોને, ધર્માત્મા-

ઓને, મત્તાવાળાઓને બોધ આપવાનો અને બીજાને રમાડવાનો અબાધિત અધિકાર હોય છે ને, એટલે શુ કામ અમારા ગરીબના દુઃખની કરુણ મશ્કરી કરવા મને જીવવાનુ અને સબૂરી પકડી રાખવાનુ તમે ન કહો ? આજ સુધી તમારા જેવા અનેક કાનમા શાસ્ત્રના પૂભડા ભરીને, આખ આડે ધર્માધતાના પડળ પહેરીને, હૈયા ઉપર સમાજરક્ષાની શિલા બાંધીને અને હાથમા સત્તાનો દડ લઈને આવી ગયા; દયાના—પ્રેમના ગીતડા ગાઈ ગયા; હૈયા પપાળી ગયા અને કોરાધાકોર ચાલી ગયા—અને અમે કરમફૂટ્યા, અક્કલના આધળા આ ઢોગાઈ—ખોટાઈને ન સમજ્યા એટલે તમોએ નચાવ્યા તેમ નાચ્યા, તમે ઇચ્છ્યુ તેમ કરુણ પ્રલાપો કર્યા, તમે કરાવી તેવી ગુલામી કરી અને આપી તેવી સ્થિતિ પત કરી. હવે હદ થઈ! અમારી માણસાઈ પરવારે અને દુનિયાને સળગાવી દઈ નરકાગાર કરી મૂકે તે કરતા અમે જ પરવારી જઈએ તો શુ ખોટું છે ? બોલો, મને જિવાડીને તમારે શુ લાભ કાઢવો છે? એમાથી તો કઈ સ્વાર્થ નથી સાધવો ને? કોઈ છાપે ચડાવી તમાસો તો નથી કરવો ને ?

શ્વેતવસ્ત્રધારી. (સ્વગત) સાચો છે આનો પુણ્યપ્રકોપ—હૃદયનો કરુણ પ્રલાપ! સદીઓ થયા શાસ્ત્રોએ અને શાસ્ત્રકારોએ, સમાજે અને સમાજના ધુરીણોએ, ધર્મે અને ધર્માત્માઓએ અને રાજ્યે અને રાજ્યસત્તાએ ગરીબોના દુઃખ સામે આખમિચામણા જ કર્યા છે. તેના રક્ત ઉપર—રુદન ઉપર રાચ્યા છે. કવિઓ અને લેખકોએ તે ઉપર મરસિયા માણ્યા છે, ત્યા આજે તેને કયું મોઢું લઈને સબૂરી રાખવાનુ કહુ ? બીચારા માનવ—પશુઓ! જ્યા સુધી અમારા કાનમાંથી શાસ્ત્રના પૂભડાં ન જાય, આખમાથી ધર્માધતાના પડળ ન ખસે, હૈયા ઉપરથી સમાજરક્ષાની શિલા અને સત્તાનો ડારનારો દડ દૂર ન થાય ત્યાં સુધી ગરીબોની ખરી વાત કેમ સંભળાશે ? તેમના દુઃખનો ખ્યાલ ક્યાથી આવશે ?

એનુ મ્હેણુ સાચુ છે—હુ ધરાયો છુ, તે ભૂખ્યો છે, હુ વસ્ત્રો-થી ઢંકાયેલો છુ, તે લગભગ નગ્ન છે, મારુ બધે સન્માન થાય છે, તેને સ્થળે સ્થળે લાત અને અપમાનો મળે છે ત્યા મને કેમ આવે તેના દુ ખની સાચી કલ્પના? મને કેમ સમજાય તેના દિલની જ્વાળા? અને તેને ગળે પણ મારી વાત કેમ ઊતરે? દુ ખિયાઓની આ સ્થિતિ તેના કર્મે સરજાવી હોય તે કરતા અભાગ અજ્ઞાન અને સ્વાર્થે વધુ સરજી છે, અને તે સ્થિતિ પલટાવવાની તાકાત કે તક પણ ન મળે અને વધુ ને વધુ ખરાબ થતી જાય તેવી સમાજ અને ધર્મવ્યવસ્થા રચી દીધી છે. આ વસ્તુસ્થિતિ આખી પલટાવી જોઈએ તેઓને તેના માનવસ્વરૂપની અને તેમા વસેલ અનતશક્તિના ધણી આત્માની પિછાન કરાવ્યા સિવાય સદીઓ થયા દટાયેલ જીવન, સસ્કારશક્તિ અને માનવતા જાગ્રત નહિ થાય. આ કાર્ય કર્યે જ છૂટકો છે પણ જ્યા સુધી હુ મારુ અગત વ્યક્તિત્વ ત્યાગુ નહિ, જ્યા સુધી સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી તેના જેવો થઈ રહુ નહિ, જ્યા સુધી મારી કેળવણી, સસ્કાર અને સ્થિતિના મિથ્યા-ખ્યાલને તજી તેની સાથે આત્મીયતા સાધુ નહિ ત્યા સુધી બધી દયા, બધી સબૂરી, બધુ તત્ત્વજ્ઞાન ખોટા-ફજાગ વાગ ખોટા! નર્યું પાખડ અને દયાનો દભ!

(પ્રકટ) ભાઈ, સમજાણી તારી વાત. જ્યા સુધી સૌ કોઈ ને વસ્ત્ર ન મળે, જ્યાં સુધી સુખ ન મળે, જ્યા સુધી સમાજમા યોગ્ય સ્થાન ન મળે, જ્યા સુધી સૌના ભૂખ્યા પેટમા અન્ન અને આત્મામા ધર્મ અને જ્ઞાનપ્રકાશ ન મળે અને જ્યા સુધી સૌને કાર્યક્ષેત્ર ન મળે ત્યા સુધી હુ સુખે નહિ જંપુ—આ મારી પ્રતિજ્ઞા, આ મારુ વચન. જરા સબૂર કર, હિંમત રાખ તારા દુઃખો અને સહનશીલતાએ મને સરજ્યો છે અને તારી સબૂરી અને સચ્ચાઈ મને ટકાવશે. જે તુ ભાગી પડીશ તો મારાથી નહિ ટકાય, જો તુ નિર્બળ થઈશ તો મારા પગ ઊભા નહિ રહી શકે, અને જો તારુ સાચ ગયુ તો મારુ સત્ત્વ ચાલ્યુ જશે.

આવ, આવ, આપણે સમદુઃખી બનીને સુખને ઢંઢોળી જગાડીએ! આવ, આપણે જગતને નવો માનવતાનો ધર્મ આપીએ! આવ, આપણે સૃષ્ટિના સ્વર્ગ ઉતારીએ!

મેઘો : અરે ભાઈ, હવે ભાગી નહિ પડું, નબળોય નહિ પડુ એકલો હતો ત્યારે પગ ભાગી ગયા હતા, નબળાઈએ હીર હર્યું હતુ. સહાનુભૂતિ મને નવું બળ આપશે, બાપ! દુઃખ તો ભોગવી નાખુ, પણ દિલના ડંખારા, તિરસ્કાર, અપમાન અને જાકારો અમારાથી નથી સહેવાતા તે આજે નવુ જીવન આપ્યુ હવે શા ભાર છે દારુણ દુઃખના કે મને તોડી શકે? શા ભાર છે પાપના, લાલચના કે બૂરાઈના કે અમને પકડીને જીવનુ ભાવિ મિથ્યા કરાવી નાખે?

શ્વેતવસ્ત્રધારી–(સ્વગત)

ઘણીએ ગળી દૃષ્ટીએ હું, ભટકીય ખૂણે–ખાચરે,
આ આંખના આંસુ વડે ઠારીયા દુઃખની આગને,
વેરાન સમ આ વિશ્વમાં અગણિત અરે! મુડદા પડ્યા,
તે ચમનમાં ફૂંકીય હું જગાવીશ મીઠી ચેતના.

—વિશ્વાપ્રી

(બંને એકબીજાને ખભે હાથ મૂકીને જાય છે.)

દ્વૈતવાદી હું હવે, અદ્વૈતવાદી હું ગયા,
બ્રહ્માંડ મારું, વિશ્વ મારું, બ્રહ્મવાદી હું ગયો.

—કલાપી

(અંતરિક્ષમાંથી)

શ્રમજીવી-જાગૃતિની પહેલી પળ

જેમ જેમ લોકજીવનને દાબવાના પ્રયાસો મૂડીપતિઓ કરતા જાય છે તેમ તેમ તેનો પ્રતિકાર પણ તેટલા જ બળથી થઈ રહ્યો છે. જુલ્મ, શોષણ કે લૂટના પ્રતિકારની જેટલી શક્તિ અને તમન્ના, તેટલી જાગૃતિની પ્રતીતિ આ સામાન્ય નિયમ છે.

જ્યા સુધી પ્રજામા ભાન નહોતુ અને નબળાઈના માવીતરો સમી કિસ્મત, પ્રભુની મરજી અને સતોષ જેવી પ પાળનારી વિલક્ષણ ભાવના જાગતી હતી ત્યા સુધી જેમ કચર્યા તેમ તેઓ કચરાયા, જેમ લૂટ્યા તેમ લૂટાયા અને જેમ દોર્યા તેમ મેઢાની માફક દોરાયા. આજે બધુ પલટાતુ જાય છે હક્ક, મહલો, સમાનતા અને ભ્રાતૃભાવ જેવી નવી નવી નક્કર વાતો શ્રમજીવીઓ સમજતા થયા છે ઓછા-વત્તા પ્રમાણમા દુનિયા આખીમા આ જાગૃતિ અનેક સ્વરૂપે દેખાઈ રહી છેઃ કોઈ સ્થળે વર્ગ-વિગ્રહના વિકૃત સ્વરૂપે દેખાય છે, કોઈ સ્થળે હડતાલ અને હુલ્લડ સ્વરૂપે, તો કોઈ સ્થળે આ જાગૃતિના પ્રથમ પગલારૂપી દુ.ખ વ્યક્ત કરવા અને માગણીનુ સ્વરૂપ નક્કી કરવા માટે ભરાતા પરિષદ, સભા, સઘ કે એવા કોઈ સ્વરૂપે.

પહેલા સ્વરૂપમા કચરાયેલાઓ પોતાનાં દુઃખની વરાળ શબ્દોનાં કાઢે છે, પછી કામ કરવાનો ઇન્કાર કરે છે, અને પછી પ્રજાની સમ-

જૂતી, સારમાણુસાઈ, સંસ્કૃતિ કે દોરનાર સત્તા યા નેમની દોરવણી મુજબ વર્ગ-વિગ્રહ વધે છે કે સ્વરૂપ બદલે છે. વર્ગ-વિગ્રહનું છેલ્લું વિકસિત સ્વરૂપ જગતને રશિયા દેખાડે છે.

હિંદમાં મિલમજૂરોનું યુદ્ધ હડતાલની ભૂમિકા સુધી પહોંચ્યું છે, ખેડૂતોનું યુદ્ધ કરના બદલામાં માલ-મિલકત લિલાઉં કરાવવાના તબક્કે પહોંચ્યું છે, અન્ય શ્રમજીવીઓ પોતપોતાના સંઘ અને સંગઠનના જોર મુજબ ઓછી-વત્તી ભૂમિકાએ પહોંચ્યા છે, જ્યારે મધ્યમ વર્ગ, એટલે કે સામાન્ય રીતે જે શ્રમ અને બુદ્ધિજીવી એટલે મિશ્રજીવી છે અને જે વધારેમાં વધારે નરમ, અનાથ, લાચાર અને અવ્યવસ્થિત છે તે માત્ર પોતાના દુઃખ રડતા શીખે છે પરંતુ તે પણ જાહેર રીતે સંપૂર્ણ જોરપૂર્વક નહિ

શિસ્તપાલનની ભાવના, સંસ્કૃતિ, વ્યાપારી ગણતરીબાજ બુદ્ધિ એટલે વ્યવહારકુશળતા પાછળ વળગેલી અનેકવિધ જવાબદારી અને સમાજનું પાગળાપણું તેને ઉગ્રતાની હદે હજુ જવા નથી દેતા. આ સુસ્તી કે નમ્રતા, આ સંતોષ કે નબળાઈ, આ શિસ્તપાલન કે ગુલામી-મનોદશા વિદાય લઈ લેશે ત્યારે જો મૂડીપતિઓ સવેળા નહિ જાગે તો એમની શી સ્થિતિ હશે તે કોણ કહી શકે ?

બધા વિગ્રહ શમાવી શકાય છે, નથી શમી શકતો એક વર્ગ-વિગ્રહ. કાં તો બંને વર્ગ મડદાસમા થાય કે કાં તો બંને ભિન્ન મટી સમજૂતીથી એક થાય. આ જ વર્ગ-વિગ્રહનો અંત!

મધ્યમ વર્ગ જ્યારે જાગે છે ત્યારે અજાણ્યુ જેવા ગમાર માણસો પણ કેટલું નગ્ન અને નક્કર સત્ય પ્રજા પાસે રજૂ કરી જનતાના સુગ્ત પ્રાણને જગાડે છે તે આજે જાગૃતિના પ્રસવકાળની વેદના અનુભવતો સમાજ ઠેર ઠેર બતાવી રહ્યો છે અજાગૃત પ્રજાને પોતાના દુઃખનું ભાન પણ હોતું નથી, એને દુઃખ રડતા પણ નથી આવડતું,

કોઈએ માનેલો જ નહિ. આજે, બિરાદરો, તમે બધા મારા કાની થેરુ બનેલા અને સેથિયાના તપલા ખાઈ ખાઈ રીધા થયેલા છો એટલે તમો તો ખસૂસ સાભલશો જ. મારુ જિગર કઈ કંઈ કહેવા ફાત ફાત થઈ રહેલું છે. મારા દિલની વાત તમોને કહીસ.

બિરાદર ! તમે મારી ઉંમર સુ ધારો છો ?

પચાસ ? ના, બાવા....ના ! મુને બત્તીસ સાલ જ થઈ છે તેટલું-મા તો મારા બાલ બી પાકી ગિયા છે અને હુ બુઢો થઇ ગિયો છું. કેમ, કહુ ? સેથ નામદારની કૃપાસી, ફઝલીહુસેનની રહમસી !

નાનો હુતો તીવારે બુધા બાપને જોયેલો. થોરાક મોતો થિયો તીવારે નેકનામ ફઝલીહુમેન સેથને જોયો. આ દુનિયામા—દેસમા ભાદાની ઓરદી, સેથની રાધની, ગોદામ, દુકાનનો અંધારો દોજખ જેવો ઓરદો અને રાત્રે સેથની દુકાનનો ઓતલો દેખેલા. આજે આ નવી દુનિયા, બિરાદરો, જોઉં છું અને મારુ રંજદિલ ઊદુ ઊદુ થઈ જાય છે !

બિરાદરો ! પડિયાની ઇસ્કોલમા આ ફિદાએ થોરી ધૂર પાતી ઉપર નાખેલી, અને મદરસામા થોરાક કલમા પરેલો, ત્યા તો મારા બાવાજાન મને અગિયાર વરસનાને મુબઈમા સેથ ફઝલીહુસેનને વા મૂકવા આવ્યા—પચીસ રૂપિયાનુ દેનુ કરીને સેથ અમારા સગા હુતા એટલે રહમ ન કરતા હોય તેમ મને ગરીબ સગો જાની રાખી લીધો—ઉમેદવારી કરવા, મુફતની 'ગુલામી કરવા ! પગારનુ બે વરસ કામ સીખ્યા પછી ફિદાને કામ સીખવીસ, હુસિયાર કરી દઈસ અને આગલ ઉપર ચાનસ મલી રહેસે એવુ એવું ઘનુ—ઘનું સેથ સાહેબે મારા બાવાજાનને તીવારે કીધેલુ

પન બાવાજાન થોરા વખતમા ગયા બેહિસ્તમા, એટલે સેથને કોણુ પૂછે કે ફિદાનું સુ કીધુ, સુ સીખવ્યુ અને સુ ચાનસ આપિયો ? હુ હુનો નાનો...ગરીબની વકીલાત કોન કરે ?

મારા સેથ સવાર–સાજ ખાધેલુ પચાવવા ફરવા જાય તેની પાચ વરસની દીકરી ડુગ્બાઈને સાથે લે મુને પન સાથે સેથની ગરમ સાલ ઉપારીને આવવાનુ કહે થોરુ ચાલીએ ત્યા તો સેથ સાહેબ ફરમાવે “ફિદા, ડુગ્બાઈને ઉથાવી લે, તે થાકી હોસે” તેજ વખ્તનો અગ્યો ભૂખો ફિદો જરા બી થાકે જ નહિ ને! રસ્તે ચાલતા ડુગ્બાઈ રમકડા ખરીદે એટલે ફિદો તેય ઉથાવી લે થોરી વાર પછી ખાવાના પરીકા લે અને ફરમાવે “ફિદા, આ જરા ઉથાવી લે” ફિદો પરી-કાય ઉથાવે ડુગ્બાઈ ફિદારૂપી ઘોરા ઉપર બેસી તેની તોપી ઉપર ખાવાનુ પરીકુ મૂકી મઝેથી ખાયા કરે, ફિદારૂપી ઘોરાને હાંકિયા કરે, સેથ હરખથી હસિયા કરે અને ફિદો ભાર અને લાતસી દબાયા કરે. મરી જાય તોયે સુ–થોરો સેથનો લરકો છે?

બિરાદરો! આ મારું પેલ્લુ લેસન! સમજિયા ને, કે ફિદો સું સીખ્યો અને સેથે સુ સીખવિયુ? ન સમજિયા હો તો કહી દેઉં છુ કે ફિદો સીખ્યો ડુગ્બાઈને ઉથાવવાનુ, તેના રમકરા ઉથાવવાનુ, તેના પરીકા ઉથાવવાનુ, અરે, માનુસ મટીને ઘોરો બનવાનુ! આ લાયકાત ઉપર–આ હોસિયારી ઉપર ફિદાને ચાનસ મલનાનો હુતો અને સેથ ફઝલી બાપને દીધેલો બોલ પાલવાનો હુતો ઉમેદવારીમાથી ગુડ્સી સેચિયા પાસેથી કઈ સિખાતુ નથી એમ ફિદો આજે નાખિયો છે બિરાદરો! આ જાતના કોઈ ઉમેદવાર રહેસો નહિ કે રાખસો નહિ.

આ ફિદાએ ઘનીવાર કતારીને મરી જવાનુ મન કીધુ, ઘનીવાર પાપ કરવાનુ દિલ થયેલુ, પન કુરાનના કલમા પરેલો ને! એટલે આ ફિદાએ પાપ નહી કીધુ, ચોરી નહી કીધી અને મરી પન નહી ગિયો આટલુ કહેવા આવી છે–ફિદો છે.

બિરાદરો! દસ વરસ પછી જ્યારે પગારની વાત કરી તીવારે

એ 'મામૂલી વાત' સેથ સાહિબને ગમી જ નહિ. "કામ કર. હુ સુ આપીસ, ખુદા આપી રહેસે!" એટલી જ વાત કહી. આપને છ મહિના વધારે ખેચ્યા. ન તો સેથે કઈ આપ્યુ કે ન ખુદાએ કઈ આપ્યું. મુફતની મજૂરી કરવા સિવાય કઈ કામ આવિયુ નહિ એટલે કા જાઉં? બધે કઝલીના જ ભાઈ હોય ને! મારું માથુ ફરી ગયુ. કયાય ભાગી જવાનુ નક્કી કર્યું સેથ જાની ગયા કે ફિદો હાથમાસી જાસે મુફતનો ગુલામ ખોઈ બેસીસુ આમ સમજીને રૂપિયા છનો પગાર બાધી આપ્યો ફિદો થેરી ગયો રાધણીમાસી દુકાનમા ગયો. રૂપિયો આપી રોટલો લઈ લીધો.

જ્યારે પેલ્લો પગાર મલ્યો ત્યારે, બિરાદરો, હુ નાચ્યો હુતો તેમાથી તોપી લીધી, સદરો લીધો, ચોરબજારમાસી લેઘો લીધો, જોરા લીધા અને આઠ આના આધરા ફકીરને દીધા. કેવો મીઠો પેલ્લો પગાર!

આ ફિદાએ સેથને રોતલી રલીયે દીધી છે અને પકાવી બી દીધી છે, છતા પામ્યો સુ? ફિદાને કામ મલ્યુ છે, બદલો નઠી મલ્યો ફિદાએ સેથને રાજી રાખવા ખુસામત ઘની કીધી છે પન મીથો સબદ કે સુખન પણ પામ્યો નઠી કરમની બલિહારી જ કહેવાય ને! અલ્લાહ મિયા પૂછસે, બિરાદર, અલ્લાહ મિયા પુછસે એ સેથિયાને અંજામને દિવસે!

બિરાદરો, સવારથી મધરાત તક સખત વૈતરું કરીએ એટલે ભૂખ તો લાગે ને, પન ખાવા કોન દે? કાળજા ખાઈએ? ખિસ્સા-મા દોરિયુ હોય તો ચાઈ પીવા મલે ને? સેથ કઈ કામ ન કરે, ખાઈ-પી, આરામ કરી, દુકાને આવી ફૂની ફૂની ગાદી ઉપર બેસી ચાઈ પીયા કરે, પૂરી-પકોરી, ફ્રૂટ ખાયા કરે; સરબત, સમોસા અને આઇસ-ક્રીમની પલેટ પર પલેટ ઉડાવિયા કરે-તે પન આપની જેતા ભૂખા

દાસ કાયા પીસનારાઓ સામે! જવાબ સરમ નહિ, લાગની નહિ, આપન તગર તગર જોયા કરીએ

આજ દિન તક તો, બિરાદરો, આને કિસ્મતના ખેલ નમજતો, અપના બદનસીબ સમજયે એટલે ચૂપ ઊભો રહેતો, પન આમ ઉજાગે સાનો રહેવા દે? તુરત બૂમ મારે 'હિના!' હુ આસામા ને આમાના ફેરતો ફેરતો જાઉ કે કઇંક ખાવાનુ મલસે બિરાદરો, તમે પૂછો છો કે સુ મલ્યુ? ચાઈ કે પાઉ? કહાં હઉ? મલ્યુ મલ્યુ, બિરાદરો, મલ્યુ – ખાલી બસી–પ્યાલા પલેટ ઉથાવવાનુ અને તેબલ સાફ કરવાનુ!

ભાઈઓ! તમુને સુ નહી લાગતુ કે દુનિયા પલટી ગઈ છે? નહિતર ભૂખાને ખાવાનુ ન મલે અને ખાઈને બેસેલા વધુ ને વધુ ખાયા કરે અને પેત બગારિયા કરે! આ બધુ તમે ચલાવી લેસો? તેની ખાણી–પાણીના પરસ્સરાનો ભૂખાની સામે ચલાવી લેસો? હજુ પન ભૂખા ભૂખા તે સેથિયાની સામે મેઆની માફક તગર તગર જોયા કરસો અને કરમને રોયા કરસો? બિરાદરો, કેઉ છુ, ખુદાને માથે રાખીને કેઉ છુ કે કિસ્મતને ભૂલી નાખો સેથિયાને ખવરાવી વેથિયાને ભૂખે મારનાર એ ખુદાનેયે ભૂલી નાખો આપનો ખુદા કોઈ જુદો છે!

અંધારુ દોજખ જેવુ ગોદામ, ગતર જેવી દુકાન અને અડધા ભૂખા તો કામ કરીએ સવારના સાંજ તલક પિસાયા કરીએ હવા-ઉજાસ કે પૂરી ઊંઘ પામીએ નહિ, દિલમા હોસ હોય નહિ ત્યારે માંદા તો પરીએ ને? પન કોને પરી છે તમે માંદા પરો કે મરી જાઓ તેની! સી ફિકર છે તમારા આરામની કે તમારા દિલની તમારા તનનુ ખરીદનાર સેથને!

જ્યારે થાકીને હતાસ થઈ જાઓ કે કામ કરવાનો કંટાલો આવે ત્યારે કોઈ દિવસ સેથિયા પાસે રજા માગી છે? રવિવારે નાવા-ધોવા, હજામત માટે કે કપરા લેવા માટે, કોઈ ઓલખીતાને જ મલવા જવા

માટે રજાની મામૂલી વાત કરતા પન સેથ કેવા છેરાઈ પરે છે તે જાનો છો કે ?

તમે કામને માટે નાલાયક થાઓ ત્યારે કા તો ધરમાદાની હસ્પિતાલમાં હડસેલી દે અથવા તો વગર પગારે દેસમા ધકેલી દે છે. આ સિવાય તે સું કરે છે ? તેને ગાડે લગાર ફેરકી થાય તો બોલાવે દાક્તર પતેલને, બોલાવે પાવરીને, બોલાવે દેસમુખને કે જાય દોરતો માથેરાન કે મામલેસર, કે કરી આવે દેવલાલી કે ઉટી. પણ તમે મરતાં પહેલા થોરો વખત અગાઉ રજાની અને થોરી મદદની માગની કરો તો જુઓ કેવો બચ્ચા-ઈ-સાકુની કાની સામો થઈ જાય છે તે ! મદદ સાની કરે ? હજાર કરવા સબદ સુનાવી દે તે વધારામા !

તમારુ પૂરું થતું ન હોય અને પગારના વધારા માટે કાલા-વાલા કરો તો તો સામો રરવા બેસી જાય, એને ટાઢ આવવા માડે, સારી દુનિયાની ખોત તેના ગલા ઉપર આવી બેસે. બિરાદરો, તે દેવામા દાતરડા જેવો અને કામ લેવામા ખપાળી જેવો છે ! તેની મોતર વધે, માલા વધે તોપન તે રોતો ને રોતો—ત્યા તમારા આસુ કોન લૂછે ?'

પ્રમુખ સાહેબ : (એક જાણીતી પેઢીના માલિક અને શ્રમજીવી-ના પ્રશ્નોમા રસ લેનાગ એક જાહેર વ્યક્તિ છે. તે ટકોરી મારી ભાષણ બધ કરવાનુ કહે છે) એઈ મિસ્તર ! તમે વધુ સમય લીધો. લાબા-લચક ભાષણો કરવાનુ આ સ્થળ નથી. બેસી જાઓ તમારું કહેવુ સમજાઈ ગયું.

ફિદાહુસેન : સાહેબ, મારા દિલની આગ બહાર કાધવા દો ! વર્ષો થયા ભેગી થઈ છે તમુને તો પેલ્લેથી જ બધુ સમજાયું હસે, પન જેને નથી સમજાયુ તેને સમજવા દો અમારુ દુઃખ અમને પૂરું રરવા દો. મને અતકાવો નહિ. મારુ જિગર ફાતી જાય છે !

પ્રમુખ. બધ કરો આખી રાત એની નથી રહેવુ અનને અમારુ કામ પૂરુ કરવા દો એની જાઓ. બીજા કોઈને કાંઈ કહેવુ છે?

સાભળનારાઓ પ્રમુખ સાહેબ! ફિદાહુસેનને બોલવા દો અમારા સહુની આગ તેને મોઢેથી કાઢવા દો અમારા સૂતેલા પ્રાણને જાગ્રત કરે તેવુ એનુ કરુણ બયાન ચાલુ રાખવા દો. આખી જિંદગી મમતા વગર રડવામા કાઢી છે તો એક રાત વધુ મમતાપૂર્વક કરુણ રુદન સાભળવા દો! ફિદાહુસેન ઝિંદાબાદ! આજ કી રાત ઝિંદાબાદ!

પ્રમુખ પાચ મિનિટનો વખત આપુ છુ.

ફિદાહુસેન ભાઈઓ, આ ફિદો આજ તક એમ માનતો હતો કે તે એકલો જ દુખી છે, એકલો જ ફઝલીહુસેનનો શિકાર કે ભોગ બની રહેલ છે, એકલો જ જિંદગી હારી બેઠેલો છે પન આજે માલૂમ પડે છે કે આ બગડેલી દુનિયામા ઘેર ઘેર ફિદા છે અને ઘેર ઘેર તેના ખૂનના ચૂસનારા–લિલાઉ પોકારનારા ફઝલીહુસેન પન છે ''

આ ફિદાને, ફિદાની વાતને, તેના દુ ખને કાઝી મેચ નહિ તો સમજ્યો, ફિદાને ફિદો જ સમજે! આપનને અપનાવાલો જ સમજે, બીજા કાઈ સમજે? ભાઈઓ, અહી તમારા સહુમા હુ તો ફિદો જ દેખુ છુ તમે મને બસૂસ સમજશો જ એમ માનીને પૂછુ છુ કે તમે સેચિયાની આવી ઘાતકી વર્તણૂક ચલાવી લેશો? તમારા સહુના નહિનતથી ચાલતા ધધામાની ઘી–કેળા તે જમે અને તને તેના છોકરા ને છોકરા ઉધામ્યા કરશો? તે મોજ માટે માથેરાન, માનલેક કે કોઈ દોજખ કે બેહિસ્તમા ફરિયા કરે અને તમે આટલા માટલા એક રોજની અયવાનિયામા ગમ પણ ન પામો તે નિભાવી લેશો? બેશે, નિરાશ્રયા બોલો, તમારા માગણી, ... નહિ તો સહુને તમારા સેચિયાના સ્વારથા ખપ્પરમા હજુ પણ હોમિતા કરશો

તમારી મહેનતસી મલેલુ તમારો સેથિયો વડા મુલ્લાંજી સાહેબને આપી દે, મોજમજામા દે કે ઉદાવી દે કે બગલા–બગલીમા ખર્ચી નાખે અગર તો છાપામા મોટા ગનાવા ફંદ–ફાલામા પોતાના નામે ભરાવી દે અને તમે કંઈ પામો નહિ તે ચલાવી લેમો ?

સાભળનારાઓ હરગિજ નહિ ! હરગિજ નહિ !

ફિદાહુસેન . ભાઈઓ ! હું બત્તીસ સાલનો થિયો. તન વરસ ઉમેદવારી અને અરાર વરસ થિયા નોકરી કીધી પન કમાયો સું ? નસીબમા ઓરદી મલી નથી. પૂરુ–પાધરુ ખાધુ નથી. બે પૈસાની ચાઈ અને પાઉ ઉપર ભૂખ લાગે તીવારે ખુદાના સુક્ર ગુજારુ છું.

કહી દઉં, એક દિલની છાની વાત ! બેઅદબી થતી હોય તો માફ કરજો બિરાદરો ! શાદી કરી દિલની આહ કાધવાનુ અબી તલક બો થેકાનુ નથી ! કાસી મલે, સેથ કઝલીના રૂપિયા બાવીસમાસી ?

ગરીબીએ ભનવા દીધો નહિ મેથે હુરબાઈને ઉપારતો નવરો રહેવા દીધો નહિ. અને પછી તો દાત્યો ગોદામમા. ત્યાથી માથુ ઊચું થવા દે 'તો ભનુ ને ? ભલા, ભન્યા વગર દી વલે કેમ ? એટલે સૂનથી સરૂ થયેલો ફિદા પચીસમા પૂરો થઈ જસે ! બિરાદરો, ફિદા આવો તેવો જાસે. ન પદનો રહ્યો, ન પાદોસીનો, ન દુનિયાનો રહ્યો કે ન રહ્યો દેસનો ? ન રબ મલ્યો ન રોટી. જિંદગીભર રોતલી પાછલ દોર્યો પન પૂરી–પાધરી મલી જ નહિ !

સાભળનારાઓ : મૂડીવાદનો અંત લાવો ! શેઠાઈને તોડી પાડો ! ઇન્કિલાબ ઝિંદાબાદ !

પ્રમુખ : શાન્ત થાઓ ! શાન્ત થાઓ ! મિસ્તર ફિદાહુસેન, બેસી જાઓ. ધમાલ ન મચાવો. સભ્યતા રાખો.

સાભળનારાઓ . શાન્તિ ! પ્રમુખ સાહેબ, શાન્તિ તો મસાણમા ! બિરાદર ફિદાહુસેન, ચાલુ રાખો ! તમારુ કરુણ સગીત ચાલુ રાખો !

પ્રમુખ (ટોકરી વગાડે છે) શાન્ત થાઓ! બેસી જાઓ!

નાગજનાગઓ : પ્રમુખ સાહેબ, તમે બેસી જાઓ. તમે હિન્દને શું સમજો? મૂડીપતિ ઓ આ ધનાલ્ય નથી, હિન્દની આંખ છે, દિલની આગ છે! હિન્દુસ્તાન ઝિન્દાબાદ! હિન્દ કી આગ ઝિન્દાબાદ! ક્રૂર રુદન ઝિન્દાબાદ! ઘોર અશાન્તિ ઝિન્દાબાદ!

(પ્રમુખ ઊઠીને ચાલતા થાય છે.)

નાગજનાગઓ : જવા દો, એ મૂડીપતિને જવા દો. આપણો નાનો પ્રમુખ હિન્દુસ્તાન હિન્દને હિન્દ જ સમજે, કશા ન સમજે. હિન્દુસ્તાન ઝિન્દાબાદ!

(સભા વીખરાય છે.)

માતાની ઝંખના

અનિલે પોતાની માતાને જોઈ હતી, તેનો ખોળો ખૂંદ્યો હતો, અનેક વાર તેણે તેને હસીને હસાવી હતી, વગેરે વાતોની સ્મૃતિ પણ તેને નહોતી. પોતે દોઢેક વરસનો હતો ત્યાં તો તે અદૃશ્ય થઈ હતી પણ જ્યારે તેને ઘરના જૂના સામાનમાંથી પોતાને તેડીને ઊભેલી માતાની એક છબી મળી ત્યારે જ માતાની ઝંખના તેના દિલમાં જાગી. જેમ જેમ તે માતાની કલ્પના કરતો ગયો તેમ તેમ મનોમન માતાની જ નહિ પણ માતૃત્વની પણ મધુર—મંગળ મૂર્તિ તેના હૃદયપટ ઉપર અંકિત થતી ગઈ અને દિલમાં માતૃમિલનની ઝંખના વધતી ગઈ. ઘરના માણસોની ચંડાળ જીભે વર્ણવેલી માતા કોણ હતી ? કેવી હતી ? વગેરે બધી અમંગળ વાતોને બદલે તેના દિલમાં નર્યું શુદ્ધ માતૃત્વ સ્થપાતું હતુ.

વાત એમ હતી કે અનિલની માતા જ્યારે તે દોઢ વરસનો પારણામાં પોઢતો ધાવણો બાળક હતો ત્યારે ઘર તજીને ક્યાંય ચાલી ગઈ હતી, પણ ક્યાં, કોની સાથે, અને શા કારણે તે કોઈ કહેતુ નહિ, પણ જ્યારથી તે ભાગી ગઈ ત્યારથી અનિલના કાકા પુરુષોત્તમ ગામમાં અનેકની ખાટી—મીઠી ચર્ચાનો વિષય બન્યા હતા અને ટીકાથી કંટાળી આફ્રિકા તરફ ચાલી ગયા હતા, જ્યાંથી હજુ સુધી ન તો પાછા ફર્યા હતા કે ન કાંઈ ખબર મોકલ્યા હતા અનિલને મન આ એક અગમ્ય

નમસ્યા જ હતી અને ધર્મમાં વતી સામાન્ય વાતોમાંથી કડીઓ મેળવીને તેને તે ઉકેલવાની હતી. લૌકિક કે લોકવ્યવહાર સમાજજીવનની પ[illegible] રીતો છે અને અનેક કોયડાનો ઉકેલ તેમાંથી સાંપડે છે.

અનિલ જાણી શક્યો કે તેના પિતા કીસનદાસ જ્યારે પ[illegible] ત્યારે તેની ઉંમર ૮૫ વરસની અને તેની માતા માયાની માત્ર ૧૮ વરસની હતી. માયાના મામાએ બને તેટલા વધુમાં વધુ પૈસા લઈને આ લગ્ન-સંબંધ ગોઠવ્યો હતો. અઢારગામ દીકરી ન પરણાવવાની કણબીઓની પ્રચલિત રૂઢિને કારણે માયાની ખૂણામાં બેઠેલી વિધવા માતાએ આવા બીજવર સાથેના લગ્નની સંમતિ આપી હતી.

લગ્ન પછી બે વર્ષે અનિલનો જન્મ થયો અને તે માત્ર એક વરસનો થયો ત્યાં તો કીસનદાસ પ્લેગથી આ દુનિયા તજી બીજી દુનિયામાં ચાલી ગયા. પાછળ રહી [illegible] ગઈ હતી, નાનકડું [illegible] અને આધાર વગરની બાવરી બની ગઈ. કીસનદાસના નાના ભાઈના લગ્નની આછી આછી [illegible] પણ આવી [illegible] વખત [illegible] ચાલી રહી, પછી તો [illegible] અચાનક [illegible] દીકરી [illegible] અને તેના [illegible] પછી તો અનેક [illegible] અને [illegible] પડવા માંડી. [illegible] તેની સ્થિતિ [illegible], પણ [illegible] તેની શક્તિ ન રહે ને કે તેની સ્થિતિ [illegible].

માતાની ઝંખના

અનિલે પોતાની માતાને જોઈ હતી, તેનો ખોળો ખૂંદ્યો હતો, અનેક વાર તેણે તેને હસીને હસાવી હતી, વગેરે વાતોની સ્મૃતિ પણ તેને નહોતી. પોતે દોઢેક વરસનો હતો ત્યા તો તે અદૃશ્ય થઈ હતી પણ જ્યારે તેને ઘરના જૂના સામાનમાથી પોતાને તેડીને ઊભેલી માતાની એક છબી મળી ત્યારે જ માતાની ઝખના તેના દિલમા જાગી. જેમ જેમ તે માતાની કલ્પના કરતો ગયો તેમ તેમ મનોમન માતાની જ નહિ પણ માતૃત્વની પણ મધુર–મંગળ મૂર્તિ તેના હૃદયપટ ઉપર અંકિત થતી ગઈ અને દિલમા માતૃમિલનની ઝંખના વધતી ગઈ. ઘરના માણસોની ચંડાળ જીભે વર્ણવેલી માતા કોણ હતી ? કેવી હતી ? વગેરે બધી અમંગળ વાતોને બદલે તેના દિલમા નવું શુદ્ધ માતૃત્વ સ્થપાતુ હતુ.

વાત એમ હતી કે અનિલની માતા જ્યારે તે દોઢ વરસનો પારણામાં પોઢતો ધાવણો બાળક હતો ત્યારે ઘર તજીને ક્યાય ચાલી ગઈ હતી, પણ ક્યા, કોની સાથે, અને શા કારણે તે કોઈ કહેતુ નહિ, પણ જ્યારથી તે ભાગી ગઈ ત્યારથી અનિલના કાકા પુરુષોત્તમ ગામમાં અનેકની ખાટી–મીઠી ચર્ચાનો વિષય બન્યા હતા અને ટીકાથી કંટાળી આફ્રિકા તરફ ચાલી ગયા હતા, જ્યાથી હજુ સુધી ન તો પાછા ફર્યા હતા કે ન કોઈ ખબર મોકલ્યા હતા અનિલને મન આ એક અગમ્ય

નમવ્યા જ હતી અને જન્મા પછી સામાન્ય વાતોમાંથી કંઈઓ [illegible] તેને તે ઉકેલવાની હતી. લોકનિંદા કે લોકવાયકા સમાજજીવનની [illegible] ઓથી છે અને અનેક કોયડાનો ઉકેલ તેનાથી સાંપડે છે

અનિલ [illegible] કહ્યો કે તેના પિતા ઝીનનદાસ જ્યારે [illegible] ત્યારે તેની ઉંમર ૪૫ વરસની અને તેની માતા માયાની માત્ર [illegible] ની હતી. માયાના મામાએ [illegible] તેટલા [illegible] લઈને [illegible] મેળવ્યો હતો. બહારગામ દીકરી ન પરણાવવાની [illegible] ઓની પ્રચલિત રૂઢિને કારણે માયાની ખૂણામાં બેઠેલી વિધવા માતાએ [illegible] જીવતર સાથેના લગ્નની સંમતિ આપી હતી

લગ્ન પછી બે વર્ષે અનિલનો જન્મ થયો અને તે [illegible] વરસનો થયો ત્યાં તો [illegible] આ દુનિયા [illegible] દુનિયા[illegible] ના [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ના [illegible] આકરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], પછી [illegible] ધીમે ધીમે [illegible] [illegible] હતી તે અચાનક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પછી તો અનેક [illegible] [illegible] અને [illegible] થઈ [illegible] ત્યાં સુધીની સ્થિતિએ [illegible] પહોંચ્યો. [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] તેની સ્થિતિ [illegible], પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેની સ્થિતિ [illegible]

પ્રયત્નપૂર્વક જીવનને કચરી, ભાવના મારી નાખી, કોઈ પણ પ્રકારના રસ વગર જીવે છે, પણ મોટે ભાગે તો તે વિકારમા સંપૂર્ણપણે ગળી જઈ વિકારમૂર્તિ બની જાય છે તે અંધ બને છે. ગૃહજીવનના અંતર્ગત સડા આ અંધતાનુ પરિણામ હોય છે. પ્રથમ મનમાં છુપાયેલો વિકાર દૃષ્ટિમા દેખાવા લાગે છે અને ત્યાથી શરીર સુધી વ્યાપી તે પશુતાની હદ સુધી પહોચી જાય છે. ગરીબ દુનિયામા મોટી ઉંમરના કુંવારાઓમા દેખાતો વિકાર આવા કારણે જ છે. પૈસાની ખામીએ ઊભી થતી કુંવારાપણાની દુઃખદ સ્થિતિ સમાજનો એક અતિ ભારે પ્રશ્ન છે. માયાએ મોટી ઉંમરના કુંવારા દિયરની આંખમા પશુતા દેખી. અતિ મૂઝાઈને આગળ–પાછળનો વિચાર કર્યા વિના પ્રભુને ભરોસે બાળકને મૂકી તે ભાગી નીકળી.

પછીની હકીકત અસ્પષ્ટ હતી કોઈએ માયાને અમદાવાદમાં તો કોઈએ તેને વડોદરામા જોઈ હતી એવી ભિન્ન ભિન્ન વાતો સંભળાતી, પણ એક વાત તો તે ઉપરથી નક્કી થઈ કે તે અમદાવાદ, સુરત કે વડોદરા જેવા શહેરની કોઈ સંસ્થામા હતી

માતાના ગૃહત્યાગ પછી અનિલને કોઈ ઉછેરે તેવુ નહોતુ એટલે તેની એક ફઈએ તેના ઉછેરનો બોજો લોકલાજે માથે લીધો હતો. જેટલી કાળજી અને પ્રીતિ તેને તેની નિર્જીવ મૂર્તિઓ માટે હતી, જેટલી ફળીમા ચણતા કબૂતરા માટે હતી, તેટલી નમાયા–નબાપા દુઃખી બાળક માટે નહોતી. તે આકસ્મિક એક બાળકના ઉછેર પૂરતી માતા બની હતી, પણ તેનામા માતૃત્વનો મધુભાવ કદી આવ્યો જ નહોતો–બાકી તો તે ધાર્મિક વૃત્તિવાળી હતી! જ્યારે બોર્ડિંગમા મૂકવા જેવડી અનિલની ઉંમર થઈ ત્યારે તેને એક અનાથાશ્રમમાં અનાથ તરીકે દાખલ કરી દીધો આ સમયથી જ માતાની ખોટ તેને જણાવા લાગી. અનાથાશ્રમમા સગવડ મળવા છતા પણ જીવન-

મા બીચારાપણુ આવતુ હતુ, ઉછેર થતો હતો છતા પણ તેને જીવન-મા ખાલીખમપણુ લાગતુ હતુ, પ્રતિક્ષણે જીવનમા કઈ ને કઈ સમજ–પ્રકાશ ભરાતો હતો છતા પણ ત્યા ઘોર અ ધકાર દેખાતો હતો. બીજા બાળકોને પોતાથી ભિન્ન સ્થિતિમા જોતો ત્યારે સહજ તેના મનમા થઈ જતુ કે 'તેને તો માબાપ હશે, પણ મારે ક્યા છે કોઈ? હુ તો અનાથાશ્રમનો બાળક!' અચાનક તે વિચારે ચડી જતો કે, 'માતા શુ કામ ચાલી ગઈ હશે? કોઈની માતા ચાલી જતી નથી ને પોતાની જ માતા કેમ જતી રહી? શુ કાકાએ પરાણે કાઢી મૂકી હશે? હશે, ગમે તે કારણ હશે પણ તે સુખે તો નહિ જ ગઈ હોય! કોઈ મા પોતાના બાળકને તજીને થોડી સુખે જઈ શકે છે!' તેનું હૈયુ પોકારી ઊઠતું 'મા, મા, તારે કેટલુ યે શોષવું પડયુ હશે! કેટલાયે કડવા ઘૂટડા ગળવા પડયા હશે! કેટલાયે મર્મના ઘા છૂપા છૂપા સહવા પડયા હશે! માતા, મમતાનો તાર તોડતા તારુ દિલ તૂટી ગયુ હશે! આનો બદલો, મા, જીવીશ તો વાળીશ! મા ...મા ...!'

પ્રતિદિન માતા માટેની તેની ઝ ખના વધતી જતી હતી પછી તો તે મેટ્રિક થયો સ્કોલરશિપ મેળવીને કોલેજમા દાખલ થયો સ્વસ્થિતિ સ ભાળી શકે તેવા શક્તિ અને વય આવી ગયા, પણ માતાની ઝ ખના તો એક નાના બાળકની માફક જેવી ને તેવી જ રહી તપાસ કરાવતા વડોદરા શ્રદ્ધાન દ આશ્રમમાથી કેટલીક માહિતી મળી કે, વર્ષો પહેલા એક દિવસે બેભાન અવસ્થામા કોઈ તેને લઈ આવ્યું હતું ચાર–પાચ વર્ષ આશ્રમમાં તેણે અભ્યાસ અને નોકરીમા કાઢયા. પછી માધવરાવ જોશી નામના એક દક્ષિણી બ્રાહ્મણ સાથે પુનર્લગ્ન કરી સુરત ગઈ ત્યા......પ્રિન્ટિ ગ પ્રેસમા તે ગૃહસ્થ મેનેજર તરીકે કામ કરે છે. માયાનો એક પત્ર ચાર–પાચ વરસ પહેલા હતો તેમા તેણે આશ્રમે કરેલી મદદના બદલામા આભાર માન્યો હતો અને

પચાસ રૂપિયા ભેટ તરીકે મોકલ્યા હતા. ત્યારપછી દર દિવાળીએ એ રીતે ભેટ નિયમિત મોકલે છે. આ માહિતી ઉપરથી તપાસ કરતા જણાયું કે એક વરસ થયા તે કુટુંબ સુરત છોડીને નાસિક ગયેલ છે અને ત્યા સ્વતંત્ર ધંધો કરે છે.

માતૃમિલનની તીવ્ર ઝંખનાએ અનિલને સુખે બેસવા ન દીધો. થોડા વખત પછી એક પ્રભુ-પ્રેમ-ઘેલા ભક્તની માફક તે પુનઃ ઉપડ્યો નાસિક. બે દિવસની સતત મહેનત પછી ભાળ મેળવી જ્યારે તે તેને ઘેર ગયો ત્યારે તેણે ત્રણ નાના બાળકો અને એક ૩૫-૪૦ વરસની ઉંમરની સ્ત્રીને ઘરમા જોયા. છાની રીતે પોતાની સાથેના ફોટા સાથે બાઈને સરખાવી જોતા અને બાળકો સાથે વાત કરતા તેને ખાતરી થઈ કે તે તે જ છે કે જેની તે વર્ષો થયા ઝંખના કરી રહ્યો છે. આ રીતે તેને તેની માનસિક માતા મૂર્તિમંત સ્વરૂપે મળી. તેનુ દિલ નાચી ઊઠ્યુ. આ બધો વખત તે બાઈ તેને નીહાળી રહી હતી. જ્યારે બાળકો સાથેની વાતચીતમાથી તે નવરો પડ્યો ત્યારે બાઈએ પૂછ્યુ કે, ‘ભાઈ, કોનુ કામ છે? અંદર આવો’ અનિલ અંદર જઈ ચટાઈ ઉપર બેઠો અને પોતાની ઓળખાણ આપી. બાઈ પહેલા તો આ સાંભળીને આશ્ચર્યચકિત થઇ ગઈ. તેના મુખ ઉપર મિશ્ર લાગણીના પ્રવાહો એકીસાથે પસાર થઈ ગયા—શરમના! આનંદના! ગંભીર વિષાદના! પોતાનુ અંગત આપ્તજન સુખદુઃખના કઠિન રીતે વીતેલા વર્ષો પછી જ્યા માડ ઠરીને ઠામ બેસાયુ ત્યા જૂની દુઃખદ કથા ઉખેળવા અને વીસરાયેલા પૂર્વજીવનની વાત સ્વમુખે જાણવા આવ્યુ છે તે વિચાર તેને અસહ્ય લાગ્યો. પુત્ર માતાની અંગત કથા જાણવા આવ્યો? જાણીને તેના દિલમા શુ થશે? માતા પુત્રને તે વાત કેવી રીતે કહી શકશે? વર્ષો થયા દાટી દીધેલી જીવનની અંગત વાતો ફરી વખત કયા સુખે ઉખેળી શકાશે? આ વિચારે તેને

વ્યગ્રચિત્ત કરી નાખી ત્યારે શુ કરવુ ? આવનાર અજાણ્યો જેને શોધે છે તે પોતે નથી એવુ જૂઠુ બોલીને આશાસહ આવેલાને પાછો કાઢવો ? તે પણ કેમ બને ? એક તરફથી વર્ષો પછી પોતાના જીવનમાથી સરજેલો બાળક તેને મળ્યો, જેની સ્મૃતિથી અનેક વખત આખના આસુ અસ્ખલિતપણે વહેવરાવી અનિદ્રિત રાતો કાઢી છે, તેવા બાળકને કેમ છેતરવો ? શરમ અને દુ ખના દ્વદ્વમા માતૃત્વ જીતી ગયુ । તેણે અશ્રુસહ આખે કહી દીધુ કે, 'જેને તુ શોધે છે તે અભાગણી માતા હુ જ છું ! જેના નામથી શરમાવુ પડે તેવી કલકિણી માતા હુ છું. તારા સમાજની અસ્પૃશ્ય નારી હુ જ છુ !' અનિલ એકદમ માતાના પગમા પડી ગયો અને રડી પડયો 'બા ! હુ એ કઈ નથી જાણતો, હુ તો જાણુ છુ માત્ર મારી બાને–મારી જનેતાને ! મા, મારે પૂર્વનું કઈ નથી જાણવુ મારે તારી દુ ખઃ વાર્તા નથી સાભળવી એ કઈ મારે માટે મારી બાની વાણી નથી. બાની વાણી બાળક માટે જુદી હોય. તે વાણીનો આ બાળક ભૂખ્યો છે તે મને તજ્યો ત્યાર પછી લાગણી વગરના બીજાઓએ ઉછેર્યો તારી ઉપરનુ વેર મારી ઉપર લેતા લેતા ! પછી ઉછેર્યો અનાથાશ્રમે પાજરાપોળના પશુ માફક દયાધર્મનિમિત્તે ! પછી પડયો શહેરની વચમા કોલેજની હોસ્ટેલમા ! પણ કયાય મે નથી સાભળી માતૃ–વાણી ! જીવનભર તે વાણીથી હુ વચિત રહ્યો છુ. આજે એ સાભળવા માગુ છુ આજે મને તેની ભૂખ છે આજે મારી તે વાછના છે, મા !'

મા–દીકરાએ કયાય સુધી રડયા કર્યું અને વાતો કર્યા કરી. બીજા છોકરાઓ પણ નવાઈ પામતા હતા કે આ નવો રડાવનારો અને રડનારો કોણ છે ? શા માટે રડે છે ? શા માટે રડાવે છે ? કેટલાં રુદન એવા હોય છે કે જેનો ચેપ બીજાને જલદી લાગે છે, એટલે બાળકો પણ ચુપચાપ રડતા હતા આખો પ્રસગ અથગભીર બની ગયો. સૌ

અપૂર્વ મિલન પામ્યા હતા છતા પણ રડતા હતાં ! આ સુખદ મિલન અશ્રુમય કેમ તેય કોઈ જાણતું નહોતુ ! ભૂતકાળના દુઃખ અને તેની વાતો હવે ગુજરી ચૂકી હતી, દુ:ખભાર નીચે દટાઈને ભુલાણી હતી, તેમાથી પાર નીકળી જઈ શાન્તિના કિનારે સૌ બેઠા હતા, છતા પણ રુદન કેમ ? ભૂતકાળ કે દુ ખભાર આસુ દ્વારા વહેવડાવી માણુસ હળવો બને છે એમ સૌ હળવા બન્યા

માતાએ આસુ લૂછી બાળકોને કહ્યુ, ‘જુઓ, આ તમારો મોટો ભાઈ! તેની સાથે વાતો કરો, હુ દૂધ લઈ આવુ.’ માતા ઊઠી દૂધ અને કઈ ખાવાનું લાવી તે દરમિયાન અનિલે આખા ઘરનુ નિરીક્ષણ કરી લીધુ કે સામાન્ય રીતે ઠીક ઠીક સ્થિતિના કેળવાયેલા દક્ષિણીના ઘર જેવુ તે ઘર હતુ—ઓછી વસ્તુઓ અને ઘણુ સુદર. ઓછી આવકને પણ દક્ષિણીઓ કેવી રીતે વ્યવસ્થાથી સગવડભરી રીતે વાપરી જાણે છે તે જોઈ તેને લાગ્યુ કે ભિન્ન ભિન્ન પ્રાંતો અને પ્રજામા કઈ ને કઈ વિશિષ્ટ તત્ત્વો હોય છે, એટલે તેઓના પરસ્પરના મિલન રાષ્ટ્રીય અને સસ્કારની દૃષ્ટિએ અતિ મહત્ત્વના છે. આ રીતે માતાના આતરપ્રાતીય અને આતરજાતીય લગ્ન પ્રત્યેની સૂગ પણ ચાલી ગઈ તે જ વખતે માધવરાવ પણ આવી ગયા તે કઈ પૂછે તે પહેલા જ માયાએ તેને કહ્યુ કે, ‘આપણે ઘણી વખત જેની વાત કરતા હતા તે મારો આ બાળક આજે મને શોધતો શોધતો મળવા આવ્યો છે.’ અનિલ તરફ ફરીને તેને કહ્યુ, ‘બેટા, આ તારા કાકા. એણે તો મારુ અનેક રીતે રક્ષણ કર્યું છે અને જગતમા જીવવા જેવું રહેવા દીધું છે. જો એ ન હોત તો તારી માતા કૂતરાને મોતે રસ્તામા મરી ગઈ હોત. એણે અને એના સ્વર્ગસ્થ દેવીએ મને રસ્તા ઉપર બેભાન પડેલીને શુશ્રૂષા કરીને જિવાડી, પછી માદગી અને ભૂખમરાથી પ્રભુપ્રીત્યર્થે બચાવી અને આશ્રમમા મારા રક્ષણ અને વિકાસ માટે રાખી. પોતાની

ગરીબ આવકમાથી મને તે દપતીએ મદદ કરી, પણ વધુ તો તેણે તે દેવીના મૃત્યુ વખતના વચન ખાતર ૫ દર વર્ષ પહેલા મારી સાથે પુનર્લગ્ન કરી મારા જીવનની એકાત ટાળી મને પુનર્જીવન આપ્યુ અને આજે મારા ગુમાવેલા બાળકને જીવનમા પાછો આપ્યો તારા એ કાકા !' અનિલે હાથ જોડી નમન કર્યા તેણે તેના માથે હાથ મૂકી આશીર્વચન ઉચ્ચાર્યા.

એ દિવસ પછી જ્યારે અનિલ પાછો ફર્યો ત્યારે તેની માતા, નવા કાકા અને મરનાર દેવી તેના હૃદયનો મીઠો ખૂણો રોકી બેઠા હતા

પછી બે વર્ષ વીતી ગયા તેનો અભ્યાસ પૂરો થયો વધુ અભ્યાસ માટે વિલાયત જવાની સગવડ થઈ તેની આખી જ્ઞાતિમા વિલાયત ભણવા જનાર પ્રથમ પોતે હતો, તેથી જેટલો તેને પોતાને આનદ હતો તેટલો જ બીજા સ્નેહીઓને પણ હતો પણ માબાપ જેટલો હર્ષ બીજા કોઈને ન હોય તે ખ્યાલે અનિલને વ્યગ્રચિત્ત કરી નાખ્યો. 'બાપ તો ન હતા બા હતી તે શુ ન આવી શકે ? મને સ્ટીમરમા જતો નજરે ન નિહાળી શકે ? હુ જતા જતા દૂર દૂરથી પણ તેને હાથમાનો રૂમાલ હલાવી મારા આખરી નમન ન આપી શકુ ? અનેક વ્યક્તિઓ ત્યા આવી હશે, પણ બધુ લૂખુ—મા વગર બધુ અધૂરુ ! તેના આશીર્વાદ પામવા એ પણ એક લહાવો ! જતા જતા કહુ કે, 'બા, હુ દૂર દૂર સફેદ પરીઓના દેશમા ભણવા જાઉં છુ તુ આશિષ આપ ' મા કહે કે, 'માડી, ભણીગણીને વહેલો આવજે. શરીર સાચવજે સાજો—નરવો રહેજે ' આવા ગામઠી વચનોમા જે લહાણ છે તે બીજે કયા મળે ? સદાય મને બાળક જ કલ્પનાર કોણ છે બીજું ! ' તેણે માયાને મુબઈ આવવાનુ લખ્યુ અને તે આવી મા—દીકરો ચાર દિવસ સરદારગૃહમા સાથે રહ્યા. અનિલ વિલાયત ગયો અને માયા પોતાને ઘેર

વળી બીજાં ત્રણ વર્ષ વીત્યા. અનિલ પરીક્ષા પાસ કરીને પાછો આવ્યો. ધંધો શરૂ કર્યો એક વર્ષમા તો તે સારી રીતે ફાવવા લાગ્યો. દિનપ્રતિદિન તેની આવક અને સુખ વધતાં જતા હતા. તેના ઘરમા હતા માત્ર બે જણા—પોતે અને તેની પત્ની શ્યામા છતાય વધતા જતા સુખ સાથે અનિલને માનસિક દુઃખ વધતુ જતુ હતુ. તે વધુ ધૂની બનતો જતો હતો કે, 'આ બધુ શા કામનુ ? જે પુત્રનુ સુખ તેની મા ન વખાણે તે કાયમ અધૂરુ જ ! મારી મા મારી સાથે હોય તો તેના જીવને કેટલી શાતિ થાય, કેટલો આનદ થાય, કેટલી ઓછી ઓછી થઈ જાય ! પણ મારે તો છતી માતાએ પણ જીવનમા શૂન્યતા છે !' તેનુ મન તેને કહ્યા જ કરતું કે, 'શા માટે માતાને નથી બોલાવતો ? બોલાવીને શા માટે સાથે નથી રાખતો ? પુનર્લગ્ન કરેલા મામા અને ફુવાની સાથે રહેતા વાધો નથી આવતો, તો પુનર્લગ્ન કરેલી માતા સાથે રહેવામા શો વાધો છે ? લગ્ન થોડુ માને મા મટાડી દે છે ? તુ તો લગ્નની બાબતમા ઉદાત્ત વિચારનો છે, પુનર્લગ્નની બાબતમા માનવાવાળો છે અને વધુ તો માતૃત્વનો પૂજારી છે. તો શા માટે અચકાય છે ? એક વખત મનની નબળાઈ ખંખેરી નાખ, લોક-શરમની ભ્રામક વાત છોડી દે, અને અન્ય બધી બાબત સામે આખ મીંચી મનને માતૃત્વ ઉપર સ્થિર કર, એટલે માર્ગ સૂઝી જશે.' એક દિવસ તેણે શ્યામાને પોતાના મનની મૂઝવણ કહી ત્યારે તેણે લોક-અભિપ્રાયની ભીતિ આગળ ધરી કે, 'દુનિયા શુ માનશે ? આપણી આબરૂનું શુ ? સમાજમા ભાગેડુની શાખ સારી નથી ગણાતી, એટલે આગળી-ચિંધામણ થશે અને લોકો ડગલે ને પગલે ટીકા કરી આપણને અને આપણી પ્રજાને પજવશે '

'શ્યામા, મે બધી વાતનો ખ્યાલ કર્યો છે—લોકાપવાદનો અને આપણી શાન્તિનો માગ દિલમા વર્ષો થયા જાગેલી ઝંખના મારી

માતાના પ્રેમાળ દિલનો પડઘો છે. તે પોતાના બાળકને છોડી ભાગી ગયેલી, ગમે ત્યા ગમે તે જાતનુ જીવન જીવેલી, અને છેવટે પર-નાતીલાની સાથે લગ્ન કરી બેઠેલી છે, એમ જાણ્યા અને જોયા છતા પણ મારી વૃત્તિમા જે નિશ્ચલતા રહી છે તે તો માતાના પ્રેમની સાત્વિકતાની જીવત અસર છે. 'હૃદયેષુ હૃદયમ્' જો સાચુ હોય તો આ બે ભિન્ન ભિન્ન હૃદયોનુ એક જ દિશામા થતુ આકર્ષણ તે સ્વયસિદ્ધ સિદ્ધાન્તનુ પરિણામ જ છે '

'તમારી લાગણી ગમે તેવી હોય અને તેમા બાના જીવનની અસર હોય તે સમજાય છે, પણ સમાજમા વ્યક્તિ એકલી પોતાની લાગણી ઉપર જીવી ન શકે ને? બીજાની લાગણી પણ આપણા સમાજ-જીવનમા સમિલિત થઈને જ સુખદ સામાજિક સૂર નીકળે છે તે પણ ભૂલવા કે અવગણવા જેવુ નથી આપણે તેને મદદ કરીએ, તે સુખી રહે તેવો બદોબસ્ત કરીએ, અવારનવાર તેને મળી આવીએ, અગર આપણી નજદીકમા અજાણી રીતે તેને જુદા રાખીએ-એમ તો હુ પણ જરૂર ઈચ્છુ, પણ સાથે રાખવા અને તે પણ મા તરીકે, અને તેના પુનર્લગ્નના પતિ સાથે, તે તો અતિ અજુગતુ લાગે છે. ગમે તેમ તોય, તે જગબત્રીસીએ ચઢ્યા છે એટલે! એકલા આવીને રહેતા હોય તો જુદી વાત છે.'

'સ્યામા, બા એકલા આવે તો કદાપિ તુ સહન કરી શકે, પણ તેના પતિ નહિ! આમા તુ એક સ્ત્રીના દિલનો એક સ્ત્રી તરીકે વિચાર નથી કરતી આજે જેવો તારે મન હુ છુ અને જેમ મારું સાનિધ્ય અહોનિશ તુ ઈચ્છી રહી છે તેવા જ બાને મન પણ તેના પતિ છે, અને તેથી તેટલી જ લાગણીથી તે તેનુ સાનિધ્ય ઈચ્છે જ. દપતીના જોડા ખડિત કરવાનુ કામ એક સ્ત્રીને ન શોભે

'જો આબરૂની ભીતિનો હાઉ ન હોય તો તને વાધો નથી,

એમ જ ને? જો તારા દિલમાં તેના તરફ કડવી લાગણી નથી પણ શુભ ભાવના છે તો બીજા શુ કહેશે તેની શુ પડી છે? આપણે પુનર્લગ્ન કરેલાને કયા ઘરમા નથી રાખતાં? તારા પિતાએ પુનર્લગ્ન કર્યા હતા, મારા પિતાએ પણ પુનર્લગ્ન કર્યાં હતાં, તે બધા માટે કોઈએ વાધો ન લીધો; માત્ર સ્ત્રી પુનર્લગ્ન કરે તેમા જ વાધો? એટલે, ખરી રીતે આપણને પુનર્લગ્નનો વાધો નથી, પણ કોણે કરવા અને કોણે ન કરવા તે જ વાધો છે, બીજુ તો નહિ ને? આમા નીતિ--મર્યાદા કરતા પણ સગવડ—અગવડ તેમ જ આબરૂનો માની લીધેલો ખ્યાલ અને પ્રચલિત રૂઢિ જ અગ્રસ્થાને આવે છે. આટલું જો જતુ કરીએ તો બા સામેનો વાધો ન આવે, એમ જ ને?'

'છતાય જૂના સસ્કાર છે ને, એટલે મનને ક્ષોભ રહે છે અને લાગે છે કે આ જ જાળમા શું કામ પડવુ? સમાજને કોઈ નથી પહોચ્યુ તો આપણે કોણ? આપણે ત્યા આવીને પણ એને શુ વધુ સુખ મળવાનું છે? તેનેય સમાજ સુખે રહેવા કેમ દેશે? તેનુ તો ઘવાયેલુ દિલ છે એટલે એવુ આળુ દિલ સમાજના પ્રહાર નહિ સહી શકે, એટલે તે જયા છે ત્યા જ રહે તેમા જ શ્રેય છે તે જાણે છે કે તમે સુખી છો. તે જાણે છે કે તમને તેને માટે માન છે અને તમે તેને ઉપયોગી થાઓ તેમ છો એટલું એને માટે પૂરતુ નથા?'

'શ્યામા, એના દિલની ઝખના તો પસ્તાવામા બળી રહી છે. એને શુ જોઈએ છે અને શુ નહિ એ વાત વિચારવાનો પણ તેને કયા અવકાશ કે અધિકાર છે? આ તો મારી માતૃઝખના છે એને બાળક જોઈએ છે કે નહિ તે એક વાત છે, પણ મારે મા જોઈએ છે તે ખરી વાત છે. છતાય તને નારાજ કરીને મારા અંતરની ભૂખ નહિ સતોષુ'

'મારી મા તો છે, પણ આખર એ એક સ્ત્રી પણ છે ને? એનો

ગામની દીકરી

અલબત્ત હું એક સૌંદર્યભૂખ્યા લક્ષ્મીનંદનની ભાડૂત પત્ની બની હતી, છતા પણ ગૃહસ્થી જીવન મે કેટલુ વાચ્છ્યુ હતુ તે તો મારો પરમાત્મા જ જાણે છે. મારું આજનું જીવન કોઈ શોખનુ નહોતુ પરતુ પરાણે લદાયેલુ હતુ.

હજુય મને સાભરે છે મારી બાલ્યાવસ્થામા ઘરના આગણે ગીતડા ગાતા અને સતીઓના રાસ લેતા તે મારા બાપુની વાચેલી રામાયણ–મહાભારતની કથા અને માતા પાસેથી સાભળેલી વીરાગનાઓની ગાથા પણ એવી ને એવી સાભરે છે. ભડભડ બળતી ચિતા અને તેમા 'જય અબે, જય અબે' બોલતી છૂટા કેશ અને ભાલમા કકુની પિયળ સાથે કૂદી પડતી સતીઓ હજુ પણ આખ સામે તરવરે છે પણ હુ ક્યા છુ? હુ એક 'વેશ્યા રાડ' 'ભરમાગ્ના' છુ! આ ભાન મારા હૃદયને સતત કોરી ખાય છે. છતા પણ થોડી છૂટી શકું તેમ છુ? થોડો ઉદ્ધાર છે?

કદાચ તમે પૂછશો કે, આટલી સમજ અને ભાવના હોવા છતા પણ કેમ માર્ગ ભૂલી? બાપુની કથા કે સતીઓની ગુણગાથા કામ ન આવ્યા? શુ બધુ નિરર્થક ગયુ? ના, કઈ નિરર્થક નથી ગયુ. આજના જીવનમા પણ પ્રમાણિક થવાની વૃત્તિ એ જ્ઞાનનુ પરિણામ

ને નર્યું મેલમય જ બની જાત અને તેમા જીવવું આકરુ બનત ! પાવનકારી ભાવના જ પતનની દુર્ગંધને દૂર કરે છે. બાકી તો માનવીના આજના સંજોગો ડગલે ને પગલે પતનકારી જ છે.'

'ભલે, બાને બોલાવો, મારી સંમતિ છે. તમારી માન્યતા તદ્દન સાચી અને માનવતાભરી છે. મા એ મા તો છે, પણ વિશેષ તો તે સંજોગનો ભોગ બનેલી દુ ખી સ્ત્રી છે એ વાત હુ કદી નહિ ભૂલું !'

'.. ...મારા જેવી માર્ગભૂલી માતાને જીવનમા ફરી સ્થાન આપવાની તમારી તૈયારી અને ઇચ્છા મારા જીવનનો, એટલે કે માતૃત્વનો, અપૂર્વ વિજય છે પણ બેટા ! આને માટે સમાજ એટલો તૈયાર નથી તે મારા, તારા કે શ્યામાના દિલને નહિ સમજે, તને સુખે બેસવા નહિ દે, એ નિશ્ચિત વાત છે. એટલે મારા આવવાથી દુ ખ સિવાય બીજુ કંઈ મને નથી દેખાતુ. હુ તો મારા ભાગ્યે દુઃખી છુ જ, પણ તમને પણ મારા કર્મના ફળ શા માટે ભોગવવા જેવી સ્થિતિમા મૂકુ ? મારા જીવનમા મેં અતિશે તને દૂભવ્યો છે, દૂર દૂર બેઠા મનથી તારુ સુખ ઇચ્છ્યું છે, તો આજે સુખની આશાએ ત્યા આવી દુઃખ ઊભુ કેમ કરુ ! હુ નહિ આવુ, બેટા ! તને એથી દુ ખ થશે તે બરાબર સમજું છુ, પણ તે દુ ખ સમાજના સિતમ અને નિન્દા કરતા કયાય ઓછુ છે. તને ભૂલી જવા પ્રયત્ન કરીશ, તુ તારી અભાગણી માતાને ભૂલી જા, ભૂલી જા તારા સુખના માર્ગમાથી હુ જાઉ છુ. એક વખત ગઈ હતી જ્યારે તું બાળક હતો ત્યારે, આજે જાઉ છુ ફરી વખત તે જ માટે ! ફરી વખત મને દૂઢવા ન આવતો. હવે નહિ મળું અમે નાસિક છોડીએ છીએ અને જઈએ છીએ–દૂર .....દૂર.......જ્યા તારી નજરે ન ચડું ત્યા'

બીજે દિવસે સવારે મુંબઈ આવ્યું. સામે બે-ત્રણ માણસો આવ્યા હતા, જે અમને એક અગોચર જેવી જગ્યાએ લઈ ગયા છઠ્ઠે દિવસે મારો પાડોશી પણ ત્યાં આવ્યો, જેણે બહુ માયાળુપણે મને કહ્યું કે, 'રાધા, જરાય ગભરાઈશ નહિ. તને કોઈ સુખી પૈસાવાળાને ત્યાં પરણાવશું, અહીં તને સુખ મળશે દેશમાં શું હતું ? થોડો વખત ડાહી થઈને વર્તજે તો બધું ઠીક થઈ જશે ' હું પૂરેપૂરું પામી ગઈ, પણ ઉપાય શું ? દિવસ-રાત જીવતા માણસની અને મજબૂત તાળા-ની ચોકી રહેતી, ડગલે ને પગલે ધમકી મળતી, એટલે એટલી બધી દબાઈ ગઈ કે કશું બોલી શકી જ નહિ. બીજા દિવસથી જ મારા પંડ ઉપર કંઈક સોદાઓ ગોઠવાવા માડ્યા. કંઈક રંગીલા, છેલબટાઉ અને માલેતુજાર ખખડધજો આવવા માડ્યા. દરેક પાસે મને રજૂ કરતા અને જાણે પશુ કેમ ન હોઉં તેમ મારી કિંમત નક્કી કરતા ! આ રીતે દોઢ માસ વીતી ગયો આ દરમિયાન મારા પર વીતેલી કાળી કથા હું નથી કહી શકતી—એ સાંભળવા જેવી પણ નથી. દેશમાં મારું વેવિ-શાળ થયેલું હતું. હું દોઢ માસ થયાં ગુમ થઈ છું એ વાત જાણ્યા પછી તે માઈનો પૂત મારો હાથ ગ્રહશે નહિ, સમાજ મારો દોષ જોયા વિના જ મારો તિરસ્કાર કરશે, એવી ભીતિએ છેવટે મે ન-છૂટકે ઘરઘરની બજારુ વેશ્યા બનવાને બદલે એક સુરતી વણિકની ભાડૂત પત્ની તરીકે રહેવું કબૂલ કર્યું. આટલી જ મારી કાળી કથા આ મારો દોષ કે મારા સંજોગ !'

*

હું મારા આ નવીન જીવનમાં આજ સાત વરસ થયાં પડી છું. તે સુરતી મારે ત્યાં ખુલ્લી રીતે રહેતો, સમાજ તે વાત જાણતો—ખુદ તેના મા-બાપ અને ધર્મગુરુ પણ જાણતા તોપણ તેની આબરૂમાં વાંધો નહોતો આવતો. પણ જો મારી સાથે લગન કરે તો તેની આબરૂ

[illegible] રાખવું [illegible], [illegible] અને [illegible] પણ આજનું જીવન [illegible] જગતું ? આજે દુનિયામાં [illegible], પ્રતિષ્ઠા [illegible] છે, પણ [illegible] આજે તો જગત માગે [illegible] પતિતા [illegible] મને [illegible] જ જોઈએ ' એમ [illegible] પોતાના [illegible] અભિરુચિ પ્રગટ કરે છે, ત્યાં માટે [illegible]

*

[illegible] એક [illegible] નોકર હતા, પરંતુ [illegible] બેઠેલા અને [illegible] વગેરે ગુમાવી નિરાધાર [illegible] જ [illegible] દુઃખદ સ્થિતિની શરૂઆત થઈ

બીજે દિવસે સવારે મુંબઈ આવ્યું. સામે બે–ત્રણ માણસો આવ્યા હતા, જે અમને એક અગોચર જેવી જગ્યાએ લઈ ગયા છટ્ઠે દિવસે મારો પાડોશી પણ ત્યાં આવ્યો, જેણે બહુ માયાળુપણે મને કહ્યું કે, 'રાધા, જરાય ગભરાઈશ નહિ. તને કોઈ સુખી પૈસાવાળાને ત્યાં પરણાવશું, અહીં તને સુખ મળશે દેશમાં શું હતું? થોડો વખત ડાહી થઈને વર્તજે તો બધું ઠીક થઈ જશે' હું પૂરેપૂરું પામી ગઈ, પણ ઉપાય શું? દિવસ–રાત જીવતા માણસની અને મજબૂત તાળા-ની ચોકી રહેતી, ડગલે ને પગલે ધમકી મળતી, એટલે એટલી બધી દબાઈ ગઈ કે કશું બોલી શકી જ નહિ. બીજા દિવસથી જ મારા પંડ ઉપર કંઈક સોદાઓ ગોઠવાવા માંડ્યા. કંઈક રંગીલા, છેલબટાઉ અને માલેતુજાર ખપ્પડધજે આવવા માંડ્યા. દરેક પાસે મને રજૂ કરતા અને જાણે પશુ કેમ ન હોઉં તેમ મારી કિંમત નક્કી કરતા! આ રીતે દોઢ માસ વીતી ગયો આ દરમિયાન મારા પર વીતેલી કાળી કથા હું નથી કહી શકતી–એ સાંભળવા જેવી પણ નથી દેશમાં મારું વેવિ-શાળ થયેલું હતું. હું દોઢ માસ થયા ગુમ થઈ છું એ વાત જાણ્યા પછી તે માઈનો પૂત મારો હાથ ગ્રહશે નહિ, સમાજ મારો દોષ જોયા વિના જ મારો તિરસ્કાર કરશે, એવી ભીતિએ છેવટે મેં ન–છૂટકે ઘરઘરની બજારુ વેશ્યા બનવાને બદલે એક સુરતી વણિકની ભાડૂત પત્ની તરીકે રહેવું કબૂલ કર્યું. આટલી જ મારી કાળી કથા આ મારો દોષ કે મારા સંજોગ!'

*

હું મારા આ નવીન જીવનમાં આજ સાત વરસ થયાં પડી છું. તે સુરતી મારે ત્યાં ખુલ્લી રીતે રહેતો, સમાજ તે વાત જાણતો–ખુદ તેના મા–બાપ અને ધર્મગુરુ પણ જાણતા. તોપણ તેની આબરૂમાં વાંધો નહોતો આવતો. પણ જો મારી સાથે લગ્ન કરે તો તેની આબરૂ

ન ટકે, કારણકે તેના જેવા ખાનદાન, આબરૂદાર અને સમાજના નેતાથી મારા જેવી વેશ્યા સાથે લગન ન કરી શકાય—તેથી તો કુળ ઊતરી જાય ! ઉપપત્ની અને પત્નીમા કાયદાના રક્ષણ સિવાય બીજો શું ફેર છે કે ત્યા આબરૂ કે ખાનદાનીનો પ્રશ્ન આડે આવે છે ? જવા દો ! તેણે લગન ન કર્યું !

મે સાત વરસ સુધી એક પત્નીને છાજે તેવા ભાવથી તેની સેવા કરી છે તેના ભટકેલ મનને ઠેકાણે લાવવા અને અન્ય કુટેવો છોડાવવા મારાથી શકય બધા પ્રયત્નો કર્યા છે. તેનુ મન આજે મારામા ઠર્યું છે હુ હવે તેના કુટુંબની વચમા જ રહું છુ છતા પણ લગનની બધી વાતો તેણે ટાળ્યા જ કરી છે પણ મે તો લગનના પ્રચલિત બાહ્ય સ્વરૂપથી મળતા સાસારિક કે આર્થિક લાભોની દરકાર કર્યા વિના તેની સાથે માનસિક લગન કર્યા છે. તેનું વર્તન પણ મારી સાથે એક શાસ્ત્રાધારે નક્કી કરેલા પતિ જેવુ જ છે પણ સમાજની આખમાં અમારો આ સબધ સારો નથી ને !

*

વતન તજ્યું હતું, પણ વતનની મમતા તો જેવી ને તેવી ઊભી હતી જ્યારે ત્યા હતી ત્યારે જેટલો પ્રેમ હતો તે કરતા વતનથી દૂર થતા એ પ્રેમ ઘણો વધ્યો હતો. મારી આખ સામે માબાપ, જૂના પાડોશીઓ, નાના બાળકો, તેના પશુઓ અને આગણામા ઊભેલા ઝાડો તરવરતા અને મારુ જીવન ઘડીભર દુઃખમય થઈ જતુ જ્યારે અમારા પાડોશી ખેમરાજ શેઠના કુટુબને તેના વતન તરફ જતું જોયું ત્યારે મારું મન હાથ ન રહ્યુ શુ હુ મારા વતનમા ન જઈ શકું ? મારા વતનનાં ભાઈ–બહેનોને આ આખથી ન જોઈ શકુ ? મારા માતપિતા જીવતા હોય તો તેના ચરણમા માથુ મૂકી મારી દુઃખદ

કથા કહી તેનો ભ્રમ ન ભાગી શકુ ? મારા પતિ મારી ઇચ્છા સમજી ગયા અને મારુ વતન જવાનુ નક્કી થયુ

હુ એક સ્ત્રી–નોકર સાથે મારે વતન જવા ઊપડી આખી મુસાફરી આશા–નિરાશા, સુખ–દુ ખ, ઉત્સાહ અને હતોત્સાહની મિશ્ર લાગણીઓની ભિન્ન ભિન્ન ગતિઓ વચ્ચે પસાર થઈ. પાછુ ફરવાનુ અને એક વખત મરી જવાનુ પણ મન થઈ આવ્યુ. મારા માબાપ શુ કહેશે ? ગુમ થયેલી પુત્રીના અચાનક લાબા કાળે પાછા આવવાથી તેને આનદ થશે કે તેની વર્તમાન કથાની ખબર પડી હશે તો જીવનમા રહેલો શેષ આનદ પણ નષ્ટ થઈ જશે ? મારો સમાજ શુ માનશે ? આવા આવા અનેક તરગો મનમા ઊઠતા અને શમતા.

મારે ગામ રાત્રે પહોચાતું હોવાથી હુ ગુપચુપ ઘરમા દાખલ થઈ મારા માબાપ જીવતા હતા ઘરમા ટમટમતા એક ઝાખા દીવાથી હું જોઈ શકી કે ત્યા દારુણ ગરીબી હતી. ઘરમા થોડાક માટીના વાસણો, ચીથરા જેવા કપડા, ગોદડાના ગાભા અને અર્ધતૂટેલી કાથાની ખાટલીઓ સિવાય કાઈ પણ ઘરવખરી ન દેખાણી. મે સજળનેત્રે મારા વૃદ્ધ કાન્તિહીન બાપુને એક ખાટલી ઉપર સૂતેલા જોયા. આખો ઊંડી ઊતરી ગઈ હતી, ચહેરા ઉપર વિષાદની ઘેરી છાયા ફરી વળી હતી. મે પાસે જઈ પ્રણામ કર્યા મને અચાનક આવેલી જોઈને તે ડઘાઈ ગયા અને આવેશમા અનેક પ્રશ્નો જવાબની રાહ જોયા વિના એક પછી એક પૂછવા માડ્યા 'રાધા, તુ આવી ? કયા ગઈ હતી ? તને કોણ લઈ ગયું હતુ ? આવ બેટા, આવ ! ત્યા દુ ખી તો નથી થઈ ને ? બોલ, બોલ ! અરે, તુ રડે છે કેમ ? શુ દુઃખ છે, રાધા ? સારુ થયુ કે તુ જીવતી છો એમ અમે મર્યા પહેલા જાણ્યું, અને સાત–સાત વર્ષે જયા તારી તો આશા જ મૂકી દીધી હતી ત્યા તારા

મો–મેળા થયા ! મારા વા'લાની માયા છે ને, કે મરતા મરતા પણ સુખી કરતો ગયો ! બેટા, સુખદુઃખનો કાગળ તો કોઈ દી લખવો હતો કે વાચીને જરા શાન્તિ થાત? પણ તે ન લખ્યો તેમા તારો શુ વાક ! તને એ હરામખોરોએ લખવા જ નહિ દીધો હોય ! જોજે બેન, હવે નબળી ન પડતી. દુનિયા તો બૂરી છે. તારા માટેની અનેક કડવી વાતો ગામના નવરાઓએ કરેલી, પણ મને તો ખાતરી હોય ને કે મારું ફરજંદ હરામખોર ન નીવડે ! બાપુ, જરાય ગભરાઈશ મા, અહી તારું કોઈ નામ નહિ લે' મારાથી રડી પડાયું કે મારા જીવનને આ બીચારો વૃદ્ધ નથી સમજતો કે મારું વર્તમાન જીવન શુ છે ! અસીમ દયા અને વાત્સલ્યે મારી આખ આજે ખોલી નાખી કે જગત હજુ પણ જીવવા જેવું છે ! મારી બા બધો વખત ચુપચાપ સાભ-ળતી સાભળતી રડતી હતી. મારા પાછા આવવાથી હવે સમાજ સુખે રહેવા નહિ દે એવુ સ્પષ્ટ ભાન તેના મુખ ઉપર તરવરતુ હતુ. તેણે માત્ર એટલુ જ કહ્યુ કે, 'રાધા, દુનિયાએ દાઝયા ઉપર ડામ દેવામા બાકી નથી રાખી. માડ માડ જખમ રુઝાયા હતા ત્યા હવે ફરી વખત કોણુ જાણે કેવાયે ડામ હૈયે દેશે ! અમારી જિંદગી તો બગડી હતી, હવે મોત પણ બગડશે ! જેવા નસીબ ! બધું એક જ ભવમા ભોગવી લઈએ એટલે પછી ભોગવવાનુ બાકી ન રહે' આનો જવાબ આસુના અસ્ખલિત પ્રવાહ સિવાય બીજો હુ શું આપુ ? મોડી રાત્રી સુધી મે, મારા બાપુએ અને બાએ રડ્યા જ કર્યું.

દુનિયાનો સામાન્ય નિયમ છે કે સારી વાત કરતા નબળી વાત લાબો વખત યાદ રહે છે અને જલદી ફેલાય છે. રાધા નાની હતી ત્યારે થોડા જ માણસો તેને જાણતા, પણ તેના ગુમ થયા પછી લગભગ આખુ ગામ તેને અને તેના માબાપને જાણતુ થઈ ગયુ ન્યાયના નામે પોલીસે આખા કુટુબને જગમત્રીસીએ ચડાવ્યું, પણ

કોઈએ ન વિચાર્યું કે રાધા ભાગી ગઈ છે કે ગામના કોઈ હરામ-ખોરોએ તેને ભગાડી છે? જ્યા લઈ ગયા હશે ત્યાં તેની ઉપર શું શું વીત્યુ હશે? તેના મોતને કાઠે બેઠેલા ગરીબ માબાપની હૃદય–વ્યથા શી હશે? આજે સાત વરસે જ્યારે તે પાછી આવી ત્યારે પુનઃ ભુલાઈ ગયેલી વાતો ફરી વખત તાજી થઈ અને તે વૃદ્ધ માનવીઓએ પોતાનો અધૂરો રહેલો દુખનો વિષકટોરો ફરી વખત ભરાતો જોયો અને તેઓ હતાશ થઈ ગયા સૌ પોતપોતાને કારણે ભાગી પડવાની અણી ઉપર હતા–બાપ પોતાની દીકરી ઉપર અને કુટુંબ ઉપર થતી ક્રૂર ટીકાને કારણે, મા આ દુખનો ભાર તેનો વૃદ્ધ પતિ કેમ સહી શકશે તે બીતિએ, અને રાધા વતન જ્યારે જાકારો ભણે છે ત્યારે કયા જાઉં–કોને આધારે જાઉં તે દુખે. પણ સૌને ઉગારી લીધા ભોળા શેઠે

'દીકરી, ઘણીવાર પાપ પણ કોઈ કાળચોઘડિયે થઈ જાય, પણ જો દિલમા તેનો ખટકો હોય તો ગમે તેવું પાપ પણ બળીને ભસ્મ થઈ જાય. માણસનુ જીવન ઘડીઘડીનુ, તેમા અનેક પલટા આવે, ત્યા કોઈનો ગર્વ થોડો ટકી રહે છે કે તે કાયમ એવો ને એવો સારો રહેશે! વા'લો રાખે તેની રહેશે, બાકી તો વાતુ! બધાય સમય અને સજોગ પ્રમાણે નાચતા પૂતળા! બેટા, ને ભૂલ કરી હોય તોય આજે કયાય એ ભૂલ નથી તારા આસુએ એ તો કયારની ધોઈ નાખી છે સુખેથી ઉચાટ વગર રહેજે મનને જરાય મોળુ પડવા દઈશ નહિ.

'માણસ માત્ર ઓછી–વધતી નબળાઈથી ભરેલો છે જ, પૂર્ણ મનુષ્ય તો કયાય મળે તેમ નથી, ત્યા જગતના અભિપ્રાયનો અર્થ પણ શુ? ભૂલો, નબળાઈઓ ભૂલી ભૂલીને જ માણસ આગળ વધે છે–કુદરત વધવા દે છે. જો આપણી ભૂલો સામુ ધરતીમાતા જુએ તો તેની ઉપર ઊભા રહેવાનો કોઈનો અધિકાર ન રહે. જો કુદરત ભૂલો માફ કરતી ન હોત તો કોઈ ઘડીભર પણ જીવી ન શકે.

'બેટા ! આજે દુનિયાભરમાં એવું તો ઘોર અંધારું જામ્યું છે કે માણસ પાપ કર્યા વિના એક ડગલું આગળ જઈ શકે તેમ નથી. એટલી હદ સુધી સમાજવ્યવસ્થા બગડી ગઈ છે કે માણસને માણસજાત તરફ પ્રેમ નથી. આપણા કાથડ ખુમાણ, કાળો નાગ અને કાદુ મકરાણી જ્યારે દુઃખનો-અન્યાયનો તાપ નહિ જીરવાણો હોય ત્યારે જ બહારવટે નીકળ્યા હશે ને ! એને શું દોષ દઈએ ? નર્મદા બ્રાહ્મણી અને માધા શેઠની વિધવા ઝબક વટલી ગયા તે કાંઈ સુખે બન્યું હશે ? અતિ મૂંઝાણા હશે, કોઈએ વાર કરી પડખામાં લીધા નહિ હોય, ત્યારે જ ખોટ ખાધી હશે ને ? કોઈ થોડું સુખે વંઠે કે વટલે છે, મા !

'દિલમાં દયા હોય તો શું ભાર છે પાપના કે માણસમાં ટકયું રહે ? આ તો આપણે જ વંઠાડીએ અને આપણે જ રોઈએ કે જગત વંઠે છે ! ભાગ્યાના ભેરુ થવાની સમાજમાં વૃતિ હોય તો કોઈ ભાંગે જ નહિ, સમજી ને દીકરી !

'રાધા, આજે તો દુનિયા ઉપર પરમાત્મા રૂઠયો છે આખા ગામમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ ભર્યા છે, પણ કોઈને કોઈની પડી નથી. એક ગામમાં વસ્યાં, ભાઈભાંડુની પેઠે રહ્યાં, ત્યાં આજે આંખની શરમ નથી, કોઈની આંખમાં અમી નથી; તો ગામવાળો બીજે કયાં જઈને ઠરે ? ધરતીના ઢાકણ દેવાઈ ગયા અને પાપનો પોરો આવ્યો !'

ભોળા શેઠે રાધાને પોતાનું દુઃખ તો ભુલાવી દીધું, પણ તેને સ્થાને તેથીયે મોટું ગામનું દુઃખ આવીને બેઠું કે, ગામ દુઃખી છે, નાશને આરે ઊભું છે, તેને ઉગારવું જોઈએ. જો ગામ ગામનું દુઃખ ન ભાંગે તો દુઃખિયા જાય કયાં ? પતિતને જો તેનું વતન પાવન કરી ન અપનાવે તો તે કયાં જઈને ઠરે ?

પોતે આજે કોણ છે, તેની શાખ ગામમાં શી છે, કેવી રીતનું જીવન પોતે જીવી રહી છે, તે બધું તે ભૂલી ગઈ. એક જ વાત યાદ

રહી કે તે ગામની પુત્રી છે, આ ભૂમિનુ અન્નજળ અને પ્રેમ તેણે પણ પીધાં છે, અને આ માટીમાથી જ તેનો દેહ બન્યો છે, તો તેણે પણ કંઈ કરવુ ઘટે.

ગઈકાલની વેશ્યા જેવી રાધા ગામની પુત્રી બની ગઈ।

તેણે પોતા પાસેની બધી રકમ ગામના ગરીબ, બીમાર અને અનાથો માટે ખર્ચી નાખી મુબઈના તેના લાબા વસવાટે આપેલુ જ્ઞાન તેને માદાની માવજત માટે ખૂબ ઉપયોગી થયુ. તેણે જાતે સેવા કરી અને સમાજના નીચલા થરના બાળકોમા ઠીક રસ લીધો અને ભોળા શેઠને પછીનુ કામ સોપી પોતે મુબઈ ગઈ પછી તો તે વારવાર આવતી અને પોતાથી શકય બધી નાનીમોટી સેવા કરી છૂટતી.

છેલ્લા ત્રણ વર્ષ થયા દેશભરમા લગભગ દુષ્કાળ જેવી સ્થિતિ હતી ગામમા પાણીની તાણ હતી રાધાએ દેશમા આવી થોડાક કૂવા સમરાવ્યા અને એક કૂવો નવો ખોદાવ્યો પાણી પાછળ લગભગ પાચથી છ હજાર રૂપિયા અને અનાજ પાછળ પણ તેટલી રકમ તેણે ખર્ચી તેના કૂવામા પાણી મીઠુ અને પુષ્કળ હતુ.

રાધાને જીવનમા કદી ન થયો હોય તેવો આનદ આ વખતે થયો. જયારે તેના કામની કોઈએ તારીફ કરી ત્યારે તે માત્ર એટલું જ બોલી કે, ‘દીનાનાથ। હુ તો જગતની ઉતાર છુ, પણ તારી દયા અસીમ છે।’

‘કૂવો સુદર છે, પાણી પણ ખૂબ મીઠું છે, બધાવનારનુ ભગવાન ભલુ કરે ભગવાને તેને આપેલો પૈસો લેખે લાગ્યો છે.’ એક અજાણી વ્યક્તિએ કૂવાની નજદીકમા આવેલા શિવાલયના ઓટલા ઉપર બેઠાં બેઠા સહજ પોતાનો આભારભાવ વ્યક્ત કર્યો બાજુમા બેઠેલ બીજી યુવાન વ્યક્તિએ તુરત જવાબ આપ્યો કે, ‘પૈસો લેખે જ લાગે ને, ? કયા રળતા પરસેવો વળ્યો છે। આ કૂવો મુબઈની પેલી નામચીન રાંડ રાધાએ બધાવ્યો છે. ઘણા કાળાધોળા કરીને હવે ધરમ કરવા નીકળી

છે એટલે તેના પુણ્યના પાણી મીઠા જ હોય ને ! એણે તો ગામમા એકાકાર કરી દીધુ. ઢેઢ–ભગી બધાને પાણી ભરવાની છૂટ. ગામમા પાણીની તાણુ છે, નહિતર એ રાડ પાતરના કૂવાનું પાણી પીવે કોણુ ? કોઠોય ભ્રષ્ટ થઈ જાય અને ધરમ ચાલ્યો જાય. હલકટનુ દાન ગામ-આખાનું નખ્ખોદ કાઢી નાખશે

'રાંડ ઢેઢ–ભગીને ઘેર જઈ માદાના ખાટલા પાસે આખી રાત ઉજાગરા કરે છે ગામમા હલકા વરણુને ભેગા કરી શુય પારાયણુ વાચે છે મુબઈથી થોડીક દવા લાવી છે તેનુ દવાખાનુ રાડે કાઢયુ છે. કળજુગ છે ને ! ગામની જુવાન છોકરીઓને મુબઈ કસબ શીખ-વવા ન લઈ જાય તો સારુ !'

મદિરમા દર્શને આવેલી રાધાએ આ કઠોર શબ્દો સાભળ્યા તેનુ આળુ દિલ ઘવાયુ એટલે આવી એ એટલુ જ બોલી.

'મારા વીર ! ભલે હુ જગતની વેશ્યા હઈશ, રાડ હઈશ, પણ મારા આ ગામની તો દીકરી જ છુ ! ભલે બીજે સ્થળે મારા આશકો આવતા હશે, પણ આહી તો બધે મારા માડીજાયા ભાઈ જ જોઉ છુ ! મારા જીવનમા સહરાના રણુ જેવી ધીખતી રેતી જ ભરી છે, તેમા વતનનો પ્રેમ–મારા બાધવ–બ્હેનીનો પ્રેમ–જ એક મીઠી વીરડી જેમ મારા જીવનને રસમય રાખે છે જીવનની કડવી–મીઠીથી મરી તો રહી છુ, તેમા વતન અને તેના માનવીઓની મીઠી પ્રીતિ જ જીવન જીવવા જેવુ રાખી રહી છે આટલુ પણ જગત રહિ રહેવા દે ? મને મારા જીવનની કાળી યાદી નહિ ભૂલવા દે ?'

આસુભરી આખે જ્યારે રાધા મદિરના પગથિયા ઊતરતી હતી, ત્યારે ભોળો શેઠ શિવાલયમા પ્રાર્થના કરતા હતા:

'કરજે માફ હજારો પામર પાપને
દિનચર્યામા પ્રભુ પાસે પણ થાય જો'

પારકી મા

[ગામડામા જન્મેલો અભણ અને અલ્લડ રંગી બ્રાહ્મણ ભીખના ધધા અને ગામના તિરસ્કારથી કંટાળી પડ વાપરી પેટ ભરવાની ઇચ્છાથી મુંબઈ આવવા નીકળે છે. રસ્તામા તેને પોતાની જેવા જ જગાનો પરિચય થાય છે. સમાન ગરીબી અને સમાન શ્રમ તેમને નજદીક લાવે છે તેમાથી સહાનુભૂતિ જન્મે છે. ક્રૂર કાળ આ સબધ અચાનક તોડે છે ખીમો મા'રાજ પોતાના ઉપકારક જગલાનુ આખર વખતનુ હૃદયમથન અને મા માટેની તેની વળગણી સ્વ-આખે જુએ છે તેનુ મા-વિહોણુ આળુ હૈયુ ઘવાય છે. અને જગલાની માને પોતાની મા બનાવી પોતે તેનો ખરો પુત્ર બની જગાનુ મિત્રઋણ ફેડે છે. ત્યારથી જ તે નફિકરો, રંગી-ભંગી, મસ્ત માણસ પોતાના જીવનવહેણને પલટી નાખે છે બધી ઉપાધિમાથી મુક્ત રહેવા ઇચ્છતો તે માનવી માને સુખી કરવા સસારનો બોજો ઉપાડે છે, સખત મજૂરી કરે છે અને જગાની સદ્ગતિનો ભાર પણ વેઠારે છે આ મા-દીકરો આજે હયાત છે]

છેલ્લા કેટલાયે દિવસ થયા જગલો સવાર-સાજ થઈ રહ્યો છે. જ્યારથી મરકીનું નામ પડયુ ત્યારથી જ સૌના મનમા એક વાત તો નક્કી છે કે ઈશ્વરની કૃપા હોય તો જ માણસ આવા દરદમાથી ઊગરે, અને તેમાય જ્યારે ખીમાએ દુકાનનો ગલ્લો ખખેરી તેનો ખેરીચો અને પોતાનો ચાદીનો કદોરો વેચીને બોલાવેલા મોટા ડોકટરે સારવાર કર્યા વિના માત્ર જોઈને જ મરાઠા હોસ્પિટલમા લઈ જવાની શાણી સલાહ આપી અને બદલામા જગલા અને ખીમાની સામટી મૂડી

પોતાના ગજવામા મૂકતા નિર્લેપભાવે કહ્યુ કે કેસ સુધરવાની આશા નથી, તમારે વહેલું ચેતવુ જોઈતુ હતુ, હવે તો ઘણું મોડુ થઈ ગયું છે–ત્યારથી તો પાકે પાયે જગલાની મા અને ખીમા મા'રાજને ખાતરી થયેલી કે હવે જગલો આપણો નથી, ભગવાનનો છે. એ પોતાની થાપણ કયારે ઉપાડી લે તે કાંઈ કહેવાય નહિ આપણે જરા ગફલતમા રહ્યા, જો વહેલા ચેત્યા હોત તો જરૂર ડોકટર કહે છે તેમ કાંઈ ફેર પડત. દેખીતી નિરાશામય સ્થિતિમા પણ જીવન, મૃત્યુ કે તેવી બીજી કેટલીયે બાબતો અનિશ્ચિત જ રહેલી છે, અને આવી અનિશ્ચિત બાબતોમા આશા જ નિશ્ચિતતા જેવુ એક આશ્વાસન આપી માનવીને ગતિશીલ રાખી પરિણામના બીજા છેડા સુધી ખેચે છે આથી જ જગત કે જીવન જીવવા કે ખેચવા જેવુ રહેલુ છે મોંઘી ડોશી અને ખીમો મા'રાજ ભરપૂર નિરાશા અને હતાશામા પણ તે સામાન્ય આશાના દોરથી ખેચાયા અને જગાની શારીરિક સ્થિતિ અને પોતાના આર્થિક સજોગની કલ્પના કર્યા વિના જ તેને હોસ્પિટલમા લઈ ગયા.

જુવાનીમા જગલાના બાપ કાના ઠક્કર સાથે જાત્રાએ ગયેલી ત્યારે મથુરામાથી ખરીદેલી, અનેક મીઠા સ્મરણોથી ભરેલી, અને ભગવત્‌ભાવથી ડોકમા નાખેલી પોતાની શ્રીનામી જયારે ડોશીએ પૈસા માટે વેચી નાખી ત્યારે તેની આખના ખૂણા ભીના થયા કારણકે પતિ અને તેની પાછળ ઘરની એક પછી એક વસ્તુઓ જતા બાકી તેના સ્મરણ જેવા બે વાના જ રહ્યા હતા, અને તે એક જગલો અને બીજી શ્રીનામી

દીકરાની ભયકર માદગી અને મનમા જાગેલી આશંકાથી થયુ કે હવે પતિના સ્મારક જેવો દીકરો અને શ્રીનામી બને જતા તેનુ ઘર અને હૈયુ–એટલે તેનુ જગત અને જીવન–ખાલીખમ થઈ જશે. પતિના નામ સિવાય બીજુ કોઈ પણ સ્મરણચિહ્ન બાકી નહિ રહે વર્ષો પહેલા મરેલો પતિ આજે જ તેને મન પુન. મૃત્યુ પામ્યો !

દવાખાનાને ઓટલે અર્ધભૂખી તે પડી રહેતી અને પ્રતિક્ષણે દિલની ભીતિથી ડરી વારવાર સનેપાતમા લવતા છોકરાને જોઈ આવતી. ખીમો પણ હાથમા માળા લઈ જગલા પાસે જડભરત જેવો કઈક ગણગણતો બેસી રહેતો અને મનમા ભગવાનને આરજુ કરતો કે, 'હે ભલા ભગવાન! આ રાકડી વિધવાના એકના એક છોકરાને ઉગારજે! જો તને પૂગતુ હોય તો મારુ આજ સુધીનુ પૂજા-પાઠનુ ફળ એને આપુ છુ. હું ગરીબ એ વિના બીજુ શુ આપી શકુ?' એ પૂજા એટલે શુ તે તો તે નહોતો જાણતો, અને નિત્ય નાહીને કઈ કરતો તે પાઠ પણ તે નહોતો જાણતો, તોય ગીતાનો ગુટકો પોથીમા રાખી મૂકતો અને પૂજા વખતે અનિમિષ આખે તેની સામે જોઈ ભક્તિભાવે 'યતકૃપા તમહ વદે પરમાનદ માધવમ્' બોલી નમન કરતો આવી પૂજા કર્યા પછી કેટલીયે વાર તે આનદમા દેખાતો અને તેની મારકણી પ્રકૃતિ નરમ બની જતી એને મન પોતાના તરગી અને અકર્મી જીવનમા આ જાતની પૂજા અને ભક્તિ મોટી મૂડી હતી તે માનતો કે ભગવાનના ચોપડામા તે જમા થાય છે અને ખપ પડ્યે ઉપયોગમા આવે છે આવતા ભવની સારી ગતિ માટે આ મૂડી ઉપર તેનો મોટો મદાર હતો આ મૂડીની તેણે જગલાને ભગવાન ઉપર હૂડી આપી રે ભોળા બ્રાહ્મણ!

*

જગલો અને ખીમો સગા તો નહિ પણ એક નાતના કે ગામના પણ નહોતા જગલો લુહાણો અને ખીમો બ્રાહ્મણ. પણ ખરી રીતે તો બને મજૂરની જાતના અને એકસરખી ગરીબ સ્થિતિના હતા. સવારથી સાજ સુધી મજૂરી કરનારા, મજૂર જેવુ અગવડથી ભર્યું આકરુ તાપસ જીવન જીવનારા, મજૂરને મળે તેવો લૂખો-સૂકો રોટલો મળતો તે ખાઈ પ્રભુનો આભાર માની બીજાની ઇર્ષ્યા વગર જીવન ખેચનારા માનવ-પ્રાણીઓ હતા. સમાન ગરીબીએ તેમને એકમી જાની

નજદીક આણ્યા, નિર્વાહ માટેના શ્રમે એકબીજાને જોડ્યા, અને તેમાથી સહાનુભૂતિએ જીવનની કડવાશ ભુલાવી તેને જીવવા જેવુ રાખ્યુ.

ખીમાનો જન્મ બ્રાહ્મણના ઘરમાં થયો એટલો જ એ બ્રાહ્મણ હતો, બાકી તો એકેય આચાર, વિચાર કે સસ્કાર ગરીબીએ તેનામાં બ્રાહ્મણના રાખ્યા નહોતા બીજા ઉપર સરસાઈ ભોગવવા જેમ મૂડી-વાદીઓને મૂડીનુ સાધન હોય છે તેવુ જ અભણ અને અજ્ઞાન ઉપર સરસાઈ ભોગવવા સસ્કાર, શિક્ષણ અને અમુક પ્રકારના આચાર-વિચારનુય બળ તેની પાસે નહોતુ. ઉપરાત મસ્ત, લાપરવાહી, અપ્ત-રગી જીવનને કારણે સમાજમા પણ તેનુ જોઈએ તેવું સ્થાન નહોતું. નિશાળ વગરના એના નાના ગામડાની અભણ વસ્તીમા પડિત મનાતા એ ચોપડી જેટલુ ભણેલા તેના બાપે તેને પોતાની જેવો પડિત બના-વવા ઘણી મહેનત કરી, પણ જડભરત ખીમાના કરમમા વિદ્યા જ લખેલી નહિ હોય એટલે તેને કઈ આવડયુ જ નહિ આ વાતનો માધા ભટ્ટને ઝાઝો ધોખો નહોતો, કારણકે તે માનતા કે ન ભણ્યો તોય શું બગડી ગયુ, બ્રામણ તો સરસ્વતી માતાનો દીકરો ગણાય, એને તો વગર ભણ્યે પણ કોઠા–વિદ્યા હોય! જ્યા સુધી જજમાન જીવતા છે ત્યા સુધી થોડો બ્રામણનો દીકરો ભૂખે મરવાનો છે? અમારુ તો આ એક જ ગામમા સાત પેઢી થયા એકધારું ચાલ્યું એમ એનુંય ચાલશે. આથી માધા ભટ્ટે નમાયા ખીમાને કોચવીને ભણાવ્યો નહિ અને ખીમો ભણ્યો નહિ. પણ નફિકરો મસ્ત બની ગામમા ગમે તેની સાથે કજિયો કરવામા અને પારકાના કામ કરી આપવામા પાવરધો થયો તેને અને તેના બાપને રોજ સવારના પહોરમા ટપાટપી થાય જ બાપ ઇચ્છે કે ખીમો તાબડી લઈ પોતાના ગરાસ જેવા જજમાનોને ત્યા લોટે જઈ આવે–આ ગરાસ માટે તો નાતમા મોટા કજિયા થયેલા, માથા ફૂટેલાં અને ગોળાના પાણી હરામ થયેલા, પછી જ તેને ભાગ આવેલો

આવા કીમતી ગરાસનો ભોગવટો ખીમાએ કરવો અને કુટુંબનું નાક સાચવી રાખવુ એટલી આશા માધા ભટ્ટે રાખેલી

ખીમાને આ ગરાસ કે ભીખનો ભોગવટો કરી બ્રાહ્મણવેડા કરવા ન ગમતા તે ગામમા બધા છોકરાઓનો સરદાર અને કાટિયા વરણને પણ મારે એવો બળિયો હતો બધા તેનાથી ડરે એવુ પહેલવાન જેવુ તેનું શરીર હતુ એટલે તેને ભીખ માગતા શરમ આવતી. એમા તેનું બળ અને સ્વમાન ઘવાતુ તેને લાગતુ આપનારને પણ આવા તગડાને આપતા ઘૃણા આવતી. તે કોઈના ખેતરમા મજૂરી કે કોઈની ખેપ કરતો પણ ભીખ માગતો નહિ બ્રાહ્મણની દુનિયામા તે પાકેપાકો અકર્મી હતો !

તેનો બાપ નિશ્વાસ મૂકતો કે, નસીબ છે ને કે ચાર ભાઈ વચ્ચે એકનો એક છોકરો છે, પણ તેનામા બ્રહ્મણનુ એકેય લક્ષણ નથી. રાજવળા જેવો વડીલનો ગરાસ નથી ગમતો પણ મજૂરી ગમે છે. પૂજા–પાઠ નથી ગમતા અને મારામારી ગમે છે બ્રાહ્મણ જેવુ ઉત્તમ ખોળિયુ ભૂંડો લજવે છે નક્કી છોકરાનો જન્મ કોઈ ચોઘડિયા-ફેર થયો લાગે છે, નીકર જાદવ ભટ્ટને ઘરે આવો કુળાગાર હોય કે જેને સુખની બેઠી આવકને બદલે કાળી મહેનત ગમે ? દીકરા–પાતીની આશા મૂકી બળતી લાયે થોડા વખતે માધવજી ભટ્ટ સિધાવ્યા સ્વર્ગે, એટલે ભીખના ભાગવત જેવો ગરાસનો ચોપડો અને માગણવટાના અમરપટા જેવુ લખત પિત્રાઈને સોપી મૂઆ બાપની સદ્ગતિ કર્યા વગર જ ખીમો મુબઈના માર્ગે પડ્યો. ગામે ફિટકાર દીધો.

રસ્તામા રેલવેના ડબામા જ જગલાની ઓળખાણ થઈ જગો મુબઈનો જાણીતો હતો માડવી ઉપર તે બારદાન સીવવાનુ કામ કરતો એટલે તેને સૂવા માટે વખારનો ઓટલો હતો ખીમો પહેલ-

વહેલો મુબઈ જતો હતો. તેને કોઈની ઓળખાણ કે ઓથ નહોતી, અને ગાંઠે પૈસાય નહોતા. ઘેરથી લીધેલ ઘસિયો, સાથવો અને થોડીક દશમીનો તેને પાંચ દિવસ પૂરતો આધાર હતો, બાકી મુંબઈ તો ભાગ્યાનો ભેરુ મનાય, તેમા હાથપગવાળો ભૂખે ન મરે. આવી શ્રદ્ધાએ તેને અહી ખેચ્યો હતો. ત્યા તો જગલાએ રસ્તામા જ કહ્યું કે, ‘ મા’રાજ ! જો ઊતરવાનુ કોઈ ઠેકાણુ ન હોય તો મારી સાથે આવજો આપણે સૂવા–બેસવાની સગવડ છે અને બાજુમા એક બ્રાહ્મણની વીશી છે કામધધો મળે ત્યા સુધી તમે મારા મહેમાન, તમારા નસીબે મને એટલુ મળી રહેશે. ’

મુબઈમા ખીમો જગલા સાથે જ ઊતર્યો જગલાએ મજૂરીનું કામ ગોતી આપ્યુ–આ બનેની ઓળખાણ, સબધ કે સગાઈ. થોડે વખતે બનેએ ભેગા મળી ભજિયાંની નાની દુકાન કરી. ખીમો રસોઈ-મા હોશિયાર અને જગલો ઘરાક સાચવવામા, એટલે કે વીશી કાઢ-વાના, ઘર–સસાર માડવાના અને એવા એવા અનેક સ્વપ્ના સેવે, પણ વર્ષ પૂરુ થાય તે પહેલા જ જગલાને મરકી થઈ અને ભજિયાનો મેલો તવો અને નાનકડી ત્રાજુડી પાછળની કોથળાની ગાદી સૂના થઈ ગયા. સૌ સ્વપ્નાઓ વીખરાઈ ગયા

*

દવાખાનામા ડૉ નોશિરે છેલ્લુ ઇન્જેકશન આપ્યા પછી ખીમાને કહ્યુ કે, ‘ દરદી બચશે નહિ, કલાક–બે કલાક માડ કાઢે તો હૃદય ધીમે ધીમે દબાતુ જાય છે. ’

ખીમાએ માને પાસે બોલાવી લીધી અને જોરથી જગાના કાનમા રામરામ રટવા મડ્યો પડખે ડોશી દુઃખમા હીબકતી હતી અને જગલો સનેપાતમાં માને જ ઝંખતો હતો. ખીમાએ તે સમજે છે કે નહિ

તેની પરવા વગર જ કહ્યુ કે, 'જગાભાઈ, રામ રામ કર. કૃષ્ણ કૃષ્ણ કર ભગવાનનુ નામ લે આખરે એનો આશરો સાચો છે બોલ રામ કૃષ્ણ, રામ કૃષ્ણ.' જગો લવતો હતો. 'મા ..મા...ક્યા ગઈ? હુ જગો માડી, તારો જગલો બોલને, મા...ક્યા ગઈ...?'

ખીમો કહે, જગલા, ભગવાન કર સસારની વળગણુા તજી રામ રામ કર, બાપુ! મરદ થઈને આખર વખતે મોળો પડ છ અને આખ-મા આસુ લાવ છ? ભગવાન ભગવાન કર! રામ રામ કર!'

જગલો ચકળવકળ આખે કોઈને ગોતતો હોય તેમ તેજહીન આખો ચારે તરફ ફેરવતો હતો અને આખમાથી આસુની ધારા ચાલી જતી હતી. 'મા. તુ ન આવી હુ જાઉં છું...મારી મા...ક્યા ગઈ? મા...મા...'

ખીમો પોતાની અને જગલાની આખના આસુ ધોતિયાને છેડે લૂછતા લૂછતા 'સમજ્યો! માની વળગણુા! આખરી બધન! જો જગા, તારા જીવને સદ્દગતિ કર તને માની ચિતા છે ને? જા, હુ માને જીવતા પાળીશ અને મૂઆ બાળીશ! મારે નાનપણુથી મા નથી, અને તુ તો જવા બેઠો એટલે માને હવે દીકરો નથી, એટલે આજથી એ મારી મા અને હુ એનો દીકરો! લે, તને આખરનુ પાણી દઉં છુ.' એમ કહી એક ચમચી ભરીને પાણી તેના મોમા મૂકયુ, તે ગળતા ગળતા જ જગાનો પ્રાણ પ્રયાણ કરી ગયો!

ખીમા મા'રાજે નોધારી સ્થિતિમા માને તજી જતા પુત્રનુ આખર વખતનુ હૃદયદ્રાવક મથન દેખ્યું બાળરડાપો અને કારમી ગરીબીના દુઃખો પત કરી જીવનને ભાગી પડતુ બચાવવા અનેક આશાઓ જેનામા કેન્દ્રિત કરી રાખી હતી એવા પુત્રને આખ સામે જાતો જોનાર નોધારી માતાની હૃદયવિદારક સ્થિતિ દેખી તેને પોતાની મા યાદ

આવી. મા જતા તેના જીવનમા વ્યાપેલ એકાતની અને પોતાને વીલો મૂકી મરી જનાર એ માતાના દુઃખની કરુણ કલ્પના આજે જ તેને પહેલી વાર થઈ એ પુત્ર વગરની માનો પુત્ર બન્યો, એટલે તેના જીવનમાં ખૂટતુ સહજ તેને મળી ગયુ—હૃદયમા એની મા સજીવ થઈ!

*

સૌ દુ ખનુ ઔષધ દહાડા. દુ.ખના કેક મહિના વીતી ગયા એક દિવસે માએ કહ્યુ:

‘ખીમા, આજે જગાની મરણતિથિ છે તુ વાશ નાખીશ ને, બાપુ!’

‘મારી વાશ તેને પહોચશે, મા? હુ તો બીજી જાતનો—બીજા ગોત્રનો તમે જ નાખો ને! કરમ–ધરમના આવા મારગમાં હું કાંઈ ન સમજુ.’

‘માડી! જો જગતમા ભગવાન હોય તો તારી વાશ પહોચવી જોઈએ! જો તારી વાશ ન પહોચે તો બીજા કોઈની ન જ પહોચે!’

‘ભલે મા, ત્યારે હુ નાખીશ, માડી! જગાએ તો મારા જેવા રખડુ, ર ગીભ ગી અને અજાણ્યાને પ્રભુપ્રીત્યર્થે આશરો આપ્યો, હૈયાની હૂંફ આપી, ભાઈ બની મારુ ઉજ્જડ દિલ ફરી વખત વસાવ્યુ અને મને માણસ બનાવ્યો, એટલે હુય એનો નાનો ભાઈ જ છુ ને!’

*

છેલ્લાં અઢાર વર્ષ થયા ખીમો જગાનુ શ્રાદ્ધ કરે છે અને તે દિવસે મા–દીકરા બનેની આખમાથી પ્રેમ અને કૃતજ્ઞતાના આસુઓ વહે છે. આખા ઘરનું વાતાવરણ તે દિવસે ગંભીર બની જાય છે.

કાયદાનો કડક અમલ!

કોઈ અનુભવીએ સત્તાની ખુરસીને ઠકુર ટીબા (Heartless Soil) સાથે સરખાવી છે આ વાત સર્વથા ખોટી નથી જ. જ્યાં અનેક ચડતી-ઊતરતી પાયરીના અમલદારોની કતારો વચ્ચે નર્યા કાયદાથી જ એકધારુ કામ લેવાનુ હોય છે ત્યા તો માણસે પોતાની જાત, ભાવના અને આજુબાજુનુ બધું ભૂલીને યંત્રવત્ કાયદાકાનૂનો અને તેની પેટાકલમોને વધુ વફાદાર રહેવુ પડે છે કોઈ વખતે જો વિવેકબુદ્ધિ વાપરવાની હોય તો તે કામ ઉપરી-અધિકારીનુ, પણ નાના અમલદારોએ તો કાયદાનો સંપૂર્ણ ઉપયોગ કરી તેની મર્યાદા બરાબર જળવાય તેટલા માટે અંગત માન્યતા, ભાવના કે લાગણીને દૂર મૂકવા જ રહે છે. ધીમે ધીમે માનવી યંત્રમાનવી બનતો જાય છે.

સમજણો થયો ત્યારથી જ મારી દૃઢ માન્યતા હતી કે વ્યવસ્થા, શાન્તિ કે એવા બીજાં બહાના નીચે કાયદાની કલમથી કોઈ ને કોઈ પણ જાતનું નુકસાન પહોચાડવુ તે નરાધમ અમાનવતા છે. કાયદો હોય તો ભલે હોય, પણ તેનો અમલ જડતાથી કરતા પહેલા જેની ઉપર તે અજમાવવો પડે તેના સંજોગ અને ભાવિ પરિણામનો પણ વિચાર કરવો ઘટે છે જનતાને કાયદેસરનું નાગરિક જીવન જીવતા શીખવવાનો પ્રયત્ન કર્યા પછી જ કાયદાનો કડક ચાબુક વીંઝવો યોગ્ય ગણાય.' આવી આવી અનેક ભાવનાઓ અને મારા જીવનના પ્રત્યક્ષ પદાર્થપાઠે મને

ખૂબ ભાવુક કરી મૂકયો હતો. ત્યારે તો હું વિદ્યાર્થી હતો એટલે વિચાર કરવા ઉપરાત બીજુ કંઈ અમલી કામ કરવાની તક મળી નહોતી, પણ જ્યારે અભ્યાસ પૂરો થયો અને નોકરીમા દાખલ થયો ત્યારે મારા હાથમા કાયદો અને તેનો અમલ કરી શકાય તેવો જનતાનો એક ભાગ આવી પડયા. ત્યારે તો મને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે ભાવના અને સત્તાને બહુ ઓછો મેળ હોય છે, અને દલીલ અને શાહી–કાગળની વિપુલતાના આ જમાનામા કૂણા હૈયા ઉપર લખાયેલી દિલની ભાષા ભાગ્યે જ વંચાય છે. કાયદાએ મારા શરીર, બુદ્ધિ અને ભાવના બધુ ખરીદી લઈને જ મને નોકરીમા રાખ્યો હતો, એટલે તેની ઉપર મારો કાબૂ નહોતો. એ વાત તો બહુ મોડી જાણવામા આવી, છતા પણ એ વખતે તો મળેલી અમલદારીથી હુ બહુ રાજી થયો હતો.

તાજી અમલદારી અને તાજા અથાણા હમેશા તેજદાર હોય છે. મારા મનની ખુમારી પણ આવી જ હતી, તેથી આવતી વહુ અને બેસતા રાજાની માફક ‘ છાપ ’ બેસાડી મારુ કામ ‘ સરળ ’ કરવાનુ મે મારા મનોમન નક્કી કર્યું. અમલદારી છાપ બેસાડવી એટલે ‘ હું કંઈ છુ અને કાયદાથી લાભાલાભ આપવાની ચાવી મારા હાથમાં’છે’ એવી પ્રતીતિ આડકતરી રીતે થાય તે ઢબે સખ્ત હાથે કામ લેવુ તે. આમા કામની ‘ સરળતા ’ કરતા પોતાના ‘ છાપ અને રુઆબ ’ પાડી, કાયદાના ભયનુ વાતાવરણ જગાવી, લોકોને કાયમ ઓશિયાળા રાખવાની અને એ રીતે ભવિષ્યમા ઓછા શ્રમે પણ તંત્ર ચાલ્યા કરે એવી પાકી યોજના કરી નાખવાની વૃત્તિ હોય છે. મેં ‘ છાપ ’ પાડવી શરૂ કરી એટલે બીજા કરે છે તેમ કાયદાનો કોરડો વીંઝવા માંડયો, અને લોકોમા એક માન્યતા દૃઢ કરાવી દીધી કે ‘ હું કડક અમલદાર છુ ’ આ કાયદાના કોરડાના બીજાને આળા સોળ ઊઠતા હતા, લોકો ત્રાસતા ગરીબો રહેસાતા હતા, છતા પણ મને છૂપો છૂપો આનંદ થતો

હતો કે, 'હવે હું પણ કર્ટક છું.' અને જ્યારે મારા ઉપરી–અધિકારીએ મને સગર્વ કહ્યું કે, 'That's the way to improve the City. I am glad that you have picked up the right point' (શહેર સુધારવાની આ જ સાચી રીત છે મને આનંદ થાય છે કે તમે બરાબર મુદ્દો પકડી શક્યા છો.) ત્યારે તો મન કેટલોયે આનંદ થયો હતો.

'જેમ લોકો કાયદાના મારથી ડરતા, તેમ કડક અમલનો સરળ ઉપાય પણ તેઓ જાણતા હતા કે, 'પેટવાળો' અમલદાર ગમે તેવો કડક હોય તોપણ 'ભૂખ લાગે' એટલે 'નરમ' બની જાય, બે પીઠવાળો જ કડક રહી શકે' મારે એવુ પેટ તો નહોતુ, કેમકે બીજી ભાવનાઓ સાથે જ મે પ્રમાણિકતા અને નીતિ માટે પણ વિચારો બાધી રાખ્યા હતા એટલે જ્યારે 'કડક અમલનો સરળ ઉપાય' મારા ઉપર કામ ન આવ્યો ત્યારે મારી પ્રમાણિકતાની ભાટાઇ–ખુશામત કામ આવી છે આવુ વિપરીત પરિણામ મારા અનુભવવામા આવ્યુ છે લોકો મારી પ્રમાણિકતાના વખાણ કરતા આથી મારા મનમા મિથ્યા ગર્વ થતો કે, જેમ હુ મારી ફરજમા કડક છુ તેમ નીતિની બાબતમા પણ છુ આ જાતની શેખીથી ધીમે ધીમે જે ભાવના એક નિર્મળ ગુણસમ હતી તે ગર્વ અને મિથ્યાડબરનુ કારણ બનતી ગઈ આજ સુધીનો પ્રમાણિકતાનો ખ્યાલ સહજ હતો, તેથી મનથી લાગતુ કે કુદરતે હાથ, પગ અને શક્તિ આપ્યા છે તો કોઈના હક્કનુ–કોઈના શ્રમનુ લઈ લેવુ અને પછી સુસ્ત અને કામચોર બની જઈ બીજાને અન્યાય થઈ જાય તેમ વર્તવુ તે યોગ્ય નથી–તે માનવતા નથી. આ સિવાય બીજો કોઈ ખ્યાલ મારી પ્રમાણિકતાની ભાવના પાછળ ન હતો. પણ જ્યારે અમલ કરવાનો કસોટીકાળ આવ્યો ત્યારે આ સહજ-

ભાવને સ્થાને મારું અહં—મિથ્યા ગર્વ આવી બેસી ગયા. મારી નીતિના વખાણ મને રીઝવતા અને જ્યા તે નીતિ તોડાવવાના પ્રયાસ થતા ત્યા મારામા તિરસ્કાર અને ક્રૂરતા આવી જતા, અને વિવેકબુદ્ધિ અને સરળતાનો લોપ થઈ જતો જ્યારે કોઈ લાચ આપવા આવતુ ત્યારે એવુ હીણુ કામ કયા સજોગને વશ થઈને તે કરી રહ્યો છે તે જાણુવાનો કે તેને સાચી વસ્તુ સમજાવવાનો પ્રયત્ન ન કરતાં લાગલો જ હું તેને કોઈ ભયકર ગુનેગાર માનતો આ રીતે મારા સૌમ્ય જીવનમા ખુશામત, ક્રૂરતા અને લઘુતાગ્રંથિનુ ઝેર પ્રવેશતુ ગયું ધીમે ધીમે મારા પ્રમાણિકતાના ખ્યાલો માનવોચિત સહજ ગુણ રહેવાને બદલે મારામા એક જાતનું અહં, ઘમડ અને છીછરાપણુ ઉત્પન્ન કરનારા વિષારી વૃક્ષો બની ગયા. એટલે એક સારી ભાવનાથી બીજાને સારા બનાવવાને બદલે હુ તેના જેવો દોષિત બનતો ગયો બીજા કરતા હું ઊંચો છુ, લાંચ લેતો નથી, આવો એક ફાકો મગજમા જન્મ્યો. આજે અનુભવથી લાગે છે કે જે ગુણ એક દિવસે મારા મનની મસ્તી અને મજામાથી નિર્મળ ભાવે જન્મ્યો હતો, જ્યા મારી આખ સામે મારા મનનો અમૂલ્ય આનદ હતો, ત્યા આજે લોકૈષણા, આબરૂનો ખ્યાલ અને આત્મવચનાનો ઝેરી સાપ છુપાઈને પડયા છે અને મારે નિશદિન તેની ચોકી કરવી પડે છે. આથી કરીને જ્યા ત્યાં મેં વગર ખ્યાલે અનેક નબળાઈઓ આચરી છે, ખુશામતથી અનેક વાર મૂરખ બની બીજાને અન્યાય કર્યો છે. ખુશામત ન કરનાર માની માણસ તરફ ક્રૂર થઈ તેને કારણુ વગર નુકસાન પહોચાડયુ છે હવે મને લાગે છે કે ભાવના અને સત્તા બને સાથે જીરવવા આ યુગમા દુષ્કર છે, કારણ-કે બનેને તોડનારા પ્રબળ બળો વિશ્વમા આજે એકસરખી રીતે કામ કરી રહેલા છે. જ્યા સુધી એક ગુણ જીવનના અશ જેવો સહજ રહે છે ત્યા સુધી જ તે શુદ્ધ ગુણ છે, તેનુ અભિમાન પાડનારુ છે. મહાન માણસોને પોતાની મહત્તા કે પવિત્રતાના કરબનના ખ્યાલે પાડયા છે'

ત્યારે હુ કોણ ? કાયદાના કડક પાલનના ઘમડમા મારી ભાવના મરતી હતી, હુ પડનો હતો, પણ......તેનુ મને ભાન નહોતું હુ અમલદાર હતો, ડફુર ટીંગા ઉપર બેઠેલો હતો !

'એક તરફથી મનમા પુરાણી ભાવના હતી, બીજી તરફથી કાયદાનુ પાલન કરાવવાનુ સાચુ કે માની લીધેનુ સદૈવ દબાણ હતું એક તરફથી મનમા કાયદાથી ઊભા થતા દુખ અને નુકસાનનો ખ્યાલ હતો અને બીજી તરફથી નીતિમત્તાનુ ઘમડ હતું એટલે આ દ્વિધામા મે નિશદિન ખોયુ જ છે—મારુ મન દ્વિરગી બન્યુ છેઃ જ્યારે અમલ ઉપર હોઉં ત્યારે મન કઠોર અને અન્યથા કોમળ બનતુ ગયુ છે'

*

માતબર ચર્મોદ્યોગના કારણે ધારાવીનો ગરીબ અને ગદો લત્તો પણ મુબઈવાસીઓને ઠીક ઠીક પરિચિત છે ચામડા, આતરડા અને સરેશ બનાવવાના કારખાનાઓની દુર્ગંધ કેમ જાણે ઢમતી ન હોય તેમ આખા શહેરનુ મેલુ લઈ જતી એક મોટી ગટર ત્યા ખુલ્લેખુલ્લી નિરકુશ વહી રહી છે. આવા લત્તામા પણ દેશને કરોડોનુ ધન ઊભુ કરી આપનારા ચામડકામ કરતા ગરીબ મદ્રાસી મજૂરો ગટરને કાઠે જેવા તેવા ઝૂંપડા બાધીને પડ્યા રહે છે. આવી જગ્યામા તેઓ શા માટે રહેતા હશે ? તેઓને દુર્ગંધ, ભેજ વગેરે નહિ લાગતા હોય ? આવી જગ્યાથી એમને કમકમા નહિ આવતા હોય ? આ પ્રશ્નો અસ્થાને છે. એ પૂછવાની કે વિચારવાની કોઈને જરૂર પણ શું ? લાખોનું ધન રળતા કારખાનાના માલિકો તો ઠીક, પણ મરણપ્રમાણ, તદુરસ્તી વગેરેના કામનો મેળ રાખતી સુધરાઈને પણ પૂછવુ ક્યારે સૂઝે છે ! 'એ જંગલીઓ જ્યા જગ્યા મળે ત્યા સુધરાઈના કાયદાનો વિચાર કર્યા વિના ઝૂપડા બાધી બેસે છે, ધાણ કરે છે અને પછી માદા પડીને ગામના સુધી માણસોમા માદગી ફેલાવે છે ને અટકાવવુ જોઈએ '

ખટકો સુધરાઈના માણસોને હોવો જોઈએ અને હોય છે કાયદાની મર્યાદામાં કોણ આવે છે તે વાતનું તેઓની દૃષ્ટિમાં જેટલું મહત્ત્વ છે તેટલું શા માટે કાયદાની ચુંગાલમાં તેઓને આવવું પડે છે તે વાતનું નથી હોતું—અને હોવું જરૂરનું પણ શું છે?

આજનું એકલપેટું વ્યવહારુ ડહાપણ તો જરૂર કહે છે કે શહેરમાં તાજમહાલ હોટેલ છે, બીજા અનેક આલિશાન મહેલો છે, ગંજાવર મકાનો છે; તેની બરાબર સામે જ આ ઝૂંપડાં છે, ગટરનો ગંધ મારતો કાંઠો છે, ભેજથી કચકચી ગયેલી જમીન છે, અને પારાવાર મચ્છર, માખી અને ડાંસનો કંટાળાભર્યો ગણગણાટ છે. તેમાં આ નાદાનો કશાય કચવાટ વગર—કશીય ઈર્ષ્યા વગર પડ્યા રહે છે તે તેની લાપરવાહી નહિ તો બીજું શું?

અનેક કારણે શહેરને ગરીબો—શ્રમજીવીઓ જોઈએ છે ધનિકો તેઓને રોજીની લાલચ આપી બોલાવે છે. તે બીચારા જીવન ટકાવવાનું સાધન મેળવવા દોડતા આવે છે. પોતાના પંડને કુરૂપ કરી નાખીને પણ શહેરની સુંદરતા સરજે છે. પોતાની અતિ અલ્પ જરૂરિયાતની અફળ આશાએ બીજાની જરૂરિયાત પૂરી પાડવા તૂટી મરે છે પછી એ જ બોલાવનારાઓ તેઓની ગરીબીજન્ય પામરતા, હેવાનિયત, કુસંસ્કાર કે પતનથી ત્રાસે છે અને 'કાયદાના કોરડા વીંઝે છે. તેમને ધારાવીના ચામડાના કારખાના જીવતા રાખવા શહેરમાં મજૂરો જોઈતા હતા ગરીબોને રોટી અને રહેવા આશરો જોઈતો હતો અડધી—પડધી રોટલી તો મળતી, પણ આશરો જ્યારે માલિકોએ—રાજ્યસત્તાએ કે Housing problemને અગત્યની સમસ્યા ગણતી સુધરાઈએ ન આપ્યો ત્યારે જ તેમણે ગટર—કાંઠે ઝૂંપડાં બાંધ્યાં અને પોતાના દુર્ભિક્ષ પરિવાર સાથે પડ્યા.

આમ પડવું એ તો દેખીતો કાયદાનો ભંગ. સજાગ સુધરાઈ

એવુ માથાભારેપણુ કેમ ચલાવી લે ? તેની પાસે મરહૂમ સર ફિરોઝશાહ મહેતાનો તૈયાર કરેલો એક્ટ હતો, તેની એકેએક કલમનુ પુરેપૂરું રહસ્ય સમજી ચૂકેલા માણસો હતા, તેના ભાગની ચાડી ખાનાર અનેક પગારદાર ચાડિયા હતા, અને શહેર સુધારવાની અનેક યોજનાઓ કાગળમા તૈયાર પડી હતી, ત્યા નવીન ધારણ તો કેમ થવા દેવાય ? પણ શહેર કયારે સુધરે ?-સુધારેલુ શહેર લોકોને સુધારશે કે સુધારેલા લોકો શહેરને સુધારશે એનો હજુ ‘ घृताधारे पात्रं वा पात्राधारे घृतं ’ ની જેમ અણઉકેલ્યો કોયડો જ રહ્યો છે !

સ્વર્ગસમ ગણાતા મુંબઈમા નર્ક જેવો ગણાતો ધારાવીનો લત્તો મને સોંપાયો હતો અને તે સુધારવા કાયદાનો અમલ મારે જ ત્યા કરવાનો હતો. આની અગાઉ જ્યા કલરવ કરતો દરિયો અને મહેલો છે, જ્યા પુષ્પોથી હસતા બગીચા અને મહાલયો છે, જ્યા શાન્તિદાયક ફુવારા અને પ્રાસાદો છે એવા સુંદર લત્તામા, સુખી અને કેળવાયેલા લોકોની વચમા, અને જ્યા શહેર સુધારવાના પ્રથમ અખતરા પાછળ સુધરાઈએ વધુમા વધુ ખર્ચ કરેલ છે ત્યા મે કામ કર્યું હતું. ત્યાના તાજા ખ્યાલો ભરીને જ હુ ધારાવીના ગંદા ગટર-કાઠાના પ્રદેશને સુધારવા ગયો, એટલે ગરીબોના સંજોગો, ખાતાનો પક્ષપાત અને ઉદ્યોગકેન્દ્રની ગંદકીનુ સ્વાભાવિકપણુ મને સમજાય તે પહેલા ત્યાની ગંદકી અને માણસોની પામરતા મારી આંખમા વધુ વસી ગયા. આ પૂર્વગ્રહે ખરી વસ્તુસ્થિતિથી મને ખૂબ દૂર રાખ્યો.

જ્યારે પહેલો તે જગ્યાએ ગયો ત્યારે તો મને ખૂબ ગ્લાનિ થઈ. હુ નથી કહી શકતો કે આ ગ્લાનિ મારી ઘ્રાણેન્દ્રિયને પહોંચેલા આઘાતથી થઈ કે ગરીબોને આવા ખરાબ સ્થળમા સમાજની વિકૃત વ્યવસ્થાથી રહેવાની ફરજ પડે છે તે દુઃખે થઈ ? પણ એટલુ ખરું કે જ્યા સુધી હું ત્યા ઊભો હતો ત્યા સુધી મારો રૂમાલ મારા નાક આડે

જ મે રાખ્યો હતો, અને અગાઉ એક વખતે જ્યારે 'સેવામંડળ' તરફથી યોજાયેલા "દરિદ્રનારાયણના દર્શન" નામના પ્રસંગનો સંચાલક બનીને હું ત્યાં ગયો હતો ત્યારની મૃદુ પ્રેમાળ વાણી આ ખરા અમલ કરવાને ટાણે માગમાં નહોતી. મે સહેજ પણ તેમના સંજોગનું ન પૂછ્યું, તેના બાળબચ્ચાની હાલતનુ ન પૂછ્યું, અહીંથી એમને જવું પડે તો કયા જઈને તેઓ પડશે તે પણ ન પૂછ્યું, તેઓની રોજની આવક શી છે અને તેમાં આટલો પરિવાર કેમ નભે છે તે પણ ન પૂછ્યું પણ તે વખતે તો જેમ વીંછી ચડાવનારના મનમાં વીંછી ચડાવવાનો મંત્ર સહજ આવે તેમ આ ઝૂંપડાભંગનો ૨૮૦ નંબરનો સુધરાઈના કાયદાનો મંત્ર મનમાં ઘોળાતો હતો. આખરે અમલદારશાહી વાણીમાં મે કહી દીધું કે, 'આ ઝૂંપડાં આઠ દિવસમાં કાઢી નાખજો, નહિતર કોર્ટમાં દંડ થશે'

ઘરે ગયો ત્યાં વળી બીજા જ વિચારો આવ્યા કે, ગરીબો ક્યાં ક્યાં કેવા ગંદા લત્તામાં પડ્યા છે, કેવી અગવડ ભોગવીને જીવન પૂરું કરે છે, ઝૂંપડાં કાઢી નાખે તો પછી જાય ક્યાં—છે બીજે ક્યાંય આશરો ? સરકારે સસ્તા મકાનો પૂરાં પાડવા જોઈએ, સુધરાઈખાતે એ કાયદાના અમલમાં વધુ નરમ અને રહેમદિલ થવું જોઈએ, નહિતર ગરીબો મરી જશે આ રીતે ઘરનો 'હું' અને અમલદાર 'હું' ભિન્ન બની ગયા એક 'હું' બીજા 'હું'ને છેતરતો હતો. એક 'હું' બીજા 'હું' સામે બળવો જગવતો હતો. બીજો 'હું' વ્યવહારુ ડહાપણની મદદથી પહેલા 'હું' ને શમાવતો હતો. આ રીતે મારા આત્મામાં બળવો અને છેતરપિંડી નિશદિન ચાલ્યા જ કરતા રોજ હું સત્તા અને ભાવનાની હડફેટે ચડતો હતો અને જીવન વહતો હતો.

'આવો તો હું કયારેય નહોતો. ત્યારે આમ કેમ થયું ? મને કોણે આવો કરી નાખ્યો ? આ તો અસહ્ય છે' એમ માની ઘણી વખત

ઘરનો 'હુ' બોલી ઊઠતો કે, 'મૂકી દે ને એવો હૃદયવિદારક ધંધો અને કાયદો, તને ક્યા સત્તા અને પૈસાનો એટલો બધો મોહ છે?' ત્યારે મન કહેતુ કે, 'ખોટુ, તદ્દન ખોટુ. કોણ કહે છે કે મને સત્તા અને પૈસા નથી ગમતા? મે ક્યારે ખાવામા કૂરિયાવાળુ પોરબદરી ઘી અને કેસરી દૂધના કટોરા નથી ઇચ્છયા? મને ગાલીચા અને સારી સજાવટ વગરના ઘરની શરમ ક્યારે નથી આવી? પોતાની નહિ તો પારકાની મોટર-કારની સહેલગાહ મને ક્યારે મીઠી નથી લાગી? મોઘી કેરી ન ખરીદી શકાણી ત્યારે રડતા છોકરાઓને જોઈ મારી ધનહીન દશાએ મને નથી રડાવ્યો? સારા કપડાના અભાવે સગા ભાણેજના લગ્નમા જતા હુ નથી અટકી ગયો? રસ્તામા નીકળતા મારા સત્તાના માણસોની સલા-મોનો મને ગર્વ નથી થયો? મને દુનિયામા ધનિકોના જેવુ જ બધું જોઈએ છે. લોકોની સલામો અને બીજા ઉપર મારી છાપ પડે તેમ મારે જોઈએ છે એ બધુ આવે છે મારા આ કાયદાના અમલવાળા હૃદયવિદારક ધધામાથી તે છોડીને આટલા વર્ષે કોને આધારે જાઉ? ક્યા જાઉ? ભાવના ઠીક છે, પણ.........હુ ફકીર નથી—સંન્યાસી નથી, એટલે લાચાર છુ! આજે તો હુ નર્યો Robot–યત્રમાનવી છુ. તે ખરુ છે, પણ કરુ શુ?

મારી ઓફિસમાથી ઝૂપડા પાડી નાખવાની, અને જો તેઓ જાતે ન પાડે તો સુધરાઈએ તેના ખર્ચે પાડવાની નોટિસ છૂટી હતી આ નોટિસનો સામનો કરવાની બળવાખોર વૃત્તિથી તો નહિ, પણ બીજી કોઈ યોગ્ય જગ્યા નહિ મળી હોય તેથી, અગર તો 'સુધરાઈ જેવી કલ્યાણક' સસ્થા કીડી ઉપર કટક લઈ પારેવડા જેવા રાકને રઝળાવવા દોડતી ન જ આવે એવી શ્રદ્ધાથી તેઓએ ઝૂપડા પાડ્યા નહિ કદાચ થોડો વધુ સમય નીકળી જાત, પણ બાજુમા થયેલી મિલના શ્રીમત માલિકે ફરિયાદ કરી એટલે એક દિવસે મજૂરો અને પોલીસોનુ ટોળું

લઈ ગયા અને ઝૂંપડા પડાવી નાખ્યા. તે દિવસ હું કદી નહિ ભૂલું હૈયું કહેતું હતું ગરીબોના ઝૂંપડા રાખવાનું અને હાથ ચલાવતો હતો ઝૂંપડા પાડવા કાતિલ કુઠાર ! ભાવના કહેતી હતી કે 'બૂરું થયું', નોકરિયાત માનસ કહેતું હતું કે, 'હાશ, પત્યું ! વાણું ગઈ !'

ઝૂંપડા પાડવાની સાથે થોડીઘણી કચગપટ્ટીમાથી વીણીને કામમા લીધેલી તેઓની ભાગીતૂટી ઘરવખરી પણ માટીમા મળી ગઈ એક તરફથી છોકરાઓ ભૂખે રડતા હતા, કારણકે ઝૂંપડા પાડવા આવશે તે ભયથી તેઓ માગવા કે મજૂરી કરવા ગયા નહોતા; સ્ત્રીઓ રડતી રડતી કંઈક અસ્પષ્ટ શાપો વરસાવતી હતી, એક-બે માળા પહેરેલા વૃદ્ધો સજળનેત્રે આકાશ સામે જોઈ ભગવાનને ઠપકો આપતા હતા. મલ્લાપ્પા અને તેની સ્ત્રી નાગામ્મા બધાને ધમકાવતા ધમકાવતા ભાગેલ વસ્તુઓ વીણી એકઠી કરતા હતા અને અમે સૌ સ્થિરભાવે ઊભા ઊભા ગરીબોની હાલતનો કરુણ તમાશો જોતા હતા મને લાગે છે કે તે દિવસે કોઈએ ખાધું નહિ હોય. ભૂખ્યા ભૂખ્યા કાં તો રોષમા ભાન ભૂલી આપસઆપસમા ઝઘડ્યા હશે, બાળકોને ઢીબ્યા હશે, અને પછી થાકયા હશે ત્યારે ભૂ-શૈયા ઉપર લાંબા થઈને સૂતા હશે!

ઝૂંપડા પાડતા લાગેલ પોણી કલાક સુધી ત્યા ઊભા રહેતા વળેલો પસીનો લૂછી લૂછીને મારો આખો રૂમાલ ભીંજાયો હતો, સૌ ખૂબ અકળાયા હતા, તોપણ તે વખતે જરાય ખ્યાલ ન આવ્યો કે ભર-ઉનાળાનો બધો તડકો માથે લેતા આ ગરીબોને શું વીતશે ? તેના માંદલા છોકરા અને વૃદ્ધોનું શું થશે ? તેની તોડી-ફોડી નાખેલી વસ્તુઓ તેઓ ફરી વખત કેમ વસાવશે ? અને ઝૂંપડા તોડવાની મજૂરીના રૂપિયા ચાર તે કયાંથી ભરશે ?

આ વાત પણ ભૂલત, પણ તે ઝૂંપડાની નજદીકમા એક ધનિકે પોતાની જમીન ઉપર ભાડા ખાવા માટે બધાવેલા ઝૂંપડા આજે બે-

ત્રણ વર્ષ થયા જેમના તેમ ઊભા છે. તે પડાવવાના કાગળો તૈયાર થાય છે, કેમ મ ડાય છે, મુન્ત લખાવાય છે, અને આખરે કોઈ અદશ્ય કારણે તે માંડી વાળવામા આવે છે ને તરફ નાગાભ્માએ નજર કરી નિ શ્વાસ નાખી તેના પ ડના ચામડા ચૂસતા ખોળામા પડેલા છોકરાને ગુસ્સામા નીચે પછાડયો ત્યારે ખરુ ભાન થયુ કે આ ગરીબો છે માટે પિલાય છે–તે ધનિક છે માટે બચી જાય છે! ત્યારે જ મને કાયદાનો વિવેકહીન અમલ કાયદાના હેતુને જ કેવી રીતે હણે છે તે સમજાયુ. મારી શુષ્ક કાયદાપ્રીતિમા નરી પશુતા જ દેખાણી.

ઝૂપડા પાડી ગરીબોને ભગવાન–ભરોસે છોડી ચડેલો થાક ઉતારવા ઈરાનીની હોટેલમા જઈ 'દાદા' ઈશ્વરકૃપાથી બધુ નિર્વિઘ્ને પતી ગયુ ' એવા આશ્વાસન સાથે ચાનો પ્યાલો ખાલી કરી તે વાત ઉપર પડદો પાડી દીધો.

*

થોડાક દિવસ પછી તે જ રસ્તામા ફરી વખત જવાનું થયું ત્યારે તે લોકોને રસ્તા ઉપર એક ઝાડ નીચે પડેલા જોયા એક છોકરો તુરતમા મરી ગયો હતો અને તેનુ શબ ખુલ્લુ કફન વગર ત્યા પડયુ હતુ અને મલ્લાપ્પા અને નાગામ્મા તેની પાસે બેઠા બેઠા રડતા હતા. • એક આધેડ વયનો માણસ તેની આખરી ક્રિયા માટે રસ્તા ઉપર જતા માણસો પાસે ભીખ માગતો હતો. બીજા ત્રણ–ચાર માણસો એક બીજી બીમાર બાઈ પાસે બેઠા હતા તેમા ઉઘરાવનાર માણસે મારી પાસે આવી પૈસા માગ્યા. હુ જવાબ કે પૈસા આપું તેટલામા તો મલ્લાપ્પાએ આવી તેને વાર્યો કે, 'મુલ્લાપ્પા! એ તો આપણા ઝૂપડાવાળા સાહેબ છે, નથી ઓળખતો ' માણસ નો ઓળખતો ના કે કોની પાસે માગુ છુ? સાહેબ, મનમા કાંઈ ન લાવતા, તમ તમારે જાવ, એ માણસ તો મૂરખ છે એને ખબર નથી કે ક્યા મગાય અને ક્યા

ન મગાય ! એની વતી હું માફી માગુ છું.' આમ કહી નીચો નમી મારા પગની રજ માથે ચડાવી ધુલ્લાપ્પાને લઈને ચાલી ગયો

હુ ત્યા કયાય સુધી ઊભો રહ્યો. મે ઝાડ નીચે બેઠેલા માણસો-ને મારા તરફ તાકીને જોતા જોયા અને મને લાગ્યું કે કેમ જાણે તેઓની આંખો મને ઠપકો આપતી ન હોય કે, ' કાયદાના રક્ષક ભાઈ ! અમારા ગરીબના ઝૂપડા પડાવી નાખ્યાં તેનો હવે તો તને સતોષ છે ને? હવે તો ગામની તદુરસ્તી સુધરી ગઈ છે ને? ગામના ધનિકો મરતા બચી ગયા છે ને? ટાઢ, તડકો, પવન, ધૂળ અને વરસાદથી અમને થોડુ ઘણુ રક્ષણ આપતા, અમારા અર્ધનગ્ન દેહને ઢાકી મર્યાદા જાળવતા, અને વિશાળ સૃષ્ટિમા કઈક અમારુ ગણી શકાય તેવા એ રંક ઝૂંપડા જતા હવે તો ઘાણુ નહિ થાય ને? આ ઝાડ નીચે જો તારા કાયદાની કલમ લાગુ પડતી હોય તો ભલો થઈને અગાઉ-થી કહી દેજે એટલે કોઈ પાતાળમા જઈને પડીએ, નહિતર તારા સરકારી ખર્ચના બિલ ચૂકવતા અમ ગરીબના ચામડા ચિરાઈ જશે ! ઝૂપડા ગયા, તેની પાછળ આ ચંકાપ્પા ગયો, બીજી અમલ્લામ્મા જવા બેઠી છે, તેમ બાકીના પણ ચાલ્યા જઈશું. પછી તુ અને તારો કાયદો સુખે જીવજો !' મારી આખના આસુઓ બેધ્યાનપણે લોહતા લોહતા આ દીવાસ્વપ્ન મે કયાય સુધી જોયા કર્યું, અને જ્યારે મારા મદદનીશે બૂમ પાડી ત્યારે યત્રવત્ તેની પાછળ હું ચાલી નીકળ્યો. પણ કયાય સુધી મારા કાનમા અવાજ ગુંજતો હતો કે—' ઝૂપડા ગયા, ચકાપ્પા ગયો, અમલ્લામ્મા જશે......પછી કોઈ કાયદો નહિ લાગે ! ' અહા ! શી કરુણ અસગતતા !

રાણી

જ્યારથી તોગા આયર જેવા બળિયા સાથે દરબારે બગાડયુ ત્યારથી જ ગામને બીક તો હતી કે જરૂર કોઈ પણ વખતે તે દેરડી ઉપર ત્રાટકશે અને દરબારનુ વેર તેની રાંકડી રૈયતને રંજાડીને લેશે. તખુભા તો હતો ગામધણી, અન્નનો પાલનહાર, એટલે તેને તો હાથ ન અડાડી શકાય એવો તે દેવી માનવી ગણાય, તેથી ' પખાલીને વાંકે પાડાને ડામ'ની જેમ રાંકડી રૈયત સિવાય વેર લેવુ ય કોના ઉપર ? ' સતયુગથી આમ જ ચાલતુ આવ્યુ છે, ત્યારે આ તો કળિયુગ હતો!

કાયદાથી પગારદાર માણસો દ્વારા જ્યારથી પ્રજાનુ રક્ષણ થવાં માંડયુ છે ત્યારથી ધીમેધીમે ભય અને તેના પ્રતિકારનુ ભાન લુપ્ત થતા તેનુ લડાયક ખમીર અને શૌર્ય ઓસરતુ જાય છે, તેને જીવવુ વધુ ને વધુ વહાલુ બનતુ જાય છે અને નિર્માલ્યતાભર્યો વિલાસ અને એકલપેટાપણુ તેનામા પ્રવેશતુ જાય છે. ઘણા વર્ષો થયા ગામનુ રક્ષણ સરકારી પસાયતાઓ કરે છે તેથી અનેક મર્દોના પાળિયાથી શોભતા પાદરવાળા દેરડી ગામમા સરકારી પોલીસ–પટેલ મૂળજી સિવાય બીજુ કોઈ ત્યા પડકાર કરે તેવુ નહોતુ. મૂળજી કઈક જાતીલો હતો અને તેને થોડીક હથિયારની અને થોડીક સરકારી હોદ્દાની હૂંફ હતી એટલે તોગો સરકારી માણસને પજવતા જરાક મનમા ઘા ખાઈ

જતો. પણ જ્યારે તેણે જાણ્યુ કે ને રજા લઈને પોતાને ગામ ગયો છે, એટલે રેઢા પડમાં દેરડી ઉપર આવવુ તે તો 'આકડે મધ' જેવું લાગતા તેણે એક ખેડુ સાથે તખુભા દરબારને કહેરાવ્યુ કે, 'હવે માટી થાજે. મારા ચોરને ઓથ આપી ગ્યો છો તો તેનો હિસાબ સરભર કરવા દેરડી ધમરોળવા આઠ દિવસમા આવુ છુ આજથી એક બાંધતો 'હો તો બે બાધજે!'

તખુભાએ એકને બદલે બે તો ન બાંધી, પણ તોગાના તાપે સીમ દી-છતા ઉજ્જડ થઈ જતી, અને ગામનો ઝાપો દીવાટાણે દેવાઈ જતો. ગત્રે ગામની ઉજ્જડ ચોકી કોટવાળ આલમ ગામેતીને દરબારે સોંપી. લોકોએ પોતાનુ જોખમ સગેવગે કરવા માંડયું. પણ એક રાત્રે જ્યારે 'છોકરા ઢીબડિયો તારો' ઊગ્યો અને ગામમા ઘમ્મર ઘટી શરૂ થઈ ત્યારે આલમની ઘરવાળી રાણી પણ ઊઠી, અને પડ કરતાં ક્યાય નાની ખાટલીમા ટૂંટિયા વાળીને સૂતેલા પોતાના ધણી ઉપર આસ્તેથી એક ગોદડું નાખી જ્યા ઘટીએ બેસવા જાતી હતી ત્યા તેણે લોકોના રીડિયા સાભળ્યા તુરત તે કળી ગઈ કે જરૂર તોગો ગામમાં આવ્યો છે તેને એકદમ યાદ આવ્યુ કે ગામમા કઈક ગણાય તેવો મૂળુજી રજા ઉપર હતો અને બીજો કોઈ એવો કાડાબળિયો નહોતો કે તોગાને પડકારે અને મોકો આવ્યે તેની ઝીક ઝીલે, પણ રાણીને આલમ માટે ભારે પોરસ હતો એટલે તેને લાગ્યુ કે, ભલે ને તોગો આવો લાગ સાધીને આવ્યો હોય, પણ એનો ધણી આલમ ગામેતી તેનાથી કયા કમતી છે! એય તો સંધીનો દીકરો છે, જુવાન છે, વળી ગામનો કોટવાળ છે; પણ વધુ તો ને તમાચી જમાદારની બેટી રાણીનો મરદ છે! એટલે જો એના બેઠા તોગો દેરડી મારી જાય તો તો સધીની જનેતા લાજે-રાણીનો નેહભર્યો સસાર લાજે! ગામનું રક્ષણ ધણીધણિયાણીએ કરવુ ઘટે. મૂળુજી નથી તો શુ થઈ ગયું, કામ કરે ઈ મૂળુજી!

આમા ભય હતો, જીવ–સટોસટનુ કામ હતુ, બળિયા સાથે બાથ ભીડવાનુ હતુ, છતા કોણ જાણે કેમ રાણી અજબ ઉલ્લાસમા આવી ગઈ અને બધુ ભૂલી ગઈ

રાણી તમાચી જમાદારની દીકરી આ તમાચીએ જુવાનીમા એકલે હાથે બહારવટિયાઓને તગડી મૂક્યા હતા અને ઝપાઝપીમા એક આખ ખોઈ હતી આધેડ અવસ્થામા પોતાની જમીન માટે એક હાથમા તસબી અને બીજામા તરવાર લઈ રાજ્ય સામે બહારવટુ ખેડતા ખેડતા તે કામ આવી ગયો હતો પછી જ્યારે ઘરમા રાણી એકલી થઈ ગઈ ત્યારે તેના હાથ માટે સગાસબધીઓએ ઘણા ઠેકાણા બતાવેલા, ઘણા જુવાનિયાઓએ ઝાવા નાખેલા. પણ પોતાના સ્વભાવને મળતો મરદ વધુ ફાવે એમ સહજ લાગતા મન ન માનતા સૌ ઠેકાણા પાછા ઠેલી બધાની મરજી ઉપરવટ તેણે સૈયદની દીકરી થઈને સધી આલમ ગામેતીનું ઘર માડ્યું હતુ તેને ગામ આખામા બીજા બધા કરતા આલમ કોઈ જુદી માટીનો લાગ્યો હતો આજે એ પાણી બતાવવાનુ ટાણુ આવ્યુ છે એ ખ્યાલે તે ભય ભૂલી ગઈ ઘરમા જઈ તેણે આલમને ઢંઢોળ્યો. આલમ અર્ધનિદ્રામા ઠ્યવાતો ચ્યવાતો પડખુ ફરી ગયો રાણીએ ફરી વખત તેને હડબડાવ્યો કે, 'જમાદાર! ગામને પાદર દુશ્મન આવ્યો છે અને તને ઊંઘ કેમ આવે છે?' આલમ ખેચેલી આખે જ બોલ્યો, 'જીવ શેનો ખાય છે, ઊંઘવા દે ને! અત્યારમા શુ દાટ્યુ છે કે જાગી છો?' એમ કહીને ગોદડુ મએ ઓઢી ગયો. ગામમા બોકાસો વધતો જતો હતો અને નજદીક ને નજદીક સભળાતો હતો. રાણીની અધીરાઈ વધી આલમનુ ઓઢવાનુ ખેચી લઈ તેણે જરા તીખા સાદે બૂમ પાડી કે, 'ગામમા બહારવટિયાઓએ રજાડ માડી છે ને તને, સધી, કયા સુખે નીંદર આવે છે? ઊઠ, ઊભો થા!'

બહારવટિયાનુ નામ સાભળી આલમ ઊઠ્યો : 'કયા છે? કેટલા જણ છે? ક્યાનાં આવ્યા છે?'

'ઝાપે માતાના મંદિર પાસેથી અવાજ આવે છે. ઊઠ, ઊભો થા. આજે ગામમા કોઈ હોકારો દે એવું નથી. નથી મૂળુજી કે નથી પસાયતો. તખુભાએ તો ડેલી બંધ કરાવી દઈ પોતાના માણસોને અંદર ગઢ સાચવવા બેસારી દીધા છે. આજે તો, મારા કોટવાળ, મારા સંધી, ગામ આપણે ભરોસે છે. આવો મોકો ક્યારેક જ આવે છે કે આપણે ગામને પડખે ઊભા રહીએ. ભલે ગામ પણ જાણે કે ગામમા એક મરદ હતો કે જેણે એકલે હાથે બહારવટિયાને તગડી મૂક્યા હતા.' આમ કહી રાણીએ ઉમળકાભેર આલમના કપડા, તલવાર અને લાકડી લઈ તેની પાસે મૂક્યા. 'લે, સાબદો થા.' 'જરા સથરી થા. આંખ તો પૂરી ઊઘડવા દે એટલી વારમા ઝટપટ એક રોટલો ઘડી નાખ. ભૂખ્યે પેટે થોડુ ધિંગાણુ ખેલાશે? ઉતાવળ શુ છે? આવ્યો છે તે કાંઈ થોડો એમ ને એમ ભાગી જવાનો છે? ક્યા અજાણ્યો છે, હાથવેતનો માપેલો છે!'

'અરે, ચૂલો સળગાવુ, રોટલો ઘડુ અને તુ ખા ત્યા તો તોગો ગામમાં હાહાકાર વર્તાવી દે અને એક-એનાં ભોડાં રોડવી દે. અત્યારે ખાવાનુ હોય કે રૈયતની વાર કરવાનુ હોય? ઊઠ, ઊભો થા. ખાવાનું નામ લેતા લાજ! આ કાળી ચીસો નથી સંભળાતી કે મૂઆ તને ખાવાનુ નામ સાંભરે છે? જરા તો શરમા! ઓઢિયા ને કાતરા લાજે છે! તારી ફાટફાટ થતી જુવાની લાજે છે! જરા જાત સામું જો!'

'એક વાતની સો વાત, કે ખાધા વિના ડગલુય નહિ સંચરાય. ખાવાનુ સાંભર્યું એટલે ખાધા વિના જવામા સાર નહિ નીકળે. ઝટ ટીપી નાખને એક રોટલો, શું વાર લાગી જવાની છે? નાહકનો ખોટીપો તું કર છ!'

'ઠીક જમાદાર! તારા દિલમા ખુટામણનું કૂડું પાપ જાગ્યું લાગે છે, નીકર આમ કાંઈ હોય! થોડો પૂંછકેલની પેઠે પાણીમાં

એમાં જા! ત્યારે તું નિરાતે આવજે, હુ નહિ ગોડાઈ જાઉં હુ તમારા જમાદારની દીકરી અને આલમ ગામેતીની વચ્ચાળીથી થોડું રિસામણુના ચાનકા ગોઠવા આવે ટાણે ગોઠાવાશે? ગોયા પેટભરા, તે તો ગામની મલાજુ લજવી! બળાના ગરીબ બેટ્ટુના દીધેલા વાણા બગાડ્યા" ચોટની સૂડવી છૂટી આલમના માથામા મારી તેની કુહાડી લઈને તે બહાર નીકળી ગઈ. જતા જતા કહેતી ગઈ કે, 'જમાદાર, અલ્લા-બેલી! હવે રામરામ છે–આ પહેલા ને છેલ્લા મેળા!'

આલમ ફાટી આખે ચડિકા જેવી ગણીને જાતી જોઈ રહ્યો! ગમે તેમ હોય પણ આજે આલમ તે આલમ નહોતો. કા તો અમલ-દારોની ખુશામતભરી નોકરી પછી તેનુ પાણી મરી ગયુ હોય, કે બીજાની દેખાદેખીથી કા તો જિહ્વવિપાની ભૂખ જાગી હોય, કે કા તો તોગાએ તેને સાધી લીધો હોય! ગમે તે હોય પણ આજે ગણીનો જનામર્દ મરદ આલમ મરી ચૂક્યો હતો. ગામની મહોબત, લોકોની લાગણી, તેના પેટમા પડેલુ ગામનુ ધાન–બધુ તે ભૂલી ગયો! પોતે ગણીનો ગૌરવવતો–પોરસવતો મરદ હતો તેય ભૂલ્યો. તેની જુવાનીનું ખમીર અને ગણીની આશા એક સાથે ભાગીને ભૂકો થઈ ગયા એ કપાય સુધી રાણીને જાતી જોઈ રહ્યો, પછી ધીમે ધીમે ગણ્યો અને 'કોઈ ખતરનાક ઓરત છે ને! સાલી બેગમજાત! મના દે! બાપેર આમ જ મર્યો' તો!' આમ ગણગણતા ગણગણતા તે ડેલીની બહાર નીકળી ગયો

ગણી માતાના મદિર પહોચી અને જોયું કે અનગમ બોજા, કપૂર પારેખ અને લખમણ પટેલને તોગા ડગવવા માટે તગ્વારના ઘોડા માગ્યો હતો. એટલે તેણે પડકાર કર્યો કે, 'તોગા, બાપ, આ નવી નોઠનુ! દેરડી તો તારા બાપનુ ગામ, એની એટલી સાબરૂ તે. ગામ અને ખંખેવા કરી પાડો નખી જા, સાઈમાન! રતન નાહે ત્રેરી બા મા! મલકનો મહીયા મા!'

'બાપનું ગામ છે ઈ તો જાણ્યું, એની કોણ ના પાડે છે? ત્યારે ભાઈએ ભાગ હોય ને? આજે ભાગ લેવા આવ્યો છું. ધોળે દીએ ભરબજારે મારી બાયડીની આબરૂ ઉપર ગઢવાળાએ હાથ નાખ્યો ત્યારે ગામવાળા બધા મારા ભાઈ કયા ગયા હતા? ગામે મારી શુ આબરૂ રાખી છે કે મારે આજે તેની રાખવાની હોય? બિચારી દેવુ તો ગામની વચમાથી બાભરડી બાભરડીને ગઈ, પણ આખા ગામમાથી કોઈ મૂઠી ધાનના ખાતલે તે ગભરુની આબરૂની ધા સાભળી? સાલા નમાલા! ભાઈ થવા આવ્યો છે! એવા ધાન-બગાડાને ન મારુ તો પૂજા કરુ? એ તો ઠીક, પણ આજે ગામમા શુ કોઈ મરદ નથી મૂઓ કે તને બાઈ-માણુસને આગળ કરી છે? કયાં ગયો પૂછ જેવી મોટી મૂછ-વાળો ગામનો દરબાર? કયા ગયો અમલદારની આડશમા ગરીબોને દ્બડાવનાર તારો 'બકરકથો કટ્ટો સધી? કયા ગયા મોટા ઓડિયા, તસતસતી ઉરેબ અને સુરમેલ આખવાળા પારકી બૈયરના થનારા રગીલા માટી? શુ બધા બાયડીની સોડમા ભરાણા છે કે તારે આજે મારા જેવા મો-બળ્યા બહારવટિયા પાસે આવવુ પડયુ! અમને મળીને છેતરવા માટે તો નથી મોકલી ને? પણ રાણી, બેન, એ દી ગયા. જયારથી દેવુએ દરબારને ઓરડે પુરાઈ આબરૂ માટે પ્રાણ કાઢી આપ્યો અને મારે નસીબે આ રખડપાટ આવ્યો ત્યારથી તો, માવડી, દુનિયાના બધા રગ-બંધી મમતા ભૂલ્યો છુ. માટે હાલી જા, મારી બેન! હાલી જા, પાછી હેમખેમ! નાહકનો જો કોઈ અવડચવડનુ વેણ બોલશે તો મને કપાળમા કાળી ટીલી લાગશે! જા માવડી, ઘરે ઓલ્યો તારો ધણી ભૂખ્યો હશે, તેને રોટલા ખવરાવી-પિવરાવીને મોકલજે એટલે અમે હિસાબ પતાવી લઈશુ! ભાયડાની રમતુમા બાયડીનુ કામ નહિ જા, મારી બેન, જા. તારો સધી આવશે ત્યા સુધી નહિ ખસુ સાબદો કરીને મારા બનેવીને મોકલજે એટલે કાપડું દઈ મેલીશ. હમણા જા!'

‘અમસ્ત, ભાયડાને વિરામણ સાભરે, દરબાર ડેલીએ જરાપ અને જુવાનિયાઓને ઉતનુ વાં’હુ થઈ પડે એટલે જ બલોયાવાળીને આમ ડટાણે નીકળવુ પડે ને! ગજબ મા, દરબારના વેરની બદીમા રાકડી જાતને ગોળ્યા નાખતા તને અરેરાટી નથી થતી તો પછી બાયડીજાતની દયા આવવાની તો જરૂર? માગ બેઠા ગામમા તારાથી જુલમ નહિ થાય. આ બાનને છોડી દે, નાહકના ટેટા ફાટી પડશે!’

‘રાણી, ઘર ભેગી થઈ જા અમને અમારુ કામ કરવા દે? તને બોન કીધી છે તો તારા ધણીનુ નામ નહિ લઉ. એટલુ મારુ વેણુ છે, જાત તો રાજાનુ નાક કહેવાય, એટલે નાક કપાવીએ તો જ મોટુ કીધુ!’

‘તોગા, તને દરબાર સાથે વેર, એને બદલે રાકડી જાત ઉપર જુલ્માટ થઈ આવ્યો છે એમા કાઈ તારી મરદાઈ નથી. તોગા જેવો તોગો થઈ ફેડતા શુ લાભ છ! આટકને દરબારની ડેલી ઉપર? ત્યારે આડી નહિ આવુ, પણ ભાઈને પડખે દેવુ એનતુ વેર લેવા ઊભી રહીશ. પણ આ કાળો કામો મૂકી દે. એમા સાર નહિ કાઢ!’

‘એટલી બધી વાત છે? બાયડીજાતની મરજાદ રાખતા હતા ત્યા તો તે હદ વટાવી! ભાણુ, જરા આ જપને વળાવી દે, એમ સાસરા નહિ મૂકે’’ ભાણુ રાણીનુ કાડુ પકડવા જાય છે ત્યા રાણી તેના પગના નળામા કુહાડી મારે છે, એટલે તે ચકરી ખાઈ ને પડી જાય છ ત્યા તો કપૂર પારેખ અને અજાગમ તોગાને પકડી પછાડે છ રાણી કુહાડીનો ઘા કરી તેનો જમણો હાથ જોખમા નાખે છે. લખમણ બીજાના માથામા લાકડીનો ઘા કરે છે નબળાઈ કે બહાદુરી-નો ચેપ કોઈ વખતે તો એવો લાગે છે કે કલ્પેલો નાક તરા

પલટી જાય. જ્યારે કોઈ મરદ માયાની પરવા વિના ઝૂઝે છે ત્યારે આજુબાજુના પણ મરણિયા બને છે, જ્યારે કોઈ બીરુ પીઠ બતાવી ભાગે છે ત્યારે તેનો ચેપ પણ તેવો જ લાગે છે–મોખરાનો આદમી શુ કરે છે તેની ઉપર બધો આધાર હોય છે. રાણી અને બીજાને મરદ બનતા જોઈ બીજા ગામવાળાઓ પણ બહારવટિયાની ઉપર તૂટી પડે છે તોગો અને તેના પાચ સાથીઓ ઘાયલ થયેલા બે સાથીઓને પડતા મૂકી ભાગે છે રાણી ગુપચુપ ઘરે જઈ ડેલીની સાંકળ બધ કરીને બેસી જાય છે. થોડી વારે આલમ આવીને ડેલી ખખડાવે છે રાણી જવાબ આપે છે કે, ‘ડેલી નહિ ખૂલે, જમાદાર! હવે આ ઘરમા તારું બેસણુ ન હોય! કોઈ વાણિયા–ભામણની કે કોળી–વાઘરીની નમાલી છોકરી ગોતી લે! ખાઈ–પીને પરવાર્યો એટલે બાયડી સાભરી? હવે રાણીના લાલા છોડ! ગામને માથે જ્યારે આફત આવે ત્યારે જ શિરામણ સાભરે એવો પેટભરો રાણીનો મરદ ન હોય! પાછો વળી જા, તુ ઘર ભૂલ્યો! વતન માથે આફત આવી ત્યારે ધાન સાભર્યુ? ગરીબોએ કકળતી ધા નાખી ત્યારે પેટનો ખાડો ભરવો સૂઝયો? જે ગામે તને પોષ્યો તે ગામ સાથે આવી ખુટામણ? પાછો વળી જા, બેલીડા, પાછો વળી જા! આપણા સબધના આયખા પૂરા થયા. આટલી જ લેણાદેવી! હુ તો તારી મૂછના આકડા અને ઓડિયાથી છેતરાણી હતી કે તુ માથાની રમત રમનારો કોઈ માણીગર હઈશ, ગામની ભીડ ભાગનારો ખરો કોટવાળ હઈશ, શુદ્ધ સધીની ઓલાદ હઈશ; અને એમ જાણીને તો મે તારુ ઘર માડયુ, અગની એબ દેખાડી, ઓળખીતામા અળખામણી થઈ પણ ભૂડા! આવી ભોઠામણ આપવી’તી? આવુ ખુટામણ કરવુ’તુ? હુ કોને મોઢુ બતાવીશ? જા સધી, જા મારા ગાતર ગળે તે પહેલા સમજાણુ એય ઠીક થયુ, નીકર ઊતરતી આવરદાએ કોને કે’વા જાત! જા બાપ, તારાથી

ગભ્રૂ નહિ માનુસ! મોટા પેટવાળા અનનદાસની પોળી–પચેડેન આપ-ડાબુના કામ કર, તેના ગોડાળના ઓટલા ઝાડ, કેનાએ હાથ તનક અને નાદુસુના પથારી–પાગરણ ભેગા કરી મતાનુ જર, એટલે સુખની ઝાંઝરી અને મનમાન્યુ લિગમણુ એય આપને પછી નિરાતે બેઠા બેઠા ન્ય આમળજે એટલે કોઈ દિવાકુરી મળી રહુને હવે અહીં તારું કામ નહિ! ગભ્રૂ તો કાટાની મિઝાન!'

'ગભ્રૂ' ગભ્રૂ!'

'નાટકની પેઠે 'ગભ્રૂ, ગભ્રૂ' કરીને ગાજ મા! તારે તે ગભ્રૂને શું? ગભ્રૂ તો ક્યારની મરી ગઈ અને મારા નસીબ મારે મન આજથી મરી ગયો.

'એનો શું' નથી, મહાભારતની પહેલા ગને દીનેના નામ ગનોયા પણ નતો ન કોઈ દયાકુરીને ઝમાડી–ગીઝસા તને કામ આવને આપણા તો સેનુહેવી છુટા હવે મજ્જ કરી। તે કે તેનજીનો માનુ-ષર નગને તો, નીકર અંતાએનો! નનાના પેટસનની મોડ નહિ એનુ, મૂરજનુ ઓરાનુ નહિ ઓઢ્યું કે બાપનાળા ગયેલા હવે આ કારે નહિ પેરુ!'

'ગભ્રૂ, એક વાત તો સાભળ! ઠેકી તો ઉતાર'

'મા, બાપ, મારા ભાઈ, મા જુતા મા ગભ્રૂને ગભ્રૂ તારી ન હું! મારા જુતા ભેગા થયા હતા, હવે મારા ભેગા ગયો અને છુટા થયા–આપણા મારગ જુદા તારો ડાબાનો, મારો જમણાનો!'

ગભ્રૂનો આ જના–વિચ્છેદ કોઈ દૃષ્ટાન્ત દષ્ટિનો નહોતો. ગભ્રૂએ પ્રાચીન નેત્ર કે પ્રાતિક જના કરને રહેતા તેમાના જ એટલે નાખી ન્હાતા કરી નાખ્યા. તેના ઘરના જ ... હતો, તેના આ

લગ્ન-વિચ્છેદ પણ એટલો જ સહજ હતો ! તેને લાગ્યું કે જીવનનો જો મેળ ન મળે તો તેને ખેંચવામા શું સાર ? એમાં તો બંનેને ખોટ જ ખાવાની હોય !

આલમ શરમનો માર્યો ચાલ્યો ગયો ફરી કદી તે દેરડી ગામમા ડોકાયો નહિ દરબારે આલમની જગ્યા ઉપર રાણીને કોટવાળ બનાવી.

' નમાલાની સોડ નહિ સેવુ. મરદ કરીશ જો કોઇ મરજીવો માણીગર મળશે તો, નીકર અલ્લાબેલી ! '

આ વેણ પાછળ કોઈ મરજીવાની પ્રતીક્ષા કરતા રાણીના ચાળીસ ગયા—તેમ કદાપિ ભવોભવ જાય તોય શુ ?

બપોરે ચાલીમા બે–ચાર માણુસો ભેગા થયા ત્યારે એમ ગોઠવણુ થઈ કે સમસુ ઝુલૈયાએ ડોશીને બહાર કામ માટે જવુ ન પડે એટલા માટે પોતાના કારખાનામાથી સૂતરના દડા કરવાનું કામ આપવું. કરીમાબીએ માલ લાવી દેવો અને તૈયાર દડા પહોચાડવા જમિયલશાએ આસ્તેથી કહી દીધુ કે, 'અમ્મા ! આજથી આ બકરી નબીની ! હું રોજ દરગાહેથી ઝાડપાલો લેતો આવીશ તમે આવી જઈફ અવસ્થાએ કયા દૂધ કે પાલો લેવા જશો ?'

નાના નબીને આમ તો જોકે પોતાનુ કોઈ નહોતુ, છતા પણ મમતાએ અને દયાએ, અને ખરું કહીએ તો જઈનાબીના માતૃત્વ-ભૂખ્યા મને, તેને પોતાનો કર્યો હતો તેનુ કોઈ નહોતુ એટલે જ તે સ્વેચ્છાએ તેની અમ્મા બની ગઈ હતી. બાકી તો આવી પારકી મમતા પાછળ તો તેના નસીબમા વૈતરું હતુ. પણ વ્યાપારી ગણતરી કરતા દિલની એકલતા હરવા તેના ખાલી ઘરમા ખુદાએ જ આ બાળ–ફિરસ્તો મોકલ્યો છે મોતને કાઠે બેઠેલી ડોશી હસતા બાળક સાથે બોખે મોએ હસતી અને રડતા સાથે છાના આસુ પાડતી અને પોતાના મોનો કોળિયો તેના મોમા આપી દેવામા તેને આનદ થતો આ ભાવ એટલે માતૃત્વ. આ માતૃત્વને જાણુવુ અને પ્રમાણુવું એટલે માતૃપૂજા.

ડોશીને પોતાના પેટની ચિતા અને તેના માટેનુ વૈતરું કેમ જાણે સિત્તેર વરસની કાયાએ કમતી ન હોય એમ તેમા પુરવણી કરવા નબીનુ નાનકડુ ભૂખાળવું પેટ અને ચોવીસે કલાક ચાલે તેવુ કામ આવી મળ્યા તે બાળકના રજમા પોતાનો રજ ભૂલી નબીને ઉછેરતી હતી. નબીને ઉછેરવો એ તો ઠીક કામ હતુ પણ તેને માટે ઘરમા બકરી રાખવાથી બીજાને ત્રાસ થવાનો સભવ હતો, અને તે કાયદાની વિરુદ્ધનુ હતુ નાગરિક જીવનમા વ્યક્તિ અને સમષ્ટિના નેક પ્રશ્નો એકબીજા સાથે સકળાયેલા હોય છે. એટલે જ્યા સુધી

આખો ફોડકો ન ફિક્ષે ત્યાં સુધી તેના અમુક અંગનો ઉકેલ લાવવો બનતો વ્યક્તિ અને સમષ્ટિના પ્રશ્નો અને તેનો ઉકેલ જુદાં હોય છે એટલે હિતનું કાર્ય બીજાનું અહિત કરનારું બની જાય છે

વ્યક્તિએ સમાજની સામાન્ય વ્યવસ્થાની જાળવણી માટે સમષ્ટિમાં સમાઈ જવું જોઈએ અને કોઈ વખતે વ્યક્તિગત સ્વાર્થ કે દૃષ્ટિએ ઉચિત ગણે પણ સમષ્ટિ ન ગણે ત્યારે સમાજને નમવું પડે તે વાત જેમ સાચી છે તેમ વ્યક્તિનું વ્યક્તિત્વ મરી ન જાય અને સમષ્ટિના એકમ ક્યાંઈ ન જાય એટલી કાળજી ચીવટપૂર્વક રાખવી પડે તે વાત પણ તેટલા જ પ્રમાણમાં સાચી છે. કાયદાના ઘડતર વખતે તો આ ખ્યાલ જરૂર હોય છે, પણ જ્યારે વ્યક્તિગત રીતે તેના પોતાના દૃષ્ટિકોણથી જોવાનો પ્રસંગ આવે છે ત્યારે તેનાં કારણ જુદાં બની જતાં દેખાય છે, તેનું મન મૂંઝાય છે, મનમાં તેના ઉકેલની ગડમથલ મચે છે. વળી બીજી જ ક્ષણે સમષ્ટિનો દૃષ્ટિબિન્દુ કોઈ બીજું જ તત્ત્વ દર્શાવે છે અને વ્યક્તિની સમ ખાતો ઉકેલ જ સમષ્ટિનાં દુઃખનું કારણ હોય તેમ લાગે છે. આવે વખતે જ મરી જવા જેવું થઈ જાય છે અને તેમાં તો વ્યક્તિના એકમને ખૂબ જ સાચવવા તો ખુદ સમષ્ટિની ઉપેક્ષા કરવી.

આપણા કાયદામા જે રીતે વર્તમાન ગુના માટે વિચારણા છે તેટલી ગુનાના ગુનાની અને તેના ભાવિની નથી. એટલે જ સમષ્ટિને નામે વ્યક્તિના વ્યક્તિત્વને કચગાઈ જવુ પડે છે અને વર્તમાન સાથે જ તેના ભવિષ્યનુ ભવિષ્ય પણ થઈ જાય છે. જીવનની પેઠે જ દરેક ગુનાને–પ્રશ્નને ભૂત અને ભાવિ હોય છે વ્યક્તિગત દુઃખો અને ભૂલોથી સમષ્ટિ આખાની ભૂલો અને દુઃખદ સ્થિતિ થાય છે કે સમષ્ટિના દુઃખો કે ભૂલોથી વ્યક્તિગત દુઃખો જન્મે છે, એટલે કે વ્યક્તિ તેમ જ સમષ્ટિના દુ ખનું ઉદ્‌ભવસ્થાન કયુ છે તે એક અટપટો કોયડો છે. વડ અને બીજના ન્યાય જેવી તે સમસ્યા છે આ કોયડાના ઉકેલની દૃષ્ટિએ થયેલ ઉપાય ખરો ઉપાય છે.

અમારી પાસે વરધણી તરફથી ફરિયાદ આવી કે ડામાટીપુરાની પાચમી ગલીમા આવેલી એક લાબી ચાલીમા ભોયતળિયે સંડાસ પાસેની ખોલીમા જઈનાબી નામની એક બાઈ બકરી રાખે છે તેથી બીજા ભાડૂતોને ત્રાસ થાય છે. આમા વ્યક્તિ અને સમષ્ટિ બને હતા. ધાણ કરવાનુ કારણ ઘરમા રાખવુ એ મ્યુનિસિપલ કાયદાનો દેખીતો ભગ હતો આવો ભગ ચાલુ રહે તો અન્ય અનેક વ્યક્તિઓ, એટલે કે સમષ્ટિને, નુકસાન-તકલીફ થવાનો સભવ હતો. બીજી બાજુએ, કાયદા પ્રમાણે વર્તવા જતા એક એક વ્યક્તિને ભારે નુકસાન થવાનો પણ એટલો જ સભવ હતો આ અસંગતતાનો નિકાલ કોણ કરે ? આટલા જ માટે કાયદો ગાડો ઘોડો છે (Law is a mad horse) એમ કહેવામા આવે છે.

ફરિયાદ કરનાર વાજબી હતો, કારણકે સુધરાઈના કાનૂન પ્રમાણે રહેવાની ખોલીમા જાનવર ન રાખી શકાય એથી તેમા રહેનારની તેમ જ મકાનના બીજા ભાડૂતોની તંદુરસ્તીને નુકસાન થાય. દરેક વ્યક્તિ રાષ્ટ્રની પત્તિ છે એટલે તેને નુકસાન કરનાર હરકોઈ વ્યક્તિ-પછી તે બહારની

દાના આધારે કરવાનુ હતુ, અને એ રીતે વ્યક્તિને ભોગે સમષ્ટિને સ તોષવાની હતી. એટલે જ્યા માનવતા જિવાડવા માગતી હતી ત્યા સમષ્ટિને નામે કાયદો નબીને ભૂખે મારવા તૈયારી કરતો હોય તેમ સુધરાઈનો અમલદાર કાગળિયા તૈયાર કરતો હતો.

'બાઈ, જઈનાબી તમારું નામ કે?'

'હા, બેટા! હુ જ જઈનાબી.'

'તમે તમારી ખોલીમા બકરી રાખો છો તે ખરી વાત કે?'

'હા બેટા, જરૂર એક બકરી આ છોકરાના દૂધ માટે રાખી છે એ બીમાર છે, એની મા મરી ગઈ છે, એટલે બકરીના દૂધ ઉપર જ છે.'

'બકરી શા માટે રાખી તે નથી પૂછતો, પણ આમ બકરી રાખવી તે ગુનો છે તે તો જાણો છો ને?'

'હશે બેટા, તુ કાઈ થોડુ ખોટુ કહેતો હઈશ!'

'ઘરમા બકરી રાખવાથી ઘાણ થાય છે તે તો જાણો છો ને?'

'કેમ ન જાણુ, બેટા? જરૂર ઘાણ થાય એક તો ભોયતળિયાની ભેજવાળી ખોલી, અને તેમા બકરી ગ દકી કરે, એટલે ઘાણ તો થાય ને? શુ કરુ? લાચાર છું. પણ આ છોકરાની જિ દગી ખાતર બધુ સહન કરુ છુ?'

'બકરી કાઢી નાખવી પડશે આવો ઘાણુ ન ચલાવી શકાય'

'બકરી કાઢી નાખુ તો, બેટા, આ છોકરાનું શુ થાય? તે કેમ જીવે?'

'તે હુ શુ જાણુ? દૂધની બીજી વ્યવસ્થા કરો. બકરી નહિ રાખી શકાય આઠ દિવસમા કાઢી નાખજો, નહિતર કેસ થશે.'

પછીની કથા તો ટૂકી છે. આઠ દિવસમા બકરી ન કાઢી એટલે કેસ થયો. જઈનાબી માદલા નબીને લઈને લાકડીને ટેકે ટેકે સવારના

ખાઈને નથી જીવવું, હવે ભીખી ભીખીને નથી નભવું, હવે દયા નથી માગવી તે નિશ્ચય ! જો ભોળા, અમે શેઠિયાઓની હવેલીઓ ફાડવાનું, ધનિકોની મિલકતોમા આગ લગાડવાનું, તક મળે ત્યા લૂટવાનુ અને જેણે જેણે આપણને રંજાડ્યા છે તેનું કાસળ કાઢી નાખવાનું નક્કી કર્યું છે, તો રાત્રે તૈયાર રહેજે. આજથી આપણા દુઃખનો અત ! બરાબર બાર વાગે આવશુ, સમજ્યો ને ! કા આ પાર કે કા પેલે પાર !

ભોળો . અરે ! આવો અધર્મ કરવો કેમ સૂઝયો ? એક પાપના ફળ તો આ ભવે પૂરા થયા નથી ત્યા નવા પાપ કરીને કરવુ છે શુ ? કાઢયા એટલા હવે નથી કાઢવા. ભગવાનનો ભરોસો રાખો, મારા ભાઈ ! કરમ–ધરમનો હિસાબ દીધે જ છૂટકો છે

બીજો જણ જોઈ લીધો તારો ભગવાન અને જોયો તેનો ભરોસો ! આવી નમાલી ભગતાઈમા જ ભવ આખો કરમ–ધરમને રોઈ રોઈને કાઢયો, છતા કાંઈ ભાળ્યું નહિ, તોય અક્કલ નથી આવતી ? તારે ને ભગવાનને શુ ? જો ભગવાન હશે તો કોઈ શેઠશાહુકારનો હશે, વાણિયા–બ્રાહ્મણનો હશે, રાજા–મહારાજા કે ધરમગુરુનો હશે–તારો કેવો ? કાલો થઓ કાંઈ ! ભગવાન ભગિયાનો થવા નવરો નથી ! આ યુગમા તો બધા પાપે જ પેટ ભરે છે ત્યાં સતધરમની પૂછડી થઈ મરીશ તોય સુખનો મારગ નહિ દેખ ! હવે તો પાકુ વેર લેવુ તે કાળાન્તરેય નિર્ણય ! તૈયાર રહેજે. ભલો થઈને અમારી બાજી ઊંધી વાળીશ મા ! કાઢયા એટલા નથી કાઢવા એટલે શુ ? તુ તો મરીશ પણ તારી પ્રજાનું શું ? તેની પ્રજાનું શુ ? તારી નાત બિરાદરીનુ શુ ?

ભોળો . મારું દિલ તો ના પાડે છે. તમતમારે કરવુ હોય એમ કરો અને મને મારે મારગે જવા દો !

જ્યારે સમાજમાં ન્યાય ન દેખ્યો....

દિલના માગતલ બઉ, દિલ સૌને દઈએ નઈ
માથુ માગે લાખેણો કોઈ, દેતા ઉઠકારો ભણીએ નઈ

અરુણા છેલ્લા ત્રણ માસ થયા પતિનુ ઘર તજીને તેના બાપને ત્યા ચાલી ગઈ છે. એના જેવી એક ઉચ્ચ જાતિની હિંદુ કન્યા પતિના ઘરનો સર્વથા ત્યાગ કરી દેશે એવો તો કોઈને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો પણ જ્યારે તેણે પોતાનો નિર્ધાર તેના સસરાને લખી જણાવ્યો ત્યારે જ વાતની ગભીરતા તેને સમજાણી, અને તુરત તેણે અરુણાને તાકીદે મોકલી આપવાનુ વેવાઈને ફરમાણ કર્યું અરુણાએ તેના બાપને સ્પષ્ટ કહી દીધું કે, 'મારે તે ઘર સાથે કઈ લેવાદેવા નથી ત્યા જવા કરતા તો બહેતર છે કે હું કોઈ અધારો કૂવો પૂરું કે ઝેર પીને સૂઈ જાઉં જો હું ભારે પડતી હોઉ તો કહેશો ત્યારે અહીંથી પણ ચાલી જઈશ. પણ જ્યાં મારું કોઈ નથી, જ્યા મારો સસાર નથી, ત્યા સિતમ અને શરમની સળગતી ભઠ્ઠીમા ભૂજાવા નહિ જાઉ' અરુણા અગાઉ કદી આટલી હદે ગઈ નહોતી તેથી તેનો બાપ મૂઝાયો અને તેને ધનિક સગા, મહાજન અને પોતાનો વ્યવહાર અટકી પડવાના ભાવિ ભયની મુશ્કેલીની કલ્પનાથી કમકમા આવી ગયા પડની મૂઝવણ-મા પુત્રીની મૂઝવણનો વિચાર કરવો તેને ન સૂઝયો. ગામમા પણ ધીમે

મારીને કાઢજ઼ ઘરની બહાર—જો ન સમજે તો, અને ઠાંસી આવ એના સાસરે ! ઢીલા થયે કાંઈ નાતનો બંધો ન રહે ! ગામની આબરૂ ખોવરાવવી નથી!'

અરુણાએ આ બધુ સહન કર્યું. કોઈને કંઈ કહ્યુ નહિ. એને મન તો એ સૌ હતા સંસારની ઘટમાળમા ફરતા સ્વાર્થપટુ માનવીઓ, પાપપુણ્યના પૂતળા પણ જ્યારે જૈન આર્યાજીએ ન્યાયને બદલે દીક્ષા લઈ તેની ચેલી બની જવાની છૂપી સલાહ આપી ત્યારે તેનો પુણ્યપ્રકોપ પ્રગટી ઊઠ્યો કે, ' મહાસતીજી ! મારામા ત્યાગ—વૈરાગ્ય આવ્યો-છે માટે સાસરે નથી જતી એમ તો કાંઈ નથી, પણ ત્યા મને મારો સાસરવાસ ગોતતાય નથી જડતો માટે નથી જતી. મને મારો ધણી જોઈએ છે, મારુ ઘર જોઈએ છે, પણ તે ત્યા નથી એટલે તો આ સંતાપભર્યો કપરો કલહ જાગ્યો છે વિકારરહિત જીવન ગાળવું હોય કે ગમે તેવું વિલાસી જીવન જીવવું હોય તો તે વાણિયાની પાચ લાખની પૂજી ઉપર બેઠા બેઠા બધુ કરી શકાય તેમ છે તમારી માફક લાકડા જેવુ સૂકુ જીવન જીવવાની પણ જરૂર નથી પણ હું સંસારથી કે ચારિત્ર્યથા પરવારી નથી, એટલે તો સંસાર ગોતુ છુ આ અપાવવાની ત્રેવડ હોય તો શિખામણ આપજો '

શિખામણ આપનારાયે સૌ કોઈ ને કોઈ બહેનના ભાઈ અને પુત્રીના પિતા હતા સૌને અયોગ્ય લગ્ન સામે સૂગ હતી સૌને પોતાના સંતાનના સારા જોડાણુ ગમતા હતાં. છતાય જ્યારે બીજાનો ન્યાય તોળવાનો સમય આવ્યો ત્યારે જ તેઓની વિવેકબુદ્ધિ કેમ બહેર મારી ગઈ તે એક અગમ્ય કોયડો છે. લગ્ન પહેલા જ સૌ જાણતા હતા કે માધવ કુદરતી રીતે શારીરિક ખામીવાળો છે, પુરુષાતન વગરનો છે, એટલે લગ્ન માટે તદ્દન અયોગ્ય છે; છતાય કોઈએ એક માનવ તરીકે પણ તેવા લગ્નનો વિરોધ તો ન કર્યો, એટલુ જ નહિ પણ લગ્ન પછી

બીજે દિવસે સવારે મુબઈ આવ્યુ. સામે બે-ત્રણ માણસો આવ્યા હતા, જે અમને એક અગોચર જેવી જગ્યાએ લઈ ગયા છઠ્ઠે દિવસે મારો પાડોશી પણ ત્યા આવ્યો, જેણે બહુ માયાળુપણે મને કહ્યુ કે, ' રાધા, જરાય ગભરાઈશ નહિ. તને કોઈ સુખી પૈસાવાળાને ત્યા પરણાવશુ, અહી તને સુખ મળશે દેશમા શુ હતુ ? થોડો વખત ડાહી થઈને વર્તજે તો બધુ ઠીક થઈ જશે ' હુ પૂરેપૂરુ પામી ગઈ, પણ ઉપાય શુ ? દિવસ-રાત જીવતા માણસની અને મજબૂત તાળાની ચોકી રહેતી, ડગલે ને પગલે ધમકી મળતી, એટલે એટલી બધી દબાઈ ગઈ કે કશુ બોલી શકી જ નહિ. બીજા દિવસથી જ મારા પંડ ઉપર કઈક સોદાઓ ગોઠવાવા માડ્યા. કઈક રગીલા, છેલબટાઉ અને માલેતુજાર ખપ્પડધજો આવવા માડ્યા. દરેક પાસે મને રજૂ કરતા અને જાણે પશુ કેમ ન હોઉં તેમ મારી કિમત નક્કી કરતા । આ રીતે દોઢ માસ વીતી ગયો આ દરમિયાન મારા પર વીતેલી કાળી કથા હુ નથી કહી શકતી—એ સાભળવા જેવી પણ નથી દેશમા મારું વેવિશાળ થયેલુ હતુ. હુ દોઢ માસ થયા ગુમ થઈ છુ એ વાત જાણ્યા પછી તે માઈનો પૂત મારો હાથ ગ્રહશે નહિ, સમાજ મારો દોષ જોયા વિના જ મારો તિરસ્કાર કરશે, એવી ભીતિએ છેવટે મે ન-છૂટકે ઘરઘરની બજારુ વેશ્યા બનવાને બદલે એક સુરતી વણિકની ભાડૂત પત્ની તરીકે રહેવુ કબૂલ કર્યું. આટલી જ મારી કાળી કથા આ મારો દોષ કે મારા સજોગ !'

*

હું મારા આ નવીન જીવનમા આજ સાત વરસ થયા પડી છું. તે સુરતી મારે ત્યા ખુલ્લી રીતે રહેતો, સમાજ તે વાત જાણતો—ખુદ તેના મા-બાપ અને ધર્મગુરુ પણ જાણતા. તોપણ તેની આબરૂમા વાધો નહોતો આવતો. પણ જો મારી સાથે લગન કરે તો તેની આબરૂ

ભાન ભૂલીને અને કંઈક ધોળમા મુરતિયાની અછતને કારણે વેવિશાળ કરવા તૈયાર થતા બાપને અરુણાએ માધવની શારીરિક સ્થિતિ માટે ચેતાવ્યો હતો ત્યારે તો મનહરલાલને પોતાના ડહાપણુ અને પુત્રીની બાલિશતાની પાકી ખાતરી હતી, એટલે તેનો વિરોધ અને લોકચર્ચા અવગણીને પણ તેણે અરુણાનુ વેવિશાળ માધવ સાથે કર્યું અને મૂઢ મહાજને તેને મહોર મારી આપી. ત્યાર પછીનો વિરોધ ઘરેણા–કપડા આદિ ભેટો લઈને આવતી વેવાઈની મોટરના અવાજમા દબાઈ જતો, અને મનહરલાલમા લાંબી અક્કલ પણ નહોતી તેથી તે માનતો કે ધનિકોની સૌ ઇર્ષ્યા કરે છે અને આવુ સારું ઠેકાણુ છોડાવવાના તે હરામખોરોના આ પ્રયત્નો છે.

લગ્ન લખતી વખતના વિરોધ સામે તો તેણે પશુન્યાયે કામ લીધું, એટલે કઠોર શબ્દો અને માર સિવાય બીજુ કંઈ પરિણામ ન આવ્યું. પશુ જેમ માર પાસે રાંક થઈ જાય તેમ પંદર વર્ષની મા વગરની અરુણા રાંક બની ગઈ.

જાન આવી. ઝાંપે બેઠેલા વરરાજાને જોઈ આવેલી પાડોશીની છોકરીઓની ટીકાથી અરુણા સળગી ગઈ અને તેણે પોતાના બાપને આંસુ સહિત વીનવ્યો કે, ‘લગ્ન થઈ ગયા પછી કંઈ નહિ બને હિંદુ-લગ્નનો કાયદો અને કુળની આબરૂ આડાં આવીને ઊભા રહેશે ત્યારે મારા ભાગ્યમા કાયમ રોવા વિના બીજું કંઈ નહિ રહે. કોઈ સારા ડૉકટર પાસે તમે તપાસ તો કરાવો કે તે લગ્નજીવન માટે લાયક છે કે નહિ? આમ વગર વિચાર્યે મારી જિંદગી ધૂળ મેળવો મા!’ આ વખતે પણ તે મૂઢ બાપને કુળની આબરૂ અને નાતની બીક આડે આવ્યા. તેને લાગ્યુ કે આંગણે આવેલા લાખેણા સગાની આબરૂ માથે એક છોતા જેવડી છોકરીના કહેવાથી થોડો હાથ ન ખાય! પાછળ મોટો વ્યવહાર પડ્યો છે, નાત મને વીંખી જ નાખે ને! જોયુ જાશે. ભાગ્ય મોટી વાત છે. લગ્ન થયું–હીબકતે હૈયે અને અશ્રુપૂર્ણ મૂર્ચ્છિત દશામાં.

છેલ્લો વિરોધ જાન વળાવતી વખતે પણ અરુણાએ કર્યો, પણ એનો કંઈ અર્થ ન હતો લગ્ને તેને પારકી કરી નાખી હતી. લગ્ને તેને હિંદુ-કાયદાના ચોકઠામાં જકડી લીધી હતી લગ્ને તેની ઉપર તેના માવિત્રોને બદલે કોઈ બીજાનો અધિકાર સ્થાપી દીધો હતો. એટલે જ્યારે સગા બાપે તેની ધા ન સાંભળી ત્યારે તે અજાણ્યો આબરૂભૂખ્યો શ્રીમાન તો તેનો પોકાર કેમ સાંભળે? નાના જુનવાણી માનસવાળા ખુશામતિયા ગામડામાંથી ગરીબતી છોકરીનો સાદ કોણ સાંભળે?

અરુણા સાસરે ગઈ અને લોકચર્ચાની સત્યતાનો પરિચય મેળવી પાછી આવી

આટલો અરુણાનો પૂર્વઇતિહાસ

*

માધવ અને તેનો બાપ લગ્નથી ચાહતા હતા પોતાના કુળની આબરૂ-રક્ષા અરુણાનો બાપ ચાહતો હતો પોતાના છોકરા માટે સદ્ધર ઓથ, છોકરી માટે સાકરના ઓશીકા અને ગોઠણપૂર જાર અને ભાવિ વ્યવહારો માટે પોતાની ખાનદાનીની રક્ષા મહાજન ચાહતું હતું સમાજના બંધારણનું કડક પાલન અને જુનવાણી તત્ત્વની જાળવણી. કાયદો ચાહતો હતો સ્ત્રીના ભોગે પુરુષજાતને પંપાળી મોટી હિંદુ કોમને રીઝવી રાજ્યના પાયા સુરક્ષિત રાખવાનું અને આ બધાની સામે માત્ર અરુણા એકલી જ ઇચ્છતી હતી પોતાનું ઘર, વર અને સંસાર! તે મેળવવા માટે તેણે માનવતાને નામે ન્યાયની ધા નાખી પણ આ ધા કોઈએ ન સાંભળી. જો માધવને સાંભળવી હોત તો નામરદ હોવા છતાં પણ પરણવા નીકળત નહિ, તેનો બાપ તેને લાડેકોડે કોઈનો ભવ બાળવા જાન જોડી પરણાવવા આવત નહિ, જો તેના પોતાના બાપને સાંભળવી હોત તો બંધારણના નામે ડરી અન્યાય કરવા જેવું કરત નહિ.

દેવી અને ભક્તની વચમાં ઊભેલા બકરા જેવી અરુણાની સ્થિતિ

હતી. દેવી રિઝાય કે ખિજાય ભક્ત ઉપર, અને ભોગ બની જાય બીચારો બકરો–તેમ સમાજની જડતા અને પોતાના સસારની વિષમતાની વચ્ચે અરુણા હતી. બેય રીતે તેને જ ભોગવવાનું હતુ.

........અને એક દિવસે શાત–રાકડી અરુણાના ધૈર્યની સીમા આવી ગઈ તેણે સમાજની શરમનો પડદો ફેંકી માથુ ઊંચકયું. માધવ અને તેના બાપે આપેલી અરજીનો વિચાર કરવા મળેલી ન્યાતને તેણે જણાવી દીધું કે, ‘નમાલાની નારી બનવાની મને ફરજ પાડનાર તમો કોણ છો? તમને પૂછું છુ કે તમે તમારી પુત્રીને-બહેનને કોઈ નપુંસક-ની સાથે પરણાવશો? ‘બાયલાની બાયડી’ કરતા બીજી કોઈ મોટી ગાળ સ્ત્રી માટે નથી અને તે સહન કરવી અઘરી છે-હૃદયવિદારક છે તે ઘરમા તમારી પત્નીઓને પૂછશો તો સમજાશે. પુરુષાતનહીનની પત્ની બની જગતમા શરમજનક જિદગી ગાળવા કરતા મારો માર્ગ હું જ વિચારી લઉં તે યોગ્ય છે. મને દુ:ખ છે કે આજે મારે આટલી બધી હદે જવું પડે છે. તમારે મન તમારી સામે આ બળવો હશે, પણ મારે તો આ જન્મ-મરણનો પ્રશ્ન છે તે ઉકેલવા જ્યારે તમે મને દયાભાવે પણ મદદ ન કરી ત્યારે મારે જાતે તે ઉકેલવો રહ્યો છે. આજ સુધી હું મારા દુ:ખને રોતી બેઠી હતી, તેને ભોગવી નાખવા માગતી હતી, પણ તમે સૌએ મારી મર્યાદા મુકાવી મને આગથી રમત રમવાનું દબાણ કર્યું છે એટલે હવે એ રમત એક વખત મારે રમી નાખવી છે. જેને શરમ આવતી હોય તે ભલે આખ મીંચી જાય, જે અકળાતા હોય તે ભલે દૂર હટી જાય, હું છુ અને જગત છે. તમારા સમાજની, ધરમની કે કાયદાની મને પરવા નથી. જગતભરમા જ્યા મારું ખૂટતુ તત્ત્વ પૂર્ણ થતું લાગશે, જ્યા મને ન્યાય મળશે, ત્યા જઈને ઠરીશ, પણ ‘બાયલાની બાયડી’ની શરમજનક ગાળ તો નહિ ખાઉં!’

‘ગગી! ઉતાવળી થા મા. તારા સસરા ડોકટર પાસેથી માધવની

તબિયતનું સર્ટિફિકેટ પણ લાવ્યા છે એથી વધુ તો તે બીચારા શું કરે ? અને ડૉકટર કાંઈ ખોટું લખી આપે ? નાતના બેઠા થોડું કોઈનું ઘર ભાગશે ? સમજી જા, તારા સમરા વીસ હજારનુ પલ્લુ મૂકવા તૈયાર છે.'

'બોલાવો મા મને ! સર્ટિફિકેટ કેમ મળે છે તે હુ જાણું છું. એની તબિયતનો મારો મહિનાનો જાત-અનુભવ છે, તે કરતાં શું કાગળનું ચીથરું વધે ? મૂકો એ સર્ટિફિકેટ તમારા દફતરમાં-કોઈ બીજીનો ભવ બાળવા કામ આવશે.'

મહાજને સર્ટિફિકેટને આધારે માધવની તરફેણમા ચુકાદો આપી દીધો

*

અરુણાને સમજનાર એક જ ચક્રમ જેવો માનવી તે ગામમાંથી નીકળ્યો. તે તેનો પિત્રાઈ હતો અને નિશાળમાં મહેતાજી હતો, પણ ગરીબી અને ધૂની પ્રકૃતિના કારણે સમાજમા તેની કઈ વિશેષ ગણુતરી નહોતી તેનુ દિલ આ જાતના અન્યાયથી રડી ઊઠયુ. કાયદાનું, આબરૂનું અને ધધાનુ જોખમ ખેડીને પણ બ્હેનને મદદ કરવા તે તૈયાર થયો. તેણે મહાજનને સ્પષ્ટ સભળાવી દીધુ કે, 'અરુણાની વાત ન્યાયની છે, તેથી એક ભાઈ તરીકે ગમે તે ભોગે હુ તેને મદદ કરીશ-પછી ભલે ન્યાત કે કાયદાને કરવુ હોય તે કરી લે !'

એક દિવસે તેઓ ઘર છોડીને ભાગ્યા જ્યોતિસઘની મદદથી તેણે ગુરુદ્વારામા શીખ-વિધિથી એક લાયક યુવક સાથે અરુણાનું લગ્ન કરાવી આપ્યુ અને પોતે કન્યાદાન આપ્યું.

થોડા વખત પછી અરુણાના પિતા મનહરલાલને એક જ દિવસે બે પત્રો મળ્યા. એક હતો અરુણાના આગલા સાસરાનો અને બીજો અરુણાનો. માધવના બાપે લખ્યુ હતું .-

.......તમારા ઊતરેલ ગામને જાણતો હતો, અને અનેક જણાની ના હોવા છતા પણ કરમે મને ભૂલવ્યો એટલે ત્યા તમારા જેવા હલકટ કુટુંબ સાથે સબધ બાધીને સમાજમા અમે બહુ ગુમાવ્યુ છે, અને જ્યા સુધી તે સબધ ઊભો રહેશે ત્યા સુધી ખોવાનું જ છે. તેથી સડયું ત્યાંથી કાપી નાખવુ તે ન્યાયે અમે તમારી અને તમારી ઊખડેલ છોકરી સાથેનો સબધ છોડીએ છીએ મારા ચિ. માધવના હાથ-અક્ષરની ફારગતી આ સાથે છે.... ...

અરુણાના પત્રમા લખ્યું હતું :–

... .જ્યારે મને તમારા કોર્ટના ન્યાયમાં શ્રદ્ધા ન રહી ત્યારે જ મારો પોતાનો ન્યાય જાતે કરી લેવા ભગવાન–ભરોસે નીકળવું પડ્યુ છે. અનિલભાઈની મદદથી મે ... ની સાથે શીખ–વિધિથી લગ્ન કર્યું છે જો તમારી ખાનદાની અને કુળમર્યાદાને વાધો ન હોય, અને કરેલા પાપનો તમને પસ્તાવો થતો હોય તો હવે તમે મનથી આશીર્વાદ આપી મારા પગલાને ન્યાયથી જોજો અને મને મદદ કરનાર અનિલભાઈને માફ કરજો એટલુ માગુ છું. ......

અરુણા તો સુખી થઈ, પણ મનહરલાલે નાતના નિર્ણય છતાય પોતાની પુત્રીને સાસરે ન વળાવી અને અનિલે તેને ભગાડી બીજે પરણાવી દીધી તે ગુના માટે જ્ઞાતિએ તેમનો જ્ઞાતિબહિષ્કાર કર્યો, એટલે અનિલના સાસરાએ તેની સાથેનુ પોતાની પુત્રીનુ વેવિશાળ ફોક કર્યું છે અને તે જ કન્યા સાથે શ્રીમાન માધવના બીજા લગ્નની તડામાર તૈયારી ચાલી રહી છે ! ! !

જખમ બોલે છે-

એમ તો ઘણાના કપાળમા જખમ હોય છે તોય તે બધા કપાળ-ફૂટ્યા નથી કહેવાતા, તેમ રામજી શેઠના કપાળમા મોટો જખમ હતો માટે તેને ફૂટ--કપાળા નહોતા કહેતા ભાગ્યે એમને સ પત્તિ આપી હતી, કાયમની ચોક્કસ બાંધી આવક હતી, છતા પણ હમેશા તો ઠીક પણ વરે--ખરેયે મામૂલી માણસની પેઠે એ વર્તતા જરાય શેઠાઈ તેનામા દેખાતી નહિ કે તેને ત્યા કોઈ દી રગરાગ થતા નહિ. તેથી જ તે કપાળ--ફૂટ્યા કહેવાતા. ધીમે ધીમે આ નામ અમારા સમૂહમા ખૂબ પ્રચલિત થયુ અને ' ફૂટ--કપાળો ' એ રામજી શેઠનુ બીજુ નામ જ બની ગયુ હતુ.

તેનુ નામ અને નામરૂપ આબરૂ માટે તો લાબા સમયથી હુ સાભળતો હતો પણ તેથી વધુ કઈ જાણતો નહોતો, પણ જ્યારે અમે એક જ મકાનમાં પાડોશી થયા ત્યારે તેના નામની કઈ સાર્થકતા સમજાણી. તે તદ્દન સાદી રીતે રહેતા છતા પણ તેને લોભિયા કહેવાય તેમ નહોતુ, કારણકે જીવ બાળીને પૈસો એકઠો કરવાનુ તેનુ લક્ષ હોય તેમ ન દેખાયું. તે સ તોષથી રહેતા તે કજૂસ ગણાય તેમ પણ નહોતું, કારણકે ગરીબ-ગુરબાને ખપ વખતે ગુપચુપ કઈ ને કઈ

આપ્યા જ કરતા અને બીજુ કોઈ તે ન જાણે તેની ચીવટ રાખતા. જાહેર ફાળાવાળા જરૂર નિરાશ થવાના જ. કદાચ કંઈ આપવા જેવું લાગે તો વગર નામે આપતા કે મોકલાવી દેતા શા માટે તેને પોતાના નામની સૂગ હતી તે સમજાતુ નહિ, પણ હતી ખરી.

સામાન્ય વારતહેવારો કે બીજા પ્રસગો ઉપરાત તેને ત્યા બે વર્ષમાં ઉપરાઉપરી પાચ પ્રસગો આવ્યા બે દીકરા અને બે દીકરીના લગ્નના, અને એક તેની પત્નીના ધાર્મિક ઉજવણાનો. આ સૌ તેણે તદ્દન સામાન્ય રીતે ઉકેલ્યા. જરાય ભપકો કે ઠાઠમાઠ કર્યો નહિ. આ ઉપરથી અમારી ખાતરી થઈ હતી કે માણસો તેને કપાળ--ફૂટ્યો કહેતા હતા તે વાજબી હતુ. વરે-ખરે વગ્મે નહિ, જગ રગરાગ કરે નહિ, તૂરો બોલાવી છાતી ફૂલી કડિયાની કસ તૂટે નહિ કે અનેકની શાબાશી ખાટે નહિ તો પછી તેની લક્ષ્મીનો ઉપયોગ શો? ઈશ્વરે લક્ષ્મી આપી, પણ ભાગ્યમા હોય તો વાપરે ને?—અમારી સૌની નજરમા તે પાકેપાકા ફૂટ-કપાળા—ભાગ્યફૂટ્યા હતા

પાડોશી તરીકે નરમ પ્રકૃતિના અને કામને પ્રસગે પડખે ઊભા રહે તેવા હોવાથી બધા સાથે તેનો સબધ ઠીક હતો. મારે તો મજાક કરવા જેવો સબધ હતો.

...આજે ઘણે વખતે પણ મને નથી સમજાતુ કે તે દિવસે મે કેમ તેની મજાક કરી—તેનો રુઝાયેલો જખમ ઉખેળવા પ્રયત્ન કર્યો? મારે પૂછવું નહોતુ જોઈતું પણ મારાથી સહજ પુછાઈ ગયું કે 'રામજીભાઈ, તમે લડાઈમાં જાઓ એવા વીર તો નથી, તો પછી કયા ભેખડે ભરાણા હતા કે બરાબર કપાળમા જ ઘા પડ્યો?' મારા આ પ્રશ્નથી તે એકદમ ગભીર થઈ ગયા. તેના મુખ ઉપર વિષાદની યા ફરી વળી, અને પોષ માસની ઠંડીમા જેમ કોઈ ઠડા પાણીના " નાખતાં ધ્રૂજે તેમ ધ્રુજી ગયા. દિલમાં જતનપૂર્વક દપટી રાખેલ

કોઈ અણગમતી વાત અચાનક બહાર કાઢતા કોઈ ન કળી શકાય તેવુ દુ.ખ થતું હોય તેમ લાગ્યું. પછી તો મેં એ વાતને ટાળવા પ્રયત્ન કર્યો, પણ એણે એક વખત તે વાત કહી જ નાખવી હોય તેમ મને કહ્યુઃ ' ।. સાહેબ, લડાઈમા હુ શુ જાઉં ! ક્યા મારી એવી છાતી છે કે હુ ત્યા વીરતા કરુ ! સરકારની લાઠી કે લાત પણ મારા ભાગ્યમા નથી, કારણકે હુ તો પૂરેપૂરો ડરપોક છું એટલે આઘો ભાગું છુ, અને કોઈ એવી ભેખડે પણ નથી ભરાણો કે મને ઘા પડે. મારા કપાળનો આ અળખામણો ઘા—અલબત્ત, હુ જાણુ છુ કે તમે મને બધા ફૂટ-કપાળો કહો છો અને મારી મજાક ઉડાવો છો—કોઈના વણજીરવ્યા સુખના કારમા દર્શનના ક્રૂર ફટકાનો છે અને હવે તો તે મારા જીવનનો દીવડો છે પ્રતિક્ષણે મારા અધારિયા જીવનમા તેણે મને જીવનનો ખરો માર્ગ ચીંધ્યો છે જ્યારે હુ વૈભવની આધીમા પડવાની અણી ઉપર આવું છુ, જ્યારે મારી સાહ્યબીનાં પ્રદર્શનો ગોઠવવાનો મનસૂબો કરુ છુ, જ્યારે ગરીબ જગતમા ભયકર ભેદભાવ દેખાય એવો ઠાઠમાઠ કે દેખાવ કરવા મન કરું છુ, ત્યારે ત્યારે તે જખમ બોલે છે કે, ' રહેવા દે, રહેવા દે, એકવાર તારા કપાળ ઉપર તારો હાથ ફેરવ, એકવાર આરસીમા તુ મને જો અને પછી બીજુ પગલુ ભર ! ' તુરત હુ ચેતી જાઉં છુ. આ જખમથી હું જરાય શરમાતો નથી, પણ આનદ અનુભવું છુ કે, જો આ ન હોત તો હુ ક્યા હોત ? મારો ગર્વ ક્યા પહોચ્યો હોત ? મારી સપત્તિના ચડતા કાળમા મારી ફાટ કેટલી વધી હોત ? અને હુયે મારા જેવા જખમ કેટલાના કપાળમા કરી બેઠો હોત ? લડવૈયો જેમ પોતાની છાતી ઉપરના મરદાનગીના ઘા માટે મગરૂર હોય છે તેમ હું પણ ગરીબીની સ્મૃતિ જેવા કપાળના આ ઘા માટે તેટલો જ મગરૂર છું. હુ તમને ખરુ કહુ છુ. તમને આ અટપટી વાત નહિ સમજાય, એટલે આજ સુધી કદી કોઈને નથી કહી તે વાત તમને એક વખત

કહી દઉં કહી દઉ કે આ જખમ કેમ થયો અને શુ બોલે છે.

'જ્યારે હુ આઠ-નવ વર્ષનો હતો ત્યારે અમે મારા વતન જામનગરમા રહેતા એક વિશાળ બંગલા જેવા ઘરના આંગણાના ખૂણામા અમારું બાપીકું નામનુ જર્જરિત ઘર હતુ. એકમાં દોમદોમ સાહ્યબી હતી, બીજામા કાળી ગરીબી હતી. બગલાવાળા અને અમે એક જ નાતના અને સગા હતા, પણ અમારા ભિન્નભિન્ન ભાગ્યે અમને એકબીજાથી અતિ દૂર રાખ્યા હતા શેઠની પેઢી ચાલતી—મારા બાપની મજૂરી પણ પૂરી--પાધરી ચાલતી નહોતી; એ આરામથી કંટાળતા પણ કામ કરતા નહિ—મારા બાપા કામથી કંટાળતા પણ આરામ પાસેય આવતો નહિ, તેની પાસે પુષ્કળ ખાવાનુ હતું પણ ભૂખ નહોતી રુચિ નહોતી--અમારે ભૂખ તો ઘણી હતી પણ પૂરેપૂરું ખાવાનું નહોતુ આવો તફાવત મોટાઓ સમજતા એટલે તેઓ એકબીજા સાથે હળીમળી શકતા નહિ, પણ અમે બાળકો તો કાયમ સાથે રમતા મને લાગે છે કે ગરીબોના બાળકોને બીજુ કઈ કરવાનુ કે ઘર આગળ આનદ કરવા જેવુ કઇ નથી હોતુ, અને તેની બિનજરૂરી ચિતા કરી રોકટોક પણ કોઈ નથી કરતુ. આથી તેઓ બીજી બાબતોમા નહિ પણ રમતગમતમા તો શાહુકારોના બાળકો કરતા વધુ પાવરધા હોય છે, એટલુ જ નહિ પણ ભવિષ્યમા કાયમ કોઇના દોર્યા દોરાવાને સરજાનાર નાનપણમા રમતગમતમાં બીજાને દોરનારા પણ હોય છે. હુ ય રમતગમતમા સારો હતો, પણ બીજી બાબતોમા બહુ પાછળ હતોઃ કપડા—લત્તાં, ખાવાપીવામા અને ભણતરમા. તેઓ અવારનવાર રગ—બેરગી કપડા પહેરી અમને બતાવવા આવતા અને ઓટલે બેઠાં બેઠાં મીઠાઈ, મેવા, ફળાદિ ખાતાં અમને ચીડવતા અને ઠળિયા મારતા ત્યારે અમને તેની ઉપર ખૂબ ચીડ ચડતી. મને અમારા બાપ ઉપર ભારે ગુસ્સો આવતો કે, એનો બાપ કેવો સારો છે કે પોતાના છોકરાઓને બધુ અપાવે છે અને

અમારો બાપ કેવો કંજૂસ અને ખરાબ છે કે અમને કઈ અપાવતો નથી? આમ ન કળી શકાય એવી રીતે અમારામા જીવન-પરત્વે અસતોષ અને માબાપ અને ગૃહજીવન ઉપર ઘૃણા આવતી હતી, કારણકે ગરીબી કે તવગરીને અમે નહોતા સમજતા, તેથી તેના પરિણામને અમે બીજી જ રીતે સમજી ગરીબ માબાપને નીદતા અને માનસિક રીતે તેનાથી નિત્ય દૂર ને દૂર થતા જતા હતા

માગણ, છોરુ, મહીપતિ, ચોથી ઘરની નાર,
છત-અછત સમજે નહિ, ને લાવ, લાવ ને લાવ !

તેમ અમે માબાપની છત-અછત સમજ્યા વિના શેઠના છોકરાઓના જેવી વસ્તુઓ માટે કજિયો કરતા વસ્તુઓ ન મળતી, માર મળતો, એટલે પહેલા અમે રોતા અને પછી અમને મારનાર માબાપ રડતા ! આ આસુ હજુ મને યાદ છે ! ! આવુ તો રોજ અમારા જીવનમા બનતુ, નિત્યનવુ પ્રદર્શન શેઠના છોકરા કરતા અને નિત્ય તેનો કજિયો અમે કરતા. કેટલીયે વાર અમારી બાએ આ ત્રાસમાથી છૂટવા અમે મરી જઈએ એમ પણ ઇચ્છયુ હતુ !

'મોટો થયા પછી ઘણી વાર બચપણના બનાવો યાદ આવતા ત્યારે વિચાર થતો કે, 'એમા શેઠના છોકરાઓનો શો વાક? તેના બાપ પાસે દ્રવ્ય હતુ, દિનપ્રતિદિન તેમા વૃદ્ધિ થયા જ કરે એવો સભવ હતો, એટલે તે પૈસા પોતાને રુચે તે રીતે વાપરી આનદ માણવાનો તેને અધિકાર હતો, અને આ અધિકાર-આ સુખપ્રાપ્તિ માટે તો તેણે દ્રવ્યભડોળ એકઠુ કર્યું હતુ, તો તે રીતે વાપર્યું તેમા ગુનો શુ? જીવનધોરણ ઊચું રાખવાનુ અને લોકોને સુખી રાખવાનુ આજે તો સૌ કોઈ પોકારી પોકારીને કહે છે, તો સુખ-ઊચુ જીવનધોરણ કહેવુ કોને? ઊચુ જીવનધોરણ, રિદ્ધિસિદ્ધિ અને સુખ માપવાનો આ સિવાય બીજો સાસારિક ગજ કયો? ભાગ્ય-

વતનના ભાગ્યનો આ સિવાય બીજો પરચો શો ? જેમ આ બધા પ્રશ્નોના પ્રત્યુત્તરો આપનાર આજ પણ નથી તેમ તે વખતે પણ નહોતા, એટલે ભાગ્ય, નસીબ, પૂર્વજન્મના પુણ્ય, પાપ આદિથી તેનો જવાબ વળી રહેતો. જો જગતના માનવીઓમાં આ જાતના નિત્ય–જાગતા મનોવ્યાપારનો મનોમન ઉકેલ થઈ જતો હોત અને ભાગ્યની કરામતને પૂરેપૂરી શ્રદ્ધાથી સ્વીકારી લેતા હોત તો ગમે તેવી વિષમ સ્થિતિ માટે કોઈને કઈ ન લાગત અને જીવન સુખી હોત, ઈર્ષા–અસૂયા વગરનું હોત. પણ તેમ નથી, કારણકે ચાલુ જીવનમા બનતા બનાવોના કાર્યકારણના ભેદ કરતા તેના દૃશ્ય પરિણામ ઉપર માનવી વધુ ઝડપ-થી જાય છે. ઉપરાત, જગત સમજતુ થયું છે કે માનવજાતનું સુખ, સગવડ, શાતિ કે સિદ્ધિ અનેકના સમગ્ર પ્રયાસનુ પરિણામ છે. એટલે ભલે માણસ પોતે સ્વતત્ર હોય (જોકે ખરી રીતે નથી જ), તેના ઘરનો ધણી હોય, પણ તેજ ગતનો અ શ મટી શકતો નથી તેણે પણ તેના વિકાસમા–તેના જીવનમાર્ગની સરળતામાં પોતાના વ્યક્તિત્વ અને સ્વાતત્ર્યનો અમુક અ શ અર્પણ કરવાનો રહે છે.

‘ માણસજાત નકલખોર છે તે દેખાદેખીથી પોતાનો જીવનમાર્ગ નક્કી કરે છે અને બીજાની સરખામણીથી પોતાનું સુખ અને વિકાસ માપે છે થોડા માણસોની આખ જ અદૃશ્ય માર્ગ દેખી શકે છે અને થોડા જ માણસો વાસ્તવિકતા આખ સામે રાખી પોતાની શક્તિની મર્યાદા પ્રમાણે જીવનમાર્ગ મૌલિકપણે યોજે છે, બાકી તો બહુધા કોઇની પાડેલી કેડી પર જ ચાલે છે. જીવનમાર્ગના આ પથિકોની મજલની સરળતાનો આધાર કેડીના પાડનાર ઉપર છે દરેક ક્ષણે માણસ જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રમા કેડી પાડ્યા જ કરે છે કોઈ નાની, કોઈ મોટી, કોઈ ગહન અને કોઇ વિકટ કે વિષમ દરેક કેડી પાડનારે વિચારવુ ઘટે કે તે માર્ગે કોઈ ને કોઈ અજાણ્યો ચાલવાનો છે અને

જીવન–મજલ કાપવા પ્રયત્ન કરવાનો છે. એટલે માનવના તે કોઈને વિષમ જીવન જીવી ખોટી કેડી પાડવાનો અધિકાર નથી આમ છતાં જેવી તેવી કેડીઓ પડયે જ જાય છે અને પથિકો માર્ગ ભૂલે છે. અમારા પાડોશી શેઠ પ્રતિદિન પોતાની શાહુકારીના પ્રદર્શનો કોઈ ને કોઈ રીતે કરતા હતા અને કેડી પાડયે જ જતા હતા અમે તેથી અંજાઈ તે માર્ગે જ કોઈ સુખની આશાએ જવા પ્રયત્ન કરતા હતા, કારણકે અદૃશ્ય જીવનમાર્ગ દેખવાની અમારી શક્તિ નહોતી પરિણામે સુખના નવા ધ્યેયને તો ન પહોચાતું, પણ અમારુ હતુ તે પણ ખોવાતુ હતુ અને નવુ દુ ખ તેથી જન્મતું હતુ.

'એક દિવસે મારી બા અમારા નિત્યના કજિયાથી કંટાળી ગઇ. તેને પણ રહી રહીને લાગ્યુ ખરુ કે બીજાનું દેખીને જ્યારે મોટાઓ ઈર્ષાથી મનોમન કજિયા કરતા હોય છે ત્યારે હુ તો અણસમજુ બાળક હતો, એટલે મારા જેવડા નાના સાથીઓ જેવી વસ્તુઓ માટે કજિયા કરુ તે અસ્વાભાવિક નથી. તેથી તેને લાગ્યુ કે આ કજિયા અટકાવવા કા તો અમારે ધનિકને પડખે આવેલુ અમારું બાપીકું ઘર વેચી અમારા જેવા ગરીબોના લત્તામા જઈ રહેવુ, કા તો અમારે એકદમ સમજુ અને શાણા થઈ જઈ કજિયા મૂકી દેવા, અગર તો શેઠે જે સમાજમા તે વસે છે તેવુ સામાન્ય જીવન અંગીકાર કરી પોતાના ધનના પ્રદર્શનો અટકાવવા. આમાથી કયુ શકય હતું તે એક કોયડો હતો ઘર વેચી અમારા જેવા ગરીબને આશરા વગરનુ થઈ રહેવું સહેલું નહોતુ. ઘડી એકમા અમે શાણા થઈ જઈ કજિયા ન કરીએ તે પણ સંભવિત નહોતુ. એટલે ભલે શેઠ પોતાનુ જીવન તદ્દન સામાન્ય ન કરે, પણ પોતાના છોકરાઓને ઘરમા બેસાડીને ખવરાવે તો બાળકો પૂરતુ કામ સરળ બને તેમ હતુ. તેથી મારી બાએ એક દિવસ કચવાતે મને ડરતા ડરતા શેઠને ત્યા જઇને નમ્રતાથી શેઠાણીને

કહ્યુ કે, ‘મા, તમારી ઉપર ઈશ્વર આજે રાજી છે એટલે અમે પણ રાજી છીએ, અને ઈશ્વર હજુ તમને વધુ આપે એવી અમારી ગરીબ-ની દુવા છે. તમારા છોકરાઓને ભગવાન સો વરસના કરે અને ઘણું આપે! પણ મા, એક વાત કહેવા આવી છુ કે તમે તેઓને બહાર ઓટલા ઉપર બેસાડી ખાવા આપો છો એ જોઈને અમારા છોકરા અણસમજણથી કજિયા કરે છે અમે તેઓને કંઈ અપાવી શકીએ તેવી અમારી શક્તિ નથી એટલે છેવટે તેઓને ખૂબ માર મારવો પડે છે. છોકરા દેખાદેખીથી કજિયા કરે. તેને થોડી અક્કલ છે કે તે પોતાના ઘરની સ્થિતિ સમજે!’

‘શેઠાણીને આ વાત ન રુચી તેમા તેને ઈર્ષાનો ભાસ થયો. તેણે ખુલ્લેખુલ્લું સંભળાવ્યુ કે, ‘શરમાતી નથી આવી વાત કરતા? છોકરા કજિયા કરતા હોય ને, તો પોતાનાને ઘરમા ઠાસી રાખીએ, પણ બીજાને કહેવા ન જઈએ! છોકરા ખાય છે તે તેના ઘરનુ ખાય છે, થોડુ કોઈના બાપનુ ખાય છે? ન દેખ્યુ જતુ હોય તો આખમાં મરચા આજો. બાકી તો અમારા છોકરા ધરાસાર ખાશે–તમારી છાતી માથે બેસીને ખાશે તમારા જેવા રાકા માટે તેને કાઈ નહિ રોવરાવાય!’ મારી બા ઘરે આવી તેનુ હૃદય એક તો ગરીબીથી આળુ તો હતુ જ, એટલે આ કટુ–વેણે તેમા લૂણ લગાડયુ. તે આવી ત્યારે આખમાથી અગારા ઝરતા હતા તે જ વખતે મે બરફી માટે કજિયો કર્યો. તેણે ગુસ્સામા છૂટ્ટુ ઢીંચણિયુ માર્યું અને મારુ કપાળ ફૂટી ગયુ. જખમની વ્યાધિથી બેભાન થઈ ગયો ત્યા સુધી હું રડયો પછી તો મારી બા, દાદી, બાપા અને બીજા ભાડરુઓએ આખો દી રોયા જ કર્યું. કોઈએ કઈ ખાધુ નહિ પદર દિવસે મારો જખમ રુઝાયો આ મારથી હુ એટલો બધો હેબતાઈ ગયો હતો કે ત્યારપછી મે કોઈ દિવસ કોઈ વસ્તુ માટે કજિયો કર્યો નથી

અને મુક્તપણે હુ હસ્યો નથી કે મન મૂકીને રોયો નથી, કારણકે હુ ખુદ અશ્રુમૂર્તિ બની ગયો છુ અને અનેક વાર મને સ્વપ્નામા ઢીંચણિયુ, રાતુ લોહી, શેઠના છોકરા અને કપાળનો ઊંડો ઘા દેખાય છે અને મારાથી હીબકા ભરી જવાય છે.

‘...આ વાતને વરસો વીતી ગયા છે આજે તો મારી સ્થિતિ સારી છે એટલે કોઈ કોઈ વખત મને પણ મારા દ્રવ્યનુ પ્રદર્શન કરવાની નબળી વૃત્તિ થાય છે, પણ ત્યારે મારો જખમ બોલે છે કે, ‘રહેવા દે, બાપ, રહેવા દે. એક વખત કોઈના પ્રદર્શને તારું કપાળ ફોડાવ્યુ, તુ તારા પ્રદર્શને બીજા કોઈના કપાળ ન ફોડાવતો. તારી પાસે પૈસા હોય તો જગતમા સુખ-શાતિ વેરતો જા કોઈ પડેલાને ઉઠાડતો જા, પણ તેના પોકળ પ્રદર્શનોથી ગરીબોની દુનિયા કડવી ઝેર જેવી કરતો ન જા ’

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

તંત્રી

મણિલાલ મોકમચંદ શાહ


વાર્ષિક લવાજમ

૩-૦-૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ

મુંબઈ



હાઇક્લાસ

- કન્ફેકશનરી
- ટોફી
- પ્લાસ્ટિક ગુડઝ

વગેરે

બનાવનારા

ધી રાયગઢ કન્ફેકશનરી મેન્યુ. કં.

સ્ટેશન પાસે

રાયગઢ (સી. પી.)

(બી એન. આર.)